અપહૃત કુમુદ.

(Kidnapped Kumud.)

સાંસારિક નવલ કથા.

લખી પ્રસિદ્ધ કરનાર,

પ્રલ્હાદ કનૈયાલાલ ધ્રુ. એલ. એમ. ઈ.

ફર્સ્ટ ક્લાસ મીકેનીકલ એન્જીનીયર.

અમદાવાદ

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની, લિમિટેડ.

સંવત ૧૯૫૩. ઈ. સ. ૧૮૯૬.

કીમત રૂ. ૧.

આ પુસ્તક નીચેની જગાએથી
વેચાથી મળશે

મુંબાઈ—એન. એમ. એન્ડ. કંપની, કાલબાદેવી રોડ.

અમદાવાદ—રા. રા. શીવુભાઈ છબીલભાઈ,
આકાશેઠના કુવાની પોળમાં.

સુરત—રા. રા. દોલતરામ મનસુખરામ પંડ્યા,
આંબલીરાન.

ભાવનગર—રા. રા. પ્રલ્હાદ કનૈયાલાલ પ્રુ. અને
રા. રા. દયાશંકર પીતાંબર, દીવાનપુરા.

જુનાગઢ—રા. રા. વ્યંકટરાવ ભીમરાવ દીવેટીયા,
નીચી બ્હારી, નાગરવાડા.

પ્રસ્તાવના.

કલ્પિત નવલકથા લખવાનો આ મ્હારો પ્હેલો જ યત્ન છે, તેમ સંસ્કૃત ભાષાનું મ્હને બીલકુલ જ્ઞાન નથી, તેથી આ પુસ્તકમાં હ્રસ્વ, દીર્ઘ, તથા વાક્ય રચનામાં અનેક ભૂલો હાલના વિદ્વાન વાંચક વર્ગની નજરે પડવા સંભવ છે, તેથી સુજ્ઞ વાંચક વર્ગ ઉપરની હકીકત લક્ષમાં લઈ તે ભૂલો ઉપર બહુ ધ્યાન આપશે નહિં એવી આશા છે.

હાલનાં કેટલાંક ગુજરાતી પુસ્તકોની ભાષા કેટલાકને બહુજ ગૂઢ લાગે છે, અને કેટલાક તો તે બરોબર રીતે સમજી પણ શકતા નથી, તેથી આ પુસ્તકમાં જેમ બને તેમ સરળ ભાષા વાપરવા પ્રયાસ કર્યો છે, કે જેથી સર્વ જનમંડળ તેનો એકસરખી રીતે લાભ લઈ શકે. આ નવલકથા લખી હાલના હિંદુ સંસારમાંના કેટલાક રીતિ રીવાજોથી કેવાં પરિણામ આવે છે તે સ્પષ્ટ રીતે બતાવવાનો મુખ્ય હેતુ છે.

આ પુસ્તકમાં લખેલું અર્પણ મ્હારૂં નથી પણ મ્હારા એક મિત્રનું લખેલું છે અને આ જગાએ મ્હારે તેમનો અંતઃકરણ પુર્વક આભાર માનવો જોઇએ.

વઢવાણ શાહેર.
તા. ૧લી ડીસેમ્બર ૧૮૯૬. } પ્ર. ક. શુ.

અર્પણ.

(લાવણ્યમયી‡) ઉષા ઝળકતાં કર પીંછી લેઈ,
આલેખી છબિ એક;
રંગ અનુપ કંઈ ઉષાતણા મહિં
પૂર્યા આછા છેક,
વિવેક વડે વીણેલા,
ને ઊંડા કો અકથ ભાવથી
હું ઉભો રહું જોઈ;
જાગૃત સ્વમ વિશે ડૂબેલો;
ને જો ! સહસા આ કોઈ
ઝડપી છબિ લઈને નાઠો !
વન વન ભમી શોધી વળિયો,
નવ મળી ઓ ! મૂર્તિ અમોલ;
હૃદયભાર વહી, મન્દગતિ હું
લક્ષ્યહીન કરું ખોળ;—
અને જો ! આ શું દેખું !—
સન્ધ્યા કેરા સુવર્ણ મન્દિર
શિખરે ઉજ્જવળ દેહ,

‡ સ્વર્ગસ્થ ભીમરાવ ભોળાનાથની લખેલી લાવણ્યમયી "અરુણ તરુણ ઉદય થયો" વગેરેની પ્રમાણે.

દિવ્ય મૂર્તિ ઊભી કો અનુપમ;
એહ નહિં, પણ એહ
ગેહલક્ષ્મી મુજ પૂર્વે.
મળી, મળી ફરી મૂર્તિ મનોહર:
ક્ષણભર શોભ્ય તું આજ!
ઉર સંઘર્યું કંઈ રહસ્ય ઊંડું
તેહ અર્પવા કાજ.
તલપી રહ્યું મન મુજ ઘેલું.
દિવ્ય નિરાશાધુમસે રચિયાં
અશ્રુ બિન્દુ અણમૂલ,
તે થકી ભીનાં અર્પું ચરણ તુજ,
સ્વીકાર્ય તું સુમધુર
સ્મરણ કુસુમો કાંઈ મોંઘાં.

અનુક્રમણિકા.

પ્રકરણ.		પૃષ્ઠ.
૧	વિદ્યાર્થી	૧
૨	પરીક્ષા...	૧૩
૩	કાગળ	૨૫
૪	કમળાવતી	૩૭
૫	પ્રભાકર અને ત્હેનું કુટુંબ	૪૯
૬	પરીક્ષાનું પરિણામ	૫૮
૭	લગ્ન	૬૮
૮	વનરાવનદાસ	૭૭
૯	વનરાવનદાસનો બંગલો	૮૯
૧૦	પ્રભાકર અને સુધામુખી	૯૯
૧૧	કુમુદ	૧૦૯
૧૨	મેરિયા...	૧૧૮
૧૩	પ્રભાકર અને વનરાવનદાસ ...	૧૨૭
૧૪	કૈલાસ ભવન...	૧૩૭
૧૫	ધુતારાની તપાસ	૧૪૬
૧૬	દયાશંકર તથા કમળા	૧૫૨
૧૭	પ્રભાકર તથા મોહનગૌરી	૧૫૯
૧૮	મોહનગૌરી...	૧૮૦
૧૯	"લીલી કોટેજ"	૧૮૯
૨૦	લીલી કોટેજની વિશેષ હકીકત ...	૨૦૧

૨૧ કમળાને કષ્ટ... ... ...૨૧૬
૨૨ પરચુરણ ૨૩૧
૨૩ મોહનલાલ ૨૩૯
૨૪ આનંદભવન ૨૫૨
૨૫ દયાશંકર સાથે મોહનલાલનું
ઓળખાણુ... ... ...૨૬૮
૨૬ હિંદુ ભોજનશાળા. ૨૮૨
૨૭ રેલવે ટ્રેઈન ૨૯૫
૨૮ ચોરીનો માલ ૩૦૫
૨૯ મંદવાડ ૩૧૪
૩૦ મનનો નિશ્ચય... ... ...૩૨૩
૩૧ આપઘાતની કોશીશ... ... ...૩૩૨
૩૨ વિધવાની વાત ૩૪૩
૩૩ વિધવાની વાત શરૂ... ... ...૩૫૨
૩૪ વિધવાની વાત સમાપ્ત ૩૬૯
૩૫ મનની શંકા દૂર થઈ ૩૭૯
૩૬ આગમાંથી બચી ૩૮૯
૩૭ જગજીવનદાસની હકીકત ૪૦૪
૩૮ સીલ કરેલું પાકીટ. ૪૧૧
૩૯ અરીસો ૪૧૫
૪૦ રહસ્ય ભેદ. ૪૨૨
૪૧ વીલની વ્યવસ્થા. ૪૨૯
૪૧ ઉપસંહાર. ૪૩૪

૬૫૩૫

અપહૃત કુમુદ.

પ્રકરણ ૧ લું.

વિદ્યાર્થી.

આશ્વિન માસની એક સુંદર સવારમાં દૂરથી કેટલાકને પ્રિય, કેટલાકને દુઃખ ઉપજાવે તેવા, કેટલાકને વહેપારમાં ફાયદાના, કેટલાકને થએલા નુકશાનના, કેટલાકને લગ્નના શુભ, કેટલાકને મરણના અશુભ, સરકારને ફાયદાના તેમજ ગેરફાયદાના અને રજવાડાને હાનિ કરતા સંદેશા લઈ, હાથીની પેઠે ઝુલતી ઝુલતી, સિંહની પેઠે ગર્જના કરતી કરતી પણ થાકથી લોથપોથ થઈ ગયેલી મેલટ્રેન ગ્રાન્ટ-રોડના સ્ટેશનમાં પેઠી. ટ્રેન ઉભી રહી કે તુરત કેટલાક ઘણે દિવસે પાછા પોતાના સ્વદેશમાં દૂર મુસાફરી કરી આવેલા, કેટલાક પોતાના મિત્રને મળવાને આતુર, કેટલાક ભાઈભાંડુ, માબાપ, તથા પોતાની પ્રિયાને મળવાને આતુર, કેટલાક થએલા લાભથી ઉમંગભેર, પોતાનો સામાન ઉતારી પોતપોતાને રસ્તે જ-

આ. કેટકલાક પોતાનો સ્વદેશ છોડી આવનાર, કેટલાક પોતાના કુટુંબમાંથી માબાપ, ભાઇબેન, પ્રિય પત્ની તથા મિત્રને છોડીઆવનાર, મનમાં દીલગીર થતા થતા ધીમેધીમે જાણે પગમાંથી જોર કોઇએ લઇ લીધું હોય તેમ પોતાનો સામન ઉતારી ચાલવા માંડયું. તેમાં એક તરૂણ પુરૂષ આશરે ઓગણીશેક વરસની વયનો પોતાની ચોપડીઓ તથા કપડાંની પેટી મજુરના હાથમાં આપી ટીકટ આપી સ્ટેશનના બહારના ઓટલા ઉપર આવી ઉભો, મનમાં વિચાર કરવા લાગ્યો કે " મજુર કરીને જાઉં કે ગાડી કરૂં. ગાડી કરી ક્યાં જવું. મુંબાઈ આજ પેહેલો જ આવ્યો છું. રસ્તો માલમ નથી. કાગળ લખ્યા છતાં સ્ટેશન ઉપર કોઇ આવ્યું નથો કાગળ નહિ પહોચ્યો હોય ! ના ન પહોંચે એવું થાય નહિ. મુંબાઈ જેવા શહેરમાં જ્યાં ટપાલ તથા પોલીસનો આટલો બંદોબસ્ત છતાં એવું બનેજ નહીં. ત્યારે શું થયું હશે ? થોડીવાર અહીયાં ઉભો રહી ત્હેની વાટ જોઉ. તેમ છતાં જો નહિં આવે તો પુછતો પુછતો ચાલ્યો જઇશ. સીરનામું લખેલું છે એટલે કાંઇ હરકત નથી, પણ અહીયાં ઉભા રહેવામાં શો ફાયદો! ના જવું" એમ કરી પોતાની પેટી

ઉઘાડી તેમાંથી સરનામાવાળી નોટબુક કહાડી અને ગાડી કરવી કે નહિં તેના વિચારમાં પડયો. "જો ગાડી કરીશ તો વહેલું પહોચાશે. પણ જો ત્હેનું ઘર ખુણાખોચરામાં હશે તો ત્યાં ગાડી જઈ સકશે નહિ. ગાડીમાં સામન મૂકી તજવીજ કરવી પડે એટલામાં ગાડીવાળો ચાલ્યો જાય તો ? કાંઈ નહિ. મજુરજ કરવો. ભુલેશ્વર અહીંયાથી કેટલું દૂર હશે ?" એમ મજુર કરવાનો વિચાર કરી મજુરને બોલાવ્યો. મજુરની પાસે પોતાની પેટી ઉપડાવી આગળ મજુર અને પાછળ પોતે એમ ચાલ્યા. મજુર જે રસ્તે લઈ જાય તે રસ્તે ચાલ્યો. જતાં જતાં રસ્તામાંજ ત્હેને તેડવા આવતો ત્હેનો દોસ્તદાર મળ્યો. ત્હેને જોઈ ત્હેના મનમાં થયું કે "ચાલ પંચાત મટી. આથડવું નહિં પડે." અને ત્હેને પુછ્યું "કેમ ભાઈ દયાશંકર વાર થઇ ? દ-યાશંકરે જવાબ દીધો "ભાઈ શું કરૂં પરીક્ષાના દિવસ થોડા રહ્યા છે તેથી લગીર રાતે મોડા સુવાયું અને અત્યારે ઉઠયો તેવાં જ કપડાં પહેરી ચાલ્યો આવ્યો. દાતણ સરખુએ કર્યું નથી: ત્યાં બધાં ખુશીમાં તો છેની ?

"હા. જોને હું તો પરીક્ષાની બધી તૈયારી કરી

છે પણ મ્હારાથી કાંઈ વંચાયુ નથી, માટે મ્હારે આટલું ઉતાવળુ આવવું પડયું. ભાઈ તું સુખી છે, ત્હારે કાંઈ બલા વળગી છે? બલાને પાપે તો તો મ્હારે વહેલું નીકળવું પડયું કે ઠીક છે ચાલો દયાશંકરની જોડે પંદરેક દિવસ વાંચીશું.”

“કેમ ભાઈ બલા શાની? એમાં ત્હને શું દુઃખ છે?”

“ હોય તેજ જાણે. ” એમ વાતો કરતાકરતા બન્ને મિત્ર ઘર આસાળ ગયા. ઘેર જઈ દાતણ પાણી કરી વાતોના ગપાટા મારવા મંડયા. દસ વાગે જમીને દયાશંકર વાંચવા બેઠો અને પ્રભાકર આખી રાતના ઉજાગરાથી સુઈ ગયો. બે વાગ્યા પછી પ્રભાકર ઉઠયો અને પોતાની ચોપડિયો કહાડી ત્હેણે પણ વાંચવાનું શરૂ કીધું. દયાશંકરે અને પ્રભાકરે સાથે વાંચવા માંડયું પણ પ્રભાકરને હિસાબમાં કાચું હતું. ઇંગ્રેજી કાંઈક ઠીક હતું. અને બીજા વીષયોમાં સાધારણ હતો. ત્હેના મનમાં હતું કે જે થોડા દિવસ રહ્યા છે તેમાં હિસાબ પક્કા કરી દેવા. દયાશંકર હિસાબમાં એક્કા હતો. અને બીજા વીષયમાં પણ કાંઇ જાય તેવો ન હોતે. આ પ્રમાણે બે જણનો સમાગમ થતાં એક બીજાને વાંચવાનું સવળ પડયું. એકથી બે ભલા.

એકને ન આવડતું હોય તો તે બીજાને કાંઈક સમજ પાડે. કેટલીક વાર એમ બને છે કે એકલા વાંચતાં કાંઈ ગુચવડ પડે અને મથી મથી તેને ઠેકાણે લાવતાં બહુ માથાકુટ થાય. વળી માથાકુટ કરતાં પણ જો ખરૂં હોય તો ઠીક નીકર જે ત્હેને ખરૂં લાગ્યું હોય તેજ તે જાણે કે ખરૂં છે અને તેને માટે તે વધારે પંચાત કરે નહિ. કેટલીકવાર ખોટું તે કેટલાક કારણથી ખરૂં મનાય છે અને તે મનમાં ઠસી જાય છે. જો બે જણા હોય તો તેની ઉપર વાદવિવાદ કરી કાંઈપણ ઠેકાણે લાવી શકે છે. કેટલીક વાર જો પોતાનું કહ્યું ઘણું ખરૂં ખરૂંજ પડતુ હોય તો તે વખતે તે ખોટું છે. તેમ માનવા ત્હેને કાંઈ કારણ રહેતુ નથી. પણ બે જણ હોય તો એકના મનમાં તે ખરૂં લાગતું હોય અને બીજાના મનમાં તે ખોટું લાગતું હોય તો માથાફોડ કરે. અને અંતે જો બરાબર ખબર ન પડે તો પુછવાને માટે તે રહેવા દે, અને પુછીને વાકેફગાર થાય.

દશેક દિવસ પછી પરીક્ષાનો દિવસ પાસે આવ્યો જાણી બન્ને જણાએ ખુબ મહેનત કરવા માંડી. એકબીજાને સવાલ પુછવા માંડ્યા. જો તે ન

આવડે તો તેની ઉપર વધારે મહેનત લેતા. યુનિવરસિટિની પેઠે પોતે ઘર આગળ પરીક્ષા લેવા માંડી, આગળ થઈ ગએલી પરીક્ષાના સવાલો પોતે વાંચી તેમાં જે અઘરૂં લાગતું તે ચોપડીમાંથી વાંચતા, કેટલીક વખત રાતના બબ્બે વાગ્યા લગણ જાગતા. આખો દિવસ વાંચવા સિવાય કાંઈ કરતા નહીં. બન્ને જણા મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેસવાના હતા. તે પરીક્ષામાં કાંઈ ધોરણ બાંધેલુ નથી તેથી કાંઇ કાંઇ ચોપડીઓ ઉથલાવતા, નવા નવા દાખલા ગણુતા, નવાં નવાં વ્યાકરણો વાંચતા. અને વાંચીગએલું ફરીથી ઉથલાવતા. "રખેને આ વ્યાકરણ કરતાં પેલામાં વધારે સારૂં ન હોય ? આમાં આપણે કેટલુંક વાંચવું રહી ગયું છે તે ક્યારે વાંચીશું ? આમાંની કેટલી વ્યાખ્યાઓ મ્હોડે કરવાની હજુ બાકી રહી ગઈ છે." એમ એકબીજાઅં માથું મારતા; આ ચોપડી મુકી પેલી ચોપડી લેતા, એક દાખલો સહેલો લાગે તે મૂકી બીજો તેથી અઘરો ગણતા.

આ પ્રમાણે અભ્યાસની ધુન મચી રહી છે. એક દિવસે પ્રભાકર વાંચી રાતના બારેક વાગ્યાને સુમારે સુતો. અહીંયાં આટલું બધું વંચાય

છે તેથી ત્હેના મનમાં હરખાતો હરખાતો વિચાર કરવા લાગ્યો. " હું અહીયાં રહી અભ્યાસ કરૂં તો મ્હને કેટલોબધો ફાયદો થાય. કોઈ બોલાવે નહીં. કોઇ સતાવે નહીં. આજતો મ્હારે પણે જવું છે અને આજતો મ્હારે ત્યાં જવું છે એ ઉપાધિ નહીં. અહીયાં ગમે યા ન ગમે તોપણ વાંચ્યા વગર છુટકોજ નહીં. ત્યાં ફલાણા દોસ્તદાર આવ્યા છે તો ત્હેની જોડે વાત કર્યા વગર કેમ ચાલે? રાત પડે ત્યારે પાછી ઉપાધિ વળગે. રાતે તો વાંચવાનું નામજ કેવું. ચોપડી લઈને બેશીએ ત્યારે એક ખુણેથી કહેકે જોને આમને આખો દહાડો વાંચવાંચજ છે. જરીક રાતે તો જંપીને બેસો? આ ઉપાધિ અહીયાં તો નહિ? જોને દયાશંકર કેવો હુંશીઆર છે. જે પુછુંછું તેનો જવાબ તડ દઈને કેવો દે છે? તેનું શું કારણ? કારણ; કારણ એ કે ત્હેને ઉપાધિ નથી. મને ન્હાનપણથીજ જોતરૂં વળગાડયું. જાણે કે ભાઈ કુંવારા રહી જશે અને સલાનાશ જતું રહેશે. હજી મેટ્રીકમાં તો પાસ થયા નથી એટલામાં એકતો થયું. વળી બીજે થતાં તો કેટલાં વળગશે; કાંતો બીજે થવા વારોજ નહિ આવે. શો દશા-

ચાર છે? હાથે કરી છોકરાંને કુવામાં નાંખવાં. આવો ભણવાનો વખત ફરીને આવવાનો છે? પણ શું કરીએ. મ્હોટા કાકાને કહીએ તો તે કાંઈ માને તેમ છે! કહેશે કે વળી અહીયાં આવું સારૂં ભણવાનું મૂકી મુંબાઇ શું કામ છે? હશે જે નસીબમાં હશે તેમ થશે. વારૂં આ ફેરીતો કાંઇક પાસ થઇએ તો સારૂં. ગઇ વખતે તો કાંઈ ન વળ્યું. હજુ પાસ થવાય તો આગળ અભ્યાસ થાય. જેટલું શીખીશું તેટલું ખરૂં.'' આમ વિચાર કરતો કરતો, મનમાં આ ફેરી પાસ થઇશ એમ આશામાં મલકાતો મલકાતો બારીમાંથી આવતા થન્ડા પવનની લ્હેરમાં નીદ્રાવશ થઇ ગયો.

પરીક્ષાને હવે એક દિવસ રહ્યો હતો. આવતી કાલે પરીક્ષા શરૂ થશે માટે તેમાં બનતી મેહેનત કરી પાસ થવા તૈયાર થએલા બે જણા જેવા સવારમાં ઉઠ્યા કે તુરત પહેલો જે વીષય લેવાવવાનો હતો તેમાં શું શું બાકી તથા કાચુ રહ્યું છે તે તપાસવા બેઠા, પહેલે દિવસે ઈંગ્રેજી હતું તેથી વ્યાકરણ લઈ વાંચવા માંડ્યું. એક જણને સમજણ ન પડે તો બીજાને પુછે. જો બન્નેને તેમાં સમજણ ન પડે તો બીજા વ્યાકરણમાં જોઈ

મનને શાન્ત કરતાં અને વાંચવાની ધુનમાં મચેલા હતા. આં વખતે જો કોઈ કાંઈ પુછવા આવે તો ત્હેને બરોબર જવાબ આપવા પણ તેમને નવરાશ ન હોય તેમ લાગતું હતું. આટલી આટલી મહેનત કરતાં, રાત દિવસ ઉજાગરો ખમતાં, પણ જ્યારે વિદ્યાર્થિઓ નાપાસ થાય ત્યારે તેમના મનમાં કેવી લાગણી થવી જોઇએ. જેવી રીતે વેપારીને પોતાના વહેપારમાં નુકશાન જાય, હોય તેટલું ફનાફાતિયા થઈ જાય, કોઇનો એકનો એક છોકરો મરી જાય. અને કોઇને એકાએક પોતાના ઘરની પાયમાલીના ખબર આવે તે વખતે જેવું દુઃખ થાય તેથી પણ વીશેષ દુઃખ વિદ્યાર્થિઓને થાય છે. તેઓને પોતાનું સર્વસ્વ પોતાના પાસ થયા ઉપરજ આધાર રાખે છે. તેઓને બીજા કશામાં ખુશી થવાનું તથા દુખી થવાનું હેતુ નથી. આ વાત અનુભવ સિવાય કોઇને માલુમ પડતી નથી.

આવતી કાલે પરીક્ષા થશે માટે ત્યાં પોતાની જગ્યા જોઈ રાખવા તે બન્નેના મનમાં વિચાર થયો. આખીમાં વાંચવાનું છોડી ત્યાં જવું તેઓએ ઠીક લાગ્યું નહીં. એક તરફથી તેમને ત્યાં જવાનો

વિચાર થતો અને બીજી તરફથી જાણે ચોપડીઓ ના પાડતી હોય તેમ ઘરમાં બેશી વાંચવામાં મન જતું. પણ આખરે એમ વિચાર કીધો કે સાંજે જોઈ આવીશું. આખો દિવસ વાંચ્યા બાદ સાંજના પાંચ વાગ્યાને સુમારે તેઓ પોતાની જગ્યા જોવા ગયા. આગલે દિવસે જો જગ્યા જોઈ રાખી હોય તો તે દિવસે ખોળવી ન પડે. મરીન લાઈન્સના સ્ટેશનની પાછળ એક મ્હોટો મંડપ નાંખી ત્યાં આગળ પરીક્ષા લેવાનું રાખ્યું હતું. પોતાનો નંબર જોઈ પાછા આવતાં દયાશંકરના મનમાં એમ વિચાર થયો કે ચાલને બેક બે ઉપર થઈ ઘેર જઇએ, પ્રભાકરે તે નથી જોયું તે ત્હેનાથી જોવાશે અને આખો દહાડો વાંચી મગજ ફરી ગયું છે તે શાન્ત થશે.'' આમ કહી તે અને પ્રભાકર બેકબે ઉપર ચાલ્યા. અહીયાં સાંજનો વખત હતો તેથી નજીક રહેનારા પોતાના ન્હાનાં છોકરાં તથા મિત્ર સાથે અહીયાં ફરવા આવેલા, કેટલાક ન્હાનાં છોકરાં આમ તેમ રમતાં, કેટલાંક પોતાના ચાકરો પાસે બેશી વાતો કરતાં, કેટલાક પુરૂષો આમ તેમ ફરતા, સ્ત્રિયો ન્હાના બાંક ઉપર બેશી પોતાના ઘરની વાતો કરતી, કેટલીક યુવાન સ્ત્રિયો

મુસાનીના મંદની અંદર આમ તેમ ફરતી, પોતાની સખીઓની કોઈ ન સાંભળે તેમ મશ્કરી કરતી, પણ રસ્તે જનારનાથી શરમાતી હોય તેમ તેમની મુખમુદ્રાપરથી જણાતું હતું. આ સ્ત્રીઓમાં પારસી વર્ગજ જોવામાં આવતો. રંગરંગીન સાડિયો આકાશમાં ભળી જઈ સંધ્યાને શોભાવતી હતી. કેટલાક ઘોડા ઉપર બેશી પોતાની હોશીઆરી બતાવતા, આમ તેમ ઘોડાને નચાવતા હતા. કેટલાક ટોળાબંધ મિત્રો દરિયા કિનારે આવેલા પથ્થરો ઉપર બેશી વાતોના ગપાટા મારતા. કેટલાક ત્યાં બેશી ગંડેરીવાળાને બોલાવી તેનો ભાવ ઠરાવતા; લેતા અને ખાતા મોજ મારતા હતા. એક તરફ મ્હોટો મહાસાગર ઘુઘવતો હતો અને બીજી તરફ રેલ્વેની સડકપર આઘેથી આવતી ગાડીમાંથી નીકળતા વરાળના સફેત ગોટા વાદળાંવાળા આકાશમાં ભળી જતા. જાણે કે ઇશ્વરે આ સર્વ શોખીન ફરવા આવનારને માટે ગલીચો બીછાવ્યો હોય તેમ લીલાઘાસની સુંવાળી અને આંખને રંજન કરે તેવી જમીન આ દેખાવને સુશોભિત કરતી. વચ્ચે વચ્ચે આવેલા તારના થાંભલા, આઘેથી દેખાતાં કોટ માહેલાં સુશોભીત મકાનો, કા-

રખાનાની ચીમનીઓ, દીવાદાંડી, અને આણી તરફ વાલકેશ્વરની ટેકરી આ સંધ્યાના દેખાવની સૌંદર્યતામાં વધારો કરતાં.

પ્રભાકરના મનમાં આ દેખાવ જોઈ આણંદ ઉભરાઈ આવ્યો. પરીક્ષાના વિચારો જતા રહ્યા. વાંચીને થાકી ગએલું મગજ શીઆળાના જેવી થંડી હવાથી ચકોર થયું. અને બન્ને મિત્ર ધીમે ધીમે ચાલતા, વાતોંના ગપાટા મારાતા, કોઈ રસ્તામાં ઓળખીતો મળે તો ત્હેની જોડે પરીક્ષાની વાત કરતા આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં રસ્તા ઉપરનાં ઘરો, ગાડીની દોડાદોડ,લોકની આવજા જોઈ પ્રભાકર બહુજ આણંદ પામ્યો. ઘેર પહોંચ્યા બાદ વાળુ કરી થોડું વાંચ્યાબાદ આજે વહેલા બન્ને જણા સુઈ ગયા.

પ્રકરણ ૨ જું.

પરીક્ષા.

સવારના પ્હોરમાં વહેલા ઉઠી પરીક્ષામાં જવાની સર્વ તૈયારી કરવા માંડી. નવ વાગે જમીને તૈયાર થએલા બન્ને જણા ઘરની અંદરથી બહાર નીકળ્યા અને પરીક્ષા મંડપ તરફ ચાલ્યા. ત્યાં ગયા ત્યારે છોકરાંઓના ટોળેટોળાં આવતાં જોયાં. કેટલાકના મ્હો ઉપરથી જણાતું હતું કે તેઓ જાણે આજ કોઈ મહાયુદ્ધમાં લડવા, પોતાની હોંશીઆરી બતાવવા, એક બીજાને મહાત કરવા, લોકમાં વ્હાલા થવા આવ્યા હોય. કેટલાક પરીક્ષામાં બેઠાછીએ એમ ગણાવવા, કેટલાક ફકત પરીક્ષાની ગમત જોવા, કેટલાક બબ્બે ત્રણ ત્રણ વરસથી નાપાસ થતા આ વખત પાસ થવાની આશામાં, કેટલાક પરીક્ષાથી કંટાળો ખાઈ ગએલા પણ માબાપના ધાકના માર્યા, કેટલાક આ છેલ્લી વારજ આવ્યા છીએ અને નાપાસ થઇશું તો નહિ આવીએ એ ઇરાદાથી આવેલા કેટલાક પોતાના દોસ્તદારોના

ટોળામાં ભળી વાતો કરતા; કેટલાક પોતાનાથી સ-મજાયું ન હોય તે બીજાની પાસે સમજતા હતા. તેવામાં ઘંટ વાગ્યો. સહુ હાંફળા ફાંફળા દોડાદોડ કરતાં પોતપોતાની જગ્યાએ બેશી ગયા. પાસે કેવો માણસ બેઠો છે, જોવા દેશે; અથવા લખ-વામાં મદદ કરશે કે નહિ? તેની તપાસમાં કેટલાક પડયા. કેટલાક નવાં ઓળખાણ કરવા મંડી ગયા, અને ધમાધમી કરી મૂકી. એટલામાં પરીક્ષક હા-થમાં પરીક્ષાના સવાલનો મ્હોટો થોકડો લઈ આવ્યો. ત્હેણે સવાલનું પાકીટ ચરડ દઇને ફાડયું. તે વખતે અગર જો કે આટલો બધો ગડબડાટ થઈ રહ્યા હતો તેમ છતાં તે ચરડાટ સર્વે સાંભળ્યો અને સર્વની આંખ્યો તે કાગળના થોકડા ઉપર ચોંટી. તપાસ રાખનાર (સુપરવાઈઝર) ને થોકડામાંથી કાગળો આપ્યા અને વહેંચવાને માટે હુકમ થયો. જ્યાં કાગળો વહેંચાવવા માંડયા કે તરત સર્વ ચુપાચુપ થઇ ગયું. સર્વના મન અધીરાઇથી ભરાઈ ગયાં. ફલાણાને કાગળ મળ્યો અને મ્હને હજી ન મળ્યો, તેમાં શું હશે, સવાલો સહેલા હશે કે કેમ. તે વિચારે દરેક છોકરાના મન ઉથલપાથલ કરી નાંખ્યાં. કેટલાકના હાથ પગ થરથરવા

લાગ્યા. અગર જો કે આગળ કાંઈ પણ વિકાળ પ્રાણી, અથવા બીજો કાંઇ પણ ભય હતો નહિ તે છતાં કેટલાકના મનમાં બ્હીક પેઠી. હાય શું થશે. સવાલો ક્યારે આવે અને ક્યારે વાંચીએ. એકેક ઘડી એકેક ભવ જેવી લાગી. માણુસના મનમાં ખાતરી હોય છે તે છતાં આવે વખતે અધીરાઈ આવી જાય છે. થોડીવારમાં સવાલના કાગળો વહેંચાઈ ગયા. જેમની પાસે સવાલના કાગળો આવ્યા તે તરતજ વાંચવા મંડી ગયા. આગળ ઉભા રહી જોયું હોય તો દરેક છોકરો વાંચવામાં ગુંથાઈ ગએલો. કેટલાક વાંચતા જાય ને ટેબલઉપર હાથ પછાડતા જાય, કેટલાક પગ પછાડે, અને કેટલાક "આતો સવાલ મ્હને આવડે છે", એમ મનમાં કહી આણંદ પામતા જાય. થોડીવાર પછી કાગળો વંચાઈ રહ્યા. કેટલાકે તો તરત લખવા માંડ્યું, કેટલાક વિચાર કરવા મંડ્યા અને કેટલાકનાં મ્હોંતો ઉતરી ગયાં. કેટલાકના મનમાં એમ થયું કે "આગેસે ગદ્ધા આયા કે લસ્કરકા ભેદ પાયા." પહેલેજ દિવસે આવો પેપર તો પછીથી તો કોણુ જાણે શું એ કરશે." દરેકના મનમાં જુદી જુદી અસર થઈ રહી; કેટલાક તો લખવામાંથી ઉચું

આચુંજ કરતા નહોતા; કેટલાક થોડીવાર લખે પાછો વિચાર કરે અને પાછું લખવા માંડે. કેટલાક તો ખડીઆમાં હોલ્ડર બોળે, થોડું લખે અને પાછો કાગળ ફાડી નાંખે. કેટલાક આસપાસ બેઠેલાને કહે કે "બાઇસાહેબ આટલું તો કહે. જો હું ત્હને બીજા વિષયમાં મદદ કરીશ. ત્હારે વધારે નથી જોઇતું." કેટલાક આસપાસ તપાસ્યા કરે કે ર-ખેને તેમને કોઇ દેખતું. કેટલાક લાગ ફાવે એટલે પાસેવાળાએ કાગળ ઉપર લખી આપ્યું હોય તે છાનામાના લઇ લે. અને ઊંચુ જોઇ વીચાર કરવા મંડીજાય. કેટલાક નવરા બેઠા બેઠા કાગળજ ફાડયા કરે અને થઇ રહે ત્યારે ઉભા થઇ બુમ મારે "સાહેબ, કાગળ" જાણે કે પોતે ખુબ લખતા હોય પણ ચીતર્યો હોય ત્યારે ભમરડો. કેટલાક ઉભા થઇ "સાહેબ" કરી બોલાવી બેશી જાય, સાહેબ આવે ત્યારે એવો સવાલ પુછે કે તેનો ઉત્તર જો સાહેબ આપેતો તેમાં સવાલનો જવાબ જ હોય. જેને આવડે તે તો જણાયા વગર રહેજ નહિં. પ્રભાંકર એક ખુરશી ઉપર બેઠો બેઠો નીચુ માથુ અને લખ્યાં કરતો હતો અને થોડીવાર વિચાર કરી ફરીથી લખવા માંડતો. લખતાં ત્હેને બીલ-

કુલ વખત જણાતો નહોતો. દયાશંકર પણ નીચી મુંડી અને લખતો હતો. આ પ્રમાણે કેટલાક લખી રહ્યા, કેટલાક લખતા હતા અને કેટલાક ઉઠીને ચાલવા માંડતા હતા. કેટલાક કાગળોનું ચુંચળુંવાળી ખીસ્સામાં સંતાડી રસ્તે પડતા. આ પ્રમાણે ત્રણ કલાક પુરા થયા અને સર્વ પાસેથી કાગળ લઈ લીધા. કેટલાકને પાછળથી સાંભરેલું તે લખવા માંડતા અને કાગળો લેનાર આવે ત્યારે દયામણું મ્હોં કરી કહે કે "સાહેબ થોડું બાકી રહ્યું છે. હમણાં બે મીનિટમાં લખી નાંખુ છું." બે જણ ખેંચાખેંચ કરે અને જો કાગળ લેનારના મનમાં દયા આવે તો લખવા દે, નીકર કાગળ ખુંચાવી લે અને તેની ઉપર નામ નંબર લખાવી રસ્તો કાપે. સર્વ જણા મંડપમાંથી નીકળી ગયા અને બહાર ટોળેટોળાં એકઠા થયાં. એક કહે કે મ્હેંતો આમ લખ્યું છે અને બીજો કહે કે મ્હેં આમ લખ્યુ છે" કેટલાક કહે "આ ખોટું છે" કેટલાક કહે "આ ખરૂ છે" એમ બાઝાબાઝી કરતા, મંડપમાં થએલી હકીકતની વાતો કરતા, કેટલાકના પગ ભાગી ગએલા, મ્હોં ઉતરી ગએલાં, કેટલાક નાચતા, કુદતા, પોતાના લખેલાની બડાશો હાંકતા,

પોતાનું લખેલું ખરૂં છે તેથી આણંદ પામતા, ખોટું લખનાર મનમાં દીલગીર થતા પોતપોતાના ઘર તરફ ચાલ્યા.

પ્રભાકર અને દયાશંકર પોતાનું લખેલું મેળવતા અને શક પડે તો તેને માટે બીજાને પુછતા અને જો ખરૂં પડે તો રાજી થતા રસ્તે ચાલ્યા. રસ્તામાં ટોળે ટોળાં જતાં હતાં. તેમાં કેટલાક પારસીદોસ્તદારનું ટોળુ જતું હતું, જેમાંથી એકજણ બોલી ઉઠયો "અલ્યા પેસુ, સાલા પેલા હિંદુને તો હું ઠોકત, સાલાને પુછુ પુછુ અને સાંભલેજ નહીં. સાલાને ધમકી બતાવી તોયેબી કાંઈ જવાબજ દીધો નહીં." બીજો છોકરો બોલ્યો. "મ્હેંતો છેકની તે ત્હેનો લખેલો કાગજ લઈ લીધો. અને સાલો કહે કે હુંતો સુપરવાઇઝર ને કહી દેવસ", મ્હે સાલાની સામુ હોલ્ડર બતાવી કહ્યું કે બચ્ચા યાદ રાખ હોલ્ડરજ મારીસ, બાપડો બીધો તે ચુપજ થઈ ગયો અને ફરીથી લખવા માંડયું "આપ્રમાણે વાતો કરતા કરતા તેઓ બીજા રસ્તા ઉપર ચાલ્યા અને પ્રભાકર અને દયાશંકર તેમને ઘેર ગયા.

ઘેર ગયા બાદ પોતાના સવાલના કાગળ ઉપર જે જે સવાલ ઉપર નિશાનીઓ કરી હતી તે સવાલ

ચોપડીમાં મેળવી જોયા અને તેમાંના ઘણા ખરા બન્ને જણુના ખરા હતા. પ્રભાકરે સોમાંથી સાઠ અને દયા શંકરે એંશી માર્કોના સવાલો લખ્યા હતા. બન્ને જણુને આ વિષયમાં પાસ થવાની સંપૂર્ણ ખાતરી હતી. થોડીવાર વાતચીત કર્યા બાદ પાછા બન્ને જણા આવતી કાલનો વિષય લઇને વાંચવા બેઠા. આ પ્રમાણે પાંચ દિવસ લગણ પરીક્ષા ચાલી. અને તેમાં બધા વિષયમાં બન્ને જણાને પાસ થવાની આશા હતી. આશાતો ઘણીએ હોય તે છતાં, પોતે જાણેકે આપણે બધું લખ્યું છે તે છતાં, જ્યારે પરીણામ જણાય ત્યારે નાપાસ થાય તો છોકરાને શું ઓછું દુઃખ થાય? આનો અનુભવ હાલની પ્રજાના ઘણા ખરાનેતો હોયછે જ, પણ જેઓ કોઇ દિવસ નાપાસ થયા નહોય, અથવા જેમણે આવી પરીક્ષાઓ આપી નહોય તેમને નાપાસ થયાથી શું લાગણી લાગેછે તે ખ્યાલમાંજ નહિ આવે. ઘરના બૈરાં નાપાસ થયાના ખબર સાંભળી બીચારાં છોકરાં ઉપર તુટી પડેછે, મ્હેણાંનો વરસાદ વરસાવેછે અને તેમાં તેમને તો બીલકુલ કાંઇ સમજ જ પડે નહિ. નાપાસ અને પાસ એ બેજ શબ્દ જાણે. પાસ થાય તો

ખુશી થાય અને બડાઈ મારે કે જો મ્હારો ફલાણો કેવો પાસ થયો.

પરીક્ષા પુરી થઈ, બાંચવાનું હવે કશું રહ્યું નથી. હવે તો પરિણામ જણાય ત્યાં લગણ જીવને નીરાંત છે," એમ બન્ને મિત્રો વાતોના ગપાટા મારતા હતા, તેવામાં દયાશંકરના બાપે દયાશંકરને બોલાવ્યો, દયાશંકર પોતાના બાપ પાસે ગયો. હવે દયાશંકર કોણ હતો અને ત્હેનો બાપ શું ધંધો કરતો હતો તે આપણે જોઇએ. દયાશંકરનો બાપ ધીરજલાલ મુંબાઈમાં શેરની દલાલી કરતો હતો. ત્હેની અંદર ત્હેને કમાણી પણ ઠીક હતી અને ઘરબારનો સુખી હતો. ધીરજલાલને બે છોકરા તથા એક છોકરી હતી. છોકરી દયાશંકર કરતાં મ્હોટી હતી અને ત્હેને બે છોકરાં હતાં. છોકરીને સુરત પરણાવી હતી તેથી તે ત્યાં નહોતી અને હાલ ઘરમાં તો ધીરજલાલ, પારવતી (દયાશંકરની મા) દયાશંકર અને ત્હેનો ન્હાનો ભાઇ મગનલાલ એટલાં હતાં. પારવતી સ્વભાવે ઘણીજ નમ્ર, ડાહી તથા વિવેકી હતી. મગન ધાંધલીયો, અને ન્હાનો છોકરો એટલે મોઢે ચડાવેલો હતો. દયાશંકર શાંત સ્વભાવનો તથા પોતાના કામમાં મંડયો રહેનાર હતો. દયાશંકર

અને પ્રભાકર અમદાવાદમાં સાથે ભણતા અને વળી ધીરજલાલ જોડે ત્હેના બાપને સારો ઘરવટ દાવો હતો તેથી તે ઓફ઼ીસ અહીયાં ઉતર્યો હતો. પારવતી પ્રભાકરને પોતાના છોકરા પેઠે રાખતી અને ત્હેને અહીયાં કોઇ પણ જાતનું ઓછું આવે તેમ હતું નહિ; દયાશંકર અને પ્રભાકર જાતિભાઈ હતા.

દયાશંકરને ત્હેના બાપે બોલાવ્યો તેથી તે ત્યાં ગયો અને પ્રભાકર એકલો હતો. થોડીવાર થઇ પણ દયાશંકર ન આવ્યો તેથી પોતે ઉઠી દયાશંકરની ચોપડીઓ એક અભરાઈમાં ગોઠવેલી હતી તે જોવા મંડયો. તેમાંથી એક ચોપડી લીધી અને લેતાં વાર તે ચોપડી ઉડી ગઇ. તેમાં એક કાગળ હતો અને અગર જો કે તે પાકીટવાળો હતો પણ પાકીટ ઉપર કાંઈ લખેલું નહોતું. કાગળ હાથમાં લઈ પ્રભાકર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે " આ કાગળ કહોનો હશે. તેમાં શું લખ્યું હશે. નિશાની દાખલ એકલું પાકીટતો નહિ મુક્યું હોય ! લાવને જોઊંતો ખરો "એમ કરી પાકીટ ઉઘાડું કરી અંદર જુવે તો કાગળ હતો. કાગળ ઉપર બૈરીના જેવા અક્ષર હતા તેથી પ્રભાકર ચમક્યો. કાગળ પાછો પાકીટમાં મુકી

વિચાર કરવા લાગ્યો " આ શું ? દયાશંકર પરણ્યો નથી અને બૈરીના અક્ષર જેવો કાગળ હેની પાસે ક્યાંથી ! તે કેવો માણસ છે હેની પરીક્ષા કરવી જોઇએ. પણ આપણે શું. હેનું લાગ્યું તે ભોગવશે. " થોડીવાર આમ બોલી ઉભો રહ્યો પણ પાછો હેના મનમાં વિચાર આવ્યો, "ના, જાણવું તો જોઇએ. આપણે જેની જોડે દોસ્તી કરી હેનામાં જો ભૂલ હોય તો સુધારવી એ મિત્રનો ધર્મ છે. પણ જો હમણાં કાગળ ફાડી વાંચીશ અને એટલામાં તે આવ્યો તો મ્હારે હેને શું જવાબ દેવો ? કહેશે કે મ્હારો કાગળ હેં શું કરવા લીધો તો શું કહેવું ? માટે બ્હેતર છે કે હાલ તે કાગળ મારી પાસેજ રાખવો અને લાગ આવે વાંચી પાછો મૂકી દેવો. " આમ વિચાર કરી તેણે કાગળ પોતાના ખીસ્સામાં મુકયો. અને ચોપડી વાંચવા મંડ્યો. થોડી વારમાં દયાશંકર આવ્યો. હેને પ્રભાકરે પુચ્છ્યું " કેમ ભાઇ વાર બહુ થઇ?" દયાશંકરે કહ્યું " સ્હેજ, લગીર ભાઇને કામ હતું. " આમ કહી તે પ્રભાકર પાસે બેઠો. બન્ને જણા વાતો કરે છે એટલામાં ટપાલ વાળો આવ્યો. દયાશંકરના નામનો કાગળ હતો.

દયાશંકરે તે કાગળ વાંચ્યો અને વાંચતાં વાંચતાં મ્હો મલકાઇ ગયું અને આંખમાં ઝળઝળીયાં આવ્યાં. પ્રભાકરે પુચ્છયું " ભાઇ કહોનો કાગળ છે " ત્યારે ત્હેણે " એતો કોઇનો નહીં. તારા બ્હેનનો." એમ કહી કાગળ પ્રભાકરને આપ્યો. પ્રભાકરે વાંચ્યો. અને બોલ્યો " વાહવાહ ભાઇ, આજતો તમારાં કાંઇ વગર સાચુએ ઉઘડ્યાં કે શું. ભાઇને ખબર છે કે નહીં ? " દયાશંકર શરમાઇ ગયો, અને ઉત્તર આપ્યો " ના, આજતો એમને કાગળ નહોતો. " પ્રભાકર આણંદભેર ઉઠ્યો અને દયાશંકરની મા પાસે ગયો. ત્યાં જઇ એકદમ કહે " પારવતી કાકી હું વધામણી ખાઉં છું " "શું છે ભાઇ?" પ્રભાકરે તારાનો કાગળ આપ્યો. પારવતીએ વાંચ્યો અને ધીરજલાલને કહેવા ગઇ. ઘરમાં બધે આણંદ થઇ રહ્યો. ધીરજલાલ ખુશી થયા. પણ કાગળમાં શું હતું ? હોય શું. એજ કે ભાઇને તેતરૂં ઘળગ્યું. પ્રભાકર એક તરફથી ખુશી થતો અને બીજી તરફથી પેલો કાગળ કહોનો છે તેમાં શું લખ્યું છે તે વિચારથી મનમાં પીડાતો હતો. એકાંતનો વખત મળે તો તે કાગળ વંચાય. તે દિવસે ઘરમાં કંસાર થયો

અને સર્વ જમી રહ્યાં. ધીરજલાલ બજારમાં ગયા. અને દયાશંકર પ્રભાકરને કહી ત્હેના એક દોસ્તદારને ત્યાં ગયો. કહ્યું કે "હું થોડી વારમાં આવું છું." પ્રભાકરને તો એટલુંજ જોયતુ હતું. પારવતી પોતાના ઓરડામાં સુઇ ગઇ અને પ્રભાકર એકલો દીવાનખાનામાં રહ્યો.

પ્રકરણ ૩ જું.

કાગળ.

પ્રભાકરે કાગળ પોતાના ખીસ્સામાંથી કાઢ્યો, પણ તે વાંચવાને હેનો જીવ ચાલ્યો નહિ. " હું કહોનો કાગળ વાંચુંછું? કોઇનો છાનો કાગળ વાંચવો આ સારૂં? આપણો કાગળ કોઇ વાંચે તો આપણને કેવું લાગે? આપણે હેના ઉપર કેટલા ગુસ્સે થઇએ? એવુંજ બધાને. કેટલાક બીજાનો કાગળ વાંચવા તત્પર થાય છે અને પોતાનો કાગળ કોઇ વાંચે ત્યારે ગુસ્સે થાય. એ શું સારૂં? ના, કોઇનો કાગળ વાંચવો નહિં, " આમ વિચાર કરી કાગળ પાછો મૂકવા જતો હતો. મન કાગળમાં હતું પણ તે વાંચવાને હીમત ચાલતી નહોતી. પાછો કાગળ લીધો અને મનમાં બોલી ઉઠયો. " ક્યાં આપણે ખરાબ ઇરાદાથી વાંચીએ છીએ. આતો શક પડયો અને વળી તેમાં મિત્ર એટલે જો ખરાબ રસ્તે જતો હોય તો સુધારવાને માટે વાંચવો છે ને? કાંઇ હરકત નહિ તે જાણીએ તો

ખરા કે આજસુધી જેને આપણે આવો સારો માણસ ધારીએ છીએ તે કેવો હશે." એમ કહી કાગળ ઉઘાડયો. કાગળ ઉપર તારીખ તથા ગામનું નામ ન હતું અને નીચે પ્રમાણે લખેલો હતો.

"વ્હાલા દયાશંકર.

મથાળું શું બાંધું? પ્રાણનાથ લખુ? ના હજુ થયા નથી. ત્યારે શું પ્યારા લખું? એ પણ ઠીક લાગતું નથી. ત્યારે લખું શું? સમજણ નથી પડતી. વ્હાલા લખવામાં તો કાંઈ હરકત નથી. એ સિવાય મને બીજું કાંઇ જડતું નથી જ્યાં લગણ દુનિયાએ આપણો પ્યાર કબુલ કર્યો નથી ત્યાં લગણ વ્હાલા શિવાય બીજું લખવું મ્હને ઠીક લાગતું નથી. આટલું મ્હારે લખવું પડયું તે એટલાજ માટે કે મ્હને મથાળું બાંધતાં કેટલી મુઝવણ પડી તે તમે શું જાણો? આ મુઝવણથી કોણ જાણે કયારે છુટીશું. એ આપણા હાથમાં નથી. આપણામાં છોકરા તથા છોકરીનું ધાર્યું થતું નથી. હે ઈશ્વર, આપણું ધાર્યું જો થાય તો દુનિયામાં એથી વધારે સુખી કોણ? જેની જોડે મન મળ્યું તેનેજ પ્રાણનાથ

કહી બોલાવવો એથી વધારે સુખ શું છે? હું જે જે લખુંછું તે ટાઢાહુંતો લાગશે પણ બીજા કહોને હું લખી જાણતું? જો આપનો પત્ર ન આવ્યો હોત તો મ્હારાથી લખવાની હીમત પણ કેમ ચાલત? હું આપની ઘણીજ આભારી થઈછું કારણ કે આપે મ્હને આવો પ્રસંગ આપ્યો. વધારે શું લખું? બસ, આટલું બસ છે. જેવું હેત તમે રાખોછો તેવુંજ હું રાખુંછું કે નહિ તે બતાવવા આથી વધારે શક્તિ મ્હારામાં નથી, માટે થોડામાં ઘણું માની લેશો."

લી. નામ આપ્યે શું વીશેષ છે."

કાગળ વાંચી પ્રભાકરના મનમાં તરંગો ઉઠવા લાગ્યા. આવું લખાણ ત્હેણે સ્ત્રીના હાથથી લખેલું આ.જેજ જોયું. મનમાં ખુશી થયો, પણ જેની સાથે દયાશંકરનું લગ્ન થવાનું છે તે આજ સ્ત્રી કે બીજી. તેના ઉપરાઉપરી સ્વાલ ઉઠવા લાગ્યા. જો આનીજ જોડે થાય તો આગળ જતાં તે જોડું કેવું સુખ પામે. આપણામાં જો પસંદગીથી પરણવાનો ધારો હોતતો હિંદુસ્તાનની આ દશા આવત નહીં. ઘરમાંજ કલેશ હોય ત્યારે બહાર કેમ સંપ રહી શકે? પોતાનું ઘર જે નભાળવી

શકે તે બહાર શું બીજી વ્યવસ્થા કરે. શું આપણામાં પસંદગીથી લગ્ન નહોતાં થતાં ? સ્વયંવર કરતા એટલે શું ? પણ આમ લગ્ન કરવાની રૂઢી શાથી પેઠી હશે ? સારો રસ્તો છોડી નઠારે રસ્તે શું કરવા આપણે ગયા હઈશું ? કાંઈપણ કારણ હોવું જોઈએ. તે કયું કારણ. મને તો લાગે છે કે મુસલમાન રાજકર્તાના ભયથી થવું જોઈએ; ત્યારે હવે તે ભય ક્યાં છે ? આવા સંપીલા રાજ્યમાં આપણે પાછો સારો રસ્તો શા માટે ન લેવો જોઈએ ? પણ ઘણા વખતથી પડેલી રૂઢી નીકળી જવી મહા મુશ્કેલ છે. ધીમે ધીમે નીકળશે, પણ તેને માટે યત્ન કર્યા વગર શી રીતે નીકળશે ? શું રૂઢીમાં જાણવાની શક્તિ છે કે ચાલ સારો વખત આવ્યો તેથી બદલાઈ જાઊં? ના, આપણેજ જ્યારે તેને માટે મથીશું, આપણેજ તે અસલની રૂઢી દાખલ કરવા મહેનત કરીશું, તોજ વળવાનું છે ? ત્યારે શા માટે આપણે પ્રયત્ન નથી કરતા ! કારણ કે રૂઢી બદલવી એ કાંઈ સહેલી વાત નથી. તેની જોડે બીજી કેટલીક બાબતો ધ્યાનમાં લેવી જોઈએ. મુખ્ય વાત તો એ કે જાતિભેદ નીકળી જવો જોઈએ કારણ કે હાલની

ન્હાની ન્યાતની અંદર તે રીવાજ પોતાનું પગલું આગળ કેમ ભરી શકે ? આ જ્ઞાતિભેદ કાંઈ અસલથી ચાલ્યો નથી આવતો, માટે આપણા ડાહ્યા અને દીર્ઘ દષ્ટિવાળા વડિલોના રિવાજ પ્રમાણે શા માટે ન ચાલવું ? તેમ કરવામાં શું ઘેરફાયદો છે ? પણ આવા કામમાં પહેલ કોણ કહાડે ? કેટલાક માણસો હીમ્મત ધરી આગળ પડે છે પણ પાછળથી ના હીમ્મત થઇ જુઠું બોલી તે વાત ઢાંકી દે છે. આવું થશે ત્યારે વખત ક્યારે આવશે? વખતતો આવ્યો છે પણ હીમ્મત નથી આવી. હાલની રૂઢીથી કેટલાં માઠાં પરિણામ થાય છે. આપણે આંખે દેખીએ છે. થાય તે વખત હીમ્મત આવે છે. પણ જે વખતે તે હીમ્મત દર્શાવવાનો વખત આવે ત્યારે તે હીમ્મત કોણ જાણે ક્યાંએ લપાઈ જાય છે. જે કર્તા હોઇએ તે કરીએ છીએ. પણ આ કામ કાંઇ એકલા પુરૂષથી થતું નથી. પુરૂષ હીમત ધરી આગળ ચાલવા જાય તો ઘરની સ્ત્રીઓ અસલી રિવાજને વળગી રહી અથવા ન વળગી રહે તો લોકોથી ડરી ત્હેને પાછો ખેંચેછે; ત્યારે આ કામ પુરૂષ તથા સ્ત્રી બન્ને મળીને થવું જોઇએ. પુરૂષનો તો ઘણોખરો ભાગ હીમ્મત ધરી

આગળ જાય છે. ત્યારે સ્ત્રી શા માટે નથી જતી? કારણ કે તેમની બુદ્ધિ કેળવાયલી નથી. જો ભણીને હોંશીયાર થાય તો હીમ્મત પણ આવે. ભણવામાં હીમ્મત રહી છે? હા, કારણ કે ભણેલી હોય તો જુદા જુદા દેશના રિવાજોથી માહીતગાર થાય. પણ જુદા દેશનું કામજ શું છે; આપણા અસલના રિવાજ ક્યાં નઠારા હતા? ત્યારે એમજ કહીએ તોપણ ચાલે કે આપણાજ દેશના અસલના રિવાજથી માહીતગાર થાય. અસલની ચોપડીઓ વાંચી તેમાંથી સાર ગ્રહણ કરે અને હીમ્મત ધરી પોતાના પતિને, ભાઇને, અથવા બાપને આગળ પડવામાં મદદ કરે. ત્યારે કેળવણીજ જરૂરની છે. પણ કેળવણી અધુરી ન જોઇએ. કારણ કે અધુરો ઘડો છલકાયા વગર રહેતો નથી. તેમ થોડું ભણી છોડી દે તો તેનાં પરિણામ માઠાં થાય. માટે સ્ત્રી કેળવણી એજ દેશ સુધારાનો પાયો છે. દયાશંકર ઉપરનો કાગળ એજ સુધારાની નીશાની છે. માટે સ્ત્રીકેળવણી અવશ્ય જોઇએજ."

એમ વિચારમાં લીન થઇ ગએલો પ્રભાકર દીવાનખાનામાં આરામ ખુરશી ઉપર પડયો હતો. હેનું મગજ આવા વિચારોથી છલોછલ ઉભરાઇ ગયું

હતું. અને આસપાસ શું બને છે તેની ત્હેને કાંઇ ખબર પડતી નહોતી. કાગળ ત્હેની છાતી ઉપર પડેલો હતો. તે કાગળ તે વારે વારે વાંચતો. અગર જો કે તેમાંના અક્ષર સુંદર હતા તોપણ સ્ત્રીના અક્ષર જુદા પડ્યા વગર રહેજ નહીં, પોતે સ્ત્રીના હાથનો લખેલો અને વળી તેમાં પારકી સ્ત્રીનો કાગળ વાંચ્યો, તેથી મનમાં શરમાતો હતો. દયાશંકર થોડીવારમાં આવવાનું કહી ગએલો તે હમણાં આવશે એ વિચાર ત્હેના મનમાં આવ્યો. ખુરશી ઉપરથી ઉઠ્યો, કાગળ પાકીટમાં મૂકી જે ચોપડીમાંથી લીધો હતો તે ચોપડીના વચગાળામાં મૂકી ચોપડી તેને ઠેકાણે પાછી મુકી દીધી. હવે દયાશંકરની પાસે આ કાગળની વાત કહાડવી કે નહિ અને કહાડવી તો શી રીતે કહાડવી; તેના વિચારમાં દીવાનખાનામાં આમતેમ આંટા મારવા મંડ્યો. જ્યાંલગણ મનની શંકા દૂર થઇ નથી ત્યાં લગણ દયાશંકરના સુખમાં કેવી રીતે ભાગ લેવો તેની ત્હેને સુજ પડી નહીં. થોડી વાર આમ તેમ ફરી પાછો ખુરશી ઉપર બેઠો. થોડી વારમાં દયાશંકર આવ્યો.

દયાશંકરની જોડે થોડીએક વાર આમતેમ ગ-

મોટા મારી, મનનો શક દૂર કરવા આતુર, બઈ શું છે તે જાણવાને ઇન્તેજાર પ્રભાકર એકદમ વિચારમાં પડી ગયો. કાગળની વાત કેવી રીતે કહાડવી, એકદમ ન્હેને કહેવું કે સવાલો પુછી છેવટે કહેવું તેના ઉંડા વિચારમાં પડ્યો. વાતમાંથી એ-કદમ આવા વિચારમાં પડી ગયો તેથી દયાશંકરે ન્હેને પુચ્છ્યું "કેમ ભાઇ શું થયું. એકદમ આવા વિચારમાં કેમ પડ્યો ? ધરખર સાંભર્યું કે શું ? " પ્રભાકર એકદમ જાણે કે ઊંઘમાંથી ઉઠ્યો હોય તેમ આભો થઈ ગયો અને કહ્યું " ના, એતો સહેજ. એક વિચાર આવ્યો તેથી આમ થયું. " "એવો તે શો વિચાર કે જે આમ ગુમ થઈ ગયો. " " હવે આપણી મિત્રતા દિવસે દિવસે ગાઢી થતી જાય છે અને હું પરમે-શ્વર પાસે એટલુંજ માગું છું કે આ મિત્રતામાં હરહમેશ વધારો કરે. જ્યારે આપણે મિત્ર થયા ત્યારે આપણે એકબીજાના સુખદુઃખમાં ભાગ લેવો એ મિત્રનો ધર્મ છે, એકબીજાની વાત જાણી જો તેમાં સુખ હોય તો બંને જણાએ સુખી થવું અને દુઃખ હોય તો દુઃખમાં ભાગ લેવો જોઇએ. આ બધુ લાંબુ લાંબુ કહી મ્હારો

કહેવાનો હેતુ તો એટલોજ છે કે હવે આપણે શરમ છોડી દેવી જોઇએ. શરમ છોડવાને હું પહેલ કાહાડું છું તેથી ત્હને ખોટુંતો નહિ લાગે? પુછું તેનો તું ખરેખરો જવાબ દઇશ?" "હા, હવે આપણે શરમાવા જેવું શું રહ્યુંછે. અને મ્હારાથી જો કહેવાય એવું હશે તો બેલાશક ત્હારી શરમ છોડી કહીશ માટે મ્હને કહેતો ખરો."

"જેની જોડે ત્હારો વીવાહ થયો ત્હેને તું ઓળખે છે ખરો? ત્હેં ત્હેને જોઈ છે ખરી?" "હા, મ્હેં ત્હેને જોઈ છે ખરી અને ત્હેને સારી રીતે ઓળખું છું પણ ખરો" આમ કહેતાં, ત્હેના મ્હો ઉપર એકદમ તેજ આવ્યું. જાણે કે અંધારામાં દીવો કીધો હોય અને જેવી રીતે આસપાસની સર્વ જગા પ્રકાશીત થાય છે તેમ જેવોજ પ્રભાકરે સ્વાલ પુછ્યો કે ત્હેના મ્હો ઉપર એકદમ તેજ આવ્યું. જેને તે આટલો બધો ચાહે છે, ત્હેના વીશે વાત નીકળતાં તે ખુશી થયો અને પ્રભાકર જે સ્વાલ પુછે તેનો જવાબ આપી ત્હેના મિત્રને શકથી દૂર કરવા અને પોતાના સુખમાં ભાગીઓ કરવા જાણે ત્હેણે નિશ્ચય કીધો હોય તેમ ત્હેના મ્હો ઉપરથી સાફ જણાઈ આવતું હતું. અગર જો કે ત્હેને ખુ-

ખર નહોતી કે હેનો કાગળ પ્રભાકરના હાથમાં ગયો છે, તે છતાં તે વાત જાણનાર હેના મ્હો ઉપરથી સ્પષ્ટ રીતે કળી સકે ખરો. પ્રભાકરની પાસે વધારે સ્વાલ પુછાવવા હેને યોગ્ય લાગ્યું નહી, કારણ કે તે કેટલાક સ્વાલ શરમથી પુછી શકશે નહી માટે પોતાની સર્વે હકીકત હેણે પ્રભાકરને કહી. પ્રભાકર આ સાંભળી ઘણોજ ખુશી થયો અને કહ્યું.

"ભાઈ ત્હારા જેવો ભાગ્યશાળી પુરૂષ તો કોઈકજ હશે. પરમેશ્વર તમને બન્નેને સુખી રાખે એજ મ્હારે માગવાનું છે. પણ મ્હારાથી એક ત્હારો અપરાધ થયો છે તે જો તુ ના ખુશ ન થાય તો કહું."

"અપરાધ! તું મ્હારો શું અપરાધ કરે તેમ છે? હેંતે એવું શું કર્યુ છે કે તું મ્હારી પાસે માફી માગતો હોય તેમ દયામણું મ્હોં કરે છે."

"ભાઈ, જે વખતે તું મ્હારી પાસેથી ગયો તે વખતે મ્હને અહીંયાં એકલા મુન્ય બેશી રહેવું ઠીક ન લાગ્યું તેથી અભરાઇમાંથી એક ચોપડી વાંચવા લીધી. પણ ચોપડી લેતાં વારને તે ઉઘડી ગઈ અને તેની અંદરથી એક કાગળ નીચે પડી

ગયો. અગર જો કે પારકો કાગળ મ્હારે વાંચવો તો જોઇએ નહીં. પણ મ્હારા મનમાં એમ થયું કે લાવ જોઉતો ખરો. ઉઘાડીને જોયો તેમ તો મ્હને વાંચવાનું મન વધારે થયું, કારણ કે તેમાં બૈરીના જેવા અક્ષર હતા.”

આટલું કહેતાં દયાશંકર ચેતી ગયો અને પોતાના ઉપરનો કાગળ પોતાના મિત્રે વાંચ્યો તેથી તે ખુશી થયો. કારણ કે ત્હેના મિત્રના જાણવામાં આવ્યું કે જેની જોડે ત્હેનો વીવાહ થયો છે તે કાંઈ અયોગ્ય થયું નથી. પ્રભાકરે આગળ કહ્યું.

“ આથી મ્હારાથી રહેવાયું નહી અને તે કાગળ મ્હેં વાંચ્યો. મ્હેં કોઈ દિવસ સ્રીના હાથથી લખેલો આવો કાગળ વાંચ્યો નહોતો, તેથી હું દીંગ થઈ ગયો. મ્હારા મનમાં ઉપરા ઉપરી વિચારો આવ્યા કે આ કાગળ કહોનો હશે. દયાશંકર પરણ્યો નથી અને ત્હેને તે વળી આવો કાગળ કહોણે લખ્યો હશે. થયું તે નથી થવાનું નથી. પણ જેની જોડે ત્હારો વિવાહ થયો છે તે જો આજ સ્રી હોય તો હું નથી ધારતો કે ત્હારા કરતાં દુનિયામાં એ બાબતમાં વધારે ભાગ્યશાળી હોય. કેમ આ કાગળ ત્હેનો ખરો કે નહી? દયાશંકરે શરમાતે શ-

રમાતે કહ્યું "હા એજ" પ્રભાસંકરના મનમાં ખુશી માઈ નહીં. ત્હેને તે સ્ત્રી જોવાનુ મન થયું અને પોતાના મિત્રને આવી ભણેલી સ્ત્રી મળી તેથી પરમેશ્વરનો પાડ માન્યો.

પ્રકરણ ૪ થું.

કમળાવતી.

દુનિયામાં કોઇપણ માણસ દરેક વાતે સુખી હોતો નથી. કાંતો શરીરે સુખી હોય તો પૈસે દુઃખી, પૈસે સુખી હોય તો સ્ત્રી તરફનું દુઃખ હોય, સ્ત્રી તરફથી સુખી હોય તો છોકરાં તરફનું દુઃખ હોય, પણ સર્વ વાંનાં સંપૂર્ણ તો કોઇને હોયજ નહીં. જો તે પ્રમાણે ન હોત તો કેટલાક માણસ એવા દુનિયામાં જોવામાં આવે છે કે સહેજ સુખી થયા એટલે છાકી જાય છે અને આ પ્રમાણે દરેક વાતે સુખી થાય ત્યારે જમીન ઉપર પગ સરખો પણ મુકે નહીં.

સુરત શહેરની અંદર લક્ષ્મિપ્રસાદ કરીને એક ધનાઢ્ય શેઠ રહેતો હતો. તે પૈસે ટકે સર્વ વાતે સુખી હતો. અગર જો કે આટલો પૈસો ત્હેની પાસે હતો તે છતાં કેટલાકને પૈસાનો ગર્વ હોય છે તે બીલકુલ હતો નહીં. વિદ્વાન પણ તેવોજ હતો. અસલી રીવાજને વળગી રહેનાર નહોતો. અહીંયા એમ કહેવાનું નથી કે તે હાલના કહેવાતા સુધારામાં ભાગ લેતો હતો કારણ કે સુધારો એ નામનો હાલ લોકો ઘણોજ ખરાબ અર્થ કરે છે.

લક્ષ્મિપ્રસાદની ઉમર ચાળીસ વરસની થઈ હતી પણ ત્હેને કાંઈ પ્રજા નહોતી. ત્હેની સ્ત્રીને ત્રણ ચાર છોકરાં થયાં હતાં પણ હાલ કોઈ હયાત હતું નહી. પોતે આટલો પૈસાદાર છતાં ત્હેના પૈસાનો ઉપભોગ લેનાર ત્હેની પાછળ કોઈ હતુ નહી તેથી તે ઘણુંજ મુઝાતો હતો. પણ ઈશ્વર ઇચ્છા આગળ કોઇનો કાંઈ ઉપાય ચાલતો નથી. થોડા દિવસ પછી ત્હેની સ્ત્રીને એક પુત્રી આવી આથી શેઠના મનમાં સંતોષ તો થયો પણ દીકરી એ પારકુ ધન છે એ વિચાર ત્હેને બહુ સાલતો હતો. તે સંતોષી હતો એટલે ઇશ્વરે જે આપ્યું તેમાં ત્હેણે સંતોષ માન્યો. છોકરી દિવસે દિવસે મ્હોટી થતી ગઈ અને ત્હેનું નામ કમળાવતી પાડયું. કમળાવતી જ્યારે છ વરસની થઈ ત્યારે ત્હેનો બાપ વિદ્યાનો શોખી હોવાથી ત્હેને નિશાળે મોકલી. ઘરની અંદર ત્હેને ભણાવવા માટે શીક્ષક રાખ્યા, અને પોતાની મરજી પાર પડશે એવો ત્હેને નિશ્ચય થયો. કમળા ભણવામાં હોશીઆર નીકળી. ન્હાની હતી તે છતાં ઘર કામ સર્વમાં માહેતગાર થતી હતી, અને તે છોકરીને જોઈ ત્હેનાં માબાપને અતીસંતોષ થતો. પાંચ ચોપડીયો પૂરી કરી ત્હેણે ઇંગ્રેજીનો અભ્યાસ

શરૂ કીધો. ઇંગ્રેજીની જોડે સંસ્કૃત પણ શીખતી. કમળા આ વખતે બાર વરસની કુમારીકા હતી.

વાંચનારના મનમાં એમ આવશે કે હિંદુની છોકરી બાર વરસ થયાં ત્યાં લગણ કુંવારી ક્યમ હતી? પણ ત્હેના જવાબમાં એટલુંજ કહેવું બસછે કે લક્ષ્મિપ્રસાદ પોતાની છોકરીને માટે યોગ્ય વર ખોળવામાં કાંઈ બાકી રાખતો નહીં. અત્યાર સુધી કુંવારી રહેવાનું કારણ એટલુંજ કે એક તો ત્હેને યોગ્ય વર મળતો નહોતો, અને બીજું હિંદુ રીવાજને વળગી રહી છોકરીઓ મ્હોટી થાય ત્યારે જ્યાં ત્યાં લાકડે માંકડુ વળગાડી દેવું લક્ષ્મિપ્રસાદના વિચારથી વીરૂદ્ધ હતું. લોકો ત્હેને માટે ગમે તે વાતો કરતા તે લક્ષ્મિપ્રસાદ કાને ધરતો નહીં અને તે છોકરી જેમ સુખી થાય તેમ કરવામાં વિશેષ યત્ન કરતો.

એક દિવસે સવારમાં કમળા સુંદર પોશાક પેહેરી ત્હેની માશીને ઘેર જતી હતી. નાજુક બદન ઉપર આશમાની સાળુ પહેરેલો તેમાંથી ત્હેનું સુંદર મુખ ચંદ્રમાની પેઠે તેજ મારતું હતું. ત્હેનું કપાળ વિશાળ, ભમર તથા આંખો કાળી, હોઠ રાતા અને દાંત દાડમની કળી જેવા, મ્હો લંબગોળ અને તેનો રંગ

સહેજ પીળાશ પડતો ચંપાના રંગનો, ગરદન ઉંચી પાતળી અને વળેલી, હાથ નાજુક, અને હાથેલીઓ કમળના ફુલ જેવી હતી, અને પગની સફેત પાની આશમાની સાળુને શોભાવતી હતી, પગની અંદર નાજુક સાંકળાં પહેરેલાં હતાં. હાથની અંદર નાજુક બંગડીઓ, હાથ હાલતો તે વખતે. સુંદર અવાજ કરતી હતી. જાણે શરમરૂપી સુવર્ણરજ પાછળ વેરાઈ જતી હોય અને તે જેમ બને તેમ ઓછી વેરાય માટે નીચી આંખો રાખી હંસણીની પેઠે ધીમી ધીમી ચાલતી હતી. અગર જો કે તે ઉમ્મરમાં એટલી મ્હોટી નહોતી તે છતાં ત્હેના મ્હો ઉપર ગંભીરતા તથા ડહાપણની છાયા છવાઈ રહી હતી. કોઈ કોઈ વખત જ્યારે ઉંચું જોતી ત્યારે ત્હેની આંખનાં મોહ ઉપજાવે એવાં કીરણો રૂપી તીર જોનારના હૃદયને ભેદી નાંખતાં. ટુંકામાં એટલુંજ કે ત્હેના શરીરના બાંધામાં, ત્હેના બદનના રંગમાં તથા હાલવા ચાલવામાં કોઈ પણ ખોડ કહાડી શકે તેમ હતું નહીં. કોઈ પણ શીલ્પકારે સુંદર પુતળુ બનાવવાનો વિચાર કર્યો હોય તો ત્હેને આના કરતાં વધારે સારો નમુનો મળે નહી.

જેષ્ઠ માસના સૂર્યનાં બળતાં કીરણોની અંદર

આ ચંપકવર્ણી નાજુક કુમારીકા ધીમે ધીમે ચા-લતી પોતાની માશીના ઘરમાં ગઈ. ત્યાં આગળ હેના મશીઆઈ ભાઈ પાસે આવેલો દયાશંકર હેને જોઈ આભોજ થઈ ગયો. હેણે હેને ન્હાનપણમાં જોઈ હતી અને આજ જોઈ તેમાં હેને જમીન આશમાનનો ફેર લાગ્યો. મનની અંદર વિચીત્ર તરંગ ઉઠવા માંડ્યા. અગર જો કે દયાશંકર દે-ખાવમાં કમળાની જોડે સરખાવાય તેવોતો નહોતો તોપણ સાધારણ રીતે ખૂબસુરત હતો. હેની અને કમળાની નજર એક થતાં કમળા એકદમ શરમાઈ ગઈ અને નીચું જોયું. તે બન્ને જણાં એકબીજાને ઓળખતાં હતાં, અને એકબીજાની સ્થિતિથી વાકેફગાર હતાં. દયાશંકર જાણે સર્વ ભાન ભૂલી ગયો હોય તેમ કમળાની સામે એકી દૃષ્ટિએ જોઈ રહ્યો. કમળા પણ વારે વારે હેના સામુ જોતી હતી. આમ સામસામી દૃષ્ટિ પડવાથી દરેકના મ-નમાં એક જાતનો અગ્નિ પ્રદિપ્ત થયો. તે અગ્નિ જેમ જેમ કમળા દયાશંકરના સામું જોતી તેમ તેમ દયાશંકરને અંદરથી બાળી નાંખતો. થોડીવાર પછી કમળા જ્યાં આગળ દયાશંકર હતો ત્યાંથી ગઈ. દયાશંકર વિચારમાંજ ગુમ થઈ ગયો હતો,

તેથી તે ગઈ ત્હેની ત્હેને ખબર ન રહી. થોડીવાર પછી જ્યારે દયાશંકર કમળાના મૅશીઆઈ ભાઈ પાસેથી ઘેર ગયો તે વખતે ત્હેને તે ઘર છોડવું બહુ મુશકેલ લાગ્યું. દયાશંકર ઘેર ગયો અને કેટલાક દિવસ વીતી ગયા. જ્યારે જ્યારે કમળા તથા દયાશંકર એ જણની નજર રસ્તામાં તથા ઘરમાં એક થતી ત્યારે બન્ને જણાં એક બીજાને ચ્હાતાં હોય તેમ લાગતું. દયાશંકરને એમ ખાતરી થઈ કે કમળા મ્હને ચાહેછે. ત્યારે ત્હેણે એક દિવસે જાણે કે કાંઈ બહુજ અઘરૂં કામ હોય, તથા તે કોઈનાથી બ્હીતો હોય, જાણે શરમાતો હોય, તેમ કાગળ લખવાનો વિચાર કીધો. "કાગળ લખીશ અને ત્હેને પસંદ નહી પડે તો, જો તે કાગળ કોઈના હાથમાં ગયો તો, જો તે મ્હને ચાહતી નહી હોય તો હું ફજેત થઈશ. કાગળ લખું કે નહી? મ્હારાથી એકદમ કોઈના ઉપર કાગળ કેમ લખાય?" થોડીવાર વિચાર કરી "કાંઈ હરકત નહી. એવી રીતે કાગળ લખું કે તેજ જાણે કે ફલાણાનો કાગળછે. બીજા કોઈને કાંઈ ખબર પણ ન પડે. વારૂ એવી રીતનો કાગળ લખવો કે કોઈના હાથમાં જાય તોપણ ફીકર નહી. પણ

અહીંયાં લખું કે મુંબાઈ જઇને લખું? અહીંયાંથી કહેની જોડે મોકલવો?" આમ વિચાર કરતો કરતો પોતાના ઓરડામાં આંટા મારતો હતો. થોડીવાર બેસે. વળી ચેન ન પડે ત્યારે ઉઠી આમ તેમ ફરે, અને કાગળ લખવો કે નહી તેના વિચારમાં હાથ હલાવે, હસે, પાછો એકદમ જાણે કે કાંઈ ઉંડા વિચારમાં પડ્યો હોય તેમ નીચું જોઈ આંટા મારે. છેવટે એમ નિશ્ચય કીધો કે મુંબાઈ ગયા બાદજ કાગળો લખવો. આવો નિશ્ચય કરી. તે એક ચોપડી લઈ વાંચવા બેઠો.

દયાશંકર મૂળ વતની સુરતનો હતો અને કાંઈ કામ પ્રસંગે અહીયાં આવ્યો હતો. તે ન્હેની ન્યાતમાં હોંશીઆર ગણાતો હતો. વળી ન્હેની સાથે તે કુટુંબનો સુખી હતો. ન્હેના કરતાં બીજો કોઈ સારો કુંવારો વર હતો નહી, તેથી કમળાના મનમાં પણ એમ હતું કે જો મ્હારા બાપ આની સાથે મારાં લગ્ન કરે તો સારૂં. કમળાના મનમાં પણ ન્હેની છબી રમી રહી હતી. જુવાની દિવાની છે. કમળા જુવાનીની દૃષ્ટિ મર્યાદા ઉપર આવી પહોંચી હતી. ન્હેના મનમાં પણ હવે પોતાને યોગ્ય પતિ મળે એવી અભિલાષા હતી. જ્યારે જ્યારે

દયાશંકર વિષે કાંઈ વાત નિકળે તેમાં તે પુરતું ધ્યાન આપતી હતી, અને ત્હેના ગુણ વિદ્યા, તથા ચાલાકી માટે પોતાની સખીઓમાંથી આડી વાટે ખબર કહાડતી હતી. અગર જો કે દયાશંકર ઘણું ભણ્યો નહોતો પણ હજી ભણેછે અને ચાલાક છે તેથી આગળ સારો નીકળશે એવી સર્વને આશા હતી.

દયાશંકર પોતાનું કામ પુરૂં થયું એટલે મુંબાઈ ગયો. ત્યાં ગયા બાદ ત્હેને કાગળ લખવાનું સાંભરી આવ્યું. તેના વિચાર ત્હેના મગજમાં કુદાકુદ કરતા હતા. તે મુંબાઈ જવાનીજ રાહ જોઈ બેઠો હતો. મુંબાઈ ગયા બાદ પાછું ત્હેનું મન એક તરફથી ના પાડતું હતું અને બીજી તરફથી કમળાની છબી ત્હેના મનને સોરી નાંખતી. આ વિચારો રોજ ત્હેને જંપીને બેસવા દેતા નહોતા. એક દિવસે પોતાના મનમાં દૃઢ નિશ્ચય કરી કાગળ લખવા બેઠો. કાગળમાં શું લખવું ત્હેનો ત્હેને મ્હોટો વીચાર થયો. હાથમાં હોલ્ડર અને ટેબલ ઉપર માથું મુકી વિચાર કરવા મંડ્યો. બે ચાર લીટી લખે, વળી તે ઠીક ન લાગે એટલે છેકી નાંખે, એમ કરતાં મહા મુશીબતે ત્હેણે કાગળ લખ્યો,

જેની અંદર નામ ઠામ લખ્યું નહીં અને એવી રીતે લખ્યો કે કોઈના વાંચવામાં આવે તોપણ કાંઈ હરકત નહીં. કાગળ લખી પોતેજ ટપાલમાં નાંખવા ગયો. જતાં જતાં મનની અંદર વિચારોએ ધક્કામુક્કી કરી મુકી. ન ગણકારતાં તે ટપાલ ઑફીસમાં ગયો. ઓટલા ઉપર ચડી કાગળ નાંખવા જાયછે એટલામાં મન પાછું હઠયું, પગ ધ્રૂજવા લાગ્યા; અને આખે શરીરે કંપારી છૂટી. કારણ કે કોઈ દિવસ ન કરેલું કામ ત્હેણે કરવાને માથે લીધું હતું અને જો તે કામ પાર પડે તો ઠીકછે નીકર ફજેત થવાનું હતું. આજ સુધી ડાહ્યામાં જે ખપતો તે જો નિષ્ફળ થાય તો ત્હેને ગાંડો કરી ત્હેની નીંદામાં સર્વ ભાગ લે. વળી ટપાલમાં કાગળ પડયો તે કમળાના હાથમાં ગયા બરોબર જ છે. કારણ ટપાલમાં નાંખ્યા બાદ તે પાછો નીકળે નહીં. પણ હીમ્મત્ત ધરી ત્હેણે કાગળ નાંખ્યો. કાગળ નાંખ્યા બાદ પણ ત્હેના મનમાં ઉથલપાથલ થવા માંડી પણ હીમ્મત્ત ધરી તે ઘેર ગયો. થોડીવાર પછી તે શાન્ત થયો. અને વિચારરૂપી બોજામાંથી ત્હેનું મન હલકું થયું. એક દિવસ ગયો, બે દીવસ ગયા, તેમ તેમ ત્હેના મનમાંથી તે બા-

ખતના વિચાર નિકળી જવા બાંઝ્યા અને ફતેહ થ-ઈશ એવી આશા આવી.

કમળા એક દિવસે સવારમાં પોતાના ઓરડા-માં બેઠી બેઠી ચોટલો વાળતી હતી તેવામાં ત્હેનો એક ચાકર અંદર આવ્યો અને કહ્યું " બ્હેન તમારો કાગળ આવ્યો છે તે લ્યો " કાગળ આપી ચાકર ચાલ્યો ગયો. "આ નવીન અક્ષરનો કાગળ કહો !? આ અક્ષરને હું ઓળખતી નથી " એમ વિચાર કરતાં કરતાં ત્હેણે કાગળ ફોડ્યો. કાગળ વાંચતાં વાંચતાં ત્હેનું મ્હો મલકાઈ ગયું. શરીરનાં દરેક રોમ ઉભાં થયાં અને હર્ષનાં આંસુએ તેજ-સ્વી આંખોને ઝાંખી કરી નાખી. આંખો કમળના જેવા નાજુક હાથ વડે લોહી કાગળ પુરેપુરો વાં-ચ્યો. કાગળ કહોનો લખેલો ત્હેની ત્હેના મનમાં તરત જ ખાતરી થઈ અને તે કાગળની ભાષા, તેના સુંદર અક્ષર તથા અલંકાર જોઈ ત્હેનું મન ઉશકેરાયું. પ્રદીપ્ત થએલા અગ્નિને પવનનો. ઝપાટો વાગ્યો. સ્નેહની ગાંઠ સખત બંધાઈ, અને દયાશંકરની છબી ત્હેની આંખનાં સુંદર પોપચાં નીચે ભરાઈ ગઈ. " આહા ! આ કાગળ લખનારને જ મ્હારૂં તન મન અને

ધન સોંપું તો તે અયોગ્ય નથી. દુનિયા મ્હને ખરાબ નહી કહે. પણ શું એ મ્હારા હાથમાં છે? નહી જ, મા બાપની શરમ છોડી આ વાત તેમને કહેવી એ પણ અયોગ્ય. ત્યારે ત્હેને માટે શું રસ્તો લેવો?" આમ વિચારમાં ગુમ થઈ ગઈ અને શું કરવું તેની ત્હેને કાંઈ ખબર પડી નહીં. ત્હેના મનમાં દયાશંકર રમી રહ્યો. ત્હેના કાગળનો બદલો આપવા ત્હેના મને સાક્ષી પુરી. બે ત્રણ દિવસ વિચાર કરી ત્હેણે કાગળ લખ્યો.

પ્રભાકરે વાંચેલો કાગળ તે જ કમળાનો લખેલો કાગળ હતો. દયાશંકર પછીથી કાગળનો વ્યવહાર રાખતો. થોડા દિવસ પછી ત્હેની બ્હેન ત્યાં આવી તે વખતે મોટી બ્હેનની શરમ છોડી ત્હેણે તે બાબત સમજાવી અને પોતાના બાપને ખબર ન પડે તેમ માગું કરવાને ત્હેણે કહ્યું. તારાએ સુરત ગયા બાદ માગું કીધું. લક્ષ્મિપ્રસાદ આવું માગું આવ્યું જાણી ખુશી થયો કારણ કે વર ત્હેને ગમ્યો હતો. ત્હેનામાં કાંઈ પણ ખોડ હતી નહીં અને પોતાનો જમાઈ થઈ પોતાની મીલકતનો વારસ થવાને યોગ્ય છે તેમ ત્હેના વિચારમાં આવ્યું. આસપાસના સલ્હાકારને ત્હેને વિષે વિચાર પુછયો, જેના જવાબમાં દરેક

ઠેકાણેથી સંતોષ બતલાવાતો. લક્ષ્મિપ્રસાદે માગું કબુલ કર્યું. તારાએ વધામણીનો કાગળ પહેલો પોતાના ભાઇ ઉપર લખ્યો. કમળાંનું અંતઃકરણ ખુશાની રેલથી છલકાઈ ગયું અને પોતાનો ધાર્યો વર મળ્યો તેથી ઇશ્વરનો આભાર માન્યો.

પ્રકરણ ૫ મું.

પ્રભાકર અને ત્હેનું કુટુંબ.

દયાશંકર તથા કમળાની વાતથી આપણે વાકેફ-ગાર થયા ત્યારે પ્રભાકરને આપણે શામાટે વીસારી દેવો જોઇએ? પ્રભાકર પણ કોણ હતો, તે કોહોનો છોકરો હતો તથા ત્હેનું કુટુંબ કહેવું હતું તે પણ જાણવું જોઇએ.

અમદાવાદ શહેરમાં ત્હેનો બાપ મધ્યમ સ્થિતિનો માણસ હતો. અગર જો કે તે જાગીરદાર હતો પણ જાગીર તો નામની જ હતી. એકલી જાગીરથી ત્હેના બ્હોળા કુટુંબનું ભરણપોષણ થઈ શકે તેમ હતું નહીં. પ્રભાકરનો બાપ હરીનંદ ન્યાય ખાતામાં પોણોસોના પગારથી કારકુન હતો. તે બહુ ભણ્યો નહોતો તેમ જ અસલી રીવાજને વળગી રહેનાર હતો. ઘરમાં બાપ દીકરાના સ્વભાવમાં; રીતભાતમાં, અને બુદ્ધિમાં સેંકડો ગાઉનું છેટું હતું, પ્રભાકર એકનો એક છોકરો તેથી બહુ લાડકવાયો હતો અને ત્હેનો બાપ ચાલતા સુધી કાંઈ પણ કહેતો નહીં. પણ પ્રભાકર આ સર્વનો

લાભ લેતો નહીં. અગર જો કે બાપે ત્હેને ઘણી જ મ્હોટી ઉમ્મરે ભણુવા મુકયો હતો તો પણ થોડા વખતમાં ત્હેણે અભ્યાસ સારો કર્યો હતો. અધુરામાં પુરૂં ત્હેને ન્હાનપણથી પરણાવ્યો હતો. તે પ્રભાકરને હવે સાલતું હતું. ત્હેની ભણવા તરફ મરજી છતાં આ કારણોથી ત્હેની મરજી સંપૂર્ણ રીતે પુરી પડતી નહોતી. કેટલાકનું કહેવું એમ છે કે પરણ્યા તેથી શામાટે ન ભણાય? પણ તે આગળ વાંચવાથી ખબર પડશે. પ્રભાકરને એક બ્હેન હતી. ત્હેનો સ્વભાવ ચીડીયો હતો. સ્હેજ બાબતમાં નાખુશ થાય. પોતાનું ધાર્યું થાય તો ઠીક નીકર આંખમાં આંસુ આણી સર્વને ઓશીયાળાં કરે. કોઈનાથી એને કાંઈ કહેવાય નહીં. અગર જો કે તે એટલું બધું ભણી નહોતી તો પણ પોતે ડાહી છે એમ કહેવડાવવાને બહુ ઈચ્છા રાખતી હતી. દરેક બાબતમાં તે વચ્ચે પડતી હતી. કોઈને ઘરમાં કાંઈ કામ કરવા દે નહીં અને કરવા જાય તો ત્હેને ધુતકારી કહાડે. આવો સ્વભાવ જોઈ પ્રભાકર બહુ નાખુશ થતો. પણ કાંઈ ઉપાય ચાલતો નહીં. ત્હેનાથી પણ ત્હેને કાંઈ કહેવાતું નહોતું તો ત્હેની ભાભીનું તો તે શું વજન રાખે? અગર

જો કે ભાભી કેટલી બાબતમાં નણંદના બોલવા સામું જોતી નહીં પણ કોઈ કોઈ વખતે ઓછું આવી જતું. નણંદ ભોજાઇને બનતું તો ખરૂં પણ ફકત તે ઉપરનું જ હતું. અંદરથી તો એકબીજા-ને ચાહતાં હોય એમ લાગતું નહીં. કાંતો પ્રભાક-રની બ્હીકથી અથવા કાંતો પોતાના સારાપણાને લીધે ઘણી બાબતમાં આડા કાન કરતી. પ્રભાક-રને ન્હાનપણથી જોતરૂં વળગ્યું હતું પણ તે ત્હેને કાંઈ બોજારૂપ તથા ફીકર કરાવે તેવી નહોતી. સ્ત્રી જાત છે તે કોઈ વખતે કંટાળો આપે પણ ઘણું ખરૂં તે પ્રભાકરની મરજી પ્રમાણે જ વર્તતી હતી.

એક દિવસે બ્હેનનો મીજાજ કોણ જાણે શાથી ગયો. આંખમાં આંસુ, મ્હોં ચડેલું, કોઈ બોલાવે તો ત્હેની જોડે બોલે નહીં. અને એક ઠેકાણે બેઠી બેઠી જાણે મહા ઉંડા વિચારમાં પડી હોય તેમ નીચું માથું ઘાલી બેઠી હતી. તેટલામાં ત્હેની મા ધનગૌરી મેડી ઉપરથી આવી. ત્હેણે પોતાની છો-કરીને આ પ્રમાણે જોઈ તેથી મનમાં બોલી ઉઠી "વળી શું થયું." તે ત્હેની પાસે ગઈ અને પુછ્યું "શું છે ? કેમ આમ ઉદાશ થઇને બેઠી છે?" છોકરીએ જવાબ આપ્યો. "ત્હારે શું કામ

છે ? તું તો ત્હારી મેળે માણુસોને માથે ચડાવી મુક ! ઘરમાં કોઈનું કહ્યું માને નહીં, કોઈનું અપમાન કરે તો પણ ત્હારે કાંઈ કહેવું છે ?"

"પણ છે શું ? કહેતો ખરી. થયું શું ? એવું તે કોણ છે કે ત્હને આવું ખોટું લાગે એવું કહ્યું?"

"પેલો જોયતો. જે કહીએ તેનો તડતડ મ્હો ઉપર જવાબ આપે, અને ત્હેને ત્હારાથી કાંઈ કહેવાય નહીં. ન્હાવાને પાણી માગ્યું તો કહે કે "હમણાં થાય છે આટલું કામ છે તે કરીને આપું. શું એતે જવાબ દેવાની રીત ? જે કામ કહીએ ત્હેને માટે એવોને એવોજ જવાબ આપે."

"પણ તેમાં ત્હને કહ્યું શું કે તું આ પ્રમાણે કરે છે ? કાંઈ કામ કરતો હોય તો થોડીવાર આપણાથી ખમાય નહીં ? હાથ ખરાબ હશે તેથી ત્હેણે કહ્યું કે હમણાં આપું છું તેમાં ત્હને આટલું ખોટું કેમ લાગ્યું ?

"હાસ્તો, અમે જં એવાં. પોતાના માણુસનો વાંક વસે કે ? જ્યારે અમે કહીએ ત્યારે અમારૂં કહ્યું કોઈ ન માને."

આ પ્રમાણે નજીવી બાબતમાં લેવાદેવા વગરનો કંકાસ ઉભો કરે. ઘરના દરેક માણુસને ઠંઠાળો આપે

અને ગમે તેમ કરી પોતાનું ધાર્યું કરે. પ્રભાકર આથી કેટલીકવાર બહુ કંટાળતો. જો પોતે બોલશે અને પોતાનું કહ્યું નહીં માને તો કંકાસમાં વધારો થશે એમ વિચારી કાંઈ બોલતો નહીં. પણ કહેવત છે કે કંકાસે ગોળીનું પાણી પણ સુકાઈ જાય. જ્યાં હમેશાં આવી નજીવી બાબતમાં કંકાસ થાય ત્યાં સુખ કેમ મળે? પણ ઉપાય શો? ન્હાનપણથી મોહે ચડાવી મુકીએ અને પાછળથી સુધારવા પ્રયત્ન કરીએ તે કેમ બને? જ્યારે ઝાડ કુમળું હોય ત્યારે જ વાળ્યું હોય તો વળે પણ મોટું થયાબાદ કયમ વળી શકે? જે બાબતમાં છુટ ન ઘટે તે બાબતની છુટ ન્હાનપણમાં આપીએ અને ત્હેનું પરીણામ હમેશાં ખરાબ જ થાય અને તે પરીણામ લાવવામાં કહોનો વાંક? વાંક ફકત મા બાપનો, કારણ કે ન્હાનપણમાંથી જ એવી કેળવણી શા માટે ન અપાય કે મ્હોટપણે આવી વર્તણુક ન ચલાવે. વળી બીજું પણ ધ્યાનમાં લેવા જેવું છે. જેવું છોકરાં દેખે તેવું જ શીખે. માટે ઘરની અંદરના માણસોની વર્તણુંક સારી શા માટે ન હોવી જોઇએ? આપણે જ ચાકરને કામ કરવા કહ્યું, અને જરાવાર લાગે તો ઝોંસા કરીએ ત્યારે

તે જોઇ છોકરાં શા માટે ન શીખે? માટે હમેશાં શાન્તિને સ્વાધીન થઈ પોતાનું કામ બળથી નહીં, પણ કળે કરી જો કહાડી લઇએ તો છોકરાં પણ તેજ પ્રમાણે ચાલે. ચાકર ઉપર મીઠી દૃષ્ટી રાખી જો કામ કરાવીએ તો તે કામ કર્યા વગર રહેજ નહીં. આતો મ્હોમાંથી પડયું તેવું જ જોઇએ. અને ન આવે તો ધડાધડ કરી મુકે, તેથી ચાકરો અકળાગરા થાય એમાં નવાઈ શી. કોઈ વખત એક તમાચો મારીએ તો બીજી વખત ફોસલાવીને પણ કામ લેવું પડે. ધાક એ શું છે અને કેમ રાખવો તે આપણને આવડતું જ નથી. ધાક કંઈ મારથી અથવા ગાળથી અથવા આખો દહાડો ટકટક કર્યે પડતો નથી. ચાકર માણસની જોડે હા હા હી હી કરવી, તેમની જોડે વાતોના ગપાટા મારવા અને તેમને પણ અયોગ્ય છુટ આપવી તેનું પરિણામ જ અકળાગરાવેડા છે. હલકી જાતને આ પ્રમાણે ઘટે જ નહીં. કામસર કામ લેવું અને કામ ન હોય ત્યારે ત્હેને બોલાવવો જ નહીં. વાંક પડે ત્યારે કાંઈ કહેવું નહી અને વગર વાંકે અથવા સહેજ વાંકે ત્હેની ઉપર ઉતરી જવું એ સારૂં નહીં. વાંક હોય તે વખતે જો બે બોલ કહ્યા

હોયતો તે ઉપયોગનાં પણ ખરા. તે એ બોલ ત્હેના મન ઉપર અસર પણ કરે પણ જ્યારે વગર વાંકે કહેવાય ત્યારે તે માને જ નહીઅને મનમાં ધારે કે એ તો એ પ્રમાણે બોલવાની ટેવ જ પડી છે; માટે તે જે પ્રમાણે કરતો હોય તેજ પ્રમાણે કરે.

એક દિવસે ચાકર બજારમાંથી શાક લઇને આવ્યો અને હીસાબ આપતાં એક પૈસાની ભુલ આવી. આથી પ્રભાકરની મા ત્હેની ઉપર તુટી પડી અને તું ખાઈ ગયો એમ કહી બિચારા ચાકર ઉપર ખોટા આરોપ મૂકવા માંડયા. એટલામાં પ્રભાકર બહારથી આવ્યો. અહીયાં ધમસાણ મચી રહ્યું હતું તે જોઈ પ્રભાકરનો મીજાજ જતો રહ્યો અને બોલી ઉઠયો, " છે શું રસ્તે આવતા જતા લોકો સાંભળે અને તમારી વાતો કરે તે સારૂં ? ધીમેથી બોલાતું નથી ?" એમ જુસ્સામાંને જુસ્સામાં કહોને કહેછે તે ભુલી ગયો અને પોતાની માતાને આ પ્રમાણે ન કહેવું ઘટે એ સાંભરી આવ્યાથી પાછો શાંન્ત પડયો. ત્હેની માએ કહ્યું કે "જોયતો શાક લેવા ગયો હતો અને હીસાબ આપતાં એક પૈસાની ભુલ આવી તેથી મ્હારે કહેવું પડ્યું" "પણ એને પુછ્યું ખરૂં કે ભુલ કયમ

આવ્યા ? શાક શું લાવ્યો, શા ભાવનું લાવ્યો અને કેટલું લાવ્યો ?" "હા પુછ્યું. અને હેણે કહ્યું કે આર પાઈની શેર લેખે અઢીશેર ભાજી અને પૈસાનાં શેર લેખે ત્રણ શેર વેગણ લાવ્યો." "ત્યારે કેટલા પૈસા થયા" "છ પૈસાને એક પાઈ થઈ" "કેટલા પૈસા આપ્યા હતા" બે આના" "પાછું શું લાવ્યો" "બે પાઈ" "બીજું કશું લાવ્યો છે પુછો તો ખરાં" જેયતાને સાંભરી આવ્યું તેથી હેણે કહ્યું, "પાઈનું આદુ અને બે પાઈનાં દાતણ લાવ્યો તે ગણ્યું નથી" પ્રભાકર હશીને બોલ્યો " લ્યો થઈ જ રહ્યું તો ! લગાર ધીરજથી જો પુછ્યું હોત તો આટલું બધું થાત ! જે હોય તેમાં ઉતાવળ અને પછી વગર લેવા દેવાનું કોઇને વઢવું તે સારૂં નહીં. કોઈ દિવસ એના કામમાં એક પાઈની ભુલ આવતી નથી ત્યારે આપણાથી એક દમ એમ કેમ કહેવાય કે તું ખાઈ ગયો. સ્વભાવ જ એવો પડ્યો તેમાં બીજાનો શો વાંક." એમ કહી પ્રભાકર પોતાની મેડીએ ચડી ગયો અને હેની મા ધનગૌરી પાછળ બડબડતી ઘરમાં ગઈ.

જ્યાં લગણ પ્રભાકર અથવા હરીનંદ ઘરમાં હોય ત્યાં લગણ ધનગૌરી તથા હેની છોકરી કશું

બોલે નહીં પણ જ્યાં તે બહાર ગયા એટલે કાંઈ નહી તો કાંઈ પણ હોયજ. પ્રભાકર આનાથી હમેશા દૂર રેહવા માગતો, ત્હેનો બાપ હરીનંદ જાણે પણ કશું કહે નહીં. અને જ્યારે ઘણું થાય ત્યારે એ બોલ એવા કહે કે તે વખતે સર્વ ચુપ થઈ જાય. પ્રભાકર પણ કાંઈ બોલતો નહીં. એ અને એનો ઓરડો અને ત્હેની ચોપડીઓ ભલી કે તે તેમાંજ ગુંથાએલો રહે.

પ્રકરણ ૬ ઠું.

પરીક્ષાનું પરિણામ.

પ્રભાકર પરીક્ષા આપ્યા બાદ થોડા દિવસ મુંબાઈમાં રહ્યો. અને મુંબાઈમાં આમ તેમ ફરી તથા ઘણી ખરી જોવાની જગ્યા જોઈ છક થઈ ગયો. પોતાના મિત્રને સાથે લઈ સાંજ સવાર જોવા નીકળતો. અને કેટલીક ચીજો જોઈ ત્હેના મનમાં જુદી જુદી જાતના વિચાર ઉત્પન્ન થતા. પોતાના વિચારો પોતાના મિત્રને બતાવતો અને ત્હેના વિચાર પોતે જાણતો હતો. ત્હેને લાગ્યું કે મુંબાઈ એ માણસને સારે રસ્તે તથા ખરાબ રસ્તે ચડાવનાર શહેર છે.

મુંબાઈ જેવા શહેરમાં રહેવું એ અવશ્યનું એને લાગ્યું. "અહીંયાં રહેવાથી કેટલી જાતનો અનુભવ જે પોતાના દેશમાં ન મળે તે મેળવી શકાય. માણુસ કેવી જાતના સ્વભાવના દુનિયામાં થાયછે તેથી માહેતગાર થવાય. અને લુચ્ચાઈ, ઠગાઈ, તથા છેતરપીન્ડી એ શું છે તે અહીયાં સારી રીતે જાણી શકાય. જ્યાં લગણ માણુસને માથે

પડી નથી ત્યાં લગણુ દુનિયા એ શું છે, કેવી રીતે ચાલે છે, તેમાં વસનારા માણુસો કેવા પ્રકારના થાય છે તથા તેમાં કેવી આડી અવળી ગલીકુંચીયો છે તે જાણુવામાંજ નહિ આવે. જ્યાં લગણુ ઘરની અંદર ભાઈ તરીકે રહેલા છે, જ્યાં લગણુ ભાઈ કહે તેજ થાય એવી સ્થિતિમાં છે, અને જ્યાં લગણુ ભાઈની ભુલ બતાવનાર કોઈ મળ્યું નથી ત્યાં લગણુ ઉપરની ચીજ શું છે, તથા કેવી છે, તેનાથી ભાઈ હમ્મેશાં અજાણ્યાજ રહેશે. કેટલાક કહે છે કે હજી વખત થાય છે. વીસ વરસની ઉમ્મર લગણુ જ્યારે વખત નથી આવ્યો ત્યારે તે વખત ક્યારે આવશે? વખત લાવવો ન લાવવો એ કહોના હાથમાં છે? વખત આવે સર્વ થઈ રહેશે એ કહેવું ખોટું છે, માટે દરેક જુવાનીયાએ પોતાને ભવિષ્યમાં બજાવવાની જે જે ફરજો છે તેના ઉપર જુરતુ ધ્યાન આપી તેનું અવલોકન કરી. તથા તે ફરજ બજાવવામાં કેવી કેવી અડચણો પડે છે તેથી માહીતગાર થવું જોઇએ. હાથમાં લાકડી લઈ બુટ મોજાં પહેરી સાંજે ફરવા જવું, ચાર મિત્ર એકઠા બેશી વાતના ગપાટા મારવાં, અને એક બીજાની મશ્કરી કરી વખત

કહાડી નાંખવો એથી કાંઈ આપણું ઉઘડવાનું નથી. મ્હારૂં કહેવું એમ નથી કે સાંજે ફરવા ન જવું તથા મિત્રોની જોડે બેશી વાતોના ગપાટાં ન મારવા, પણ આપણું કરવાનું કામ જ્યાં સુધી થયું નથી તથા તે કરવા તરફ કાંઈ પણ પ્રયત્ન થયો નથી ત્યાં સુધી જો ઉપરની વાત થાય તો તે ખરાબ દેખાય, સૌ બહાર પડતી કહેવાય તથા લોકોમાં પણ નિંદા થાય. બાપ કમાય છે અને આપણે ખાઈએછીએ તે ક્યાં સુધી રહેવાનું ? વીસ પચીસ વરસની ઉમ્મર થાય ત્યાં લગણ માબાપના ઉપરજ બેશી રહેવું એ કેવી શરમની વાત છે. બાપને પાંચસો મળતા હોય તો છોકરો પંદરમાં રહે તે કાંઈ ઓછી દીલગીરી. શા માટે બાપનાથી સવાયા ન થવાય ? તેમ થવામાં કઈ ચીજની જરૂર છે ? ફક્ત કેળવણીની જ જરૂર છે. ત્યારે કેળવણી શા માટે નથી લેતા ? તેને માટે ઘણાં કારણો છે. ન્હાનપણમાં માબાપનો ધાક જેવો જોઇએ તેવો નહીં. ન્હાનપણથીજ પોતાનું ધાર્યું કરવા દેવાની ટેવ પાડવી. મ્હોટા થાય ત્યારે તેમને કાંઈ પુછવું નહિ કે તમે શું કરો છો. નિશાળમાં શું શીખો છો. બાર તેર વરસના થયા ત્યારે પરણાવ્યા અને

પરણ્યા એટલે તો મ્હોટા થયા. તેને માટે જેટલું કહીએ તેટલું ઓછુંજ છે. આવાં આવાંતો ઘણાએ કારણો છે." આવા આવા વિચારોમાં તે ઘણી વાર ગુપચુપ બેશી રહેતો. આસપાસ શુ બને છે તેની પણ કોઈ વખત ખબર ન પડતી. કેટલીક વાર દયાશંકર હેના વિચારમાં ભાગ લેતો. અને પોતાના મિત્રના આવા વિચારોમાં તે પાણી સીંચતો.

આ પ્રમાણે થોડા દિવસ રહી પ્રભાકર અમદાવાદ જવાની તૈયારી કરવા મંડયો. જવાનો દીવસ પાસે આવ્યો. દયાશંકરે લગ્નમાં આવવા હેને ઘણોજ આગ્રહ કીધો અને પ્રભાકરે પણ પોતાના મિત્રના આગ્રહને માન આપવા નિશ્ચય કીધો. પ્રભાકર અમદાવાદ ગયો અને દયાશંકર પોતાના મિત્રથી છુટો પડયો.

પ્રભાકરને ગએ આઠ દસ દિવસ થયા કે પરીક્ષાનું પરિણામ જણાવવાનો દીવસ નજદીક આવ્યો. જે દીવસે પરીણામ જણાવવાનું હતું તે દીવસે દયાશંકર યુનીવરસીટીમાં ગયો. ત્યાં આગળ ઉભા રહેવાની જગા પણ નહોતી. ધક્કામુક્કી કરી દરેક જણ આગળ જવા મથતું પણ બધા તે શી રીતે આગળ આવી શકે? કેટલાક પોતાનું

પરિણામ જાણવા આવેલા, કેટલાક પોતાના મિત્રનું તથા કેટલાક પોતાના સગાવહાલાનું પરિણામ જોવા આવેલા હતા. દરેક જણુના મનમાં ઉમંગ માતો નહોતો. થોડી વારમાં આ પાર કે પેલે પાર થવાનું હતું. થોડી વારમાં એક ન્હાની બ્હારી ઉઘડી અને દરેક જણ તે ઉઘાડી બ્હારી તરફ ધસ્યા. આ વખતે કાચું પોચું છુંદાઈ જાય તેમાં બીલકુલ શક નહીં. પરિણામનો કાગળ હાથમાં રાખી રજીસ્ટારે બહારીમાંથી માથુ કાહાડી એક પછી એક નંબર બોલાવવા માંડ્યા. કેટલાક પોતાનો અથવા પોતાના મિત્રનો અથવા પોતાના સગાવહાલાનો નંબર ન આવતો તેથી દિગમુઢ જેવા બની જતા. બોલવાના હોશ પણ રહેતા નહીં. અને ટોળામાં ઉભા રહેવું પણ ગમતું નહીં. નીચી મુંડી કરી બીચારા ચાલ્યા જતા. અને જેનો નંબર આવે તેઓ ખુશી થતા, કુદતા અને પોતાના ઓળખીતાને વધામણી આપતા પોતાના મિત્રને તાર મુકાવવા અથવાતો મસ્તી કરવા ટોળામાંથી બહાર નીકળી જતા. દયાશંકર એક ખુણે ઉભો રહ્યો હતો. તે પોતાનો તથા પ્રભાકરનો નંબર જાણવા બહુજ આતુર હતો. પ્રભાકરનો નંબર

ત્હેના કરતાં. પહેલો હતો અને તેથી ત્હેનું તો નામ આવ્યું. પણ હજી પોતાનો નંબર નહોતો આવ્યો. દયાશંકરનો નંબર ૩૮૯ મો હતો. ૩૮૫ થી ૩૮૮ સુધી એકદમ બોલી સાહેબ અટક્યો અને કહ્યું કે "આટલા પાસ." પોતાનો નંબર ન બોલાયો તેથી દયાશંકરનું મ્હો ઉતરી ગયું. ગાભરો ગાભરો થઈ ગયો અને આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. આ બનાવ બનતાં એક સેકન્ડ પણ થઈ નહિ હોય ત્યાં સાહેબ ફરીથી બોલ્યો, "નંબર ૩૮૯ પાસ; અને જગન્નાથ શંકરશેઠ સ્કોલરશીપ મળી છે." દયાશંકરની આંખમાં જે ઝળઝળીયાં આવ્યાં હતાં તેમાં એકદમ આનંદનું તેજ પેદા થઈ ગયું, શોકના આંસુ બદલાઈ હર્ષના આંસુ થઈ ગયાં. દયાશંકરના મનમાં હર્ષ માયો નહીં. અને ત્હેને આ વખતે કોઈ પુછતું તો ત્હેનાથી જવાબ સરખો પણ દેવાતો નહોતો. આ શો ફેરફાર એક સેકુન્ડ પહેલાં ત્હેના મન ઉપર કેવી જાતની અસર હતી અને આ વખતે કેવી અસર થઈ. ત્હેણે એક સેકન્ડમાં બે છેડા જોયા. ત્યાંથી તે એકદમ ચાલ્યો અને તારઑફીસમાં જઈ પોતાના મિત્રને પોતાના તથા ત્હેના પાસ થયાનો તાર મૂક્યો. તાર મૂકાવી તે ઘેર ગયો.

પ્રભાકર અમદાવાદમાં જે દિવસે પરિણામ જણા-વવાનું હતું તે દિવસે પોતાના મિત્ર જોડે ફરવા ગયો હતો. ત્હેના મિત્રમાંથી કેટલાક તે પરીક્ષામાં હતા. અને પોતાનું પરિણામ જાણવા ઘણુંજ આતુર હતા. તેમાંથી એક જણ બોલી ઉઠયો. "ચાલોને આજ તારઑફીસ તરફ જઇએ. એક પંથ અને દો કાજ." બીજા જણે ત્હેને ટેકો આપ્યો. "હા ચાલો આજ એણી તરફજ જઇએ" પ્રભાકરને ત્યાં જવું પસંદ પડયું નહિ. ત્હેણે કહ્યું કે "એટલા બધા અધીરા શા માટે થાઓ છો. વહેલું મોડું તો જણાશેજ ને. ત્યાં જઈ બીજાના તાર આવ્યા હોય અને આપણો ધારોકે ન આવ્યો તો કેટલો ખેદ થાય. પણ આપણામાં કહોના ઉપર તાર આવવાનો છે. વખતે મ્હારે આવે તો આવે; પણ મારી મરજી ત્યાં જવાની થતી નથી. માટે ચાલો આપણે બીજે ફરવા જઇએ." તેઓમાં કેટલોક સંવાદ થયા બાદ પ્રભાકરને બીજાની મ-રજીને આધીન થવું પડયું અને સર્વે તારઑ-ફીસમાં ગયા. ત્યાં ગયા ત્યારે બીજા છોકરા પણ આવેલા હતા. પરિણામ સાંજના પાંચ વાગે જ-ણાવવાનું હતું તેથી ત્યાં આગળ છોકરાઓ ઉ-

વાગ્યા એટલે ભરાંવવા માંડ્યા, સાડા છ થયા પણ કોઇનો તાર આવ્યો નહીં. છેક આઠ વાગે એક જણનો તાર આવ્યો. તે તાર લેવાને દરેક જણે સીપાઈ ઉપર ધસારો કર્યો. એક જાણે કે મ્હારો હશે અને બીજો જાણે મ્હારો હશે. એક આવ્યો, બે આવ્યા પણ પ્રભાકર કે ત્હેના મિત્રમાંથી કોઇનો તાર આવ્યો નહીં. તેથી તેઓ દીલગીર થયા. પ્રભાકરે પહેલેથીજ કહ્યું હતું કે જો નહિ આવે તો આપણને બહુ દીલગીરી થશે. પણ તે ન માનતાં સર્વ ત્યાં ગયા હતા. કેટલાકનાં મ્હો ઉતરી ગયાં અને જેવો દેખાવ યુનીવરસીટીમાં થયો હતો તેવોજ દેખાવ અહીયાં પણ થઈ રહ્યો. કેટલાક નવ વાગ્યા લગણ ત્યાંથી ખસ્યાજ નહિ પણ પ્રભાકરે કહ્યું કે "હું તો હવે અહીયાં નહિ રહું. તમારે રહેવું હોય તો રહો. જો તાર આવશે તો શું ઘર આગળ નહિ પહોચાડે ? અહીયાં ઉભા રહી અમસ્તો જીવ બાળવો. હું તો જાઉં છું." તે પોતાના ઘર તરફ ગયો પણ ત્હેના મિત્રમાંથી કોઈ ત્હેની સાથે ગયું નહીં. નવ વાગ્યા. તાર ઑફીસ બંધ થઈ. તો પણ કેટલાકના મન માન્યા નહિં. તેઓએ રેલવે ઉપર જવા નિશ્ચય કીધો,

અને ત્યાં ગયા. પરિણામ સાંભળવાને. છોકરા કેટલા ઇન્તેજાર હોય છે તે તે દેખાવ જોઈ આપણા મનમાં ખાતરી થાય છે. કેટલાક ખોટી આશામાં દોરાયા કરે છે અને કેટલાકને આશા હોય છે તે છતાં કાંઈ વળતું નથી. પોતાના મનને ખાતરી હોય પણ જ્યારે તાર ન આવે ત્યારે તેમના મનને શું દુઃખ થતું હશે? કેટલાક તો પોકેપોક મૂકી રડે છે. અને કેટલાકને તે બાબત કાંઈ લાગતું પણ નથી,

પ્રભાકર ઘેર ગયો કે હેની બ્હેન બારણામાં સામી આવી અને કહે કે "ભાઈ તમે કયાં ગયા હતા? તમને અહીંઆં બધે ખોળ્યા પણ જડ્યા નહીં. સીપાઈ તાર લઇને આવ્યો છે તે કહોનો છે?" હેની મા અંદરથી દોડી આવી અને હેને કહ્યું "પહેલો તાર વાંચ અને મ્હને કહે. મ્હારો તો તાર દેખીને જીવ ઉડી ગયો છે. તેમાં છે શું? અહીયાં કોઈ નહોતું. તાર તે કહોની પાસે વંચાવું."
પ્રભાકરે તાર લીધો અને વાંચતાં વાંચતાં આંખની અંદર ઝળઝળીયાં આવી ગયાં. હેની માનો જીવ પ્રભાકરને આ પ્રમાણે જોઈ ઉડી ગયો અને ઘાભરી ઘાભરી બની ગઈ. હેને પુચ્છ્યુ "છે શું.

મ્હને કહેલો ખરો" પ્રભાકરથી બોલાયું નહીં. બોલતાં બોલતાં અચકાતો અને એટલો ગળગળો થઈ ગયો કે જો વધારે વાર લગણ આ પ્રમાણે રહેતે ત્હેનાથી રોયા વગર રહેવાય નહીં. ત્હેણે ત્હેની માને કહ્યું કે "દયાશંકર અને હું બે જણા પરીક્ષામાં પાસ થયા" આટલું બોલતાં ત્હેની માના જીવને શાન્તિ થઈ. સર્વને હર્ષ થયો. પરીક્ષાનું પરિણામ જણાય છે ત્યારે વિદ્યાર્થિઓને કેવો હર્ષ થાય છે, તથા મનમાં કેવી લાગણી લાગે છે તેનો ખ્યાલ અનુભવ શીવાય થાય તેમજ નથી.

પ્રકરણ ૭ મું.

લગ્ન.

મ્હા સુદ બારસની સવારમાં સુરત શહેરમાં ર-હેનાર શેઠ લક્ષ્મિપ્રસાદના ઘર આગળથી સવારના આઠ વાગે સુંદર સુશોભિત રંગના કપડાં પહેરી, સુના રૂપા તથા મોતી જડાવના દાગીના ધારણ કરી, હાથની અંદર નાજુક ન્હાના ન્હાના સફેત રંગેલા ઘડા લઈ દસ પંદર યુવાન સ્ત્રિયો યુવાનીના મદમાં મ્હાલતી, સુંદર કોયલના કંઠ જેવા મધુર સ્વરથી ગાતી, આજુબાજુ જોવા ઉભા રહેનારના મન હરણ કરતી, ધીમે ધીમે પગલે ઘુઘરાના ઘ-મકારા કરતી નીકળી દયાશંકરની જાનને જે જા-નીવાસો આપ્યો હતો તે મકાનમાં ગઈ. ત્યાં આગળ પણ સામી તેવી જ, રંગીલી રસીલી યુવાન સ્ત્રીઓ ગાતી હતી. થોડી વારમાં પેલી ઘડા લઇને જે સ્ત્રીઓ ગઈ હતી તે પાછી તે ઘરમાંથી નીકળી અને લક્ષ્મિપ્રસાદના ઘરમાં ગઈ. થોડી વાર પછી દયાશંકર પરણુવાના પોશાકમાં તે ઘરમાંથી નીકળ્યો અને પાછળ યુવાન સ્ત્રીઓ ગાતી ગાતી નીકળી

અને સર્વ સરઘસ લક્ષ્મિપ્રસાદના ઘર આગળ આવ્યું. વરને પોંખી લઈ શાસ્ત્રની વિધિ તથા રૂઢિની રીતથી દયાશંકરનું કમળા જોડે લગ્ન થયું. લગ્ન થઈ રહ્યા બાદ વર કન્યાને ઘેર વળાવ્યાં.

પ્રભાકર આ લગ્ન પ્રસંગે ત્યાં આવ્યો હતો, અને આ શુભ પ્રસંગનો પૂર્ણ લ્હાવો લેતો હતો. પ્રભાકર પોતાની સ્ત્રીની જોડે ત્યાં આવ્યો હતો. વરકન્યા જે વખતે ઘેર આવ્યાં તે વખતે પ્રભાકરે ત્હેના મિત્રને આનંદભેર આગળ જઈ મુબારકબાદી આપી. બેચાર દિવસ રૂઢિની રીત પ્રમાણે લગ્નને યોગ્ય જમણવારો તથા બીજી ધામધુમ કરી સર્વ જુદા પડયા. દયાશંકરનો બાપ ધીરજલાલ જુના જમાનાનો માણસ નહોતો કે જુના જમાનાને વળગી રહી પોતાનું સારૂં કેમ કહેવડાવાય એવો ફાંકો રાખી અયોગ્ય ખરચ કરે. પોતાના નામને યોગ્ય પોતાની શક્તિના પ્રમાણમાં જે ત્હેને વ્યાજબી લાગ્યું તે પ્રમાણે કરી લગ્નની સમાપ્તિ કરી.

લગ્નની સમાપ્તિ થયા બાદ ચાર દિવસ પ્રભાકરે સુરતમાં રહી અમદાવાદ જવા વિચાર કર્યો, પણ દયાશંકરથી વીખુટા પડતું ત્હેને બહુ મુશકલ લાગ્યું. જવાના વિચાર આવતાં જ ત્હેની આં-

ખમાં પાણી આવી ગયાં અને ગળગળે કંઠે બોલ્યો. "ભાઇ હવે આપણે ક્યારે મળીશું. મ્હને ત્હારી જોડે રહી અભ્યાસ કરવા ઘણું મન છે પણ મ્હારા મ્હોટા કાકા કાંઈ માને તેમ છે ? અલબત મું- બાઇમાં રહેવાથી ખરચ તો વીશેશ થાય પણ અ- ભ્યાસ કરવામાં કેવી નિવૃતી રહે. ઘરની ખટરાગથી જુદા રહેવાય અને વળી મન માનતી રીતે વંચાય."

"ત્યારે તું હવે મેટ્રીકમાં પાસ થયો છે તો એવી લાઇન લે કે અમદાવાદથી નીકળ્યા શીવાય છુટકો જ નહીં." દયાશંકરને વિચાર આવવાથી કહ્યું. "ત્હને મેડીસીન ઉપર કેવોક શોક છે?"

"હજુ મ્હેં તે માટે બીલકુલ કાંઈ પણ વિ- ચાર કર્યો જ નથી. પણ મ્હને લાગે છે કે તેમાં હીસાબની કાંઈ વીશેષ જરૂર નથી તેથી તે લા- ઇન મ્હને કાંઈ અઘરી લાગશે નહીં. ત્હેં બરોબર મ્હને યાદ આપ્યું. અમદાવાદ જઇને મ્હોટા કા- કાને તે માટે વાત કરૂં. પણ મ્હને નથી લાગતું કે તે મ્હારૂં કહ્યું માને. તે તો કહેશે કે ગામમાં કોલેજ છે અને વળી પરગામનો, તેમાં વળી મું- બાઈ જેવા શેહેરનો ખર્ચ શું કરવા કરવો જોઇએ." પ્રભાકરે કહ્યું.

" અભ્યાસ કરવામાં તો આપણી મરજી મુજબજ થવું જોઈએ " દયાશંકર કહે છે " આપણા લોકો તે બાબતમાં અભ્યાસ કરનારની મરજી પ્રમાણે અભ્યાસ કરવા દેતા નથી તેથીજ આપણામાં કોઈ એવા વિદ્વાન થતા નથી. જેનો જે બાબતમાં શૉખ તથા વૃત્તિ હોય તે પ્રમાણે જો થાય તો થોડી મ્હેનતે તથા ટુંકા વખતની અંદર આપણા મનના મનોરથ પૂરા પડે. વળી અત્યારની શીખવવાની પદ્ધતિ પણ કાંઈ વિચિત્ર જાતની છે. જો ગમે તથા આપણી અક્કલ પહોચે તો પણ કરવું અને ન પ્હોચે તો પણ કરવું. જ્યારે આવા વિચાર આપણા મુરબીઓને આપણે જણાવીએ ત્યારે કહેશે કે તે બાબતમાં તમે શું સમજો. અરે, સમજે તે કોણ? જેને અભ્યાસ કરવો છે તે કે કરાવવો છે તે. દરેક બાબતમાં આપણા નિયમો તથા ધારા આપણને આડા આવે છે. તેમાં વળી બે મુખ્ય બાબતો જેની ઊપર આખા ભવનો આધાર રહે છે. અલબત કેટલીક વાર એમ પણ બને છે કે અણુસજણુથી તથા બે સરખી ચીજ હોય તેમાં કઈ પસંદ કરવી તેનાં ગુચવાડામાં પડવાથી પરિણામ ખોટાં આવે

છે, પણ તેવાં પરિણામ કેટલાં થાય? અભ્યાસ તથા લગ્ન કે જેની ઉપર આખી જીંદગીની દોરી છે તે તો સ્વસત્તામાં હોવી જોઇએ. જો તેમાં કાંઈ અ-યોગ્ય લાગે તો તેની સૂચના કરવી એતો કાંઇક ઠીક, પણ તેની અંદર મુખ્ય માણસ જેને તે વે-ઠવાનું છે, ત્હેની તો બીલકુલ સંમતિ પણ લેવી નહિ. એથી કેમ પરિણામ સારાં થાય?”

“દયાશંકર, ત્હારા જે જે વિચારો હું સાંભળુ છું તે મ્હને બહુ જ પ્રિય લાગે છે” પ્રભાકર બોલ્યો “તું જે કહે છે તે સત્ય છે પણ તે પ્ર-માણે આપણે જો મુરબ્બીઓને કહીએ તો ટાયલું ટાયલું શું કુટે છે’ એમ કહી આપણું કહેવું ત-રછોડી નાંખે. અને વળી ભાગ્ય જોગે આપણા કહેવા પ્રમાણે કરે અને કમનસીબે પરિણામ ખોટું આવે તો તો આપણા ભોગજ લાગ્યા. બૈરાં જે તે બાબતમાં બીલકુલ સમજતાં પણ નથી તે પણ ટાપશી પુરવા લાગે અને આપણને હલકા પાડીદે. ખેર જે થવાનું હોય તે થાઓ પણ હું તો મ્હોટા ભાઇને કહીશ કે કાંતો મ્હને દાક્તરનું શીખવા જવાદો, અને કાંતો અભ્યાસ કરાવવો રહેવાદો. આપણાથી બી. એ. કે એમ. એ. થવાનું નથી.

હિસાબનું અત્યારથીજ કહ્યું છે અને આગળ શું થાય. પણ દયાશંકર ત્હારો શો વિચાર છે?"

"મ્હારે તો આર્ટલાઇન લેવી છે. કારણ મ્હને તે ઠીક લાગે છે અને વળી મ્હને કાયદા ઉપર કાંઇક મન છે" દયાશંકરે કહ્યું.

"દયાશંકર. ત્યારે હવે આપણે છુટા પડવાનો વખત પાસે આવ્યો છે. આજ રાતની ટ્રેનમાં મ્હારે જવું છે. ત્યાં જઇ તુરત મ્હારા મ્હોટા કાકાને પુછી હું ત્હને લખી જણાવીશ." પ્રભાકરે કહ્યું.

"પણ ભાઇ પ્રભાકર તું રાતની ટ્રેઇનમાં જવાનું કહે છે અને ભાભી ત્હારી સાથે છે તો તું કાલે સવારે જાય તો શું? રાતનો વખત છે અને કંઇક ઉતર્યો અને રહી ગયો તો ભાભીની શી વલે? માટે મ્હારૂં કહ્યું માની તું કાલે સવારે જાય તો સારૂં. વળી ભાભીને સમય છે તેથી રાતની ટ્રેઇનમાં ઠીક નહી પડે." દયાશંકરે કહ્યું.

"અરે ચાર વાગે બેશી શું તો નવ વાગે અમદાવાદ ઉતરી પડીશું. અમદાવાદ કયાં દૂર છે." પ્રભાકરે જવાબ દીધો. "વળી અમદાવાદ કાગળ લખ્યો છે તેથી ત્યાં ફીકર કરશે."

"વારૂ ત્યારે રાતનો વખત છે તેથી સેકન્ડક્લા-સની ટીકીટ લેજે" દયાશંકરે કહ્યું.

તે દિવસે રાત્રે દયાશંકરને ઘેર ન્યાત હતી અને તે ન્યાત છેલ્લી હતી તેથી દયાશંકરે હેને વીશેષ રહેવાનો આગ્રહ કર્યો નહિ. અને ન્યાત જમી રહી ત્યારે બરોબર બાર વાગ્યા હતા તેથી પીરસનારા જમી રહ્યા ત્યારે બે વાગ્યા અને બે વાગે એક સીગરામ મંગાવી ~~પ્રભાકર, હેની સ્ત્રી~~ તથા દયાશં-કર સ્ટેશન ઉપર ગયાં. ચાર વાગે ટ્રેઇન આવી. દયાશંકરના કહ્યા મુજબ પ્રભાકરે બે સેકન્ડ ક્લા-સની ટીકીટ લીધી. ટ્રેન આવી પ્રભાકર તથા હેની સ્ત્રી એક ખાલી કંપાર્ટમેન્ટ હતું તેમાં બેઠાં અને દયાશંકરની રજા લીધી. સવા ચાર થયા, પાંચ મી-નીટનો ઘંટ થયો, અને પાંચ મીનીટ પછી ટ્રેઇન સુરતને સ્ટેશનેથી ઉપડી.

ટ્રેઇન તાપી ઉતરી તો પણ બન્નેમાંથી એકેને ઉંઘ આવે નહીં. બંન્ને હાથમાં હાથ ભેગા કરીને બેઠાં છે. અને થંડી લાગે છે તેથી એક બીજાની સોડમાં પેસતાં જાય છે. પ્રભાકરે કહ્યું "કેમ સુ-ધા."– હાલના જુવાનીઆ વહુને એકલી હોય ત્યારે નામ દઇને ઘણાખરા બોલાવે છે તેમ પ્રભાકરે

પણ હેની વહુનુ નામ દઈ બોલાવી તે કેટલાકને બહુ આશ્ચર્ય જેવું લાગશે. "કમળાવતીનો સ્વભાવ કેવો છે? તું તો હેની જોડે વાતોચીતો કરતી હશે એટલે હને હેની ખબર પડી હશે? મ્હેતો હેને આઘેથી જોઈ તેથી હેનો સ્વભાવ કેવો છે તે કાંઈ જણાયું નહિ." "બોલવે ચાલવે તો બહુ સારી છે." સુધામુખીએ કહ્યું. "પણ જ્યાં સુધી બહુ સમાગમ નથી ત્યાં સુધી હેના સ્વભાવની તો કેમ ખબર પડે! ભણેલી તો ઠીક છે કારણ બોલે છે બહુ જ સારૂં. અને વળી તેમાં સુરતણ."

"સુરતણ એટલે–"

"સુરતી ટાપટીપમાં, બોલવા ચાલવામાં, નાજુકાઈમાં આપણા કરતાં આગળ પડતાં જ છે ને, અને વળી તેમાં ભણ્યાં એટલે લટકામાં શું પુછવું."

"નાજુકાઈમાં તો તમે પણ કયાં ઓછાં છો? હાડકે હાડકુ તો શરીરનું ગણાય છે."

"તેમાં અમારો શો દોષ. અમે શું કરીએ. અમારી દયા તો બીચારા *નવલરામને જ આવી

---

* નવલરામની "બાળલગ્ન બત્રીશી"માં સ્ત્રીનો આબેહુબ ચિતાર છે તે વાંચો.

છે. ત્હેણે આપણો કેવો આબેહુબ ચિતાર આપ્યો છે."

આમ વાતો કરતાં કરતાં એકાદ કલાક થયો અને આખી રાતનો ઉજાગરો તેથી બન્ને જણાં હાથમાં હાથ અને વાત કરતાં કરતાં ઉંઘી ગયાં.

"ઓ બાપરે" સુધામુખીએ બુમ મારી. અને પ્રભાકર બેન્ચ ઉપર બેઠો હતો ત્યાંથી નીચે પડી ગયો. ગાડીને કાંઇ જોરથી ધક્કો વાગ્યો હોય તેમ લાગ્યાથી પ્રભાકર નીચે પડી ગયો અને તુરત જાગ્રત થઈ ગયો. અને સુધામુખીને બોલાવવા લાગ્યો પણ ધક્કાથી ત્હેને બહુ આંચકો વાગ્યો અને બે જીવસોતી હોવાથી તે આંચકો બહુ વસમો લાગ્યો. "ઓ બાપરે"ની બુમ પાડતાં જ તે બેભાન થઈ ગઈ હતી. અને પ્રભાકર ત્હેને બહુ બહુ બોલાવતો પણ બીલકુલ જવાબ દેતી નહીં. અને ગાડી જોર ભેર ચાલી જતી હતી તેથી બીજા કોઇની મદદ પણ નહોતી.

પ્રકરણ ૮ મુ.

વનરાવનદાસ.

ગ્રાંટ મેડીકલ કોલેજની સામે બેલાસીસ રોડ ઉપર જતાં ડાબા હાથ ઉપર એક ગલી આવે છે. તે ગલી ઘણીજ ગંદી, કચરાના જ્યાં ત્યાં ઢગલા પડેલા, ગંદુ પાણી રસ્તા ઉપર ચારે તરફ જોવામાં આવતું. મોરીઓ તુટી ગએલી તથા ગલીમાં પેસ્તાં જ નાક ફાટી જાય તેવી દુર્ગંધથી માથુ ફરી જતું. મુંબાઈ જેવા મ્હોટા શહેરમાં પણ આવી ગલીઓ ઘણી જગાએ જોવામાં આવે છે. વસ્તી પણ મુસલમાનની. અને ખરે બપોરે પણ એકલા જતાં ત્યાં બીહામણું લાગે. જ્યાં ત્યાં મ્હોટા ચોરણા પહેરેલા, માથે મ્હોટા ફેંટા બાંધેલા, અંગરખાની બ્હાંયો પણ એવડી પહોળી કે તેની અંદર ત્રણ ચાર હાથ સમાઈ જાય તેવા પોશાક વાળા, મ્હો ઉપર બોકડાના જેવી મ્હોટી દાઢીઓ, મુછો લાંબી તથા આંખો રાતી કસુંબાના રંગની, કદમાં પણ સાડાપાંચ ફુટ ઉંચા એવા રાક્ષસી દેખાવના માણસો જોવામાં આવતા. સ્ત્રીઓ સફેત ચાદરો ઓઢી તેમનું

મ્હોં પણ ન દેખાય તેવી રીતે મ્હોં ઉપર ફક્ત આંખના જેટલું બાકુ રાખી ચોરે તરફથી ચાદર લપેટી લઇ આમ તેમ ફરતી માલમ પડતી. કોઇ કોઈ વખતે તે ચાદર આઘી ખસી જવાથી મ્હોં દેખાઇ આવતું. પણ તે મ્હોં ચાદરની સફેતાઇ જોડે મળી જાઈ વખતે એમ પણ શક પડતો કે ચામડી છે કે ચાદરનો આભાસ છે, પણ તફાવત તરત માલમ પડયા વગર રહેતો નહોતો ચાદર તો ફક્ત સફેત દુધ જેવી જ, પણ મ્હોનો રંગ તો કોઈ કોઈ જગોએ જુદો પડી જતો. ગાલ ઉપર ખુલ્લા ગુલાબના જેવી સુરખી માલમ પડતી, કપાળ સફેત આરસ જેવું, નાકના ટેરવા ઉપર લોહીથી ભરેલી ઝીણી ઝીણી તંતુઓ પાનની રેખાઓ માફક તરી આવેલી, આંખની અંદર સુરમો આંજેલો તેથી સફેતાઇમાં કાળો ભાસ પડતાં આંખને દીપાવતી. પણ સ્ત્રીનું મુખ તો ક્વચિત જ માલમ પડતું. પગની અંદર લીલા મુખમલની અગર સુશોભિત કાળા ચામડાની સ્લીપર પહેરેલી. આ ખુબ સુરતી હિંદુસ્ત્રીની ખુબ સુરતીથી તદ્દન જુદી પડી જતી. પણ ઈંગ્રેજ લોકની ચામડીના રંગને મળતી સફેતાઈ તથા લાલાઈ માલમ પડતી હતી.

આવી ગંદી ગલીઓમાં તથા આવા કદાવર રાક્ષસી માણસો જ્યાં વસતા ત્યાં આવી પણ સ્ત્રીઓ જોવામાં આવતી. પુરૂષો કદાવર તથા દેખીતા વિક્રાળ હતા પણ તેઓમાંના બધા કાંઈ કદરૂપા નહોતા. ગંદાઈ તો ફક્ત ત્હેમના ગંદા ખોરાકને લીધે તથા ત્હેમની રહેવાની રીતભાતને લીધે હશે. તેઓ કાંતો કાબુલ તરફના અગર ઈરાન તરફથી આવેલા હોય તેમ ત્હેમના પોશાક ઉપરથી જણાતું. આ ગલીની અંદર એક ન્હાનું મકાન હતું પણ તેનો બહારનો દેખાવ જોનારને કંટાળો ઉપજાવ્યા વગર રહે તો નહિ.

રાતના સાડાનવ વાગ્યાનો વખત થયો હતો. રસ્તા ઉપર જ્યાં ત્યાં ગ્યાસનાં ફાનસો પ્રકટાઈ રહ્યાં હતાં. કેટલીક દુકાનોમાં દીવાની પાછળ મ્હોટા આઈના અથવા રીફ્લેકટરો મૂકયાં હતાં. તે દીવામાંથી પડતા પ્રકાશને એક જથામાં ભેગો કરી સડક ઉપર જાણે ન્હાનો સૂર્ય પ્રકાશ્યો હોય તેવા જોરથી પ્રકાશ નાખતા, પણ આ પ્રકાશ એટલી ઓછી જગોમાં પડતો કે તે પ્રકાશ જોઈ લગાર આગળ ચાલીએ કે સાવ અંધારૂં માલમ પડતું. સામું કોઈ માણસ આવતું હોય અથવા બીજી કાંઈ ચીજ

આવી હોય તે થોડીક વાર લગણુતો. પેલા અજવાળાના જોરથી અંજવાઈ ગએલી આંખથી દેખાતું નહી. આવો પ્રકાશ તો ફક્ત મ્હોટા સરીઆમ રસ્તા ઉપર જ માલમ પડતો. પણ ગલીગુંચીઓમાં તો અગર જો કે ગ્યાસના દીવા હતા તો પણ દૂર દૂર હોવાથી જોઇએ તેવો પ્રકાશ પડતો નહી. વખતે મકાન અગર બીજી ચીજ દીવાની આડી આવી ગઈ હોય તો તો સાવ અંધકાર જ માલમ પડતો. ચાલતાં ચાલતાં વખતે પગ કાંતો ગંદા પાણીથી ભરેલા ખાડામાં પડતો અને નીકર ડુંગળીનાં છોતરાં, કેળાંની છાલ વીગેરે પદાર્થ કોહી જવાથી થઈ ગએલા ચીકણા કચરા ઉપર પડતો, અને વખતે તે ચીકાસથી પગ સરી પણ જતો.

આવી ગંદી ગલીમાં જ્યાં દીવાનો પ્રકાશ પણ બરોબર નહોતો તથા રાત્રિનો વખત હોવાથી ગલીની અંદર માણુસોની હીલચાલ બંધ પડી ગઈ હતી, ત્યાં રાતના સાડા નવ વાગ્યાને સુમારે એક જુવાન હાથમાં લાકડી, માથા ઉપર ભાટીઆ સહી પાઘડી, અંગરખુ, રેશમી કોરનું ધોતીયું, બુટ મોજાં પહેરી આવ્યો. મ્હને કોઈ દેખે છે કે નહિ એમ મનમાં બ્હીતો બ્હીતો આજુબાજુ જોતો જોતો

તે ગલીની અંદર પેઠો. ગલીની અંદરના પેલા ન્હાના મકાન આગળ આવી તે ઉભો રહ્યો, બારણું વાસેલું હતું તેથી બારણાની સાંકળ ઠોકી. થોડી વારમાં તે બારણું ઉઘડયું અને એક બુઢ્ઢી ડોશી હાથમાં કેરોસાઇનનો ખુલો દીવો લઈ, હ્હેના માથાના વાળ ચારે તરફ ઉડતા હતા અને મ્હો ઉપરની ચામડી લબડી ગએલી, સામે આવી ઉભી. હ્હેને પેલા જુવાને પુચ્છયું "રેમાન ઘરમાં છે?" આ ડોશીએ માથું હલાવી હા કહી અને પેલો જુવાન ઘરમાં ગયો. ઘરમાં ગયો એટલે એક ભાગી ગએલી સીડી જેના પગથીઆં ઉપર પગ મૂકતાં પણ આપણને દેહશત લાગે તેવી સીડી ઉપરથી તે ડોશી હ્હેને ઉપરના માળ ઉપર લઈ ગઈ. રેમાન એક કાથીના ભરેલા ખાટલા ઉપર બેશી હુક્કો પીતો હતો. તે આ જુવાનને જોઈ ઉભો થયો અને "આવો શેઠ" કહી હ્હેને એક ભાગી ગએલી ખુરશી ઉપર બેસાડયો. ચારે તરફ કચરો પડેલો હતો, બીછાનું પણ એક ગંદી જમીન ઉપર પાથરેલું હતું. એક ખુણામાં ઝીણી બત્તીથી બળતો દીવો એક જુની ટીપાઇ ઉપર પડેલો હતો. આને જોઇએ તેટલો પ્રકાશ પણ તે દીવો આપતો

નહોતો. ડોશી તો તુરત નીચે ચોલીગઇ અને રેમાન તથા પેલો જુવાન વાતચિત કરતા ત્યાં બેઠા.

" રેમાન, પરમ દિવસે ત્હેં મ્હને મેરીઆ પાસે લઇ જવા• કહ્યું હતું પણ તું તો પછી કાંઇ દેખાયો જ નહિ?"

" શું શેઠ સાહેબ, મીલમાંથી થાકીને લોથ પોથ થઇ ગએલો ઘેર આવી ખાધું અને ખાધા બાદ બ્હાર નીકળવાને તૈયારી કરતો હતો ત્યાં કોણ જાણે શું થયું કે ડોશીએ મ્હને બ્હાર જવા જ દીધો નહીં. ડોશીના મનમાં કોણ જાણે શો એ શક ગયો"

" પણ તું તો મેરીઆને મળ્યો ખરો કે નહીં? અને બધી વાતચિત કરી કે નહિ."

" મ્હેતો ત્હેને કહ્યું છે કે શેઠ ત્હારી ઉપર બહુ આશક થઇ ગયા છે અને ત્હને મળવાને ચાહે છે. માટે તું કહે તે દિવસે શેઠને ત્હારે ત્યાં લાવું. કારણ શેઠને ઘેર તો ત્હને લઇ જવાશે નહીં, પણ શેઠ કલબમાંથી બ્હારોબ્હાર ત્હારી પાસે આવી સકશે. માટે કયારે તે તું કહે. મેરીઆએ મ્હને પરમ દિવસે લઇ આવવા કહ્યું હતું પણ પરમ દિવસ તો તમે જાણો છો કે જવાયું નહીં."

" ત્યારે હવે અત્યારે તું મ્હને ત્હેની પાસે લઇ

જા. હું આટલે બધે દૂર લગણુ આવ્યો અને પાછું નાસીપાસ થઇને જવું એ ઠીક નહીં.”

“તમે થોડી વાર અહીયાં બેસો તો હું ત્હેની ખબર કહાડી આવું.”

“પણુ જાણે ગયો નથી તેમ આવજે. ત્હારે માટે મ્હેં બાપાને કહ્યું છે. અને ત્હને પગાર વ-ધારી આપવા તેમણે કબુલ પણ કર્યું છે. પણ હમણાં તો તું જઈ આવ પછી આપણે તે વીશે વાત કરી શું. જો જાણે ગયો નથી તેમ આવજે”

રેમાન ત્યાંથી ગયો અને શેઠ એકલા ત્યાં બેઠા બેઠા મનની અંદર ક્યારે આવશે ક્યારે આવશે ઝં-ખતા હતા. શેઠનું નામ વનરાવનદાસ હતું. તે એક ધનાઢ્ય શાહુકારનો છોકરો હતો. ઘર આગળ એક સુતરકાપડની મીલ હતી. તથા કોટમાં મ્હોટી દુકાન હતી. તેમાં રૂનો વ્યાપાર પણ ધમધોકાર ચાલતો હતો. બાપ પાસે પૈસો પુષ્કળ તેથી છો-કરો ઘણો વખત મોજશોખમાં કાઢતો. નવા નવા ઘોડા, નવી નવી ગાડીઓ વેચાતી લઇ મહીના માસ પછી સોના સાઠ કરી વેચી નાંખતો. મિ-ત્રોમાં જયાફતો તથા રંડીબાજી, વ્યસન વીગેરેમાં પણ બહુ પૈસા ઉડાવતો હતો. બાપ બીચારો બં-

ગલામાં પડયો રહેતો અને સાંજસવાર એક આંટો મીલમાં તથા દુકાને ગાડીમાં બેસી મારી આવતો અને બધુ કામકાજ છોકરાને હસ્તક હતું. તેથી બાપને કાંઈ ખબર પડતી નહીં. અને વખતે ખબરી હોય તો પણ છોકરો મ્હોટી ઉમરનો લાયક થયો તેથી વીશેષ સડતું કાંઈ કહેવાતું નહીં. વળી વૃદ્ધાવસ્થા એટલે કામકાજમાં પણ પુરતું લક્ષ આપતો નહીં. વાણોતરો સર્વ કામ કરતા અને છોકરો તો ફક્ત એક બે આંટા મારી આવી પાછો મોજમજામાં પડી જતો. રેમાન મીલમાં નોકર હતો અને શેઠ ખાનગી કામકાજ ત્હેને બતાવતા તથા ત્હેનો ભરોસાદાર પણ હતો. શેઠ કોઈ દિવસ ત્હેને ઘેર આવ્યા નહોતા પણ બે દિવસથી રેમાન કાંઈ કામસર મીલમાં જતો નહી તેથી ત્હેની જોડે જે વાતચિત થઈ હતી તેમાં ત્હેણે શું કર્યું તે જાણવાને તથા પોતાના મનમાં જે વાત ધારેલી તે પાર પાડવાને, ઇંતેજાર હતો તેથી હું કહોને ઘેર જાઉં છું તેનું ત્હેને ભાન નહોતું. જેમ બને તેમ કરી મેરીયાને મળવું એવો એનો નિશ્ચય હતો તેથી તે રાત્રે કલબમાંથી બ્હારોબ્હાર ટ્રામમાં બેશી ત્યાં આવ્યો હતો. ઘર આગળ ગાડી ઘોડા પુષ્કળ

હતા પણ જો પોતાની ગાડીમાં બેશી ત્યાં આવે તો બીજા માણસોને ખબર પડે અને રાત્રે આવી જગામાં શા માટે શેઠ આવ્યા હશે તે વાતનો શક જાય.

પંદરેક મીનિટમાં રેમાન પાછો આવ્યો અને શેઠને કહ્યું "મેરીયા હાલ ઘરમાં એકલી છે. અને તમને મળવાને માટે હેણે હા પાડી છે. માટે ચાલો હું સાથે આવું અને ઘર બતાવું."

શેઠ તો સાંભળીને ઘણા ખુશી થઈ ગયા. એકદમ જ્યાં બેઠા હતા ત્યાંથી ઉઠયા અને શેઠ તથા રેમાન મેરીયાના ઘર ભણી ચાલ્યા.

મેરીયા એક યાહુદણ સત્તર વરસની યુવાન સ્ત્રી હતી. અને ડંકનરોડ ઉપર એક સારો માળો ભાડે રાખીને રહી હતી. નાજુક બદનની રંગે ગોરવર્ણી તથા ખુબ સુરત હતી. અને ગાવાનો ધંધો કરતી હતી પણ કાંઈ બીજા ખરાબ ધંધામાં હજુ સુધી પડી નહોતી. જાતની જ ગુણકા એટલે હેનું મન મનાવતા રેમાનને વાર લાગી નહોતી. શેઠની મ્હોટી મ્હોટી વાતો કરી હેનું મન પીગળાવી દીધું હતું. અને હેનું પણ મન એમ હતું કે કોઈ જો પૈસાદાર યાર મળે તો આપણો નિર્વાહ સારી રીતે

ચાલે. મુબાઇમાં તે નવી નવી જ આવી હતી. અને શેઠે ફરવા જતાં હેને જોઈ હતી અને હેની ઉપર આશક થઈ ગયો હતો.

શેઠ વનરાવનદાસ તથા રેમાન મેરીયાના માળાની ઉપર આવ્યા ત્યારે મેરીયા સારો પોશાક પહેરી વનરાવનદાસને સામી તેડવા દાદર સુધી આવી. શેઠને સલાંમ કરી હેનો હાથ ઝાલી હેને દીવાનખાનામાં લઈ ગઈ. પણ શેઠ તો જાણે સ્વર્ગભુવનમાં આવ્યા હોય તથા ઈંદ્રની અપ્સરા જોડે ક્રીડા કરતા હોય તેથી પણ વીશેષ સુખી પોતાને માનવા લાગ્યા પણ જાણુતા નથી કે મોહિની રૂપ આ એક ધુતારણ છે. શેઠને તો ચપટી વગડાતાંમાં ધુતીને ચાલી જાય તેવી છે તેનું પોતાને તો શેનું ભાન હોય જ. કામી પુરૂષ પોતાના મનને ધારેલી સ્ત્રી જોડે સ્હેજ વાત થાય અગર તો દ્રષ્ટિએ પડે તો તે કામાંધ થઈ જાય છે અને પોતાના શરીરનું તેમ આજુબાજુનું બીલકુલ ભાન રહેતું નથી. શેઠ તો મેરીઆને જોઇ દિંગમુઢ જેવા બની ગયા. મેરીઆએ કાંઈ ચીજો સંભળાવવાનુ કહ્યું ત્યારે શેઠે કબુલ કર્યું અને મેરીયા ગાવા બેઠી, પણ શેઠને તો કાંઈ ગાયન સાંભળવાની પરવાં જ ન-

હોતી. એ ચાર ચીજ ગાઈ શેઠને પાન સોપારી મેરીઆએ આપ્યાં અને શેઠ ખુશી થયા એટલે ખીસ્સામાંથી પાકીટ કાઢી પચીસ રૂપિયાની નોટ મેરીઆના હાથમાં મૂકી. મેરીઆ તો એની જ સગી હતી. હ્હેણે પાછા વાજીંત્ર સજ્જ કરવા હ્હેના તબલચીને તથા સારંગી વાળાને કહ્યું પણ શેઠથી રહેવાયું નહિ તેથી બોલી ઉઠયા. " ગાવાનું તો હવે બંધ કરીએ કારણ વાર બહુ થઈગઈ છે અને હજી મ્હારે દૂર જવું છે. "

" અચ્છા, જેસી આપકી મરજી. લેકીન કુચ મુજરાબુજરા બી નહી દેખા. મ્હે આપકુ મ્હેરી સબ તાલીમ દેખાને બાસ્તે બોત ઇંતેજાર હું. આપ જો અબ્બ હુકમ ફરમાઓ વો બખ્ત આપકી હજુરમે મ્હે હાજર હોઉગી." એમ કહી સલામ કરી મેરીઆ ઉભી થઇ અને શેઠનો હાથ ઝાલી આગળ ચાલી દાદર પાસે આવી. શેઠના મનમાં તો એમ હતું કે હાથ ઝાલીને બીજા ઓરડામાં લઈ જશે પણ તે તો દાદર પાસે આવી શેઠને ફરીથી સલામ કરી. જે ઉપરથી બીચારા શેઠને તો શરમના માર્યા દાદરેથી નીચે ઉતરવું પડયું. નીચે ઉતરી માળા બહાર ગયા બાદ રેમાનને શેઠે

કહ્યું " આણે તો ગાયન જ સંભળાવ્યું બસ !"

" શેઠ, એક રાતે ક્યાં બહાણું/બહાઈ ગયું છે. કાલે વાત " એમ કહી રેમાન આગળ અને શેઠ પાછળ ચાલ્યા. વીકટોરીઆના સ્ટેન્ડ પાસેથી વીકટોરીઆમાં બેશી વાલકેશ્વર પોતાને બંગલે ગયા.

પ્રકરણ ૯ મું.

વનરાવનદાસનો બંગલો.

શેઠ વનરાવનદાસનો બંગલો વાલકેશ્વર ઉપર હતો. બંગલાની આસપાસ પાકો કોંપાઉન્ડ હતો, અને કોમ્પાઉન્ડમાં મ્હોટો બગીચો હતો. બગીચો જાત જાતના ફુલ ઝાડ તથા બીજી વનસ્પતિથી ભરપુર હતો. પશ્ચિમ દિશામાં મ્હોટો મહાસાગર ઘુઘવતો હતો. અને ખરા ઉનાળામાં પણ રાત્રે કાંઈક પણ ઓઢવાની જરૂર પડતી. બપોરે પણ થંડો શીતળ જેવો પવન આવતો હતો. બંગલો બાગની વચ્ચોવચ્ચ હતો. બંગલાના આગળના બાગમાં એક મ્હોટો સુશોભિત આરસનો ફુવારો હતો. અને ફુવારાની આસપાસ ગોળાકારમાં ચોગાન હતું તે ચોગાનમાં લોખંડના નમુનદાર બેંચ તથા ખુરશીઓ ગોઠવેલાં હતાં. બંગલામાં પેસતાં મ્હોટું તથા સુશોભિત વસ્તુઓથી શણગારેલું દીવાનખાનું હતું. દીવાનખાનામાં ઉંચી કીમતનું નકસીદાર નાજુક તથા સુશોભિત ફરનીચર ગોઠવેલું હતું. બ્હારીઓને કાચના તેમ જ લાકડાનાં

બારણાં હતાં કે જેથી કરી બહુ પવન હોય ત્યારે કાચનાં બારણાં બંધ કરવાથી પવન બંધ થાય પણ પ્રકાશ ઓછો થાય નહીં. જમીન ઉપર ખુબ સુરત રંગ બેરંગી ઉનનો ગલીચો પાથરેલો હતો.

શેઠ વીકટોરીઆમાંથી ઉતરી દીવાનખાનામાં આવ્યા. ત્યાં એક આરસના ટેબલ પાસે ખુરશી ઉપર બેશી શેઠાણી કાંઈક ચોપાનિયું વાંચતાં હતાં. શેઠને આવતા જોઇ શેઠાણીએ મ્હો ચોપાનિયામાંથી ઉચું કરી કરડાગીમાં પુછ્યું " ઓહો, પધાર્યા કે? કેટલા વાગ્યા હશે?"

"કેટલા વાગે. સાડા દસ હજુ હમણાં જ થયા."

" સાડાદસ તો હજી ઓછા હશે. અત્યાર સુધી કલબ કાંઈ હોય કે? કોણ જાણે કયાંએ ગયા હશો. કોઈ મળ્યું એટલે ઘરબાર બૈરાં છોકરાંનું શું કામ."

" બીજે તે કયાં જાય. વખતે બે દોસ્તારોમાં બેઠા હોઇએ ત્યારે, સ્હેજ વાર પણ લાગે. ચાલ જમવાની વખત થઈ છે કે નહીં?"

" તમારે જમાવાનું એ શું કામ છે? દોસ્તદારોએ જમાડયા પણ નહિ?"

" હવે તું બીજી ટકટક મુકીદે. ચાલ વાર થાય છે."

"હાસ્તો. હવે તો વાર થશેસ્તો. અત્યાર લગણુ કયાં વાર થઈ." એમ કહી શેઠાણી ખુરશી ઉપરથી ઉઠયાં અને બંગલાના પાછળના ભાગમાં જઇ નોકરને પંચીયું લાવવા કહ્યું. શેઠે પંચીયું બદલ્યું તેટલી વારમાં શેઠાણી એ ભટ પાસે જઈ ત્યાં શેઠને જમવાની તૈયારી કરાવી. શેઠ જમવા આવ્યા, શેઠાણી સામો પાટલો નાંખી બેઠાં અને શેઠ ઉતાવળથી બે કોળીઆ આમ અને બે કોળીઆ તેમ મારી ઉઠયા. શેઠાણીએ પાનસોપારી આપ્યાં તે લઈ શેઠ પોતાની મેડીએ ગયા. અને શેઠાણી જમવા બેઠાં.

શેઠ પોતાની મેડી ઉપર જઇ એક આરામ ખુરશી બ્હારીની પાસે પડી હતી ત્યાં જઇને બેઠા, અને આજ મેરીઆની બાબતમાં કાંઇ વળ્યુ નહિ તેથી હવે શું કરવું તેના વિચારમાં પડયા. અને પોતાના મનમાં કહેવા લાગ્યા કે "આવતી કાલે પાછા ત્હેને ત્યાં જવું. બે ચાર ચીજો સાંભળી જો તે કાંઈ બીજી વાત ન કહાડે તો આપણે જ હીમત્ત રાખીને બીજા વિશય ઉપર વાત લઈ જવી. શું ત્હેની ગાવાની છટા છે, શું ત્હેના કંઠની મીઠાશ છે. દરેક શબ્દ જે ત્હેના મ્હોમાંથી પડે છે તે કેવો

કાનને મધુર લાગે છે ? ગાતી વખત ત્હેના નાજુક હાથનો લ્હેકો, ત્હેની હરણુ જેવી આંખનો મટકો, તથા છાતીનું તળાવમાં પવનને લીધે આવતી ધીમી ધીમી લ્હેરની માફક ધબકવું જોઇને જ મન ચીરાઈ જાય છે. બદન પણ કેવું નાજુક છે. અરેરે ત્હેની છબી તો આંખની અંદર જ તર્યા કરે છે. તે ક્યારે આપણા કબજામાં આવે અને ત્હેના નાજુક બદનનો, ત્હેની હસ્તી કીકીનો, ત્હેના ગુલાબ જેવા કુમળા મુખનો લ્હાવો લેવાય. અરે મેરીયા ત્હેં તો મ્હને દીવાનો કરી દીધો છે.” આમ વિચારસાગરમાં લડથડીઆં ખાતો, તેની અંદર મગ્ન થતો, ઘડીકમાં ખુરશીમાં બેઠો થાય, ઘડીકમાં પાછો લાંબો થઈ સુંઈ જાય, ઘડીકમાં વળી તેમ પણ ચ્હેન ન પડે ત્યારે વળી ખુરશી ઉપરથી ઉભો થઈ ઓરડામાં આમતેમ આંટા મારવા માંડે. ત્હેના મનની અંદર મેરીયા, મેરીયા અને મેરીયાના જ વિચારો ઉછાળા મારી રહ્યા હતા. કેટલી વાર કાંઇક વિચાર આવવાથી ખડખડ હસી પડે. વળી પાછો મ્હને કોઈ દેખશે અને શક જશે એવી બીકથી શાન્ત થઈ જાય. આસપાસ જુએ અને કોઇને ન દેખે ત્યારે વળી જોરમાં આવે.

પાછો મનની અંદર બડબડાટ કરે, પાછો ખુરસી ઉપર બેસે. થોડીવારમાં ખુરશી ઉપરથી ઉભો થયો અને બ્હારીના કઠેરા ઉપર અઠેલીને ઉભો રહ્યો. વિચારમાં લીન થઈ ગયો હતો. એટલામાં ધીમેથી બારણું ઉઘડયું અને શેઠાણી અંદર આવ્યાં. પણ શેઠને તો બીલકુલ ખબર પણ પડી નહીં. વિચારમાં લીન થઈ ગયો હતો. તેથી કોણ આવ્યું તથા શું થયું તેની પણ ખબર નહોતી. શેઠાણી જ્યાં શેઠ ઉભા હતા ત્યાં આવ્યાં પણ શેઠે પાછું વાળી જોયું પણ નહીં. થોડી વાર શેઠાણી ઉભાં રહ્યાં, એટલામાં શેઠના મનમાં કાંઈ વિચાર આવવાથી "એમાં શું મ્હોટી વાત છે. કાલ વાત," એમ બોલી ઉઠયા. પણ પાછુ વાળી જોયું પણ નહીં કે પાછળ કોણ ઉભું છે.

"શેનીકાલવાત ! શું આટલાબધા વિચારમાં લીન થઇ ગયા છો ? વળી કાંઇ બલા વળગી છે કે શું ?"

શેઠતો આ સાંભળી એકદમ ચમક્યા. અને ગાભરા ગાભરા બની ગયા. પાછુ વાળી જુએ તો શેઠાણીને જોયાં અને તુરત ત્હેનું મ્હો લેવાઈ ગયું. શું બોલ્યા છે તેનું પણ પોતાને ભાન હતું નહીં. રખેને કાંઇ એવું બોલાઇગયું હોય અને શેઠાણીના

જાણુવામાં આવી ગયું હોય તેથી મનની અંદર ધાશકો પડચો. અને ગભરાતે ગભરાતે બોલ્યા " એ-તો કાંઈ નહી. બલા શેની વળી ?"

"જ્યારે જ્યારે તમે અહીંયાં મ્હારી પાસે આ-વોછો ત્યારે કાંતો વિચારમાં ગુમ થઈ ગયેલા હો, કાંતો કોઈની ઉપર ગુસ્સે થએલા હો અને કાંતો દિગમૂઢ જેવા બની પડી રહો. પણ કોઈ દિવસ હસ્તે મ્હોએ બોલ્યા છો કે કોઈ દિવસ વ્હાલથી બોલાવો પણ છો ?

"વ્હાલથી નથી બોલાવતા તો શું વેરથી બો-લાવીએ છીએ?" શેઠ ગુસ્સે થઈને બોલ્યા.

"મ્હારૂં કહેવું એમ ક્યાં છે કે તમે વેરથી બો-લાવો છો. પણ ઘડી સાથે બેશીવાતચિત કરીએ. અથવા તો રમતગમત કરીએ." શેઠાણીએ ધી-મેથી અને નમ્રતાથી કહ્યું.

"વળી આપણે. વાતચિત શી. આપણે ક્યાં કો-ઈનું રાજબાજ લેવું છે. વારૂં ઘડી પાસે બેઠા એટલે બસ."

"હાસ્તો તમારે શું ? આખો દિવસ કોઈ નહી-ને કોઈ હોય જ, પણ અમારે આ જંગલ જેવામાં કોઈનું મ્હો સરખુ પણ જોવાનું છે. લંગાર તમે

પાસે આવો ત્યારે અમારૂં મન રાજી થાય. પણ તમે ક્યાં રાજી રાખોછો. કાંતો છણુકા કરો, કાંતો ગુસ્સે થાઓ. કાંતો થોડીવાર બેશીને ચાલ્યા જાઓ. વારૂ તમને ગમ્યું તે ખરૂં. જુઓને પેલા સામા બંગલાવાળા નરોતમદાસ સાંજ પડે છે કે પોતાની બૈરીને સાથે લઇ દરરોજ જુદે જુદે ઠેકાણે ફરવા જાય છે. સાથે હરે છે, ફરે છે, વાતો કરે છે હસે છે. તેમાંનું મ્હારે કશું એ છે. પૈસો છે તેમાં મ્હારે શા કામમાં આવે છે? ગાડી ઘોડા છે પણ કહોની સાથે બ્હાર પણ જવું." અને શેઠાણીનું મન બહુ કચવાવવા માંડ્યું. અને શેઠાણી ગળગળાં થઈ ગયાં.

"અરે પ્યારી આમ શું કરવા કરેછે! હું ત્હને ક્યાં કોઈ બાબતની ના પાડુંછું." શેઠે જાણ્યું કે આતો વળી વચકુ પડયું અને જો ત્હેની આસનાવાસના નહી કરીએ તો રોઇ પડશે અને કંકાસ કરશે તેથી મ્હો હાવકુ રાખી જાણે વ્હાલથી બોલાવતા હોય તેમ ડોળ ઘાલી કહ્યું, પણ મન તો બીજે ભટકતું હતું. "આપણે કોઇનો વાદ શું કરવા કરીએ. એ નરોતમદાસને તો બીજુ કાંઈ કામકાજ નથી તે સાંજના બૈરીને ગાડીમાં લઈ નીકળે. પણ

મ્હારે તો પરેડ જવું, કોર્ટમાં જવું. મ્હારાથી કેમ બની શકે?"

"પણ કોઈ દિવસ ક્લબમાં ન જઇએ અને સાથે ફરવા જઈએ તો ન ચાલે? હમેશ ક્લબમાં વળી જઇને શું કરવું છે?" શેઠાણીને ઉપરના બોલવાથી કાંઇક ધીરજ વળી અને શેઠની પાસે જઇ ત્હેના ગળામાં હાથ નાંખી ત્હેના મ્હો સામું દયામણું મોઢુ કરી બોલ્યાં. "આ જુવાની ચાલી જશે ત્યારે ક્યારે ઘડપણમાં એલ્હાવો લેવો?"

"પ્યારી કાલે આપણે સાથે ફરવા જઇશું. પછી કાંઈ" એમ કહી શેઠને કાંઇક મનમાં ઉર્મી આવવાથી શેઠાણીના નાજુક ગાલ ઉપર એક બચ્ચી કરી. બચ્ચી કરવાની સાથે મેરીયા યાદ આવી. અને આવતી કાલે તો સાંજે ત્યાં જવું છે તેથી આની સાથે ક્યાંથી જવાશે એ વિચાર આવવાથી ફરીથી બોલ્યા. ".ના, મ્હને સાંભર્યું. કાલતો મ્હારે કામ છે તેથી આપણે પરમ દિવસ જઈશું"

"જોયું પાછા ફર્યા. એમ બ્હાના શું કરવા કહાડો છો. ન લઈ જવી હોય તો ચોખ્ખી ના પાડીએ. પણ પહેલાં લાલચ આપી પાછી ના પાડવી એ શું સારૂં?"

" એમાં વળી બ્હાના શેનાં ? કામ હોય તે કાંઇ ત્યારે માટે ના જઇએ ?" શેઠ લગાર ગુસ્સે થયા.

" એમાં ગુસ્સે શું થાઓછો. લગાર હશીને વાત કરીએ તે પણ ગમતું નથી. વારૂ ત્યારે અમે નહી બોલીએ. મ્હારૂં તો બોલવું જ ગમતું નથી." એમ કહી શેઠાણી ત્યાંથી ખાટલા ઉપર જઇને સુઈ ગયાં. ત્હેના મનમાં એમ હતું કે હમણાં વળી સમજાવવાને આવશે. પણ શેઠ તો ત્યાં જ ખુરશી ઉપર બેઠા. થોડી વાર થઈ પણ શેઠ તો મુંગા જ બેશી રહ્યા. શેઠના મનમાં તો કાંઇક ઘોડા રમતા હતા. શેઠાણીએ વળી લગાર વાટ જોઇ પણ શેઠ ખુરશી ઉપરથી ઉઠયા જ નહીં. ત્યારે શેઠાણીથી ન રહેવાયું તેથી કહ્યું. " શું આજ ખુરશી ઉપર જ સુઇ રહેવું છે કે ?"

" અમારી નજરમાં આવશે ત્યાં સુઈ રહી શું. ત્હને ઉંઘ આવતી હોય તો સુઇજાને. ત્હને એમ લાગે છે કે ત્હારૂં બોલવું મ્હને ગમતું નથી ત્યારે શું કરવા બોલાવે છે ?" એમ કહી શેઠ તો ત્યાંનાં ત્યાં જ પડી રહ્યા. થોડી વાર થઈ પણ શેઠ તો ઉઠયા નહીં. વળી શેઠાણીએ કહ્યું. " હમણાં બાર વાગશે. સુવુ નથી ?"

"આતે સુતા છીએ કે બેઠા છીએ."

"એમ સુતે શરીર અકડાઇ નહી જાય?"

"મ્હારૂ શરીર અકડાઈ જશે તેમાં ત્હને શી પંચાત છે. તુ ત્હારીમેળે સુઈ જાને!" શેઠને તો તે બોલતી હતી તે જ ગમતું નહોતું. પણ શેઠાણી સહેજ જ લાડ કરતાં કરતાં શેઠ પાસે આવ્યાં અને શેઠનો હાથ ઝાલી શેઠને ઉઠાડવા મંડયા. "એમાં આટલા ગુસ્સે શું થાઓછો? ચાલો સુઈ જઇએ." એમ કહી શેઠનો હાથ પકડી શેઠાણી પલંગમાં લઈ ગયાં અને થોડીવારમાં સુઈ ગયાં.

પ્રકરણ ૧૦ મું.

પ્રભાકર અને સુધામુખી.

દયાશંકરનું લગ્ન થએ પાંચ વર્ષ થઈ ગયાં. દયાશંકર બી. એ. પાસ થયો હતો અને એલ. એલ. બી. નો અભ્યાસ કરતો હતો. દયાશંકર તથા કમળાને બનાવ ઘણો જ સારો હતો. બન્ને જણાની વચ્ચેની પ્રિતિ પણ દિવસે દિવસે વધતી જતી હતી. અને ઘણું ખરૂં બન્ને જણા જેમ બને તેમ ભેગાં જ રહેવાને પ્રયાસ કરતાં. દયાશંકર મુંબાઈમાં જ રહેતો. અને કમળા વરસમાં એક બે આંટા સુરત પોતાને પીએર જતી પણ ત્હેને દયાશંકરથી તથા દયાશંકરને કમળાથી વિખુટા રહેવું બીલકુલ પસંદ પડતું નહીં. પ્રભાકરને ત્હેના બાપે મુંબાઈ જવા દીધો નહીં તેથી ત્હેને બીચારાને તો અભ્યાસ છોડી દેવાની ફરજ પડી અને હાઈકોર્ટપ્લીડરની પરીક્ષા ચાર વરસ પછી પસાર કરી અમદાવાદમાં જ વકીલનો ધંધો કરવા લાગ્યો હતો. ધંધામાં પણ ત્હેને ઠીક રોજી ચાલતી. અસીલો પણ સારા સારા મળ્યા હતા. અને ૭ સાત માસમાં પ્રભા-

કરે નામના પણ ઠીક મેળવી હતી. સુધામુખી તથા પ્રભાકર સંપસંપીને રહેતાં. સુધામુખી સુરતથી અમદાવાદ જતાં રસ્તામાં ગાડીના ધક્કાથી બેભાન થઈ ગઈ હતી. ગાડી ભરૂચને સ્ટેશને આવી ઉભી રહી એટલે પ્રભાકર ગાડીમાંથી ઉતર્યો અને ત્યાં આગળ કોઈ ઓળખીતું છે કે નહી તેની તપાસ કરવા લાગ્યો પણ ત્હેનાથી સેકન્ડકલાસના ત્રીજા કંપાર્ટમેન્ટમાં અમદાવાદનો ત્હેનો ઓળખીતો એક દાક્તર હતો. આ દાક્તરને જોઇ ત્હેનાં મનમાં હર્ષ થયો અને ગાડી પાસે જઈ તે દાક્તરને ત્હેણે બધી હકીકત કહી. જે ઉપરથી દાક્તર ત્હેની દવાની પેટી લઈ પ્રભાકરવાળા કંપાર્ટમેન્ટમાં ગયો અને સુધામુખીને જોઈ. પેટી ઉઘાડી કાંઈક દવા આપી. થોડીવારમાં ટ્રેન ભરૂચને સ્ટેશનેથી ઉપડી પણ દાક્તરતો તેજ કંપાર્ટમેન્ટમાં બેશી રહ્યો. દાક્તરે પ્રભાકરને કહ્યું "ત્હેના ગર્ભસ્થાનને આંચકો લાગ્યો છે તેથી આમ થયું છે પણ તેથી ઘભરાવવા જેવું કાંઈ નથી. વખતે છોકરૂં આવતી વખતે સ્હેજ દરદ થશે." દાક્તરે અડધા કલાક પછી પાછો દવાનો બીજો ડોઝ આપ્યો અને થોડીવારમાં સુધામુખી ભાનમાં આવી. ભાનમાં આવ્યાબાદ દાક્તરે ત્હેને

પુછયું પેટમાં કાંઈ દરદ થાય છે? ત્યારે ત્હેણે કહ્યું પડખામાં સ્હેજ દુખાવો થાય છે, જે ઉપરથી ફ-રીથી દવા આપી અને વડોદરાનું સ્ટેશન આવતાં આવતાં તે ઠટાર થઈ. અમદાવાદ પહોંચ્યાં અને ત્યાં ગયાબાદ થોડા દિવસ લગણુ દવા શરૂ જ રાખી. આ બનાવ બન્યા બાદ એકાદ મહીના પછી સુધામુખીને છોકરો આવ્યો અને છોકરાનો પ્રસવ થતી વખત સ્હેજ મુશકેલી પડી અને થોડા દિવસ લગણ સુધામુખી માંદી રહી, પણ પછીથી ત્હેને આરામ થયો. સુધામુખીને પોતાની નણંદ જોડે બનતુ નહીં પણ કાંઈ નણંદને ઘરમાંથી રજા અપાય નહીં. તેથી નણંદના મ્હેણાં દરરોજ સાં-ભળતી. મનમાં બળ્યાં કરતી અને મનમાંને મનમાં સમજીને નણંદ જેમ રાજી રહે તેમ ત્હેને ખુશી કરવા પ્રયત્ન કરતી. પ્રભાકરને હવે રોજી સારી હતી, તથા વકીલાતમાં પાંચ પૈસાની પ્રાપ્તિ પણ થતી, તેથી ત્હેના માબાપ પણ ત્હેનું બહુ મન જા-ળવતાં. અને સુધામુખીને પણ કાંઈ ઓછું આવવા દેતાં નહીં. પણ ફકત નણંદરૂપી જ ત્હેને સાલ હતું.

કેટલીક વાર બાળકબુદ્ધિને લીધે જુવાન સ્ત્રી પુરૂષ વચ્ચે નજીવી બાબતોમાં વાંધો પડે છે. સ્ત્રી

જાણે કે પુરૂષ કાંઇ ખોટે રસ્તે દોરવાઈ જશે તથા પુરૂષ જાણે કે સ્ત્રી ખોટે રસ્તે દોરૂવાઇ જશે, તેથી એક બીજામાં ઇર્ષારૂપી અંકુર ફુટે છે, અને જો તે અંકુરને સમજશક્તિથી બન્નેમાંથી એક જણ છેદી ન નાંખે તો તે ઇર્ષા દિવસે દિવસે વધતી જાય છે, અને મ્હોટપણે બહુ હેરાંન કરે છે. બન્નેજણ વચ્ચે વિક્ષેપ પડાવે છે તથા અનેક પ્રકારના દુઃખ ઉત્પન્ન કરે છે. માટે ઇર્ષાને તો જ્યાંથી મનની અંદર લાગણી થવા માંડે ત્યારથી દબાવી દેવી જોઇએ. આ પ્રમાણેનાં ઇર્ષારૂપી અંકુર પ્રભાકર તથા સુધામુખીમાં ફુટવા લાગ્યાં હતાં. પ્રભાકર સમજુ તથા વિચારવંત હોવાથી ત્હેના મનનાં અંકુરને તો તે તુરત દબાવી દેતો પણ સુધામુખી તો કોઇ કોઇ વખતે પ્રભાકરને એવાં વચન કહેતી કે જે ઉપરથી સાફ જણાઇ આવે કે ત્હેના મનમાં કોઇપણ જાતનો શક પ્રભાકર માટે છે, પણ પ્રભાકર ત્હેનું મન એવી રીતે શાંત કરતો કે તુરત તો ત્હેને તે માટે અસર થતી, પણ પાછું કાંઇક સ્હેજ કારણ મળવાથી ત્હેના દીલની અંદર એમ આવતું કે પ્રભાકર જેવી જોઇએ તેવી પ્રિતી રાખતો નથી પણ ત્હેનું દીલ કોઇ બીજી સ્ત્રી જોડે મળેલું

છે. સ્ત્રીની પાસે પરાઇ બીજી કોઇ સ્ત્રીનું ચાતુર્ય, ખુબસુરતી તથા ડાહપણ વીશે વાત કરીએ તો હેને ગમતી નથી. વાત કરતાં જ આપણને ઇર્ષાની આંખે જોવા માંડે છે અને મનની અંદર જુદી જુદી જાતના તરંગો પેદા થાય છે. આ ઇર્ષા પેદા થવાનો અમુકજ વખત છે અને તે વખત ગયા બાદ, જેમ જેમ વિચાર કરવાની શક્તિ વધતી જાય છે તથા ઉમ્મર મ્હોટી થઇને દુનિઆનો અનુભવ મળતો જાય છે તેમ તેમ તે ઇર્ષા પણ ઓછી થતી જાય છે. માટે દરેક યુવાન સ્ત્રી તથા પુરૂષને આ સમય બહુજ સંભાળવા જેવો છે. નજીવી બાબતોથી મનમાં ઇર્ષા લાવી બન્નેનું જીવતર રદ થઇ જાય છે. જે જ્ઞાતિમાં એક ઉપર બીજી સ્ત્રી કરવાનો રીવાજ નથી ત્યાંતો ગમેતેમ કરી એક બીજા અંદર અંદર સમજી મનનું સમાધાન કરે છે, પણ જે જ્ઞાતિમાં એક ઉપર બીજી કરવા મના નથી તેમાં ઘણે ભાગે આવાં કારણોને લીધે બીજી સ્ત્રી કરવા તરફ પુરૂષનું મન દોરવાય છે અને તેથી કરીને પહેલી સ્ત્રીને કેટલું દુખ થાય છે તેનો વિચારતો અનુભવી જ કરી સકશે. માટે આ વખત બહુજ સંભાળવા જેવો છે. ઘણું કરીને

સત્તાવીશ અઠ્ઠાવીશ વર્ષનાં સ્ત્રી પુરૂષ થાય છે ત્યાં સુધી આ ઈર્ષા રહે છે પણ તે પછીના દાખલામાં તે જોવામાં આવતું નથી.

એક વખતે પ્રભાકર તથા સુધામુખી ત્હેના ઓરડામાં છે. પ્રભાકર ખુરશી ઉપર બેઠાબેઠા લૉરીપોર્ટ વાંચે છે અને સુધામુખી હીંડોળા ઉપર બેશી પાનની બીડીઓ કરે છે. પાનની બીડી કરી, પાણીનો પ્યાલો ભરી પ્રભાકરને પાણી આપે છે. પાંણી આપતાં પ્યાલો વધારે ભરાએલો તેથી પ્રભાકરના લેતાં લેતાંમાં પ્યાલો સુધાના હાથમાંથી પડી ગયો, અને લૉરીપોર્ટ ઉપર ઢળી પડ્યો અને લૉરીપોર્ટ બધો પલળી ગયો. પ્રભાકરે કહ્યું "લગાર ધ્યાન દઈને પ્યાલો આપ્યો હોતતો આમ પડી જાત?"

"હવે પડી ગયો તેમાં બગડી પણ શું ગયું?" સુધામુખી હશીને બોલી "જો તે ચોપાનિયુ પલળી ન ગયું હોત તો તમે બાર વાગ્યા લગણ પણ તેનો કેડો છોડત? સારૂ થયું કે પલળ્યું. હવે તમે તેનો કેડો છોડશો."

પ્રભાકર મનમાં તો ઘણો ગુસ્સે થયો પણ કરે શું. જો ત્હેને ઠપકો દે તો તેથી થયુ એ ન થયુ થવાનુ નથી અને વળી ત્હેનું મન દુખાય એમ

ધારી તે પણ સહેજ હશીને ખુરશી ઉપરથી ઉભો થયો, અને હીંડોળા ઉપર જઇને બેઠો. પાણી પીધા પછી પાન સુધાસુખીએ આપ્યું તે ખાધું. પાન મ્હોમાં નાંખતાં કાથો વીશેષ પડવાથી પાન કડવું થઇ ગએલું લાગ્યું. ત્યારે પ્રભાકરે કહ્યું. " આવડાં મ્હોટાં થયાં તોપણ હજી પાન કરતાં પણ ન આવડ્યું. કોઇ દિવસ કાથો વીશેષ તો કોઇ દિવસ ચુનો વીશેષ, પણ સમધારણ તો કોઇ દિવસ થયુંજ નહીં. પાનનીબીડીતો સુરતીના હાથની કે દક્ષણીના હાથનીજ. "

" હવે અમે અમદાવાદી મટી સુરતી અથવા દક્ષણી ક્યાં થવા જઇએ? તમને તો સુરતીનુંજ બધું સારૂ લાગે છે. "

" શું સુરતીનું સારૂ લાગ્યું? જેવું હોય તેવું કહેવાય નહીં?" પ્રભાકર લગાર હશીને બોલ્યો. "જોને કમળાનો ને ત્હારો મુકાબલો થઇ શકે ? " જાણીજોઇને સુધાસુખીને ચીડવવા માટે જ કહ્યું.

" હા, તમને તો કમળા હૈયાનો હાર છે. જે તે બાબતમાં કમળા, કમળા જ કર્યા કરોછો. પણ કમળા તમારે શા કામની છે. જે છું તે હું છું. ભણ્યાં તોએ અમે ને ન ભણ્યાં તોએ અમે.

અમારા ઉપર તો બીજી તમારાથી લાવી સકાવાની નથી? હમે ન હોઇએ ત્યારે રૂડી, રૂપાળી, ભણેલી, લટકાળી સુરતણુ લાવજો."

"હું તેમને આટલુંબધું કહેવા ક્યાં કહું છું. આતો કાંણાને કાંણું કહીએ એટલે ચટકો લાગે છે, પણ ખોટું શું કહ્યું છે?"

"તમે ખોટુ ક્યાં કહોછો. જે છે તે ખરૂં જ કહોછોસ્તો. મન લાગ્યા શીવાય છાશવારે મુંબાઇ દોડોછો? લગાર બ્હાનું મળતું જોઇએ કે આ ચાલ્યા મુંબાઇ." સુધામુખી મ્હો મચકોડીને બોલી.

"મુંબાઇ શું કામ હોય તેની તમને શી ખબર પડે? કામ વગર અમસ્તા તો નહી જતા હોઇએ? ત્યાં કાંઇ લાડવોબાડવોતો નથી દાટયો?"

"લાડવો તો ત્યાંજ છે તો, અહીંયાં તો સુકા રોટલાના ટુકડા કરડવાના છે કે દાંત પણ દુખવા આવે. હવે અમારામાં શું છે. લાડવારૂપી તમારી કમળા તો મુંબાઇ છે તે જાવસ્તો."

"કમળા ત્યાં છે તે હું કાંઇ કમળાને માટે ત્યાં જાઉંછું? તું ખોટો આરોપ ના મુક. કમળા કેવી પવિત્ર છે તેની ત્હને ખબર પણ છે?"

"તે તમારી કમળાને અપવિત્ર કોણું કંહે છે.

અપવિત્ર તો અમે કે તમને ન ગમ્યાં." એમ કહી મ્હો ચડાવી આઘી ખશીને બેઠી. પ્રભાકરે જાણ્યું હવે વધારે ચીડવવામાં માલ નથી. તેથી તે પણ હીંડોળા ઉપર બેશી રહ્યો. હજું ઉપરની વાત કર્યાને દસ મીનીટ તો થઇ નહોતી ત્યાં નીચેથી નથુ ચાકરે બુમ મારી. "ભાભી, ભાભી નીચે આવો ને, ભાઇ ભાઇ તમે પણ જલદી નીચે આવો."

નોકર આ પ્રમાણે બુમ મારતો હતો તેથી પ્રભાકર તથા સુધામુખી એકદમ હાંફળાંફાંફળાં બની નીચે આવ્યાં અને પુછ્યું તો નોકરે કહ્યું કે,"ભાઇ કાકા હમણાં પાઘડી પહેરી બ્હાર ગયા. પેલી ધનકોર ડોશીએ આવીને કહ્યું પોળમાંથી બે કાબુલી દોડતા દોડતા જતા હતા તેથી કોઇનું કાંઇ લઇતો નથી ગયા? જે ઉપરથી બાએ ભાઇકાકાને કહ્યું આપણો કુમુદ બ્હાર રમતો હતો તે છે કે નહીં. હું તથા ભાઇકાકા બ્હાર જોવા ગયા પણ કુમુદને દીઠો નહીં. હું આસપાસ કુમુદની તપાસ કરી આવ્યો. જોડેના ઘરમાં પણ જોયું પણ કુમુદભાઈ કાંઇ નથી. જે ઉપરથી ભાઇકાકા પાઘડી પ્હેરી બ્હાર ગયા." પ્રભાકર ધનકોર પાસે ગયો અને પુચ્છ્યું "કાબુલી

કેવા હતા તથા હેને તમે ઓળખી શકશો?"

"નારે ભાઇ, એતો એવા જોરથી દોડતા હતા કે તેમનું મ્હોએ મ્હેતો પુરૂ જોયું નથી, બન્ને જણાની પાછળ મ્હોટા મ્હોટા કોથળા હતા. અને તેમના પોશાક ઉપરથીજ હું કહી શકુછું કે તે કાબુલી હતા. બાકી મ્હને બીલકુલ ખબર નથી."

પ્રભાકર ત્યાંથી ઘરમાં આવ્યો અને માથે પાઘડી મુકી પોલીસમાં જાહેર કરવા દોડયો.

પ્રકરણ ૧૧ મું.

કુમુદ.

પ્રભાકરને ૭ વરસની એક છોકરી તથા અઢી વરસનો એક છોકરો હતો. અને તે છોકરો આપણે આગળ કહી ગયા તેજ, હતો. છોકરાનું નામ કુમુદ હતું. હરીનંદ, પ્રભાકરનો બાપ આપણે આગળ કહી ગયા તે પ્રમાણે અસલી રીવાજને વળગી રહેનારો હતો અને વળી પ્રભાકર એકનો એક છોકરો અને પ્રભાકરને પણ ચાર પાંચ છોકરાં થયાં તેમાં કુમુદ પણ એકજ થયો હતો, બાકીની છોકરીઓ થઇ હતી અને એક છોકરી તથા કુમુદ શીવાયનાં બીજાં બધાં છોકરાં મરી ગયાં હતાં તેથી કુમુદ હરીનંદને તથા પ્રભાકરની માને બહુ લાડકવાયો હતો. તેથી ત્હેને અસલી રીવાજ પ્રમાણે ખુબ ઘરેણાં પહેરાવતાં. પ્રભાકર આ માટે બહુ ગુસ્સે થતો; પણ પોતાના બાપને તે કાંઇ કહી શકતો નહીં. વખતે વખતે ત્હેની માને તે કહેતો પણ ત્હેની મા તે ગણકારતી નહોતી. હજી પણ આપણામાં ઘણા લોકો ન્હાનાં છોકરાંને

ઘરેણાં પહેરાવવામાં બહુ ઘેલાઈ કહાડે છે. બી-ચારા બાળકથી તે બોજો ઉપાડી શકાય તેમ ન હોય છતાં એક ઉપર બીજુ અને બીજા ઉપર ત્રીજું એ પ્રમાણે પહેરાવ્યાજ કરેછે. કેટલીક વખતે બાળકને ઘરેણાં પહેરાવે છે તે વખતે ચીસે ચીસો પાડે પણ તે ત્હેનાં નિર્દય માબાપ બીલકુલ ગણકારતાં પણ નથી. કાન, નાક વીગેરે વીંધે છે. અને આપણને કંપારી છુટે તેવો જુલમ બીચા-રાં પશુ ઉપર કરે છે. વાઘના નખ વગેરે વાગી બેસે તેવી ચીજો સુના રૂપામાં મઢાવીને પહેરાવે છે. તેથી ઘોડીઆમાં સુવાડતી વખત, બાળકને તેડતી વખત તથા નવરાવતી વખત બહુ ધ્યાન રાખવું પડેછે. કેટલીકવાર તો એ ચીજો બીચારા બાળકના કુમળા શરીરમાં ભોકાઈ બાળકને હેરાન કરેછે. શરીર ઉપર હજાર રૂપીઆના દાગીના ભર્યા હોય પણ એક ચાર આનાનું ઝબલુ કે બે આ-નાની એક લંગડી પહેરાવવાની દરકાર હોતી નથી. અને ભાગ્યજોગે જો પહેરાવી હોયતો તે કપડાં કરતાં ઘાંચી, જે તેલની ઘાણી ઉપર રાત દિવસ કામ કરેછે ત્હેના કરતાં પણ વીશેષ ગંધાં હોય છે. વળી આવાં ઘરેણાં પહેરાવવાથી કેવાં માઠાં

પરિણામ આવેછે તે આ ઉપરથી સ્પષ્ટ જણાશે. નિરપરાધી બાળકને કીમતી ઘરેણાં પહેરાવી તેમની કીમતી જીંદગી જોખમમાં નાખવી એ ઓછી દીલગીરીની વાત છે. આ બાળક જે એક ફુલની પેઠે એહું એહું પોતાની રમત ગમતમાં આણંદ માનતું હતું, જેને ઘરેણાં શી ચીજ છે તથા તેની શી કીમત છે તેનું ભાન પણ નહોતું, તેવા નિર-પરાધી બાળકને પોતાના મા બાપની અણસમજણ માટે કેટલું સહન કરવું પડયું. અરે દૈવ, તે બા-ળકની કોણ જાણે શીએ ગતિ થઈ હશે. હેને બીચારાને રડતું, ચીસો પાડતું જોર જુલમથી કોણ જાણે કયાંએ નાંખી દીધું હશે. હેનાં ઘરેણાં ઉ-તાવળથી કહાડી લેવાની લાલચમાં તે બીચારાને શું દુઃખ સહન કરવું પડયું હશે. આ વાતનો ખ્યાલ મનમાં બીલકુલ પણ આવે છે કે નહીં? જો ખ્યા-લ આવતો હોય અને તમે આ પ્રમાણે કરે જતા હોતો તમારાથી ક્રૂર, ઘાતકી, નિર્દય, વજ્ર હૈયા વાળુ બીજુ કોણ? આ દાખલો એક વાર્તા રૂપે છે તેમ તમે ન સમજશો. આવાતો અનેક દા-ખલા આ દુનિઆમાં અને આપણા દેશમાં જ બને છે. તેવા દાખલાથી અમે કાંઈ અજાણ્યા નથી.

તમે જાણો છો કે આનું પરિણામ આવું આવે છે છતાં તમે તમારાં બાળકોને ઘરેણાં પહેરાવો છો, ઘરેણાં ખુઓ છો તથા બાળકના જીવને જોખમમાં નાંખોછો.

ઉપર કહ્યું તે પ્રમાણે કુમુદ અઢી વરસનો હતો. શરીરની ચામડી ગૌરવર્ણી, નાક લાંબુ, તીનુ તથા અણીદાર, આંખ્યો ચંચળ, મ્હોની મ્હોફાડ પણ મ્હોને શોભા આપે તેવી માપસર, કાન પણ તેવાજ નમુનદાર, કપાળ પ્હોળુ તથા માથાના વાળ સોનેરી ચળકતા રંગના પણ જેમ જેમ ઉમ્મર મ્હોટી થતી જતી તેમ શ્યામ રંગ પકડતા જતા હતા. ત્હેની છાતીના જમણા ભાગ ઉપર એક લીલા રંગનું બેવડીઆ પૈસા જેવડું લાખુ હતું. છોકરાની ઉમ્મર અઢી વરસની હતી પણ ત્હેનું શરીર ત્હેની ઉમ્મરના પ્રમાણમાં ઘણું મ્હોટું તથા પુષ્ટ હતું.

પ્રભાકર એક સાસે દોડતો ફોજદારને ત્યાં ગયો, અને તે વખતે ફોજદાર પણ ઘર આગળજ હતો. પ્રભાકરે જે જે હકીકત કહી તે સર્વ ત્હેણે ઉતારી લીધી અને સીપાઇને બોલાવી પોલીસના સવારને બોલાવી લાવવા વરદી આપી, તથા ત્હેના કારકુન પાસે એક હુકમ લખાવી સહી કરી પોતાની પાસે

રાખ્યો. ફોજદારે પ્રભાકરને બહુ ધીરજ આપી અને ત્હેનાથી બનતો પ્રયાસ કરી ગુન્હેગારની તપાસ કરવા કહ્યું. અને જ્યારે કાંઈ પણ ખબર પડશે કે તુરત ગમે તે વખત હશે તોપણ ત્હેને ખબર આપવા કહી ત્હેને રજા આપી. પોલીસનો સવાર આવતાં લખીતવાર હુકમ આપ્યો અને શહેરની દરેક ગેટ ઉપર તથા શહેરની આસપાસ ફરતા દરેક સીપાઈને તે બાબતના ખબર તાકીદથી આપવા હુકમ કર્યો.

પ્રભાકરના ઘર આગળ તો ત્હેની મા, વ્હેન વહુ, આડોસી પાડોસી બહુ ફીકર કરતાં હતાં, હમણાં પ્રભાકર આવશે અને કાંઈ ખબર લાવશે. હરીનંદ આવશે અને ખબર લાવશે. પણ એક કલાક થઈ તોપણ બન્નેમાંથી એકે જણ આવ્યું નહીં. જેમ જેમ વાર થતી તેમ તેમ સુધામુખી તથા ત્હેની સાસુ બહુ ગભરાવવા લાગ્યાં. પ્રભાકરની માએ તો રોવું શરૂ કર્યું. અને સુધામુખી કાળજુ કઠણ રાખી ત્હેની સાસુને ધીરજ આપતી પણ ત્હેના મનમાં શું શું થતું હશે ત્હેનો ખ્યાલ તો વાંચનારેજ કરવો. થોડીવારમાં હરીનંદ આવ્યો પણ આઘેથી એકલો આવતો જોઈ તેમના બધાનાં

તો હોશજ ઉડી ગયા. "હાય હાય છોકરો ખોયો" એમ કહી પ્રભાકરની મા તો હરીનંદને આવતો જોઈ રોઈ પડી. અને હરીનંદથી પણ રહેવાયું નહીં. આડોસીપાડોસી બહુ દીલાસો આપતાં પણ તે દીલાસો શા કામનો! હમણાં આવશે એમ કહી મન વાળતાં પણ મન કયમ વળે. એટલામાં પ્રભાકર આવ્યો. પણ ત્હેને એકલો જોઇ હરીનંદ તથા પ્રભાકરની માતો રોઇ પડ્યાં. પ્રભાકરથી પણ મન ખાલી કર્યા વગર રહેવાયું નહીં. સુધામુખીએ તો હરીનંદ આવ્યો ત્યારથી જ ઓરડામાં બેશી રોવા માંડયું હતું. અરે માતાનો જીવ, છોકરા વીના ઘડીપણ કયમ રહી શકે? આપણેતો મનુષ્ય છીએ. સારા નરસાનો, સ્વાર્થનો તથા પરમાર્થનો વિચાર કરી શકીએ છીએ, પણ કૂતરાં બીલાડાં વગેરે પ્રાણી જેને ઉપર કહેલાનો બીલકુલ વિચાર જ નથી તેનું પોતાનું બચ્ચું કોઇ ઉપાડી જાય તો કેટલા જોરથી ત્હેની પાછળ દોડે છે, ચીસો પાડે છે તથા ત્હેના જીવને કેટલું કષ્ટ થાય છે! તો આપણને શામાટે ન થવું જોઇએ. તે દુઃખનું વર્ણન ગમે તેવો વિદ્વાન હોય તે પણ પૂર્ણ રીતે આપી શકતો નથી, ગમેતેવો ચીતારો હોય તે તેનો ખ્યાલ ગમેતેવા રંગ પૂરે

છતાં આપી શકતો નથી, તેમજ શીલ્પકાર ગમે-તેટલી કારીગરી કરે છતાં હૃદયનો ચીતાર લાવી શકતો નથી. તે દુઃખ દર્શાવવા ભાષામાં પુરતા શબ્દ નથી, ચીતારાની પેટીમાં પુરતાં રંગ નથી તથા શીલ્પકારના હથીઆરમાં એવું હથીઆર પણ નથી. તેતો જેને પડયું હોય તેજ જાણે.

સાંજ પડી, કુમુદ આવ્યો નહીં! હરીનંદ, પ્રભાકર ત્હેની મા, ત્હેની બ્હેન, તથા સુધા દિંગ્મુઢ બની ગયાં, સહેજ બારણું ઉઘડે કે ખડખડાટ થાય કે આ કુમુદ આવ્યો એમ સર્વના મનમાં થાય પણ કુમુદ ક્યાં. રાત પડી, આઠ વાગ્યા, દસ વાગ્યા, બાર વાગ્યા પણ કુમુદ ન મળે. અરે કુમુદ તું કેટલાને દુઃખી કરી ગયો! ત્હારૂં શું થયું હશે! અરે વેરી ઘરેણાં, ઘરેણાનેજ લીધે કુમુદ ગુમાવ્યો.

બાર વાગ્યા સર્વ સહુસહુના ઓરડામાં સુઇ ગયાં. પણ નિંદ્રા તો કહોને હોય. પ્રભાકર અને સુધામુખી ત્હેમના ઓરડામાં ગયાં. સુધામુખી બ્હારીએ જાય ખુરશી ઉપર બેસે, હીંડોળે બેસે પણ કાંઇ જંપ વળે નહીં. ઘડીકમાં રૂવે અને પ્રભાકર ધીરજ આપે પણ ધીરજ કહોને! માતાને! માતાને ધીરજ ક્યંમ રહે.

બન્ને જણાં હીંડોળા ઉપર બેઠાં છે, પ્રભાકરની છાતી ઉપર સુધાનું માથુ છે અને ડસકે ડસકે રૂવે છે. પ્રભાકરની આંખમાંથી પણ આંસુની ધારા ચાલી જાય છે. એટલામાં નીચેનું બારણું ઉઘડયું હોય એવો અવાજ કાને પડયો. બન્ને જણા એ-કદમ ઉઠયાં, બ્હારીએ ગયાં, પણ બારણું તો ઉઘડયું નહોતું. થોડીવાર ઉભા રહી પાછાં નિશ્વાસ નાંખી પથારીમાં જઇ બેઠાં. સુધા રોવા લાગી. " અરે કુમુદ, આમ ત્હારે કરવું હતું તો ત્હેં શામાટે અવતારજ લીધો? મોતે મરી ગયો હોત તોપણ આટલું દુઃખ ન થાત, પણ હે દૈવ ત્હેનું શું થયું હશે. ક્યાં હશે. જીવતો હશે કે મરી ગયો હશે, ઓ કુમુદ, ઓ કુમુદ. " પણ કુમુદ ક્યાં. આ પ્રમાણે વિલાપ કરતાં કરતાં સવારના ચાર વાગવા આવ્યા પણ બન્નેમાંથી એકેને ઊંઘ આવે નહીં. સવાર થયું, પ્રભાકર ફોજદારને ત્યાં ગયો. પણ ત્યાંએ બીલકુલ કોઇને ખબર નહીં. આઠ વાગે પાછો આવ્યો. એક દિવસ ગયો, બે ગયા પણ કુમુદનો તો પતોજ મળે નહીં. પ્રભાકરે અમદાવાદમાં તે-મજ મુંબાઇમાં નીકળતાં તમામ પત્રોમાં જાહેર-ખબર આપી કે કુમુદ તથા ત્હેની કાંઇપણ નીશાની

લાવનારને. રૂપીઆ પાંચસેનું ઇનામ મળશે. પણ અડવાડીયું ગયું, પંદર દિવસ ગયા પણ કુમુદની કાંઇપણ ભાળ મળે નહીં. દુઃખનું ઓસડ દહાડા. કહેવત પ્રમાણે જેમ જેમ દિવસ જતાં ગયા તેમ તેમ દુઃખ ઓછું થતું ગયું. અને મહિના બેમહિના-માં કુમુદ વીસરી ગયો. તોપણ વખતે વખતે તે યાદ આવતો.

પ્રકરણ ૧૨મું.

“ મેરિયા. ”

વનરાવનદાસ બીજે દિવસે મેરિયાને ત્યાં ગયા હતા અને તેમના મનના મનોરથ પુરા કરી આવ્યા હતા. તે દિવસથી દરરોજ સાંજે ત્યાં જતા અને મેરિયાને રૂપીઆ સોનો મહીનો બાંધી આપ્યો હતો. થોડા દિવસ થયા એટલામાં તો મેરિયાએ તેમને એટલા બધા વશ કરી લીધા કે પછી તો પોતાના કામમાં પણ પુરૂ લક્ષ આપતા નહીં, અને મેરિયાની ઝીભમાંથી જે પડતું તે તુરત ઉઠાવી લેતા. અને હેનું મન જેમ રાજી રહે તેમ રાખવા પ્રયાસ કરતા. મહીને સો રૂપીઆનો પણ હવે ઘડો રહ્યો નહોતો. સો પણ કહોણે કહ્યા અને બસો પણ કહોણે કહ્યા. વનરાવનદાસ મેરિયાને માટે આટલો આટલો ખર્ચ કરતો તો પણ મેરિયાના મનમાં તો હેને માટે કાંઈ નહોતું. મહીનોમાસ થયો નહી એટલામા તો હેણે જુદી જુદી જાતની માગણીઓ કરવા માંડી. કોઈ દિવસ અત્તરદાની મંગાવે તો કોઈ દિવસ ગુલાબદાની

મંગાવે અને કોઈ દિવસ વળી બીજી કાંઈ નમુનદાર ચીજ જુવે તો તે લેવાને હઠ કરે. અરે, જો આટલી મમતા પોતાની ઘરની સ્ત્રી ઉપર રાખતા હોય તો તે બન્ને જણાં કેટલાં સુખી થાય ? પણ તેતો છેજને. ઘરની સ્ત્રી ક્યાં જવાની છે પણ આવી મનની માનેલી ક્યાંથી ! એવા જ વિચારોને લઈને તે ત્હેની પાછળ ઘેલો થઈ ગયો હતો. પહેલાં તો મેરિયાને ઘેર જતાં અચકાતો પણ હવે તો બેધડક કોઈની શરમ રાખ્યા શીવાય ત્યાં જવા માંડયું. કોઈ જાણશે અને ફજેતી થશે, ઘર આગળ પોતાની સ્ત્રી જાણશે તો કંકાસ થશે, મિત્રમંડળમાં મસ્કરી થશે તેનું તો હવે કાંઈ રહ્યું જ નહીં. ધીમે ધીમે દુનિઆની મર્યાદા પણ છોડવા માંડી. અને મહીના દોઢ મહિનામાં તો એટલો બે શર્મો થઈ ગયો કે પોતાની ગાડીમાં બેશી મેરિયાને ત્યાં જાય. ગાડીવાળા તથા બીજા નોકરો તે વીશે ચર્ચા કરે તો તે પણ ગણકારે નહીં. અને ચર્ચા આગળ વધતી વધતી પોતાના વૃદ્ધ પિતા પાસે પહોચશે અને ત્હેને વૃદ્ધાવસ્થામાં દુઃખ થશે તે લાગણી પણ રહી નહીં. દિવસે દિવસે વીશયની જાળમાં વીશેશ વીશેશ ગુંથાવવા માંડયું. કોઈ કોઇ વખતે

સુવિચારો ત્હેના મનમાં આવતા, પોતે જે કરેછે તે ગેરવ્યાજબી કરેછે, તથા પૈસાનો ઉપયોગ ગેરવ્યાજબી રીતે થાય છે, પણ આ વિચારો ક્ષણવારજ રહેતા. વીશયના વિચારોમાં તે મગ્ન રહેતો. અને થોડા દિવસમાં તો વીશયાંધ થઈ ગયો. હમેતો વળી એક પગલું આગળ ચાલવા માડયું. આજ લગણ તો મેરિયાની ઉપર આશક હતો પણ હવે તો કોઈ પણ સ્ત્રી ખુબસુરત દેખે એટલે ત્હેની તરફ મન દોડતું. તે પોતાના પંઝામાં કેવી રીતે ફસે તેવાજ વિચારોમાં મન ધુમ્યા કરતું, અને વીશયને લઈને તે વીશય પુરો કરવા ગુન્હો કરવા તરફ પણ વખતો વખત મન દોડતું.

મેરિયા જે મકાનમાં રહેતી હતી તે ગીચ વસ્તીમાં હતું તેથી તે વનરાવનદાસને પસંદ પડયું નહીં તેથી તે મકાન બદલી કોઈ એકાન્ત ભાગમાં ઘર લેવું એમ વિચાર આવવાથી પરેલ તરફ જો એકાદ અલાયદો જ ન્હાનો બંગલો મળે તો રાખવો. થોડા દિવસમાં ત્હેનો વિચાર પૂરો થયો. પરેલ તરફ એક એકાંત ભાગમાં ન્હાનો બંગલો ખોળી કહાડયો અને મેરિયાને ત્યાં રહેવા જવા કહ્યું. બંગલાની આસપાસ ન્હાનો બાગ હતો.

બંગલાની પાછળ રસોઈખાનું તથા ગાડી ઘોડાને માટે તબેલો હતો. બંગલો ન્હાનો તથા સુશોભીત હતો. તેને સારી રીતે શણગારી મેરિયા ત્યાં રહેવા ગઈ. મેરિયાને માટે એક બુહામ તથા સુંદર ઘોડો પણ વનરાવનદાસે લઈ આપ્યો. આ પ્રમાણે વનરાવનદાસ એક વરસ સુધી તો મેરિયાના ફંદામાં રહ્યો, પણ હવે ત્હેને ત્હેની ઉપર કંટાળો આવવા માંડ્યો. કાંઈ વસ્તુ લાવવા મેરિયા ત્હેને કહે તો "હા આજ લાવીશું, કાલે લાવીશું" કરી ઘણી મુસીબતે લાવી આપે અને વખતે પોતે તે વાત ગળી પણ જાય. મેરિયાને પણ લાગ્યું કે હવે આનો પ્યાર આપણા તરફ થંડો થવા લાગ્યો છે, પણ જ્યાંસુધી મન માનતો બીજો યાર મળ્યો નથી ત્યાંસુધી એકદમ આને છોડી દઈશું તો ઘરનો ખર્ચ કેવી રીતે ચાલશે તે વિચારોથી તે જ્યારે જ્યારે વનરાવનદાસ ત્હેની પાસે આવે ત્યારે ઉપરનો ડોળ રાખી ઘણી જ પ્રિતીથી બોલાવે, લડાવે તથા ત્હેને જેમ બને તેમ ખુશી કરવા પ્રયાસ કરે.

હવે તો મેરિયા સાંજે દરરોજ એપોલોબંદર, બેન્ડસ્ટેન્ડ, મ્હાલક્ષ્મિ વીગેરે ભાગો જ્યાં મ્હોટા મ્હોટા સાહુકારો ફરવા આવતા ત્યાં પોતાની ખુ-

બસુરતી વસ્ત્ર તથા અલંકારથી વીશેષ સુશોભીત કરી, જોનારનું મન હરણુ કરવા તરફ જ પોતાનું લક્ષ રાખી હાવભાવથી સામાનુ હૃદય કેમ પીગળે તેજ તરફ પુરતુ ધ્યાન આપી પોતાની બ્રુહામમાં બેશી ફરવા જતી હતી. સાંજે સાત આઠ વાગ્યા લગણુ પણ ઘર આગળ આવતી નહીં. અને વખતે વનરાવનદાસ પોતાને બંગલે આવ્યો હોય ત્હેને ઘણીવાર બેશી પણ રહેવું પડતું. મનની અંદર કોઈ કોઈવાર ઘણું ગુસ્સે થતો, અને પોતાના પૈસાથી ફક્ત તે પોતે એકલીજ મોજમજા માંણેછે એ વિચારોથી હવે ત્હેને કાંઈ પૈસા ન આપવા તથા ત્હેની જોડેનો સંબંધ જેમ બને તેમ ટુંકો કરવો એમ નિશ્ચય થતો પણ મોહીની રૂપ મેરિયાને પોતે જોતો અને ત્હેના મુખની સુંદર મધુરી વાણી સાંભળતો એટલે એકાંતમાં જે જે વિચારો થયા હોય તે એકદમ ગુમ થઈ જતા.

એક દિવસ સાંજે મેરિયા પોતાની બ્રુહામમાં બેશી એપોલો બંદર ઉપર ફરવા ગઈ હતી. ત્યાં અનેક યુરોપિયન, પારસી, મુસલમાન, હીંદુ વીગેરે ફરવા આવેલા તેમાં કેટલાક ગાડીમાં, કેટલાક ચાલતા, કેટલાક પોતાના મિત્ર જોડે તથા કેટલા

પોતાની સ્ત્રી જોડે ત્યાં આમ તેમ ફરતા, વાતો કરતા, તથા કેટલાક ત્યાં પડેલી બેન્ચો ઉપર બેશી એક બીજાની મશ્કરી કરતા હતા. મેરિયાની બ્રુહામ જ્યાં બીજી ગાડીઓ ઉભી હતી ત્યાં ઉભી રાખી થોડીવાર તો મેરિયા બ્રુહામમાં બેશી રહી. પણ ત્હેની બ્રુહામ તરફ કોઇ નજર કરતું નહીં; તે ગાડીમાંથી ઉતરી, હાથમાં ન્હાની સુશોભીત રેશમી છત્રી હતી, ઉનની નમુનદાર શાલ ઓઢી હતી, પગની અંદર કીર્મજી રંગની સ્લીપર પહેરી હતી ને માથુ ઉઘાડુ હતું. ધીમે ધીમે ચાલતી, આજુબાજુ જોતી મેરિયા ફુટપાથ ઉપર થઇને ડંકાના ઘોરા ઉપર છત્રી ટેકાવી દરીઆમાં પડેલી સ્ટીમરો, મનવારો તથા આમ તેમ ફરતી ન્હાની બોટો જોતી ઉભી રહી. સ્ટીમ લોન્ચો આ સ્ટીમરથી બીજી સ્ટીમર તરફ વખતો વખત તેની તીવ્ર વ્હીસલ કરતી, ધનુસ્યમાંથી છુટેલા તીરની માફક સપાટાબંધ આવજા કરતી, કેટલીકતો જાણે હમણાં ડુબી જશે તેમ પાણીમાં ઉછાળા મારતી, એક સ્ટીમરની પાછળ સંતાઇ જતી અને પાછી લગાર વારમાં દેખાવમાં આવતી, જાણે સંતા કુકડી રમતી હોય તેમ ઘડીકમાં દેખાતી, ઘડીકમાં ઓથમાં

આવી જતી આમ તેમ દોડધામ કરતી હતી. કેટ-લાક શોખીન લોકો ન્હાની ન્હાની જોલીબોટમાં બેશી ફરવા જતા. કેટલાક ડંકાના પગથીઆ ઉપર-થી ઉપર ચડતા, તથા કેટલાક જોલીબોટના ખલા-સી સાથે બોટનો ભાવ ઠરાવતા હતા. આ સર્વ ખેલ, આ સર્વ ચંચળતા, દરીઆના ધીમે ધીમે આવતાં મોજાં જોતી મેરિયા ડંકાના ધોરા ઉપર છત્રી ટેકાવીને ઉભી છે એટલામાં એક તરૂણ યુ-રોપિયન ત્હેની પાસે આવી ઉભો અને "ગુડઈવનીંગ" કરી ટોપીને હાથ લગાડી ત્હેની જોડે ઇંગ્રેજીમાં બોલવા મંડયો. પણ મેરિયા ઈંગ્રેજી સ્હેજસાજ સમજતી તથા વખતે ભાંગ્યું તુટયું ઈંગ્રેજી બોલતી તેથી-ત્હેણે તો હીંદુસ્તાનીમાં જવાબ દીધો જે ઉપરથી પેલો યુરોપિયન પણ હીંદુસ્તાનીમાં વાત-ચીત કરવા મંડયો.

આમ બન્ને જણાં ઉભાં ઉભાં વાત કરે છે એટલામાં એક બે ઘોડાની ફાઇટન ત્યાં આવી તેમાંથી બે યુરોપીઅનો ઉતર્યા અને ફુટપાથ ઉપર ફરવા મંડયા. ફરતે ફરતે જ્યાં મેરિયા તથા આ યુવાન પુરૂષ જ્યાં ઉભા છે ત્યાંથી પસાર થયા. પસાર થતાં પેલા યુવાન યુરોપિયને ત્હેના

તરફ જોયું અને ઓળખતા હોય તેમ એક બી-
જાએ સામુ માથુ ધુણાવ્યું. થોડીવારમાં પેલા બે
જણા સ્હેજ આગળ જઇ પાછા આવ્યા તેટલામાં
આ યુવાને મેરિયાની રજા લીધી અને ત્હેના બંગ-
લાનું ઠેકાણું પુછી હું બંગલે મળવા આવીશ એમ
કહી શકહેન્ડ કરી પેલા બન્નેની જોડે તે ચાલ્યો.
ચાલતાં ચાલતાં એક બીજાની જોડે વાતો કરતા
તથા વખતે વખ્તે હસ્તા તે ઉપરથી મેરિયાએ
જાણ્યું કે કાંઇ મ્હારે માટે વાત થાયછે. મેરિયા
તે લોકોની પાછળ પાછળ જોઈ રહી અને પાંચ
દશ મિનિટ તે લોકો આમ તેમ આંટા મારી, પેલા
જોડે આવેલા બે જણા તેમની ગાડીમાં બેઠા અને
ચાલવા માંડ્યું અને પેલો યુવાન પોતાની ગાડી જે
બે ઘોડાની ડોગકાર્ટ હતી તેમાં બેશી ચાલતો થયો.
ડોગકાર્ટ ઘણી નમુનદાર હતી તથા તેને જોડેલા
બે ઘોડા પણ ઘણા સુશોભીત તથા કીમતી હતા.
થોડીવાર પછી મેરિયા પણ પોતાની બ્રુહામમાં
બેશી પોતાના બંગલા ભણી ગઇ. પણ રસ્તામાં જતાં
પેલા યુરોપિયન જુવાનનાજ વિચાર ત્હેના મનમાં
આવતા હતા, ત્હેની ગાડી તથા ઘોડા ઉપરથી તે
કોઈ ઘણો પૈસાદાર છે તેમ ત્હેના મનમાં આવ્યું.

બંગલે મેરિયા પહોચી તે વખતે વનરાવનદાસ તો ત્યાં હાજર જ હતો. વનરાવનદાસ કલાક એક બેશી પોતાને બંગલે ગયો.

બીજે દિવસે સવારે વનરાવનદાસ પોતાના દીવાનખાનામાં બેઠો છે. અને કાંઇક ચોપાનીયું વાંચે છે એટલામાં એક સીપાઈ ત્હેની પાસે આવ્યો અને એક કાર્ડ ત્હેના હાથમાં આપ્યું. આ કાર્ડ વનરાવનદાસે વાંચ્યું અને "અહીયાં લાવો" એમ સીપાઇને કહ્યું. કાર્ડ ઉપર "પ્રભાકર હરીનંદ હાઇકોર્ટ પ્લીડર, અમદાવાદ" એટલું લખેલું હતું. થોડીવારમાં પ્રભાકર દીવાનખાનામાં આવ્યો અને વનરાવદાસે ખુરશી ઉપરથી ઉભા થઈ શેકહેન્ડ કરી પાસે પડેલી એક ખુરશી ઉપર બેસવા કહ્યું.

પ્રકરણ ૧૩ મું.

પ્રભાકર અને વનરાવનદાસ.

"ધીરજલાલ શેઠે આપના આડતીયા મોહનદાસ ઉપર રૂપીઆ બે હજારનો દાવો કર્યો છે તે તો આપના જાણવામાં હશે? " પ્રભાકર વનરાવનદાસે બતાવેલી ખુરશી ઉપર બેઠો અને પોતે શા કામ માટે આવ્યો છે તે તુરત ત્હેણે ત્હેને કહેવા માંડર્યું. કારણ મુંબાઈમાં વસનારા લોકોને વખતની કીમત્ત એટલી બધી છે કે એક મિનિટ પણ નકામી ગુમાવતા નથી. જે કામ માટે કોઈને મળવા ગયા હોય તે કામ તુરત ખલાસ કરી ઉઠી જાય છે. કાંતો પોતાને કામ ન હોય તો સામા આશામીને પણ કાંઈ અગત્યનું કામ હોય. બીજે ઠેકાણે જેમ કોઈને મળવા જાય અને પહેલાં આમ તેમ ગપ્પાં મારી વખત કાડયાબાદ પોતાના કામનો વિશય કાઢે અને નકામા એક બે કલાક કાઢી નાંખે તેમ મુંબાઈમાં જોવામાં આવતું નથી. જ્યાં સુધી એક બીજા જોડે મન મળ્યું નથી તથા મિત્રાચારીનો હક ધરાવતા નથી ત્યાંતો કામ હોય

તે કરી તુરત ચાલી નીકળવાનો રીવાજ છે. યુરોપી-અનની ઓફીસોમાં, તથા દેશી વ્હેપારીની આફી-સોમાં, પણ આજ રીવાજ જોવામાં આવે છે અને કેટલીક બાબતમાં આ રીવાજ પસંદ કરવા જેવો પણ છે. સામા આદમીના મનમાં કંટાળો આવ્યા પછાદ, તે ક્યારે અહીયાંથી ઉઠે કે આપણે સ્વસ્થ થઈએ એવા વિચાર આવતા પહેલાં જ જો આ-પણે ત્હેની પાસેથી ઉઠી નીકળીએ તો તેમાં આપણું ઘણીવાર માન પણ જળવાય અને કામ પણ સહેલા-ઇથી થાય છે. "ધીરજલાલ શેઠે આપના આડતીઆ મોહનદાસ ઉપર રૂપીઆ બે હજારનો દાવો કર્યો છે તે તો આપના જાણવામાં હશે?" પ્રભાકરે પુછ્યું.

"હા મ્હારે કાને તે બાબતની વાત આવી હતી, અને ઘણું કરી અમારી કંપનીની જ લેણદેણને માટે તે દાવો છે એમ મ્હારા સાંભળવામાં છે" વનરાવનદાસે કહ્યું. "તમે કહોની તરફના વકીલ છો?"

"જી હું મોહનદાસ તરફનો વકીલ છું. અને નીશેશ પુરાવા માટે આપના ચોપડા જોવાને હું અહીયાં આવ્યો છું." પ્રભાકરે જવાબ દીધો.

"ત્યારે મ્હને મોહનદાસે કયમ કાંઈ લખ્યું નથી?"

" ગઈ કાલે હું મોહનદાસને મળ્યો હતો અને તેમણે આપને આ વીશે લખવા મ્હને કહ્યું હતું. હું તેમના કહેવાથી જ આજ સવારે મેલ ટ્રેઇનમાં અહીયાં આવ્યો છું. કાંતો કંપનીના નામેનો કાગળ હશે તે મીલમાં ગયો હશે, તે આપ ત્યાં પધારશો ત્યારે મળશે. "

" તમે બપોરે બે વાગે મીલમાં આવશો ?" વનરાવનદાસે કહ્યું. પણ પાછો કાંઈક વિચાર આવવાથી " ના, ના, બપોરે બેએક વાગ્યાને સુમારે અહીયાં આવો તો આપણે બે જણા સાથે જઇએ. "

" જેવી આપની મરજી " એમ કહી પ્રભાકર ઉઠવાનું કરતો હતો પણ વનરાવનદાસે જરા બેસવાનું કહ્યાથી પાછો ખુરશી લઇને બેઠો. અને વનરાવનદાસે પુછ્યું. "તમે ક્યાં ઉતર્યા છો ? "

" અહીયાં એક મ્હારો દોસ્તદાર છે અને તે ભુલેશ્વરમાં રહે છે ત્હેને ત્યાં ઉતર્યો છું. "

" અહીયાં કાંઈ નોકર છે ? "

" નાજી, હજી એલ. એલ. બી. નો અભ્યાસ કરે છે, આવતી પરીક્ષામાં તે બેસનાર છે "

" તમે કેટલા વખતથી વકીલાત કરો છો ?"

" વરશેક થયું છે. અને અમદાવાદ જેવા શહેરમાં ઠીક છે."

આ પ્રમાણે પાએક કલાક વાતો કરી વનરાવનદાસે પ્રભાકરને ચહા મંગાવી આપી તે પીને પ્રભાકર પોતાને મકાને ગયો.

બપોરે બરોબર બે વાગ્યા એટલે પ્રભાકર વનરાવનદાસને બંગલે આવ્યો તે વખતે વનરાવનદાસ દીવાનખાનાની બાજુના ઓરડામાં એક કોચ ઉપર બેઠો હતો. અને ટેબલ પાસે ખુરશી ઉપર શેઠાણી મોહનગૌરી નારંગીની છાલ છોલતી હતી. માણસે આવી વરદી આપી એટલે શેઠ દીવાનખાનામાં ગયા. પ્રભાકર પોતે સ્વરૂપવાન હતો. શરીર ગોરૂં તથા મ્હો પણ ભરૂઉ હતું. મુછોનો પણ ભરાવો ઠીક હતો અને ભરજુવાનીમાં હતો. તેથી ત્હેણે જે કપડાં પહેર્યાં હતાં તે ત્હેને બરોબર રીતે છાજતાં હતાં. સફેદ આલપાકાનો કોટ, રેશમી કોરનું ધોતીયું, બુટ, મોજાં, તથા માથે નાજુક, રાતા રંગની પાઘડી પહેરી હતી.

વનરાવનદાસ તથા પ્રભાકર બે જણા બેઠાબેઠા વાત કરે છે એટલામાં જરમનસીલવરની બે રકાબીઓમાં, નારંગી, દાડમ, સક્કરજન, દ્રાક્ષ વગેરે

લીધો બેવો શેઠાણી મોહનગૌરીએ પોતાના નોકરને બોલાવી ત્હેની સાથે મોકલ્યો અને દીવાનખાનાની પાસેના ઓરડામાં જ્યાંથી પ્રભાકર તથા વનરાવનદાસ દેખાઇ સકતા હતા તેવી જગાએ ખુરસી નાંખી બેઠાં. પ્રભાકર સામુ ટગરટગર જોયા કરે અને પ્રભાકરનું મ્હો ત્હેની તરફ સ્હેજ ફરતું લાગે કે તુરત પાછાં હાથમાં ગુથવાને લીધેલો રૂમાલ ગુંથવા મંડી જાય. આ પ્રમાણે જ્યાં લગણ પ્રભાકર તથા શેઠ ત્યાં બેઠા હતા ત્યાં સુધી શેઠાણી પણ ત્યાંજ બેશી રહ્યાં હતાં. થોડીવાર બાદ શેઠે કપડાં પહેર્યાં અને ગાડી જોડવાને વરદી આપી હતી તે આવી એટલે તેમાં બેશી બન્ને જણા પરેલ, શેઠની મીલમાં ગયા.

પ્રભાકર દરરોજ બપોરે બે વાગે ત્યાં આવતો અને ત્યાંથી પાછો શેઠની જોડે મીલમાં જતો. થોડા દિવસમાં પ્રભાકર અને શેઠને મિત્રાચારી થઇ એટલે વખતે સવારમાં પણ આવે, બપોરે પણ આવે અને ઘણી વાર સુધી દીવાનખાનામાં બેશી અનેક વીષય ઉપર વાતો કરે. શેઠાણી પણ હવે સાથે આવી બેસતાં અને વાતોના ગપાટામાં ભાગ લેતાં અને શેઠ જેટલી છટાથી વાત કરતા ત્હેનાથી વા-

શેઠ છુટાથી વાતો કરતાં. પ્રભાકરનું હવે વનરાવનદાસ તથા શેઠાણી જોડે મન મળ્યું તેથી વખતે વાતમાં કાંઈ મશ્કરીનો પણ ભાગ આવી જતો.

શેઠ બ્હાર જાય છે તથા વ્યભિચારમાં પડ્યા છે તે વાતની ખબર શેઠાણીને પડી હતી પણ દુનિઆની રીત પ્રમાણે ઉપરથી શેઠ ઉપર પ્રિતિ રાખ્યા વગર ચાલતું નહીં. પણ અંદરખાને શેઠાણીની શેઠ તરફની પ્રિતિ ધીમે ધીમે ઓછી થતી જતી હતી હજુ સુધી શેઠાણીમાં કાંઈપણ કહેવા જેવું નહોતું. શેઠનું બરોબર રીતે મન સાચવતી પણ જ્યારથી શેઠની છાની વાત હેના જાણવામાં આવી ત્યારથી તથા શેઠ બરોબર શેઠાણીનું મન સાચવતા નહીં તેથી શેઠાણીના મનની અંદર પણ દુષ્ટ વિચારોએ ધીમે ધીમે પ્રવેશ કરવા માંડ્યો હતો.

ઘરનાં માણસો સારાં રહે તથા ખરાબ ચાલમાં ન લપટાય માટે ઘરનાં જે મુખ્ય માણસો હોય હેણે પોતાની રહેણી કરણીમાં બહુ સાવચેતી રાખવી જોઇએ. જેવું ઘરમાં દેખે તેવાંજ ઘરનાં બીજાં માણસો થાય એ સ્વભાવીક છે. ધણીની ચાલચલગત જો સારી ન હોય તો ધણીઆણી તે જોઇને આડે રસ્તે જતાં શીખે; અને તેમને જોઈ

તેમનાં છોકરાં પણ તેવું જ શીખે, અને નોકર-ચાકરોમાં પણ તેમનું માન સચવાય નહીં. વ્યભિચાર, વ્યસન વીગેરે દુષ્ટ કામો કાંઈ બીજાની સહાયતા શીવાય બનતાં નથી અને જ્યારે બીજાની સહાયતા લેવી પડે ત્યારે આપણે ત્હેના કબજામાં પણ ફસવું પડે. નોકર ચાકરને જ્યારે મદદમાં લઈએ ત્યારે ત્હેની મરજી પ્રમાણે પણ કરવું પડે. એક ગુન્હો છુપાવવા માટે અનેક ગુન્હા કરવા પડે માટે જો પોતે પોતાની વર્તણુક સારી રાખી હોય તો આખા કુટુંબની રીતભાત સ્તુતિપાત્ર રહે. ઘણે ઠેકાણે એવા દાખલા જોવામાં આવે છે કે જ્યાં માતા ખરાબ ચાલની વ્યભિચારી હોય ત્યાં ત્હેનાં છોકરાં પણ તેવાં જ જોવામાં આવે. ત્હેનાથી કાંઈ તેમને કહેવાય નહીં; અને ગેરવાજબી છુટ મળે એટલે આડે રસ્તે ચડે એમાં કાંઈ નવાઈ નથી.

જ્યારથી પ્રભાકરને શેઠાણી મોહનગૌરીએ જોયો ત્યારથી જ ત્હેના વિચારોમાં ફેર થઈ ગયો હતો. મન ઉપર અસર થઈ ગઈ હતી; અને વારંવાર દુષ્ટ વિચારોથી ઘેરાએલી જ રહેતી હતી. ત્હેનો સ્વામી વખતે ત્હેને કાંઈ કહે તો ત્હેને પણ તડને ફડ હવે જવાબ આપતી. પતિપત્નિ વચ્ચે વારં-

વાર બોલચાલ થતી અને તેમના સુખમાં વીક્ષેપ પડ્યો હતો.

પ્રભાકર પંદરેક દિવસ મુંબાઈમાં રહ્યો અને પાછો તે અમદાવાદ ગયો. અમદાવાદ ગયાના શેઠાણીને ખબર પડ્યા ત્યારે ત્હેના મન ઉપર બહુ અસર થઈ. તે પાછો ક્યારે આવશે તથા ત્હેને પાછો ક્યારે જોઈશ એ વિચારો વારંવાર ત્હેના મનમાં આવતા. આડેઅવળે રસ્તે શેઠને પણ પુછતી કે પ્રભાકર અમદાવાદથી ક્યારે આવશે ? પણ શેઠના મનમાં શેઠાણી માટે બીજી જાતનો કાંઈ પણ વ્હેમ આવતો નહીં. કેસની મુદત પાસે આવી છે માટે ગયો છે અને હવે તો તે ક્યારે આવશે તે કાંઈ કહી શકાય નહીં. એ પ્રમાણે જ્યારે શેઠ તરફથી જવાબ મળતો ત્યારે શેઠાણીના મનમાં બહુ ખેદ થતો.

દસબાર દિવસ પછી એક બપોરે શેઠના ખાનગી ઓરડામાં એક ટેબલ હતું તે ટેબલ ઉપર બે ચાર કાગળો ફોડેલા પડ્યા હતા. શેઠ બંગલામાં હતા નહી અને શેઠાણી તે ઓરડામાં બેઠાં બેઠાં રૂમાલ ગુંથતાં હતાં. કાંઈ સાંભરી આવ્યાથી તે જે ખુરશી ઉપર બેઠાં હતાં ત્યાંથી ઉઠયાં અને ટેબલ પાસે કબાટ હતું તે કબાટમાં કાંઈ ખોળવા

મંડયાં. એટલામાં ટેલબ ઉપર નજર પડતાં ત્યાં બે ચાર કાગળ પડેલા દીઠા. તે જોવા તરફ ત્હેની વૃત્તિ દોડી. એ ત્રણ કાગળ કહાડીને જોયા પણ તેમાં ત્હેના લાભનું કાંઈ નહોતું તેથી કાગળ પાકીટમાં પાછા મુકી દીધા; પણ એક કાગળ ત્હેની અંદરથી નિકળ્યો જે વાંચવા તે તુરત મંડી ગયાં. વાંચતાં વાંચતાં ત્હેના મ્હો ઉપર જૂદી જૂદી જાતની અસરો થવા માંડી. કાગળ વાંચી પાછો પાકીટમાં નાંખી મુકી દીધો. મનની અંદર આનંદ પામતાં તે પાછાં કબાટ પાસે ગયાં અને જે ચીજ તેમને જોયતી હતી તે લઈ ફરીથી રૂમાલ ગુંથવા બેઠાં. પણ કાગળ કોનો હતો ? એ કાગળ પ્રભાકરનો હતો અને તેની અંદર કેસની બધી હકીક્ત લખી હતી. બધી હકીક્ત લખ્યાબાદ નીચે લખ્યું હતુ કે મ્હારે ચાર પાંચ રોજમાં પાછું મુંબાઈ આવવાનું થશે તે વખત વીશેષ ખુલાસાથી વાતચીત કરીશું. વળી રીત મુજબ ત્હેણે શેઠાણી મોહનગૌરીને ત્હેના યથાયોગ્ય લખ્યા હતા. શેઠાણી આ કાગળ વાંચી મનમાં મલકાતાં હતાં અને પ્રભાકર પાછો ચાર પાંચ રોજમાં આવશે એ વિચારથી આનંદમાં મગ્ન હતાં. વળી કાગળમાં પોતાનું નામ

પણ હતું તેથી હેના મનમાં એમ આવ્યું કે "જેવી લાગણી મ્હને હેના તરફ પેદા થઈ છે તેવી જ લાગણી મ્હારા તરફ પણ જણાય છે. નહી તો કામના કાગળમાં વળી મ્હારૂં નામ લખવું હેને ક્યાંથી સાંભરે ? પણ બિચારા પ્રભાકરે તો સ્હેજ રીવાજ મુજબજ લખ્યું હતું. આમ સુખમય ભવિષ્યનાં સ્વપ્નાં જોતાં શેઠાણી રૂમાલ ગુંથવા પાછા મંડયાં.

પ્રકરણ ૧૪ મું.

"કૈલાસભવન."

મ્હાલક્ષ્મિના મંદીર અને તોપખાનાની વચમાં એક સુંદર બંગલો હતો અને તેની આસપાસ સુ-શોભીત ફુલઝાડવાળો બગીચો પણ હતો. બંગલો સડકથી સ્હેજ ઉંચા ભાગ ઉપર હતો. તેની નીચેના ઢાળપડતા ભાગ ઉપર બધે ઝાડ હતાં તેથી બંગલો બહુ રળીઆમણો લાગતો હતો. આ બંગલામાં પેસતાં મ્હોટું વિશાળ દીવાનખાનું હતું. અને દીવાનખાનાની બન્ને બાજુએ ઓરડા હતા. દીવાનખાનાની ઉપર એક માળ હતો અને ઓ-રડાની ઉપર બન્ને બાજુએ અગાશીઓ હતી. દીવાનખાનાના પાછળના ભાગમાં ઓશરી હતી અને તે ઓશરીમાં થઇને પાછળ બીજુ મકાન હતું ત્યાં જવાતું હતું. બંગલો ઘણી કીમતી વ-સ્તુઓથી શણગારેલો હતો અને રાજા, રજવાડાના લોકો આવતા ત્હેને તે ભાડે આપવામાં આવતો. આ બંગલો મુંબાઇના એક મ્હોટા શાહુકારનો હતો. બંગલાનું નામ કૈલાસભવન હતું.

આ બંગલામાં હાલ એક ઉત્તર હિંદુસ્તાનના કોઈ રાજાનો કુંવર ઉતરેલો હતો અને હેનું નામ ફત્તેસીંગરાવ હતું. કુંવર આશરે સત્તર અઢાર વર્ષની ઉમરનો હતો. હેનો ચ્હેરો ઘણો ભવ્ય હતો. કપાળ વિશાળ, આંખો મ્હોટી, ભમરો કાળી તથા ધનુસ્યની પેઠે બરોબર વળેલી, નાક પણ તીનુ તથા મુછો પણ હજી ફુટવા માંડી નહોતી છતાં હેના ચહેરાની ખૂબસુરતીમાં કાંઇ ન્યુનતા આવે એમ ન્હોતું. સત્તર વર્ષની યુવાવસ્થામાં તે હતો અને શરીરે પણ ઉંચો તથા ભરાઉ બદનનો હતો તેથી ભવ્ય દેખાતો હતો. કપડાં ઘણાં ખુલતાં પહેરતો અને ગળે રેશમી રૂમાલ એવી રીતે બાંધતો કે તેના બે છેડા છાતી ઉપર પથરાતો પડતા હતા. હેની જોડે પાંચ સાત માણસો પણ હતાં. હેનો કારભારી મારવાડી પોશાક પહેરતો તથા પુખ્ત ઉમરનો હતો.

ફત્તેસીંગરાવ ચાર પાંચ દિવસ થયાં જ મુંબાઇમાં આવ્યો હતો અને આ બંગલો ભાડે રાખી તેમાં રહ્યો હતો. તે બ્હાર ફરવા જતો નહીં. ફક્ત તોપખાના પાસે જ સવાર સાંજ જ્યારે માણસની બહુ હીલચાલ ન હોય ત્યારે નીકળતો. પણ ઘણુંખરૂં

તો બાગની અંદર જ ફરતો. હ્હેનો કારભારી બે ઘોડાની ગાડી, જે ભાડે રાખી હતી તેમાં બેસી વારંવાર બ્હાર જતો તથા જે કાંઈ સરસામાન લાવવો હોય તે સામાન સહીત વ્હેપારીને કૈલાસભવનમાં લઈ આવતો અને કુંવર જે જે પસંદ કરતો તે રાખતો અને તેનાં નાણું તુરત ત્યાંને ત્યાંજ ચુકવી દેતો. કુંવર જીવનો બહુ ઉદાર હતો અને પૈસા પણ બહુ જ ઉડાવતો હતો. હ્હેને બીજી બાબતો ઉપર બહુ શોક નહોતો પણ સાંજના ચાર વાગે એટલે એકાદ વ્હેપારીને માલ લઈ ત્યાં બોલાવે અને પોતાને ગમતો માલ લઈ તુરત જ નાણું ચુકવી દે. વળી પોતાની પાસે કાંઈ નકામો માલ હોય તે લેનાર વ્હેપારીને પાછો આપી તેના નાંણાં પણ કરે. આઠ દસ રોજ સુધી દરરોજ માલ લે તથા પાછો તેમાંનો ઘણો માલ બીજા વ્હેપારીને વેચાતો આપી દે એ પ્રમાણે ચાલ્યું.

એક દિવસે સાંજના પાંચ વાગે કારભારી એક વ્હેપારીને લઇને આવ્યો, તે વ્હેપારીની જોડે એક હ્હેનો વણોતર હતો અને તે એક ન્હાની પેટી લઇને આવ્યો હતો. પેટીની અંદર કીમતી સુનાનાં

ચડીઆળો, હીરા માણેકની વીંટીઓ, સુનાના તથા મોતીના કંઠા વીગેરે આશરે પચાસથી સાઠ હજાર રૂપીઆની કીમતનો માલ હતો. તે પેટી વાણોતર પોતાની પાસેજ રાખતો, ઘડી પણ સુની રહેવા દેતો નહીં. કારભારી, વ્હેપારી તથા વાંણોતર દીવાંનખાનામાં આવ્યા અને વ્હેપારીને તથા વાણોતરને દીવાનખાનાની વચ્ચે ટેબલ પડયું હતું તેની આસપાસ ખુરશીઓ હતી તે ખુરશી ઉપર બેસાડી "હું કુંવરસાહેબને ખબર આપી હમણાં આવુંછું" કહી ત્યાંથી ગયો. થોડીવારમાં કારભારી પાછો આવ્યો. દશ પંદર મીનીટની અંદર કુંવર દીવાનખાનાની પાછળને બારણે થઇને અંદર આવ્યો અને ત્હેની આગળ એક સીપાઈ ચાલતો હતો. કુંવર આવ્યો એટલે વ્હેપારી, વાણોતર તથા કારભારી ઉભા થયા અને રજવાડાની રીત પ્રમાણે નીચા વળી સલામ કરી અને કુંવર એક ખુરશી ઉપર બેઠો અને વ્હેપારીને ત્હેની સામેની ખુરશી ઉપર બેસવા કહ્યું. કારભારી કુંવરની જોડેની ખુરશી ઉપર બેઠો અને વાણોતર ટેબલ ઉપર પડેલી પેટી પાસે ઉભો રહ્યો.

"શું લાવ્યા છો? બતાવો" એમ કુંવરે વ્હેપા-

રીને કહ્યું એટલે વ્હેપારીએ વાંણોતરને પેટી ઉઘાડવા કહ્યું.

"સાહેબ, કાંઇક ઘડીઆળો છે, વીટીઓ છે, બંગડીઓ છે વીગેરે ઝવેરાત છે" એમ કહી બે ત્રણ દાબડીઓ કહાડી ઘડીઆળો કુંવરની પાસે મુકી. કુંવરે એક પછી એક જોઈ તેની કીમત પુછવા માંડી. પણ કીમત તો તેની ઉપર જ લખેલી હતી. ઘડીઆળો પોણોસોથી પાંચસેં સાતસેં રૂપીઆ લગીની ચડતા ઉતરતી હતી.

"કયું બીજલાલ એ ઘડીઆલ તુમકુ પસંદહે?" એમ કહી કુંવરે એક ઘડીઆળ કારભારીના હાથમાં આપી અને બીજી ઘડીઆળ પોતાના હાથમાં લઇને "એ ઘડીઆલ સ્હેજ બ્હોત બડી હે. હમકુંતો જો તુમેરા હાથમાં હે વો પસંદ હે."

"જેસી ખુદાવંતકી મરજી. હેતો અચ્છી લેકીન કુછ આપકી પાસ રખાને જેસી અછી નહી હે. દેખોતો ઇસકી કીમત કયા દેડસો.રૂપીઆકી હે." હાથમાં ચીઠ્ઠી લઇ વાંચીને કારભારીએ જવાબ આપ્યો "આપ ખુદકે બાસ્તે જો ચઇએ તો તો કુછ કીમતી ઘડીઆળ રખના." એમ કરી બીજી બેચાર ઘડીઆળો કડાવી. તેમાંથી બે ઘડીઆળ

પસંદ કરી. તેમાં એકતો પહેલાં કુંવરે પસંદ કરી હતી તે તથા બીજી એક સાડા પાંચસો રૂપીઆની કીમતની રાખી બીજી પાછી આપી; અને તે વ્હેપારીએ ડબીઓમાં મુકી પેટીના એક ખુણામાં મુકી, વીંટીઓ કડાં વીગેરે ઝવેરાત એક પછી એક કહાડી દેખાડવા માંડયું. કુંવર એક વીંટી હાથમાં નાખે, કહાડે અને બીજી નાંખે એમ કરતાં કરતાં બેચાર વીંટી પસંદ પડી તે એક કોરે મુકી કડાં જોવા માંડ્યા. આ પ્રમાણે વ્હેપારી માલ આપે છે, કુંવર જુએ છે અને કારભારીની સલાહ લેછે. એટલામાં એક સીપાઈ ધોળો સુરવાળ પહેરેલો, રાતો ડગલો, છાતીના ભાગ ઉપર કસબથી ભરેલો તથા વચમાં એક બગલોં ચીતરેલો, ખભા ઉપર સુનેરી કસબનાં બે ફુમતાં, માથા ઉપર કસબની કોરથી લપેટેલો ફેંટો બાંધેલો, અંદર આવી કુંવરને સલામ કરી કહ્યું. "ખુદાવીંદ કોઈ એક વેપારી બનીઆ બહાર આયાહે. જો આપકા હુકમ હોવે તો અંદર લાઉ" કુંવરે માથુ હલાવી ત્હેને અંદર બોલાવવા હુકમ કર્યો. થોડીવારમાં તે વ્હેપારી અંદર આવ્યો. સલામ કરી સભ્યતાથી દૂર ઉભો રહ્યો. કારભારીએ વ્હેપારીને તુરત ઓળખ્યો

અને કહ્યું. "શેઠ, કેમ તમારા રૂપીઆને માટે આવ્યા કે?"

"હાજી" વ્હેપારીએ જવાબ આપ્યો, એટલે કારભારી ખુરશી ઉપરથી ઉઠયો અને અંદરના ઓરડામાં ગયો. ત્યાંથી એક ન્હાનો લોખન્ડનો ઇસકોતરો લઇ બ્હાર આવ્યો અને ટેબલ ઉપર મુકી ઉઘાડી તેની અંદરથી એક મ્હોટું પાકીટ કહાડયું અને પાકીટમાંથી નોટોનો થોકડો કહાડી પુછ્યું "શેઠ તમારા કેટલા રૂપીઆ છે?"

"સાહેબ સવાસાતસો."

કારભારીએ સાત સો સો રૂપીઆની નોટો કહાડી અને ન્હાના કટકા ખોળવા માંડયા પણ ફક્ત દશ રૂપીઆની નોટનો એક કટકો નીકળ્યો. પંદર રૂપીઆ રોકડા કહાડી વ્હેપારીને ગણી આપ્યા અને પ્હોચ લખાવી લીધી. રૂપીઆ તથા નોટો લઇ પેલો વ્હેપારી સલામ કરી ત્યાંથી ગયો અને કુંવર તથા કારભારી પાછો સામાન જોવા મંડયા. આ વખત સાંજ પડી ગઇ હતી અને દીવા પણ થઇ ગયા હતા. થોડીવારમાં એક હજુરી પાછળને બારણેથી અંદર આવ્યો, અને ન્હાના રૂપાના પ્યાલા લાવ્યો. એક પ્યાલો કુંવરને તથા બીજો

કારભારીને આપ્યો. બીજો હજુરી બીજા બે પ્યાલા લાવ્યો તેમાંથી એક વ્હેપારીને તથા બીજો વાણોતરને આપ્યો. વ્હેપારીએ ના પાડી પણ કારભારીએ કહ્યું "હું જાતનો વાણીઓ છું તેથી અહીયાં સર્વ મ્હારે માટે જૂદું રહેછે, તેમાં કાંઈ વટાળ જેવું નથી"

આ પ્રમાણે કહ્યાથી વ્હેપારીએ તથા વાણોતરે ચાહ લીધી અને પીવા માંડી. ચ્હા પી રહ્યા બાદ બીજા દાગીના બતાવવા માંડયા. કુંવર એક દાગીનો જુવે તે પસંદ ન આવે તો બીજો લે, કારભારીની સલાહ પુછે અને કારભારીનો તથા ત્હેનો મત એક થાય એટલે તે દાગીનો કોરે મુકે. એમ કરતાં કરતાં ઘણો માલ લીધો. પણ હજુ માલ જોવામાંથી કુંવર પરવાર્યો નહોતો. એટલામાં વ્હેપારી તથા વાણોતરની આંખો ઘેરાવવા લાગી અને થોડી વાર થઈ નહી એટલામાં તો બન્ને જણા નીચે ઢળી પડ્યા. થોડીવાર કારભારી તથા કુંવર તેમના સામું જોઈ રહ્યા અને જ્યારે તેમના મનમાં ખાતરી થઈ કે હવે બરોબર ઘેરાઈ ગયા છે એટલે ટેબલ ઉપર પડેલી ઘંટડી વગાડી. પાછળનું બારણું ઉઘડયું અને બે ત્રણ આશામી એકદમ અંદર આવ્યા.

ટેબલ ઉપર જે સામાન પડયો હતો તે સામાન પેટીની અંદર ઉતાવળથી મુકી પેલા વ્હેપારી તથા વાણોતરને ત્યાંનાં ત્યાં પડતા મુકી બધા એકદમ ત્યાંથી ચાલ્યા ગયા, અને અડધી કલાક નહી થઇ હોય તેટલામાંતો બંગલો સાવ ખાલી થઇ ગયો. બંગલામાં કોઇપણ માણસ ન મળે. અને બંગલો સુનકાર થઇ ગયો.

પ્રકરણ ૫ મું.

ધુતારાની તપાસ.

વાંચનાર ચેતીતો ગયા હશે જ કે આ કુંવર તથા કારભારી કાંઇ ખરા નહોતા પણ માત્રવેષધારી ધુતારા હતા. તેમણે બંગલાનું ભાડું આગળથી જ આપી દીધું હતું એટલે બંગલાવાળાને કાંઇપણ શક લેવાનું કારણ નહોતું, તેમ તેમને તે બાબતમાં કાંઈ નુકશાન પણ નહોતું. પોતાની શાહુકારી દેખાડવા ખાતરજ ભાડું પહેલાં આપ્યું હતું તેમ નહોતું પણ મુંબાઇમાં ગમેત્યાં આપણે મકાન રાખવા જઇએ ત્યાં પહેલા મહીનાનું ભાડું તો અગાઉથીજ લેવાનો ધારો છે. બંગલામાં બંગલો જાળવનાર એક ભૈયો રહેતો હતો. ત્હેના જાણવામાં પણ નહોતું આવ્યું કે આ આવા ધુતારા છે. બધો ઠાઠ રજવાડાના જેવો જ રાખતા. માણસો કુણસો, ગાડી ઘોડા પણ જોઇએ તથા રાજાને છાજે તેવાં જ રાખતા. પણ શા માટે ન રાખે ? ક્યાં તેમને પરસેવો ઉતારવા જવું હતું ? હરામનું મળતું હોય અને વળી ધંધો જ એવો કરવો હોય ત્યારે કશી

બાબતમાં શામાટે ખામી રાખે ?

બંગલામાં કોઇ આવજા કરતું નહીં, કોઇ બોલતું નહીં તથા આજ લગણુ જે ધામધુમ અને ગડબડાટ થતો તે એકાએક બંધ થઇ ગયો તેથી ભૈયાના મનમાં થયું કે આજ ક્યમ કોઇ બોલતું ચાલતું નથી. જે ઉપરથી તે બંગલા ભણી ગયો અને દીવાનખાનામાં ગયો તો દીવાનખાનાનાં બારણાં ઉઘાડાં પડેલાં. ઝુમરમાં ગ્યાસનો દીવો ઝગઝગાટ બળતો હતો; અને ટેબલ પાસે બે માણસ શબવત પડેલાં હતાં તે જોઇ ભૈયોતો બહુ ગભરાયો "આ શું! આ બે માણસ અહીંયાં પડ્યાં છે અને બીજુ કોઈ માલમ પડતું નથી. શું થયું" એમ કહી આજુબાજુના ઓરડામાં જોયું તો ત્યાં પણ કોઈ નહીં. પાછળના મકાનમાં ભૈયો દોડતો ગયો તો ત્યાં પણ કોઇ ન મળે. "આ શું! બધા કેમ એકદમ અહીયાંથી ન્હાશી ગયા?" એમ બોલતોબોલતો પાછો દીવાનખાનામાં આવ્યો. પેલા બે માણસનો જોયાં ત્યારે તે મરી ગયાં હોય તેમ ત્હેને લાગ્યું. ભૈયો તો બહુ ગભરાયો. હમણાં આણી તરફથી કોઇ દોડી આવશે કે પેલી તરફથી કોઇ દોડી આવશે અને પાસે પડેલા માણસની પેઠે પોતાને પણ

કોઇ મારી નાંખશે એવી દેસત લાગવા માંડી. પેલા પડેલા માણસોને તે ઢંઢોળવા મંડયો પણ તેઓ બીલકુલ જવાબ પણ દે નહીં. શ્વાસ ચાલતો હતો તેથી તે મરી ગયાં છે, એ શક તો દૂર થયો પણ ઘેનની અંદર પડેલાં હતાં. પાછળના મકાનમાં જઇ પાણીનો એક ઘડો લઇ આવ્યો અને બંનેના મ્હો ઉપર પાણીની છાલકો મારવા માંડી. પાંચ દશ મીનીટમાં તેઓ હાલવા મંડ્યા. પણ તેમની આંખ ઉઘડે નહી તથા બોલાય પણ નહીં. થોડી વાર થઇ ત્યારે પેલો વ્હેપારી જાણે ઉંઘમાંથી ઉઠયો હોય તેમ આંખો ચોળતો ચોળતો બેઠો થયો પણ પાછો બેસતાં બેસતાં ઢળી પડયો. નીશાનું જોર હજી ઓછું થયું નહોતું. બેએક ઘડા પાણી ભૈયાએ પેલા લોકો ઉપર નાંખ્યું પણ હજી બીલકુલ સળવળતા પણ નહોતા. તેથી ત્હેને બ્હીક લાગી કે વખતે આમનેઆમ તેઁ લોકો મરી જશે તેથી બંગલાની દરકાર ન કરતાં આસપાસ કોઇ પોલીસ-નો સીપાઇ હોય તો ત્હેને ખબર આપવા દોડયો. અડધી કલાક થઇ પણ ભૈયો પાછો આવ્યો નહીં. બંગલો સાવ ખુલ્લો પડેલો તથા ત્હેની અંદર શબવત બે માણસો શીવાય બીજું કોઇ ન મળે. થોડી

વારમાં ભૈયો તથા પોલીસના બે સીપાઇ આવ્યા. પેલા માણસોને જોયા અને ભૈયાએ હકીકત કહી પણ ભૈયાને ખબર નહોતી કે આ બે માણસો કોણ છે! બે પોલીસના સીપાઇમાંથી એક કોન્સ્ટેબલને બોલાવવા દોડયો અને એક ત્યાં રહ્યો.

ભૈયો બંગલામાં બધે પાછો આંટા મારવા ગયો પણ બંગલાના ફરનીચરમાંથી તો તે લોક કશુ લઇ ગયા નહોતા અને બંગલામાં તેમનું કશુ મુકી પણ ગયા નહોતા. અડધી પોણી કલાકમાં ચાર પાંચ સીપાઇ, કોન્સ્ટેબલ તથા એક દાક્તર ત્યાં આવ્યા. દાકતરે પેલા માણસોને જોયા અને કહ્યું તેમને ફક્ત નીશો છે પણ તેથી કાંઇ દેસત રાખવા જેવું નથી. એક સીપાઇને એક ચીઠ્ઠી લખી આપી દવા લેવા મોકલ્યો અને કોન્સ્ટેબલ વીગેરે ભૈયાને લઇ બધા બંગલામાં તપાસ કરવા લાગ્યા. પણ બંગલામાં ધુતારાનો પત્તો લાગે એવી કાંઇપણ નીશાની ન હતી. જોતાં જોતાં એમ માલમ પડયું કે તે લોકો પાછળને ભાગે થઇને નાશી ગયા છે પણ બંગલાની બહાર તપાસ કરતાં તે લોકો કેણીતરફ ગયા તેની બીલકુલ ખબર પડી નહીં. ભૈયાને તે લોકોની હકીકત પુછતાં તે જાણતો હતો તેટલી જાહેર કરી.

થોડી વારમાં સીપાઇ દવા લઇને આવ્યો. અત્યારે રાતના દસ વાગવાનો અમલ થયો હતો અને નીશો આપે ત્રણ સાડાત્રણ કલાક થયા હતા એટલે નીશો પણ ઉતરવા માંડયો હતો. છતાં ઉપરથી વળી દવા પાઇ એટલે અડધી કલાકમાં પેલો વ્હેપારી શુદ્ધિમાં આવ્યો. શુદ્ધિમાં આવતાંજ આસપાસ જુએ તો કુંવર કે કારભારી કોઇને જોયા નહી. પણ પોલીસના માણસોને જોયાં તેથી ત્હેના પેટમાં ફાળ પડી અને બુમ પાડી કે "ઓ બાપરે, સાળા ધુતારા ધુતી ગયા," પણ કોન્સ્ટેબલે ત્હેને ધીરજ આપી અને શાંન્ત કર્યો. થોડીવારમાં પેલો વાંણોતર પણ શુદ્ધિમાં આવ્યો.

વ્હેપારીને બધી હકીકત કહેવા કહ્યું અને ત્હેણે બધી હકીકત પહેલેથી છેલ્લે સુધી કહી. અને તેમાં ત્હેણે પાંસટહજાર રૂપીઆના દાગીના હતા તેપ્રમાણે જણાવ્યું. વીકટોરીયા મંગાવી તેમાં વ્હેપારી તથા ત્હેના માણસને બેસાડી તેમને ઘેર મોકલ્યા. અને આવતી કાલે દસ વાગે પોલીસ કોર્ટમાં આવવા તેમને કહ્યું. પોલીસ ધુતારાની તપાસમાં પડી. પણ મુંબાઇ જેવા મ્હોટા શહેરમાં ક્યાં પત્તો લાગે.

બીજે દિવસે વ્હેપારીની, વાણોતરની, ભૈયાની તથા જે શેઠનો બંગલો હતો તે શેઠના જે માણસ મારફત એ બંગલો ભાડે આપવામાં આવ્યો હતો તે બધાની જુબાની લીધી. એક દિવસ ગયો બે દિવસ ગયા પણ ગએલા માલનો બીલકુલ પત્તો લાગ્યો નહીં.

પ્રકરણ ૧૬ મું.

દયાશંકર તથા કમળા.

ઘણો વખત થયાં આપણે દયાશંકર તથા કમળાને તો વિસારી દીધાં છે. લગ્ન થયા બાદ તે કેવી રીતે રહે છે તથા તેમની સ્થિતિ શી છે તે આપણે બીલકુલ જોયું નથી. દયાશંકર આગળ કહી ગયા તેમ એલ. એલ. બીનો અભ્યાસ કરે છે. અને હવે પરીક્ષા પાસે આવી છે તેથી રાત દિવસ તેની અંદરજ મંડયો રહે છે.

કમળા આ વખત ભરયુવાવસ્તામાં છે. જોબન રૂપી ઉભરો છલકાઇ જાય છે અને હેની કાંન્તી દિવસે દિવસે મનોહર થતી જાય છે. પતિ પત્નિ વચ્ચે ઘણોજ સ્નેહ છે. એક બીજાં અરસપરસ સ્નેહની ગાંઠમાં એવાં ગુંચવાઇ ગયાં છે કે કોઇ વખતે પણ તેમના બેમાંથી એકેને દીલગીર થવા કારણ મળતું નથી. લગ્ન થયા પહેલાંજ એકબીજાની પ્રિતિ જોડાઈ ગઇ છે અને જેમ જેમ દિવસ જતા જાય છે તેમ તેમ સ્નેહરૂપી રેશમની ગાંઠ સખત પડતી જાય છે, અને વળી તેની અંદર સુખ

રૂપા તેલનું ટીપુ પડતાં તે ગાંઠ મજબુત થાયછે. પોતાના પતિને આપ કમાઇથી પૈસો પેદા કરવાના દિવસો પાસે આવતા જોઈ તથા વિદ્યાની અંદર પણ પોતાનો પતિ બ્હાદુરીથી અને હોંશીઆરીથી આગળ વધતો જાય છે તે જોઇ તે ઘણો આનંદ પામતી અને ભવિષ્યમાં આથી પણ વીશેષ સુખ મળશે એવી આશામાં તે મગ્ન રહેતી. આ પતિ પત્નિ વચ્ચે જેવો પ્રેમ છે તેવો પ્રેમ આપણા હીંદુમાંતો કવચીતજ જોવામાં આવે છે. પ્રેમ એ શું છે તેનો તો આપણુને ખ્યાલ પણ નથી. કયાંથી હોય. આપણા રીવાજો જ એવા છે કે તેનું જડ મુળથી છેદન જ થાય. જ્યાં પ્રિતિ એ શું છે તેનો વિચાર પણ ન આવ્યો હોય ત્યાં તો લગ્ન થાય અને રહેજ પ્રિતિનો, આસપાસની ચીજો ઉપરથી કે બીજાના અનુભવ ઉપર કાંઇ ભાસ થવા માંડે અને પ્રિતિરૂપી કળી ફુટવાનો વખત આવે ત્યાં તો લાકડેમાંકડુ વળગાડી દેવામાં આવે. ભાગ્યજોગે જો જોડુ સારૂં નીવડે તોતો કાંઇક પણ પ્રિતિનો લ્હાવો મળે, પણ જો તેમ ન થાય તોતો પ્રિતિરૂપી કુમળી કળી કરમાઇને ખોખુ થઇ જાય, પણ તેનું ખીલીને ફુલ થવા વારો તો આવેજ

નહીં. દરેક રીતે સંપુર્ણ પ્રિતિરૂપી ખીલેલુ ફુલ તો કવચીતજ જોવામાં આવે. વાતોમાં તથા કવીતાઓમાં તો તેને કવીઓ અનેક અલંકાર આપે છે પણ તે અલંકારમાંનો એક અંશ પણ આપણા સમુદાયમાં તો જોવામાં આવતો નથી. ચોપડીઓ વાંચી ફક્ત પ્રિતિ શું છે તેજ જાણવાનું રહ્યું છે પણ ખરી ચાલતી દુનિઆની રીતમાં તો તે જોવામાં આવતું નથી. અરે, શું આપણે તો એવા ભાગ્યશાળી થવાના જ નથી ? આપણે ખરી પ્રિતિનો લ્હાવો લેવા વખત આવવાનો જ નથી ! બીજા દેશની વાતો વાંચી તથા બીજા દેશના લોકોની રીતો જોઇ ખરેખર આપણને તેમની અદેખાઇ આવે છે. આપણામાંતો પરણવું શા માટે તેનો વિચારજ જુદી જાતનો છે. ઘરનું કામકાજ કરવા તથા ફક્ત વસ્તી વધારવાનો જ લગ્નનો હેતુ છે. રીતી પણ તે જ હેતુની છે અને જોવામાં પણ તે જ આવે છે. ખરેખર બીજી રીતીમાં બીજા લોકો ગમે તેવા હશે તથા તે રીતીથી બીજા ગમે તેવા ગેરલાભ થતા હશે પણ એક વાત તો સીદ્ધ છે કે પ્રિતિનો ખરો લ્હાવો જે પ્રમાણે તે લોકો લે છે તે પ્રમાણે આપણને સ્વપ્નુ પણ આવતું નથી.

કમળા એક દિવસ સાંજે પોતાની સાસુ પાસે બેઠી બેઠી એક ચોપડી વાંચેછે, સાસુ બીજી તરફ બારી પાસે ખુરશી નાંખી બેઠી છે તેવામાં દયાશંકર બહારથી આવ્યો. કમળાએ ત્હેને આવતાં જોયો પણ પોતાની સાસુ ત્યાં બેઠીછે તેથી ત્હેની પાસેથી ક્યમ ઉઠાય! ઉઠે તો વખતે સાસુને ખોટું લાગે. પણ સાસુ બિચારી વહુ પાસે એવી ઘેલી શરમ પળાવતી નહોતી, છતાં ત્યાંથી એકદમ ઉઠી પોતાના ઓરડામાં જવું ત્હેને ઠીક લાગ્યું નહીં. થોડીવાર ત્યાં બેઠી એટલે સાસુએ જ "દયાશંકરને કાંઈ જોયતું હશે માટે ખબર કહાડી આવો" કહ્યું.

કમળાને તો એટલુંજ જોયતું હતું. તે ત્યાંથી ઉઠી અને પોતાના ઓરડામાં ગઈ. દયાશંકર બ્હારીએ ઉભો હતો તેથી કમળા અંદર આવી તે ત્હેને ખબર નહોતી. તે તો બ્હારીએજ ઉભો ઉભો બ્હાર રસ્તા ઉપર કાંઈ જોતો હતો. ત્યારે કમળાએ ધીમેથી નમ્રતા પૂર્વક તથા સ્હેજ હસીને કહ્યું. "આજ કાંઈ અમારા સામુએ જોતું નથી કે?"

દયાશંકરે આ સાંભળી બ્હારીએથી પાછું ફરી જોયું તો બારી પાસે પડેલા ટેબલને અઢેલીને કમળા ઉભીછે. કમળાને જોઈ તે બ્હારી પાસેથી

કમળા પાસે આવ્યો અને ત્હેનો હાથ ઝાલીબન્ને જણાં હીંડોળા ઉપર જઇને બેઠાં. એક બીજાં પ્રિતિથી સામ સામુ જોઈ રહ્યાં પણ શું બોલવું તે પ્રિતિના ઉભરાથી સમજાતું નહીં. દયાશંકરે પુછ્યું "બા પાસે કોઈ છે કે એકલી ત્હેને મુકીને તમે ચાલ્યાં આવ્યાં?" "ના છે તો કોઈ નહીપણ તેમણેજ મ્હને કહ્યું કે તમે ત્યાં જાઓ. કાંઈ જોયતું કરતું હશે."

"મ્હારે તો કાંઈ જોયતું નથી, હવે ત્યારે તમે ત્યાં જાઓને?" દયાશંકરે હશીને કહ્યું.

"હવે જઇએ છીએ, ત્યાં તો અત્યારસુધી એકાંતાંજને, પણ તમે તો આખા દિવસમાં અત્યારે આવ્યા તે લગાર તો તમારી પાસે બેસવા દો.!"

"પણ ત્હેને ખોટું નહી લાગે!" દયાશંકરે કહ્યું.

"ના ના એમણેજ મ્હને અહીંયાં મોકલીછે અને ખોટું શેનું લાગે! હું તો ઈશ્વર પાસે એટલું જ માગુંછું કે તમારા જેવો પતિ, બા જેવી સાસુ, બેન જેવી નણંદ, અને ભાઈ જેવા સસરા ભવોભવ આપજો. કોઈ દિવસ કોઇએ મ્હને અત્યાર સુધી ઉંચો અક્ષર પણ કહ્યો નથી. તે મ્હને છોકરી પ્રમાણે રાખેછે એ કાંઈ ઓછું સુખ! ઈશ્વર

બધાંને આવું સુખ આપે તો કેવું સારૂં." કમળાએ હસતે હસતે તથા નમ્રતાથી કહ્યું.

"સાસુ તથા નણંદનું તો તમેજ સારૂં બોલોછો. સુધામુખી તો જ્યારે ત્યારે ત્હેની નણંદની અવગણનાજ કર્યા કરેછે." દયાશંકરે જવાબ દીધો.

"મ્હારે કાંઈ સાસુ નણંદ તથા આ પતિ–" એમ કહી ત્હેની કોટે બાઝી પડી અને તેના ગાલ ઉપર એક બચ્ચી કરી. "કાંઈ થવોછે! મ્હારે શું દુ:ખછે તે હું અવગણના કરૂં. તે બિચારીને ત્હેની નણંદ બહુ હેરાન કરતી હશે, તે કહે પણ ખરી! પણ મ્હારે ક્યાં કંઈ કહેવા જેવુંછે, શી વાત કે વહુ એમ બધા જાણેછે અને વળી તેમાં તમે તો બીલાડાની પેઠે વહુ વહુજ કર્યા કરો ત્યારે મ્હારે શું કરવા કાંઈ કચવાવવું જોઈએ!" કમળા હસતી હસતી બોલી.

"વારૂ, બીલાડા તો ઠેરાવ્યાને." કમળાના વાંસા ઉપર વ્હાલથી એક લપડાક મારીને કહ્યું.

"પણ મ્હે ક્યાં બીલાડા કહીને ગાળ દીધી છે. તમે વહુ વહુ કરો તે કહીએરતો! અમને એવું આવડ્યું એટલે એવું કહ્યું."

આ પ્રમાણે એક બીજાં વાતો કરતાં, લાડ ક-

રતાં, મશ્કરી કરતાં અને પોતાનો વખત સુખ-શાન્તિમાં નીર્ગમન કરતાં હતાં. બે જણા સાથે બેસતાં ત્યારે એક બીજાને પાસેથી ઉઠવાનું મન પણ થતું નહીં. અને જેટલો વખત તેઓ પાસે રહેતાં તે તેમને ઓછોજ લાગતો.

કમળા આ વખતે ઓગણીશ વર્ષની ભરયુવાનીમાં હતી, ત્હેને એક છોકરી થઈ હતી પણ પાંચ સાત મહીનાની થઈ તે મરી ગઈ હતી અને ત્યાર બાદ ત્હેને બીલકુલ ફરજંદ થયું નહોતું. કમળા ઉપરની વાત થયા બાદ પાંચ દિવસ પછી ત્હેની માશી જે ભોઈવાડામાં રહેતી ત્યાં એક દિવસ સાંજે જમવા ગઈ હતી. ત્હેનો માસો મ્યુનીસીપાલીટીમાં નોકર હતો. ત્હેની માશીને બે છોકરી તથા એક છોકરો હતો. કમળા ઘણું ખરૂં ત્હેની માશીને ત્યાં જતી. જે દિવસે તે જમવા ગઈ તે દિવસ કાંઈ કારણસર જમવાની વાર થઈ ગઈ હતી તેથી રાત્રે દસ વાગ્યે તે ત્હેની માશીને ઘેરથી પોતાને ઘેર જતી હતી. સાથે ત્હેની જોડે ત્હેની માશીનો ઘાટી હતો. રાતના દસ વાગ્યા હતા અને ત્હેની માશીના ઘરની બ્હાર નીકળ્યા બાદ એક સાંકડી ગલી હતી તેની અંદર દીવાનું પુરૂ અજવાળુ પણ પડતું ન-

હોતું. આગળ કમળા અને પાછળ હ્હેનો ઘાટી એ પ્રમાણે ચાલ્યાં જતાં હતાં અને હજુ ગલીની બ્હાર નીકળ્યાં પણ નહોતાં તેટલામાં પાછળથી બે માણસ ઉંચા, જાડા તથા બીહામણા આવી પેલા ઘાટીને એક લાકડી મારી, તે ઉપરથી ઘાટી તમરી ખાઇને નીચે પડયો. એક જણે આવી પાછળથી કમળાના મ્હો ઉપર એક કપડુ નાંખી દીધું અને કહ્યું "જો બુમ મારી તો આ લાકડીથી ત્હારા પ્રાણ નીકળી જશે" એમ કહી મ્હોટો જાડો ધોકો ઉગામ્યો. કમળા તો બિચારી ભયભીત થઈ ગઈ હતી તેથી બોલવાનું ભાન પણ નહોતું. કમળાની આંખ ઉપર એક રૂમાલ બાંધી લીધો કે તે દેખી શકે નહી તથા ત્હેનું મ્હો એક જણે પોતાના હાથથી દબાવી દીધું હતું. તે બિચારીને બે જણાએ ઉપાડી ગલીના મ્હો પાસે એક સીગરામ ઉભુ હતુ તેની અંદર નાંખી દીધી અને એક જણ ત્હેની જોડે અંદર બેઠો અને બીજો હાંકનારની જોડે બેઠો અને બારણાં બંધ કરી દીધાં. તુરત ગાડી જોરભેર ત્યાંથી ચાલવા માંડી. અંદર જે માણસ બેઠો હતો ત્હેની પાસે એક પીસ્તોલ હતી અને તે હાથમાં લઈ કમળાને કહ્યું "જો બુમ

મારીછે અથવા કાંઈ ગડબડાટ કર્યો છે તો આ પીસ્તોલથી ત્હારા પ્રાણ લઈશ." ત્હેની આંખે રૂમાલનો પાટો બાંધ્યો હતો તેથી પીસ્તોલ તો ત્હેનાથી દેખાઈ નહી પણ ત્હેના લમણા ઉપર પીસ્તોલની નળી અડક્યાથી ત્હેના મનમાં ખાતરી થઈ કે "ધમકી કાંઈ ખોટી નથી. તેથી તે બિચારી મુગી મુગી ગાડીના એક ખુણામાં પડી રહી અને ગાડી જોર ભેર સડક ઉપર દોડી જતી હતી.

થોડીવાર પછી પેલો ઘાટી શુદ્ધિમાં આવ્યો અને ઉભો થયો પણ આસપાસ કોઇને દીઠું નહીં. તે ત્હેના શેઠ પાસે દોડતો ગયો અને અને બનેલી હકીકત કહી. કમળાના માસા ધીરજલાલને બનેલી હકીકત કહેવા દોડ્યા, અને બન્ને ઘરમાં કળકળાટ થઈ રહ્યો. દયાશંકર પોલીસમાં જાહેર કરવા ગયો

પ્રકરણ ૧૭ મું.

પ્રભાકર તથા મોહનગૌરી.

પ્રભાકર બે ત્રણ વખત મુંબાઇ કેસના કામ માટે આવી ગયો હતો અને જ્યારે આવતો ત્યારે વનરાવનદાસને ત્યાં મળવાને માટે જતો. દિવસે દિવસે વનરાવનદાસની જોડે મિત્રતા ગાઢી થવા માંડી. વનરાવનદાસ કેવો છે તેનો ખરો ખ્યાલ હજુ પ્રભાકરને હતો નહી. તે તો બ્હારના ગુણો ઉપરથી તથા દેખાવ ઉપરથી એમ જ માનતો કે વનરાવનદાસ ઘણો જ સારો, નમ્ર તથા માયાળુ છે પણ માંહિના ગુણ તો મ્હાદેવજી જાણે. ઉપરનો દેખાવતો શેઠ એવો રાખતા કે કોઇ અજાણ્યો માણુસ છેતરાયા વગર રહે નહીં, કલબોમાં આવવું જવું, શેઠ સાહુકારોમાં બેસવું ઉઠવું તથા ઝાહેર સભાઓ, મંડળીઓ તથા મિત્રોમાં હળવું મળવું એમાં કાંઈ શેઠ ભૂલતા નહીં. અને ફક્ત તે પોતાના અંદરના ગુણો છુપાવવાને માટે જ કરતા. દુનિયામાં બધે સારા સારા ગણાતા, ઉપરથી તો ખાસા ઇંદ્રવરણાના ફળ જેવા રૂડા રૂપાળા હતા,

અને અંદરથી તો કડવા ઝેર જેવા હતા. પણ આ બધી બાબતોથી પ્રભાકર સાવ અજાણ્યો હતો.

એક દિવસે બપોરે ત્રણ વાગ્યાને સુમારે પ્રભાકર વનરાવનદાસને બંગલે ગયો અને દીવાનખાનામાં પેઠો તે વખતે શેઠાણી ટેબલ પાસે ખુરશી ઉપર બેઠાં બેઠાં રૂમાલ ગુથતાં હતાં. પ્રભાકરને આવતો જોઈ શેઠાણીના મનમાં અત્યંત હર્ષ થયો. પ્રભાકરે શેઠાણીને પુછ્યું. "શેઠ શું કરછે?"

"તેતો હમણાં દસ પંદર મિનિટ ઉપર જ મીલમાં ગયા"

"ત્યારે શેઠ આવે ત્યારે મ્હેરબાની કરી કહેજો કે હું અહીંઆં આવ્યો હતો" આટલું કહી પ્રભાકર દીવાનખાનામાંથી પાછો ફરતો હતો તેવામાં શેઠાણીએ કહ્યું."

"શેઠ તમને કાંઈ ઇંગ્રેજી કાગળ આપવાનું કહી ગયા છે અને તે પેલા ઓરડામાં તીજોરીમાં છે અને તે ઇંગ્રેજીમાં લખેલા છે તેથી મ્હને સમજણ પડશે નહી, માટે તમે તેમાંથી જે જરૂરના હોય તે તમારી મેળે લઈ લ્યો."

પ્રભાકર શેઠાણીની પાછળ ઓરડામાં ગયો. પ્રભાકર તથા શેઠાણી ઓરડામાં ગયાં એટલે શેઠા-

ણીએ ઓરડાનું બારણું આડું કર્યું અને ઓરડામાં વચ્ચે એક ટેબલ હતું તેની પાસે પ્રભાકર જઇને ઉભો એટલે શેઠાંણી ત્હેના સામાં આવીને ઉભાં.

શેઠાંણી દેખાવમાં ખુબસુરત હતી. ત્હેનું કપાળ વિશાળ હતું અને કપાળની અંદર બન્ને ભમરોની વચ્ચે, પણ ભમ્મરથી સ્હેજ ઉંચે એક ઝીંણો કંકુનો ચાંલ્લો કર્યો હતો. ભમ્મર કાળી તથા બરોબર વાંકદાર હતી. અને બન્ને છેડા અણીદાર હતા. આંખપણ ઘણીજ નમુનદાર હતી અને તેની અંદરની કીકી પોપચામાં અડધી ઢંકાએલી રહેતી અને તેથી કરી મદથી ભરપુર લાગતી. નાક પણ લાંબુ, તીનું હતું અને હોઠ પણ નાજુક હતા. હાથ, છાતીનો ભાગ, ખભા વીગેરે શરીરનાં અવયવો શરીરના બરોબર પ્રમાણમાં હતાં. ખરેખર આવી સ્ત્રીને જોઈ મુનિવરનું પણ મન ચળ્યા વગર રહે નહીં આવી. રંભા જેવી સ્ત્રીને છોડી શેઠ બીજી અન્યવર્ણ ઉપર ક્યમ મોહિત થયા હશે? વળી હવે તો તેમણે મર્યાદા છોડી હતી, પણ કામ એજ અંધ છે. ઇંગ્રેજી એક કવિએ કામનો ચિતાર આબેહુબ આપ્યોછે. તેમાં એક સુંદર સ્ત્રીને ગધેડા જોડે પ્યાર કરાવ્યોછે. તો ખરે-

ખર કામી પુરૂષ યા સ્ત્રી કહોની જોડે પ્યાર કરે છે તેનું તે વખત ભાન રહેતું નથી. શેઠાણીએ ખુલ્લા ગુલાબી રંગની રેશમી સાડી પ્હેરી હતી; અને સાડીની કોર ઉપર સુશોભિત રેશમી રંગીન કોર હતી. આ વખતનો શેઠાણીનો દેખાવ જોઈ વજ્ર જેવું હૈયું પણ પીગળ્યા વગર રહે નહીં. શેઠાણી સામી ઉભી છે. પ્રભાકર ત્હેના સામુ ટગર ટગર જોયાં કરે છે અને વિચારમાં લીન થઈ ગયો છે કે શેઠાંણી હજી ઉભાં કેમ રહ્યાંછે અને તીજોરી ક્યમ ઉઘાડતાં નથી. શેઠાંણી પણ ઘડીકમાં પ્રભાકર સામુ જુએ, ઘડીકમાં નીચુ જુએ અને ઘડીકમાં નીસાસો નાંખે પણ મ્હોમાંથી શબ્દ નીકળે નહીં. શું બોલવું તેનો વિચાર થાય. ઘડીકમાં પ્રભાકરને અંદર લાવી તેને માટે પસ્તાવો થાય અને ત્હેને પાછી રજા આપવા મન ખેંચાય. કાંઈ પણ દુષ્ટ કામ કરતાં પહેલાં મન હમેશાં આંચકો ખાય છે. પણ દુષ્ટ કર્મ કરવાવાળા તો મનની તે લાગણીને દબાવી પોતાનું કાર્ય સાધવા તરફજ લક્ષ રાખે છે.

શેઠાંણી એ મનની ઉપર દર્શાવેલી લાગણીને દબાવી દઈ કહ્યું, પણ કહેતાં કહેતાં કંઠ જાણે ઝંલાઇ

જતો હોય તેમ સામા માણુસને લાગ્યા વગર રહે નહીં. ત્હેણે કહ્યું. "પ્રભાકર ખુરશી ઉપર બેસો."

પ્રભાકરે પાસે પડેલી ખુરશી લીધી. અને તેની ઉપર બેઠો એટલે શેઠાંણી બીજી ખુરશી લઈ ત્હેનાથી સહેજ દૂર બેઠી અને કહ્યું. "પ્રભાકર મ્હારે તમને એક વાત કહેવીછે, પણ તે તમને બહુ અજાયબી ભરેલી લાગશે અને તમને બહુ આશ્ચર્ય થશે; પણ કાંઈ નહીં. સાંભળો હું કહુંછું"—આ પ્રમાણે શેઠાણી બોલી પ્રભાકર સામુ ટગર ટગર જોઈ રહી, અને જેમ જેમ તે ત્હેના સામુ જોતી તેમ તેમ ત્હેના મનની અંદર ઘણાજ વિચિત્ર વિચારો આવવા માંડયા. પણ તે શું અને કેવા વિચારોછે તે ત્હેનાથી સમજી શકાતું નહીં. મનની અંદર બહુ મુઝાતો અને એમ થતું કે રખેને કોઈ બારણું ઉઘાડી અંદર આવે. ત્યાંથી ઉઠવાને વિચાર કરતો પણ પગ બેઠાતો ત્યાંથી ઉપડતો નહીં. પ્રભાકર શેઠાંણીના શું વિચારોછે તે જાણુવાને ત્હેની તરફ વારંવાર જોતો પણ કાંઈ કળી શકાતું નહીં. શેઠાંણીના મ્હો ઉપર ઘડીકમાં લાલ સુરખી આવે અને પાછી ઘડીકમાં લય થઈ જાય. શેઠાંણી કાંઈ બોલવા જાય પણ બોલાય નહિ અને હોઠ હાલ્યા

કરે. પણ આખરે મનની અંદર ઘણીવાર મુઝાયા બાદ હીમત્ત ધરીને શેઠાણીએ કહ્યું, પણ તે શું બોલે છે, ખરૂં બોલે છે કે ખોટું બોલે છે તેનું પણ બરોબર ભાન નહોતું, " પ્રભાકર! જ્યારે કોઈ પણ ઉંચા કુટુંબની, શાહુકારની તથા સારી રીતે ઉછરેલી એક યુવાન સ્ત્રી તમારી જોડે આમ એકાંતમાં હોય, અને વળી ત્હેના મનમાં અનેક ઉછાળા આવતા હોય તો તે સ્ત્રી માટે તમે શું વિચાર કરો !"

પ્રભાકર તો આ વાત સાંભળી સ્તબ્ધજ થઈ ગયો, અને તે શું કહેવા હવે ઇચ્છા રાખે છે તે પણ ચેતી ગયો. પણ ત્યાંથી ચાલ્યા જવાની ત્હેને હીંમત્ત ચાલતી નહોતી તથા ત્હેને શું જવાબ દેવો તે પણ સુજતું નહોતું.

"પ્રભાકર, તમને મ્હારૂં કહેવું બહુજ ગુહ્ય લાગે છે અથવા તો તમને બહુ આશ્ચર્ય થાયછે કે આ શું બોલેછે. પણ મ્હે તમને એવું હજી શું પુછ્યું છે કે આમ સ્તબ્ધ થઈ જાઓછો ? બોલતાં બોલતાં શેઠાણીના મ્હો ઉપર જુસ્સો આવ્યો, અને ત્હેની આંખની કીકીની અંદર આનંદ નાચી રહ્યો હતો. ત્હેના મ્હો ઉપર રાતી સુરખી આવી ગઈ,

ત્હેનું શરીર કંપવા માંડ્યું, અને છાતી ધબકવા લાગી અને એટલા જોરથી ધબકતી હતી કે તે ઉંચી નીચી થતી સાફ જણાઈ આવતી. "તુમે ખુલ્લે ખુલ્લી રીતે તમારો વિચાર જણાવો, તેમાં શરમાવાનું શું છે!"

પ્રભાકરે થોથવાતે થોથવાતે પોતે શું બોલે છે તે જાણ્યા શીવાય ત્હેને કહ્યું. "શેઠાંણી, મોહનગૌરી તમે મ્હને શું પુછોછો તથા તમારા મનમાં શું છે તે મ્હારાથી સમજી શકાતું નથી."

"નાના, એમ કયમ હોય, તમે બધુ સમજોછો અને જાણી જોઈને ઢોંગ કરોછો," શેઠાણીએ ત્હેને કહ્યું. "મ્હારા સામું ટગર ટગર શું જોયાં કરોછો, પણ હું કેવી કે તમારા મનનીજ વાત મ્હેં તમને કહીછે?"

"હું તમારૂં કહેવું ખરેખરી રીતે સમજી શકતો નથી" પ્રભાકર ગભરાતે ગભરાતે બોલ્યો. "માટે મ્હેરબાની કરી તમે શું કહેવા માગોછો તે ખુલ્લે ખુલ્લું કહી દ્યો, તો મ્હારૂં મન શાન્ત થાય."

શેઠાંણીએ ધીમેથી અને શાંતતાથી કહ્યું. "ખરેખર તમે મ્હારૂં કહેવું સમજી શકતા નથી? વારૂ ત્યારે તમે સારાં સારાં કપડાં પહેરી, ઠાઠમાઠ મારી

બ્હાર નીકળો અને મ્હારા જેવી ભોળી સ્ત્રી તેથી ભોળવાઈ જાય તેમાં કહોનો દોષ? શરીરે દેખાવડા, કામકાજમાં કુશળ અને જેની જોડે વાત કરો ત્હેની જોડે છૂટાથી બોલવું, રીતભાત પણ પસંદ કરવા જેવી, અને એકેક શબ્દ જે તમારા મ્હોંમાંથી પડેછે તે સાંભળનારના કાનને મધુર તથા મનહરછે. તો સામાના મન ઉપર તેની અસર થાય તેમાં સામા સાંભળનાર, તથા જોનારનો શો દોષ?"

પ્રભાકર તો આ સાંભળી દિગ્મુઢ બની ગયો. તે ગભરાઈ ગયો. અને કુદરતે ત્હેને એવો બનાવ્યો તેમાં ત્હેનો દોષછે તે સાંભળી મનમાં મુંઝાવવા લાગ્યો. શું બોલવું, તથા શું જવાબ દેવો તેની સમજ પડે નહીં. સ્ત્રી જાતિ આટલી છૂટથી બોલે તે ત્હેણે આજજ સાંભળ્યું તેથી આશ્ચર્ય થતો હતો. બોલવાને માટે બહુ મ્હેનત કરતો પણ મ્હો ઉઘડી શકતુંજ નહોતું. શેઠાણી આ તમાશો ઉભી ઉભી જોતી હતી અને મનમાં કહેતી કે જો ઇચ્છાથી નહિ તો બળથી પણ તે મ્હારે સ્વાધીન થશે. અને તેમાં આનંદ માનતી હતી. આગળ એક પગલું ભરી શેઠાણી બોલ્યાં "પ્યારા પ્રભાકર."

"પ્યારા પ્રભાકર" આ સાંભળી પ્રભાકર ચમકયો,

આ શબ્દ સાંભળી ત્હેના આખા શરીરે ધ્રુજારો છુટ્યો અને શેઠાંણી સામું આશ્ચર્યતાથી જોઈ રહ્યો. શેઠાંણીએ કહ્યું. "પ્યારા પ્રભાકર. તમે મ્હારૂં કહેવું હજી સમજી શકતા નથી તે કેટલી આશ્ચર્યની વાત! શું તમારે મ્હારે મ્હોએ ખુલ્લે ખુલ્લું કહેવડાવવા વિચારછે! હજી શું સમજી શકતા નથી!"

"નાના" પ્રભાકર શું બોલેછે તે તે જાણતો નહોતો. જે શબ્દ મ્હોએ આવતા તેજ તે બોલતો. "મ્હેરબાની કરી તમારે શું કહેવુંછે તે જલદીથી કહો! તમારી સ્થિતિમાં બહુ મ્હને ફેર લાગે છે!"

"ખરેખર મ્હારી સ્થિતિમાંજ ફેરછે! આટલું આટલું કહેતાં તમે સમજી શકતા નથી તે હું કેમ માનું. તમારે મ્હારે મ્હોએ એ ખુલ્લે ખુલ્લું કહેવડાવવું છે ત્યારે લ્યો." એમ કહીને પ્રભાકરના પગ પાસે નીચી નમી અને કહ્યું. "હું તમારા પગની રજછું; હું તમને મ્હારા અંતઃકરણથી ચાહુંછું. જે દિવસે મ્હે તમને પહેલ વહેલા જોયા ત્યારથીજ મ્હારા મનના વિચારો બદલાઈ ગયાછે. જ્યાં જાઉં ત્યાં તમનેજ દેખુંછું. સ્વપ્નમાં પણ તમારાંજ આવે છે. આ શરીર તમને અર્પણ કરૂંછું."

પ્રભાકર તો તે પગ પાસે પડી ત્યારથીજ દિ-

ગૂમુઢ બની ગયો હતો. તે શું બોલેછે તે તે સાંભળતો નહોતો તેમ ત્હેને પોતાના પગ પાસેથી ઉઠાડવી પણ તે ભુલી ગયો હતો. જાણે ત્હેનું આખું શરીર અટકી ગયું હોય તેમ તે તો ઉભોજ રહ્યો. પણ જ્યારે તે બોલતી બંધ થઈ ત્યારે તે કાંઈક જાગ્રત્ થયો. ત્હેનો હાથ ઝાલી ત્હેને ઉઠાડી. પણ શું બોલવું તેની સુજ પડે નહીં.

"અરે પ્રભાકર એક શબ્દ તો મ્હોમાંથી બોલો! હું તમારી પાછળ દિવાની થઈ ગઈછું. મ્હને મ્હારા દેહનું અત્યારે ભાન નથી. શું મ્હારૂ કહેવું સાંભળતા પણ નથી! પણ નાના એમ નહી ચાલે." એમ કરી પ્રભાકરના તરફ દોડી અને હાથ પ્હોળા કરી ત્હેને બાથમાં લેવા જતી હતી એટલામાં પ્રભાકર ત્યાંથી દૂર ખશી ગયો. અને ગભરાટથી જાણે કાંઈ ભુત વળગવા આવતું હોય અને ત્હેનાથી કંટાળો પામી આઘો ખશી જાય તેમ ખશી બોલી ઉઠયો "દૂર, દૂર,"

"શું આટલું આટલું કહ્યા છતાં તમારૂં હૃદય પીગળતું નથી! તમારા મનમાં એમ હશે કે આ બધું ફક્ત મ્હારી પરીક્ષા કરવા કરેછે, નાના, તેમ નથી. હું મ્હારા ખરા અંતઃકરણથી તમને

ચાહુંછું." શેઠાંણીએ ત્હેને આઘો ખશી જતાં જોઈ પહેલાં તો લગાર આંચકો ખાધો પણ હવે આમ બી'વાથી કાંઈ મનનું ધારેલું કામ થવાનું નથી એમ ધારીને કહ્યું. "મ્હારા જેવી સ્ત્રી ઉપર તમને ઉર્મી ન આવે એ મ્હારાથી મનાતુંજ નથી. મ્હારો પ્યાર તમારી તરફ કેટલોછે તે આ ઉપરથી જણાઈ આવ્યા વગર રહેતું નથી. ~~પ્યારથી હું બળી જઈશું.~~ પ્યારથી અત્યારે મ્હારૂ મગજ ફરી જાય છે અને હું ઘેલી થઈ ગઈછું. માટે અરે એક શબ્દ હશીને બોલો કે મનને શાંતિ થાય" એમ કહી પાછી હાથ પ્હોળા કરી ત્હેની તરફ ઘેલાની પેઠે દોડી.

"અરે શેઠાંણી" પ્રભાકર ફરીથી દૂર ખશી ગયો અને ગુસ્સે થઈને કહ્યું. "અરે શેઠાંણી. શું તમારૂં મગજ ખશી ગયું કે થયું શું? આ ગાંડાઈ શી? તમે કોણછો, કહોના ઘરમાંછો; તે બધું તમે કયમ ભૂલી જાઓછો ? ગાંડા થઈ ગએલાની પેઠે આમ દોડાદોડ શું કરોછો !"

"હા હું અત્યારે દિવાની થઈ ગઈછું. મ્હને અત્યારે કશું પણ ભાન નથી. "શેઠાંણી રાતી રાતી થઈ ગઈ અને જેમ નીશાથી ઘેરાઈ ગઈ હોય

અને પોતાના બોલવાનું તથા પોતાના શરીરનું કે લુગડાંનું પણ ભાન ન હોય તેમ બોલવા માંડી. "હું તમને ચાહુંછું, મ્હારો તમારા તરફનો પ્યાર ઉભરાઈ જાયછે, અને તમને મ્હને ચાહાવાને વિનંતી કરૂંછું. અરે, હજી પણ તમે કયમ અચકાઓછો? પણ નહિ, કાંતો રાજી ખુશીથી અને તેમ નહીં તોપણ જોર જુલમથી તમારી પાસે હું તમને પરાણે પ્યાર કરાવીશ."

"અરે મોહનગૌરી શાન્ત થાઓ" પ્રભાકરે ધીમે રહીને કહ્યું. "અને મ્હને અહીંયાંથી જવા દો. મ્હારાથી તમારૂં આવું ઉથલપાથલ થઈ ગયેલું મન જોઈ શકાતું નથી."

પણ શેઠાંણી તો આ સાંભળી ઘણી ગુસ્સે થઈ ગઈ. મ્હો ગુસ્સાથી રાતું થઈ ગયું, આંખો ગુસ્સાથી ચળકવા માંડી અને જાણે ગુસ્સાએજ એક સ્ત્રીનું રૂપ ધારણ કર્યું હોય તેમ શેઠાંણીનું આખુ શરીર દેખાવવા માંડ્યું. પગથી તે માથા સુધી ત્હેનું આખુ શરીર ધ્રુજવા લાગ્યું. અને ગુસ્સાથી કહ્યું. "અરે પ્રભાકર ત્હેને આટલા આટલા કાલાવાલા કરતાં પણ કાંઈ મગજમાં મ્હારી વાત ઉતરતી નથી? મ્હારો પ્યાર તું આમ ધિક્કારેછે!

અને મ્હારી જોડે આ પ્રમાણે ઝીબાઝોળી કરે છે!" શેઠાણીએ જાણ્યું કે હવે જો આ આમને આમ મ્હાર જશે તો મ્હને ફજેત કરશે અને ધમકી શીવાય બીજો ઈલાજ નથી એમ વિચાર આવવાથી ત્હેણે કહ્યું "હું ત્હને અહીંયાંથી હવે જવા દેનાર નથી અને—" પણ ગુસ્સો એટલો વધી ગયો કે આગળ ત્હેનાથી બોલાયું નહીં.

"અરે શેઠાંણી જો તમારા મનમાં એમ આવતું હોય કે હું અહીંયાંથી બ્હાર નીકળ્યા પછી આ વાતને ખુલ્લી કરીશ તો તે બાબત તમારે નિશ્ચિંત રહેવું. હું એવો બેવકુફ નથી કે એક સ્ત્રી ક્ષણવારને માટે કાંઈ કારણસર ગુસ્સામાં આવી જઈ કાંઈ બોલે તે હું બ્હારે જઈને ખુલ્લુ કરૂં. તેને માટે તમે કહો તેવું હું વચન આપું પણ હવે મ્હને અહીંયાંથી જવા દો." એમ કહી બારણા તરફ ચાલ્યો.

"એક લગાર ઉભા રહો. એકજ ઘડી." એમ શેઠાણીએ પ્રભાકરનો હાથ ઝાલી કહ્યું. 'હું તમને એમને એમ જવા દેનાર નથી, અત્યારે હું ઘેલી થઈ ગઈછું. અને ઘેલાઈમાં શું બોલુંછું અથવા શું કરૂંછું તેનું ભાન મ્હને નથી. આટલા બધા પ્યા-

રથી, અને આટલી બધી ઘેલાઈથી મ્હેં મારા પતિને પણ કોઈ દિવસ ચાહ્યો નથી. ત્હેની પણ અત્યારે હું દરકાર કરતી નથી. આવી ઘેલાઈથી હું ત્હેને ચાહું અને તેની મને ના! નાના તેમ નહિં થાય."

પ્રભાકર મનમાં ઘણોજ ગુસ્સે થયો પણ શું કરે. ત્હેનો હાથ ઝાલ્યો હતો તે છોડાવી તે બારણા તરફ ચાલ્યો. પણ શેઠાણી ત્હેની પાછળ દોડી અને ત્હેનો હાથ જોરભેર ખેંચી કહ્યું.

"હવે હું કાંઈ એમનેએમ જવા દઈશ કે! સાંભળ હું કહુ તે. મ્હને વધારે ગુસ્સે કરવામાં ફાયદો નથી. હવે હું શું કરીશ તે કાંઈ હું કહી શકતી નથી કારણ ત્હારી પાછળ હું ઘેલી બની ગઈ છું. અને હવે અહીયાંથી ન્હાશી જવાને પ્રયત્ન કરીશ તો આપણ બન્ને જણા વચ્ચે બાઝાબાઝી થશે. માટે લગારવાર ધીરજ રાખી સાંભળ."

પ્રભાકર ઘણોજ ગુસ્સે થઈ ગયો હતો તેથી ગુસ્સાથી કહ્યું. "શેઠાંણી ત્હારા કહેવા પ્રમાણે હું થોડીવાર ઉભો રહીશ અને ત્હારે જે કહેવાનું છે તે સાંભળીશ, પણ ધીરજથી અને શાંતતાથી જે કહેવું હોય તે કહેજે કારણ બંગલાના માણસો

માં હો હો થાય અને શેઠના કાન સુધી વાત પહોચે તે હું ઇચ્છતો નથી. અને વળી અત્યાર સુધી જે ભાષા વાપરી છે તે ભાષા વાપરી હને ત્હારી મેળે નીચી ન પાડીશ અને મ્હારૂં અપમાન ન કરીશ."

શેઠાણી ગુસ્સાથી માથુ ધુણાવતી જતી અને જોસભેર બોલતી. ત્હેના આખા શરીરમાં ઝનુન ચઢી આવ્યું હતું. પોતાની મન કામના પુરી થતી નથી માટે ગુસ્સાથી ત્હેણે કહ્યું. "અરે ત્હને અપમાન! હું મ્હારી મેળે આવી રીતે કાલાવાલા કરૂં તેથી ત્હને અપમાન! હું જે કહું છું તે ત્હારા ધ્યાનમાં આવતું નથી અને કબૂલ પણ કરતો નથી તેથી મ્હને અપમાન લાગવું જોઇએ કે ત્હને. ત્હને આ શરીરમાં એવું શું માલમ પડ્યું કે તું આને ચ્હાતો નથી! ફક્ત તું ત્હારા સદ્ગુણને વળગી રહી મ્હારૂં કહેવું કબુલ કરતો નથી. આવી રીતે બીજી સ્ત્રી કોઇ ત્હને કહેવા નહિ આવે. આવી રૂપાળી સ્ત્રીનો ત્હારી જીંદગીમાં તું કોઈ દિવસે લ્હાવો નહિ લે, અહીંયાં અત્યારે કોણ છે, તું કોનાથી ડરેછે. અરે પ્યારા પ્રભાકર"—

"બસ, ત્હને મ્હે તે શબ્દ વાપરવા આગળ ના

પાડી છે છતાં શા માટે તે શબ્દથી બોલાવે છે." પ્રભાકરને લાગ્યું કે હવે જેટલો વધારે અહીંયાં રહીશ તેટલું વધારે સાંભળવું પડશે. તે ત્યાંથી ચાલવાનું કરતો હતો એટલામાં શેઠાણી બોલી ઉઠી "કયમ ત્યારે મ્હારૂં કહેવું તો કાંઈ પણ ધ્યાનમાં નહીજ આવે ! અરે વજ્રહૈયાના પુરૂષ ત્હારૂં હૈયું કોઈ પણ શબ્દથી પીગળશેજ નહિ કે ? પણ ત્હને ત્હારી સ્ત્રી મ્હારા કરતાં વિશેષ સારી લાગે છે. પણ યાદ રાખ કે જો તું મ્હારા પ્યારને આમ ધિક્કારીને, તેને છુંદી નાંખીને, તેને લાતે લાતે ગુંદી નાંખીને તું ચાલ્યો જઇશ તો તું સુખી થઇશ એમ ધારે છે ! ત્હારી તથા ત્હારી સ્ત્રી વચ્ચે ગમે તેમ કરી વિક્ષેપ પડાવીશ અને મ્હારૂં વેર લઇશ."

પ્રભાકર આ સાંભળી આભો બની ગયો અને ઘભરાઇને બોલ્યો "અરે શેઠાંણી તું શું બોલે છે તે ત્હને ખબર છે. મ્હે ત્હારૂં શું બગાડયું છે"

શેઠાંણી ગુસ્સાથી બોલી "હું જે કહું છું તેમાં એક અક્ષર પણ ખોટો પડવા દેનાર નથી. આજથી તુ એમજ સમજ કે ત્હારા ઘરમાં કંકાસ પેઠો. પણ લગાર વિચાર કર, એક શબ્દ વ્હાલ-

નો, મધુરોકહે અને અત્યાર સુધી જે બન્યુ તેની હું મ્હને માફી આપીશ."

"અરે આ મ્હારાથી સંભળાતું નથી." એમ કહી તે બારણા ભણી ચાલ્યો. પણ શેઠાણીએ ફ-રીથી ત્હેનો હાથ ઝાલ્યો અને ખેંચ્યો અને કહ્યું. "ઉભો રહે. તું મારા પ્યારને એક વખત માન આપ અને હું ત્હારી દાસી થઇને રહીશ. પણ જો ના પાડીશ તો હું ત્હારી એક કટ્ટી શત્રુ થઇશ. ત્હને દુનિઆમાં કોઈ જાતનું સુખ પામવા દઇશ નહિ. ફકત ત્હારી સ્ત્રી જોડે વિક્ષેપ પડાવીશ એ-ટલુંજ નહિ પણ જ્યાં એમ સાંભળીશકે પ્રભા-કરનું સારૂં થાય છે. ત્યાં હું વચ્ચે પડીશ અને ત્હને દુખી કરીશ. બોલ શું વિચાર છે?

શેઠાણી બોલતાં બોલતાં, જુસ્સામાં આવી જ-તી, ત્હેની આંખો ચળકાટ મારતી, ચ્હેરો વખતે ફીકો થઈ જતો અને વખતે રાતો કસુંબા જેવો થઈ જતો. ત્હેના હોઠ તથા આખુ શરીર ધ્રુજતુ હતું ત્હેણે ત્હેનો હાથ પોતાની મેળેજ છોડી દીધો. અને પાસે આરામ ખુરશી પડી હતી તેની ઉપર પડી.

"શેઠાણી," પ્રભાકરે જવાબ દીધો "જ્યારે આ

ગુસ્સો નરમ પડશે, કામાગ્નિ શાંત થશે અને આ-જ શું બન્યું તેનો વિચાર આવશે ત્યારે ત્હને પસ્તાવો થયા વગર નહિ રહે."

"પસ્તાવો" શેઠાંણી જોસ ભેર ખુરશી ઉપ-રથી ઉભી થઈ અને ઘણીજ ગુસ્સે થઈને બો-લી. "પસ્તાવો! પસ્તાવો શબ્દ હવે મ્હને છાજતો નથી. પસ્તાવો હવે થવાનો નથી. પણ મ્હારો પ્યાર જે મ્હે મ્હારી પોતાની મેળે, રાજી ખુ-શીથી તથા ખરા અંતઃકરણથી આપવા માંડયો અને જેણે ત્હેના સામુ ધિક્કારથી જોયું, તેની અવગણના કરી અને તેને પાછો મ્હારા જ સામો જોરથી ફેંકયો તેને માટે પસ્તાવો! નાના, પ્રભાકર, પસ્તાવો મ્હને થવાનો નથી. હવે તો જેણે મ્હને નીરાશ કરી, ત્હેના સુખનું કેવી રીતે છેદ ન થાય તેજ વિચારો મ્હારા મનમાં રમી રહેશે. અત્યાર સુધી જેને માટે મ્હારા મનમાં આટલો બધો પ્યાર હતો ત્હેનેજ માટે હવે તેટલો અને તેથી પણ વિશેષ ધિક્કાર આવે છે." "આ તું મ્હારૂં કાંઇ ઓછું અપમાન કરતી નથી." પ્રભા-કરે ધીમેથી કહ્યું. "સહેજ શાંત થા, લગાર ધીરજ રાખી વિચાર કર કે આમાં શું વડાઈ છે"—

"બસ હવે મ્હારે કાંઈ સાંભળવું નથી." શેઠાણી ગુસ્સાથી બોલી ઉઠી. "મ્હારી પાસેથી ચાલ્યો જા. અને યાદ રાખ કે હું કેવી રીતે મારૂં વેર લઉ છું" એમ કહી શેઠાણી પાછી ખુરશી ઉપર પડી. મ્હો બે હાથથી ઢાંકી દીધું અને અત્યાર સુધી જે જુસ્સો ત્હેનામાં હતો તે એક દમ શાંત થઈ ગયો. ત્હેનું આખુ શરીર કંપવા લાગ્યું. અને પોતે નીરાશ થઈ તેથી રોવા મંડી.

પ્રભાકર હવે એક ઘડી પણ અહીયાં ઉભા ન રહેવું એમ ધારી ધીમેથી બારણું ઉઘાડી નીચે ઉતર્યો અને વિકટોરીયા જે પોતે લેતો આવ્યો હતો તેમાં બેશી આશ્ચર્ય, ભય, તિરસ્કાર વીગેરે ભાવથી ઉછળતું હૃદય લઈ ઘર તરફ ગયો.

પ્રકરણ ૧૮ મું.

મોહનગૌરી.

પ્રભાકર શેઠાંણી મોહનગૌરીની ઇચ્છાને તાબે થયો નહિ, ત્હેના કહેવાનો દરેક વાતે અનાદર કર્યો અને પોતાના મનની ધારણામાં તે નિષ્ફળ થઈ તેથી ત્હેના ગુસ્સામાં કાંઈ બાકી રહી નહીં. આગળ કહી ગયા છીએ કે પ્યાર આપણા સમુદાયમાં ખરેખરી રીતે જોવામાં આવતો નથી. પ્યારરૂપી ફણગો ફુટતાં ફુટતાં તો તે છુંદાઈ જાય છે. પતિ પત્નિ વચ્ચે જ્યારે તે પ્યારરૂપી ફુલ ખીલી સકતું નથી ત્યારે વખતે આવાં માંઠાં પરિણામ પણ આવવા સંભવ છે. મોહનગૌરી તથા વનરાવનદાસ વચ્ચે જોઇએ તેવી પ્રિતિ પહેલાં થીજ હતી નહીં. અને ઉમ્મર થતાં જ્યારે મોહન ગૌરીમાં પ્યારરૂપી છોડવો બરોબર ખીલ્યો ત્યારે તેના ફુલ આવા શામ રંગના તથા સુગંધ વગરનાં પેદા થયાં. આમાં દોષ કહોનો? કોઇનો નહિ પણ આપણી દુષ્ટ રૂઢીનો. બધે આવા દાખલા બનતા નહિ હોય પણ બનવા બહુ શકય છે. આજ સુધી

મોહનગૌરીના મનમાં બીજા દુષ્ટ વિચારોએ પ્રવેશ કર્યો નહોતો પણ જ્યારથી ત્હેણે પ્રભાકરને જોયો ત્યારથી જ પ્યારરૂપી તાર હાલવા લાગ્યો, ત્હેનો ઝણઝણાટ સ્પષ્ટ સંભળાવવા માંડયો અને ત્હેના કુમળા હૃદયમાં દુષ્ટ વિચારોરૂપી બીજ રોપાયું. પ્યાર શું છે તે ત્હેને હવેજ ખબર પડી. ઘણીવાર તે આવા ઘેલા પ્યારની સામે બાથ ભીડતી, તેને દબાવી દેવા પ્રયત્ન કરતી, અને હવેથી પ્રભાકર આવેતો ત્હેના સામુ જોતું પણ નહિ એમ દૃઢ નિશ્ચય કરતી પણ જ્યાં પ્રભાકર આવ્યો છે એમ તે સાંભળતી ત્યારે તે સર્વસ્વ ભુલી જતી. ત્હેનું મન ત્હેને જોવામાં તથા ત્હેની જોડે વાત કરવા તરફ પોતાની મેળે દોડતું. તે ઘણો મન મારવા પ્રયાસ કરતી પણ વખત આવે તે રહી શકતું નહીં. ઘણીવાર ત્હેના વિચાર પણ મનમાં ન આણવા, તથા ત્હેનું સ્મરણ પણ ન કરવું એમ નિશ્ચય કરતી છતાં કોણ જાણે કઈ વૃત્તિ તે સર્વ ભાન ભુલાવી દેતી. આખરે ત્હેણે પોતાનો પ્યાર પ્રભાકરને જણાવા નિશ્ચય કર્યો, અને તે વખતે ત્હેના મનમાં એવો વિચાર તો આવ્યો જ નહોતો કે વળી તે ત્હેનું કહેવું સાંભળશે નહિ, તે ત્હેને અધીન થશે

નહિ, તથા ત્હેને આમ ધુતકારી કાડશે. ત્હેના મનમાં તો વળી એમ હતું કે મ્હારા જેવી સ્ત્રી જોડે. તો તે સ્હેજ કહેતાં લુબ્ધ થઈ જશે, અને તેમાં તે સુખ માનશે.

પણ જ્યારે તે ત્હેની આશામાં નીરાશ થઈ ત્યારે ત્હેનો ગુસ્સો કેવા પ્રકારનો થયો? તે ફક્ત સદ્ગુણને લીધે જ આમ ના પાડે છે તેની ખાતરી ત્હેને હતી નહિ પણ ત્હેની તથા ત્હેની સ્ત્રી વચ્ચે ઘાડો પ્રેમ હશે અને આમ કરવાથી તે પ્રેમમાં ઘટાડો થશે તેજ વિચારથી ત્હેણે આ પ્રમાણે ત્હેનો અનાદર કર્યો હતો એમજ ત્હેનું માનવું હતું. માટે તે બન્ને જણાં વચ્ચે કેવી રીતે વિરોધ થાય, તે બન્ને જણાં કેવી રીતે છુટાં થાય, તથા તે બન્નેની દુનિઆમાં કેવી ફજેતી થાય તે ઉપાય કરવા તરફ જ હવે ત્હેનું લક્ષ દોરાતું હતું. સ્ત્રી અબળા જાત કહેવાય છે પણ આવે વખતે તો ત્હેનો જુસ્સો; ત્હેનો ગુસ્સો, તથા ત્હેની શક્તિ ભલભલા વીર પુરષોને પણ હઠાવી દે છે.

ત્હેના મનમાં ખાતરી હતી કે પ્રભાકર આ જે દેખાવ થયો તથા જે જે બન્યું તે બ્હાર પાડયા વગર રહેશે નહીં. તેથી ફજેતી થશે અને લોકમાં

નંદા થશે, માટે પ્રભાકર જે પગલાં લે, તેના કરતાં પહેલાં તથા ત્હેને મ્હાત કરે તેવાં પગલાં ભરવા મોહનગૌરીએ નિશ્ચય કીધો. અત્યારે ત્હેના મનમાં બીજા કશા પણ વિચાર આવતા જ નહોતા પણ હવે શું કરવું. કેવી રીતે ત્હેને ફજેત કરવો તથા કેવી રીતે તે પતિપત્નિ વચ્ચે વિરોધ કરાવવો તે જ વિચારોએ ત્હેના મનને ઘેરી લીધું હતું.

સાંજના આઠ વાગ્યા, અને શેઠ વનરાવનદાસ, આવ્યા. પણ શેઠાણીનું મ્હો ચડેલુ તથા શેઠ બોલાવે પણ જવાબ દે નહીં. શેઠે જાણ્યું કે આજ કાંઇક નવાજુની થઇ છે. તેથી ત્હેણે પુછ્યું. "કેમ આજ આમ દીલગીર છો?"

"કાંઇ નહીં. તમે તમારી મેળે જે કરતા હો તે કર્યા કરોને. લુચ્ચા લફંગાની જોડે ફર્યા કરો, લુચ્ચા લફંગાઓને ઘરની અંદર લાવો." શેઠાણીએ આડુ જોઇને મ્હો ભારેખમ રાખીને કહ્યું.

"હું કયા લુચ્ચા લફંગા જોડે ફરૂં છું અથવા આપણા બંગલામાં એવું કોણ આવે છે?"

"કોઇ નહીં. તમને ક્યમ લાગે! તમારી જોડે તમારી જ્ઞાની વાતોમાં તથા તમે જે કરતા હો તેમાં જે ભાગ લે તે તમને કેમ ખરાબ લાગે! પણ

એટલુ પણ નથી જાણુતા કે જે બ્હાર તમારી જોડે કોઈ છૂટ લે તે કોઈ દિવસ ઘરમાં પણ આવીને ઘરના માણસોની આબરૂ લે?"

શેઠ તો આ સાંભળી ચકિત થયા. વળી એવું તે કોણ છે કે આપણા ઘરની આબરૂ લે. એવી ગેરવ્યાજબી છૂટ કહોને આપી કે તે વળી અહીયાં લગણ્ પ્હોચે. શેઠ લગાર ગુસ્સે થઇને બોલ્યા. "આમ મરમમાં વાત કરો તે શી ખબર પડે! જે હોય તે ખુલ્લે ખુલ્લુ કહોને? જ્યારે આવી એ ત્યારે મ્હેણાં માર્યા કરવાં!"

"એમાં મ્હેણાં શેનાં માર્યા. ખરૂ છે તે કહીએ છીએ. પેલો પ્રભાકર—"પણ કહેતાં કહેતાં શેઠાણી ગળગળાં થઈ ગયાં અને નીચુ બાથું ઘાલી રોવા મંડયા. ત્હેના મનમાં હું કહોને માથે આ ખોટો આરોપ મૂકુછું તે આવવાથો ત્હેનું હૃદય ભરાઈ આવ્યું. અને જેને માટે આટલી પ્રિતિ ત્હેને હતી ત્હેને માટે આમ કરવું પડે છે તે વિચાર આવવાથી તે અટકી પડી. ત્હેનું મ્હોં બંધ થઈ ગયું. શરીરમાં કંપારી છૂટી અને ન રહેવાયું તેથી રોઈ પડી.

પ્રભાકરનું નામ સાંભળતાં જ શેઠને આશ્ચર્ય લા-

ગ્યું. " પ્રભાકર બોલવા ચાલવામાં આવો નમ્ર તથા સાંભળવા પ્રમાણે ઘણો લાયક છતાં આ શું? ના ના તેમ હોય નહી. પણ પુરેપુરી વાત સાંભળ્યા સિવાય શી ખબર પડે" એમ શેઠના મનમાં વિચાર આવવા લાગ્યા. શેઠાણીને ત્હેણે કહ્યું. " રૂવો છો શું. જે હોય તે કહો તો ખબર તો પડે."

" શું કહું. કહેતાં મારી જીભ ઉપડતી નથી." રોતી જાય, ડસકાં ખાતી જાય અને અચકાતી અચકાતી બોલતી જાય " તમે—આજ બપોરે—બ્હાર ગયા ત્યારે—તે તમારી—ખબર કહાડવા— અહીયાં આવ્યો. હું—દીવાનખાનામાં એકલી—બેઠી હતી. મ્હે કહ્યું શેઠ—મીલમાં ગયા છે.—મ્હને એકલી જોઇ—તે ઉભો રહ્યો. થોડીવારમાં તે—મ્હારી પાસે આવ્યો— અને ત્હેણે શું કહ્યું—તે અત્યારે—મ્હને સાંભરતુ નથી." એમ કહી તે પાછી રોવા લાગી.

શેઠ તો આ સાંભળી બિચારા શુન્ય જ થઈ ગયા. વળી આ શું! એને તો બહુ જ આશ્ચર્ય લાગ્યું અને ઘણા ગુસ્સે થયા, અને શેઠાણીને કહેવા લાગ્યા. " ત્હેં ત્હેને શું કહ્યું? "

" હું તો ત્હેને બોલતો સાંભળી આભીજ થઈ ગઈ" ત્હેણે ડસકાં ખાતે ખાતે જવાબ દીધો.

"મ્હારામાં બોલવાની સત્તા હતી નહીં. મ્હેં જવાબ ન આપ્યો તેથી તે મ્હારી પાસે આવ્યો અને હું આઘી જતી રહી, અને ધીક્કારથી બ્હાર જવા કહ્યું. પણ તે તો ખસે નહીં. મ્હને બહુ કંટાળો આવ્યો તેથી જ્યારે તે બોલતો બંધ ન થયો ત્યારે હું પાસેના ઓરડામાં જતી રહી. તે મ્હારી પાછળ દોડયો. પણ મ્હેં તરત બારણું બંધ કરી દીધું. પછી તે ક્યાં સુધી અહીંયાં રહ્યો તેની મ્હને ખબર નથી."

શેઠના મનમાં તેણે એવું તો ઠસાવી દીધું કે શેઠ તો બિચારા વિચારમાં લીન થઈ ગયા. શું કરવું તેનો કાંઈ પણ વિચાર સુજે નહીં. અને જ્યાં ઉભા હતા ત્યાંજ સજ્જડ થઈ ગયા. શેઠાણી થોડીવાર પછી બોલ્યાં "હું ત્હેને આ બંગલામાં હવે આવવા નહીં દઉં, અને તમે પણ ત્હેની જોડે વાતચીત કરશો નહીં, જો તમે ત્હેની જોડે હળશો મળશો તો મ્હારે અને તમારે નહી બને. તમારા કામમાંથી ત્હેને એકદમ કહાડી નાંખો અને તમારા ઓળખીતાને પણ ત્હેની ગેરવર્તણુક માટે ચેતાવો, કે તે બિચારાઓના ઘરમાં ઘુસી જે નોકશાન કરે નહીં." આ પ્રમાણે ત્હેણે શેઠને શીખામણ આ-

પવા માંડી. શેઠને ભરમાવવા માંડયા અને શેઠના મનમાં ખરી શી હકીકત બની છે તેનો ખ્યાલ પણ આવવા દીધો નહીં. શેઠ પ્રભાકર ઉપર બહુ ગુસ્સે થયા અને હવે જો તે ત્હેની પાસે આવે તો મળવું નહીં તેવો નિશ્ચય કર્યો. ત્હેના હાથમાં શેઠનો જે કેસ હતો તે લઈ લેવો તથા અમદાવાદમાં રહેનારા ત્હેના મિત્રોને ત્હેની ગેરવર્તણુકની ચેતવણી આપવા માટે શેઠાણીએ આડીઅવળી રીતે સમજાવ્યા.

શેઠાણી રાત્રે સુવા ગયાં પણ ઉંઘ આવે નહી. ત્હેના મનમાં અનેક વિચારો આવવા લગ્યા. પોતાના ધણીને તો બરોબર ભમાવ્યો છે પણ હવે શું કરવું તે જ ખ્યાલમાં આમતેમ પાંસળાં ઘસતી સુવાને માટે પ્રયાસ કરતી, પણ શું સુકૃત કર્યું હોય કે ઉંઘ આવે. આજતો નિંદ્રા નામે ન મળે. ઘડીકમાં આંખ મળે અને પાછી એકદમ ચમકી ઉઠે. ઓરડામાં આમતેમ આંટા મારે, ઘડીકમાં બ્હારીએ ઉભી રહે, ઘડીકમાં પાછી પથારીમાં આવી સુવે, પણ ઉંઘ આવે નહીં. શેઠ તો બિચારા એક પલંગની અંદર સુતા તેવાજ નિંદ્રાવશ થઈ ગયા તેથી આના મનમાં શું લાગણી થાય છે, તથા તે શું કરે છે ત્હેનું ભાન તેમને હતું

નહીં. બાર વાગ્યા, સાડાબાર થયા, એક વાગ્યો પણ એક ઝોકું પણ આવે નહીં. મનની અંદર ઉથલપાથલ થાય, મગજ ફરે અને અનેક અનેક જાતના વિચાર આવે. પથારીમાં આમથી તેમ પડખું બદલે, આંખો મીચે પણ ઉંઘ ક્યાંથી. એમ કરતાં કરતાં બે વાગ્યા ત્રણ વાગ્યા. પણ ત્હેના જીવને ચ્હેન પડે નહીં. થોડીવાર આમ તેમ પડખુ બદલતાં આંખો મીચતાં મ્હા પરાણે ઉંઘ આવી ગઈ પણ ઉંઘમાં પણ સ્વપનાં એનાંએજ આવતાં.

પ્રકરણ ૧૯ મું.

"લીલી કોટેજ"

જે ગાડીમાં કમળાને પરાણે બેસાડી છે તે જોરશોર સડક ઉપર દોડી જાય છે. ગાડી ઉપર બેઠેલો હાંકનાર, આગળ ચાલતા માણસો આઘા ખસેડવા બુમ માર્યા જ કરે છે. ગાડીનો વેગ હજી જરાપણ ધીમો પડ્યો નથી. ઘડીકમાં આ ગલીની અંદર પેસે અને ઘડીકમાં આ ગલીમાં પેસે. કેટલીક વાર સીધી ચાલી જાય. જ્યારે ગાડી વળતી ત્યારે કમળાને આંચકો વાગતો તે જ ઉપરથી તે જાણતી કે ગાડી વળે છે. તે આજુબાજુની કાંઈ પણ ચીજ જોઈ સકતી નહી. કારણ ત્હેની આંખે પાટો બાંધેલો છે. બુમ પાડી આજુબાજુના માણસની મદદ માગવા ત્હેના મનમાં બહુ ઉત્કંઠા થતી પણ પેલી ઝાલી રાખેલી પીસ્તોલથી તથા ત્હેની સાથેના માણસે ત્હેને જે ધમકી આપી હતી તે ઉપરથી પાછી તે મન દબાવી દેતી. આમ અડધા કલાક લગણ એકજ વેગથી ગાડી ચાલ્યાં કરી, અને ત્યારબાદ ગાડી ઉભી રહી. ઘોડાઓ હાંકતા

હતા તે ગાડીમાં બેઠે બેઠે સંભળાતું હતું. અહીયાં કાંતો માણુસની વસ્તી નથી અને હશે તો પણ ઘણું થોડું હશે માટે ગાડી ઉભી રાખી છે, તેમ ત્હેના મનમાં આવ્યું. કારણ પાંચ મિનિટ થઈ પણ ત્હેને ઉતરવાનું કોઈ કહેતું નહોતું તથા બધા ચુપાચુપ બેઠા હતા તેથી આ જગા, ગાડી ત્હેને લઈ જનાર છે તે નથી તેમ ત્હેને લાગ્યું. પંદર મિનિટ સુધી ઘોડાને થાક ખવડાવી પાછી ગાડી ત્યાંથી ઉપડી. પણ હવે બહુ જોરથી તે દોડતી નહોતી અને સાવ ધીમે ધીમે પણ ચાલતી નહોતી.

કમળાના મનમાં અનેક વિચારો આવતા. દયાશંકર ત્હેને માટે શું ધારશે, ત્હેની માશીના મનમાં ત્હેને માટે કેટલી બીતી લાગશે, ત્હેના સસરા સાસુ કેટલો જીવ ઉંચો કરશે, વિગેરે વિચારોથી તે ઘણી મુઝાતી હતી. મ્હારૂં શું થશે, મ્હને ક્યાં લઈ જશે, મ્હને જીવતી પાછી છોડશે કે મારી નાંખશે, મ્હારાં ઘરેણાં માટે શું તેઓ મ્હેને લઈ જાતા હશે, કે બીજા દુષ્ટ વિષયી વિચારોથી લઈ જતા હશે તે વિચારોથી ત્હેનું હૈયું ભરાઈ આવતું. કેટલીક વાર રોતી, કેટલીકવાર શુમ બની જઈ છાંનીમાંની બેશી રહેતી તથા કેટલીક વાર

પાસે બેઠેલા માણસ પાસે આજીજી કરતી કે મ્હારૂં ઘરેણું જોયતું હોય તો હું તમને બધું કહાડી આપું. પણ મ્હને જીવતી મ્હારે ઘેર જવા દ્યો, પણ પેલો માણસ જાણે કાંઈ સાંભળતો જ નથી તેમ મુન્ય બેશી રહેતો. વખતે વખતે જ્યારે તે સહેજ જોરથી બોલતી ત્યારે ત્હેને ધમકી આપતો. ગાડીમાં બેઠા પછી લગભગ એક કલાક થવા આવ્યો પણ ગાડી એકવાર ઉભી હતી તે સિવાય હજી ઉભી રહી નહોતી. ગાડી તો ચાલ્યા જ કરતી. રસ્તા ઉપર થતો ધડધડાટ ત્હેના કાનમાં આરપાર નીકળી જતો.

અડધી કલાક વધારે થઈ અને ગાડી ચડ ચડ ચડ ચડ કરતી જાણે રેતી ઉપર ચાલતી હોય તેમ લાગ્યું. બે મિનિટ આ પ્રમાણે નહીં ચાલી હોય એટલામાં ગાડી ઉભી રહી. થોડીવારમાં એક બારણું ઉઘડતું હોય તેમ અવાજ સંભળાયો. તુરત જ ગાડીનું બારણું ઉઘડયું અને કમળાને ઉતરવાને કહ્યું. કમળાનો હાથ એક જણે ઝાલ્યો. પણ કમળા ગાડીમાંથી ઉઠે નહીં. એક બે વાર ઉઠવાને કહ્યું છતાં તે ઉઠી નહીં તેથી ત્હેનો હાથ ખેંચ્યો. કમળા તુરત ઉઠી, ગાડીમાંથી નીચે ઉતરી. હજી

આંખેથી પાટો છોડ્યો નહોતો તેથી તે ક્યાં છે, કેવા મકાન પાસે તે ઉતરે છે તેની ત્હેને ખબર નહોતી. એક જણાએ ત્હેનો હાથ ઝાલ્યો છે અને ક્રમળા ચાલે છે. આઠ દસ પગથીઆં ચડી તે એક ઓરડામાં આવી હોય તેમ ત્હેને લાગ્યું. પણ હજી ત્હેને આગળ લઈ જતા હતા. જ્યાં ત્હેને દોરે ત્યાં તે જતી હતી. એમ ચાલતાં ચાલતાં એક ઓ-રડામાં આવી. ત્યાં ત્હેને એક ખુરશી ઉપર બેસવા કહ્યું, અને તે ત્યાં બેઠી. ત્હેની આંખેથી હવે પાટો છોડી નાંખ્યો.

જે ઓરડામાં તે બેઠી હતી તે ઓરડો કાંઈ બહુ મ્હોટો નહોતો. તે ઓરડામાં વચ્ચે એક ગોળ ટેબલ હતું અને તેની પાછળ વાળેલા લાકડાની ચાર ખુરશી હતી. ટેબલ ઉપર એક લટકતો દી-વો હતો અને તેની અંદર દીવો ઝગઝગાટ બળતો હતો. ઓરડાના એક ખુણામાં એક કોચ હતો તથા બીજા ખુણામાં એક છત્રીપલંગ હતો. તે ઓરડાની જમીન ઉપર રંગીન શેત્રંજી પાથરેલી હતી. એક ટ્રીપાઇ ઉપર પાણીની ન્હાની માટલી હતી. ઓર-ડામાં બે જાળી હતી અને તે જાળી દરીઆની બાજુ ઉપર હતી. તે ઓરડામાં જ્યાં જાળી હતી

ત્યાં બીજાં કોઈ મકાન હતાં નહીં અને ફક્ત દરિયાનું પાણી જ ત્યાંથી જણાતું હતું. જાળીની અંદર બન્ને અઢી અઢી ઇન્ચને છેટે લોખંડના સળીયા જડી દીધા હતા. અંદર આવવાને બે બારણાં હતાં. બન્ને બારણાં અત્યારે બ્હારથી બંધ હતાં. કમળાને અંદર બેસાડી ત્હેની જોડે આવનાર માણસ તુરત બ્હાર ચાલ્યો ગયો હતો. અને બારણું બ્હારથી બંધ કરતો ગયો હતો. કમળા જ્યાં બેઠી હતી ત્યાંથી ઉઠી અને ચારે તરફ જોયું પણ કોઈ જગાએથી ન્હાશી જવાય તેવું હતું નહીં. અગર જો કે તે ઓરડો જમીનથી બહુ ઉંચો તો નહોતો પણ જાળીને સળીઆ હતા તેથી ત્યાંથી જતા રહેવાય તેવું નહોતું. કમળાએ ચારે તરફ જોયુ અને જ્યારે કાંઈ ઇલાજ ન ફાવ્યો ત્યારે પાછી કોચ ઉપર જઇને પડી. ત્હેનું મન બહુ મુઝાવા લાગ્યું. ત્હેને કાંઈ ચ્હેન પડે નહીં. ઘડીકમાં બોલી ઉઠે "અરે દૈવ મ્હેં શાં પાપ કર્યાં હશે કે મ્હને આવું દુઃખ! મ્હને શા માટે તે લોકોએ અહીંયાં આંણી હશે. અરે અહીંયાંથી હું જીવતી પાછી મ્હારા પતિ પાસે જઇશ કે નહીં, મ્હારા માબાપને ફરીથી હું મળીશ કે નહીં." બોલતાં બોલતાં થાકે ત્યારે વળી

શાંત થઈ દીવા સામું ટગરટગર જોયાં કરે અને ધડીકમાં રોવા માંડે.

આમ કમળા બેઠી છે એટલામાં બારણું જાણે બ્હારથી કોઈ ઉઘાડતું હોય તેમ અવાજ સંભળાયો! કમળા ચમકી અને ત્હેના પેટમાં ફાળ પડી. "હાય કોઇ આવે છે. કોણ હશે, મ્હને અહીંયાં મારી નાંખશે તો. હું ત્હેની સામે શી રીતે મ્હારો બચાવ કરીશ. મ્હારી આબરૂ ઉપર હુમલો કરશે તો તે હું શી રીતે સહન કરી શકીશ." આમ ત્હેના મનમાં વિચાર આવતા હતા તેટલામાં બારણું ઉઘડયું અને એક વૃદ્ધ ડોશી હાથમાં એક રકેબી લઇને અંદર આવી અને પાછુ બારણું બંધ કરી દીધું.

ડોશીને અંદર આવેલી જોઇ કમળાને કાંઇક શાંન્તિ વળી. પોતાની જાતી છે અને ત્હેનામાં કાંઇક દયા આવશે તેમ હીમત લાવી તે કોચ ઉપરથી ઉઠી અને ડોશીએ રકેબી ટેબલ ઉપર મુકી એટલામાં કમળા ત્હેના પગમાં પડી, અને રોતી રોતી ડસકાં ખાતી ખાતી બોલી "અરે બાઇ તમે કોણ છો? આ મકાન કહોનું છે? મ્હને અહીંયાં શું કરવા લાવ્યા છો? અરે બાઈ તું પણ સ્ત્રી જાત છે, હું પણ

ઓ છું. તું મ્હને અહીયાંથી છોડવ, મ્હને અહીયાંથી જવાદે તો હું ત્હારો ઉપકાર ભુલીશ નહીં." બોલતાં બોલતાં તે ગળગળી થઈ ગઈ. ત્હેનો કંઠ બંધ થઈ ગયો અને ત્હેનાથી આગળ બીલકુલ બોલાયું નહીં. ડોશી ત્હેના સામું જોઈ રહી. અને બીલકુલ એક શબ્દ પણ બોલી નહીં. કમળાએ ફરી ત્હેના સામું દયામણું મ્હો કરીને હાથ જોડી કહ્યું. "અરે બાઈ તું પણ આવી નિર્દય શું કરવા થાયછે. મ્હને જવાબ તો દે, તું કોણ છે, આ મકાન કહોનું છે?" ડોશીએ કહ્યું. "આ મકાન કહોનું છે તે કહેવા મ્હને રજા નથી. ત્હારી જોડે એક શબ્દ પણ બોલવા મ્હને છુટ નથી. હું ત્હારે માટે ખાવાનું લાવી છું. તે અહીંયાં મુકયું છે અને હું જાઉછું" એમ કહી તે બારણા તરફ ચાલી. પણ કમળાએ ત્હેની પાછળ દોડી ત્હેનો હાથ ઝાલી ઉભી રાખી. "તું મ્હને કહે તું કોણ છે. મ્હને શામાટે અહીંયાં આણી છે" કમળાના મનમાં એને કાંઈ લાલચ દેખાડીશ તો તે લલચાશે એમ આવવાથી કહ્યું. "અરે, તું મ્હને અહીંયાંથી જવા દે તો મ્હારા શરીર ઉપર જેટલા દાગીના છે તેટલા બધા તહને આપું. મ્હને આ ઘરમાંથી કહાડે તો તુ રાજી થાય તેમ કરૂં. બ્હાર

ગયા પછી હું મ્હારો રસ્તો ખોળી લઇશ." ડોશી આ સાંભળી લગાર અચકાઇ, ત્હેનું મન સ્હેજ પીગળ્યું; અને થોડીવાર લગણ બીલકુલ જવાબ આપ્યો નહીં. તેથી કમળાના મનમાં કાંઇક જોર આવ્યું અને "કશું આ લે. તું મ્હને અહીયાંથી જલદી જવા દે." એમ કહી ગળાની અંદરથી ચંદનહાર પ્હેર્યો હતો તે કહાડ્યો અને ડોશીને આપવા જતી હતી તેટલામાં ડોશીએ ત્હેનો હાથ તરછોડ્યો. ડોશી ગુસ્સે થઇ હોય તેમ લાગ્યું. ડોશીએ તુરત બારણું ઉઘાડ્યું. ડોશી બ્હાર નીકળી. કમળા બ્હાર નીકળવા જતી હતી ત્હેને ડોશીએ ધક્કો માર્યો અને કમળા જમીન ઉપર પડી. ડોશી બારણું વાશીને ચાલી ગઇ.

કમળા બિચારી ધીમેથી જમીન ઉપરથી ઉભી થઇ, રોતી રોતી પાછી કોચ ઉપર જઇને પડી. ત્હેનું મગજ ભમવા લાગ્યું, આખો ઓરડો ચક્કર ચક્કર ફરતો હોય તેમ ત્હેને લાગ્યું. બ્હારીની બ્હાર દરિઆના ઘુઘવાટા સિવાય બીજો કાંઇ અવાજ સંભળાતો નહોતો. ટેબલ ઉપર ડોશી શું મુકી ગઇ છે તે તરફ જોવાની ત્હેની જીજ્ઞાશા પણ થઇ નહીં. તે તો ટેબલ ઉપર તેમને તેમ પડી રહ્યું. હવે તો રોતાં રોતાં પણ ત્હેની આંખો બળવા

લાગી તથા માંથુ દુખવા આવ્યું તેથી કોચ ઉપર નીચું માથું નાંખી પડી રહી. અત્યારે એક વાગ્યાનો શુમાર થયો હતો તેથી થાકને લીધે તેમજ દુખને લીધે તે નિદ્રાવશ થઈ ગઈ.

સવારે જ્યારે ઉઠી ત્યારે તડકો નીકળ્યો હતો. ઉઠીને એકદમ આસપાસ જોયું તો તે બીજા કોઈના મકાનમાં છે તેમ ત્હેને લાગવાથી પાછું મનને દુઃખ થવા માંડ્યું. બ્હારી પાસે ગઈ તો બ્હારીની બ્હાર થોડે સુધી બંગલાની હદ હતી અને ત્યાં આગળ છાતી જેટલી ઉંચી દીવાલ ચારે તરફ ચણી લીધેલી હતી. દીવાલની પાછળ સ્હેજ ઉંડાણમાં દરિયાની રેતી જણાતી હતી. પણ મકાન દરિયાની સપાટીથી કાંઈ બહુ ઉંચું હતું નહીં. દરિયાનું પાણી અત્યારે આઘે ગએલું હતું. તેની અંદર છેટે છેટે દૂર દસબાર માછીમારનાં હોડકાં ફરતાં હતાં. તે સિવાય બીજું કશું માલમ પડતું નહીં.

થોડીવારમાં બારણું ઉઘડવાનો અવાજ સંભળાયો તેથી કમળા બ્હારી પાસેથી અંદર આવી. બારણું ઉઘડ્યું અને ડોશીએ એક દાતણ લાવી કમળાને આપ્યું. દાતણ કમળાએ લીધું. હવે ડોશીની જોડે વાત કરવાથી કાંઈ ફાયદો નથી એમ

ધારી કમળા બીલકુલ પહેલાં ત્હેની જોડે બોલી નહીં. પાણી આપી તુરત ડોશી ચાલી ગઈ. બ્હારી પાસે ઉભી રહીને કમળાએ દાતણ કર્યું. પાછી દસપંદર મિનિટની અંદર બારણું ઉઘાડી ડોશી અંદર આવી અને ચ્હાનો પ્યાલો ટેબલ ઉપર મુકયો. ડોશીએ કમળાને પુચ્છયું. " આમાંથી રાત્રે કયમ કાંઈ ખાધુ નહીં?" કમળાએ કાંઈ પણ ત્હેને જવાબ આપ્યો નહીં. તેથી ડોશી મ્હો મરડી બારણું બંધ કરી ચાલી ગઈ. કમળાને દાતણ કરી રહ્યા બાદ ચ્હા પીવી કે નહી તેનો વિચાર થયો. રાતનું માથુ દુખતું હતું અને વળી ચ્હા પીવાની હમેશની ટેવ હતી તેથી તે પીવી એમ નિશ્ચય કરી ત્હેણે ચ્હા પીધી. અને પાછી બ્હારી પાસે જઇને ઉભી રહી.

દસ વાગ્યા અને ડોશી પાછી ફરીથી અંદર આવી અને એક રકેબીમાં તળેલુ સુરણ, બટાટા, બરફી, મમરા વગેરે લાવી ટેબલ ઉપર મુકયું. કારણ બીજી કાંઈ વસ્તુ હશે તો કમળા ખાશે નહીં. તેમ આ બધી ગોઠવણ કરનારના મનમાં હતું અને તેમાં ત્હેની કાંઈ ભુલ પણ નહોતી. ડોશી પાછી ચાલી ગઈ. બાર વાગ્યા ત્યાં લગણ તો

કમળાએ ટેબલ સામું પણ જોયું નહી. પણ પછી તો ભુખ લાગવા માંડી. એક વાગ્યો ત્યાં સુધી પણ કાંઈ ખાધું નહીં પણ પછી તો ન રહેવાયું તેથી ટેબલ પાસે જઈ રકેબી ઉઘાડી તેમાંથી સુરણ, બટાટા તથા મમરા ખાધા અને પાણી પીને કોચ ઉપર બેઠી.

કોચ ઉપર બેઠાં બેઠાં હ્હેના મનમાં અનેક વિચાર આવવા લાગ્યા. વિચારમાં લીન થઈ ગઈ હતી. જમણા પગ ઉપર જમણા હાથની કોણી મુકી અને હાથ ઉપર માથુ મુકયું હતું અને વિચાર કરતી હતી. આંખોમાંથી ડળક ડળક આંસુ ચાલ્યાં જતાં હતાં; અને હ્હેના મનમાં અસહ્ય દુઃખ થતું હતું તે સ્પષ્ટ જણાઈ આવતું. એટલામાં ધીમેથી બારણાનું તાળું ઉઘડયું. અને ધીમેથી બારણું ઉઘડયું. બારણું ઉઘડતાં જ એક તરૂણ પુરૂષ અંદર આવ્યો. આ પુરૂષને આવતો જોઈ કમળા એકદમ કોચ ઉપરથી ઉભી થઈ અને એક ખુણા તરફ દોડી. ખુણામાં જઇને ઉભી રહી અને આ આવનાર તરૂણ તરફ એકી નજરે જોઈ રહી. હ્હેના પગ ધ્રુજવા લાગ્યા, હ્હેનું શરીર કંપવા લાગ્યું. છાતી ધબકવા લાગી અને હ્હેની આંખે ઝાંઝવાં વળી

ગયાં. અને થોડીવારમાં ડળક ડળક આંસુ પડવા લાગ્યાં. આ આવનારને હેણે કોઈ દિવસ જોયો નહોતો. પણ વાંચનાર, તમે કોઈ દિવસ આને જોયો છે? તમે એને ઓળખોછો? હા. ઘણી જ સારી રીતે તમે ઓળખોછો કારણ તે વનરાવનદાસ. મોહનગૌરીનો પતિ તથા થોડા વખત ઉપર મેરિયાનો યાર હતો તે પોતેજ છે.

પ્રકરણ ૨૦ મું.

લીલી કોરેજની વીશેષ હકીકત.

મેરિયા ઉપરથી વનરાવનદાસની વૃત્તિ હવે ઉઠી ગઈ હતી અને આગળ કહ્યું તે પ્રમાણે મેરિયા પણ ત્હેના તરફ હવે પ્રેમ દેખાડતી નહોતી. બન્ને જણાને એકબીજા તરફ હવે કંટાળો આવ્યો હતો; અને મેરિયા પેલા ઇંગ્રેજ જુવાન જોડે રહેતી હતી. વનરાવનદાસ તે પછી બહુ જ નીચ ધંધા કરવા મંડયો હતો. ત્હેણે બેન્ડોરા (વાંદરામાં) એક બંગલો ભાડે લીધો હતો અને ત્યાં તે ઘણું ખરૂ બે ચાર દિવસ સુધી લાગટ રહેતો; અને આસપાસ જે કોઈ ખૂબસુરત સ્ત્રી માલમ પડે ત્હેને તે ત્હેના માણસો પાસે ત્યાં બોલાવતો; અને નીચ જાતની વ્યભિચારી સ્ત્રીઓ પૈસાને લોભે ત્યાં આઆવતી અને તેની અંદર તે આનંદ માનતો હતો. તે ત્યાં ખુલ્લી રીતે રહેતો નહોતો. આ પ્રમાણે થોડા દિવસ થયાબાદ તે વીશેષ દુરાચારમાં પડયો. કોઈ કોઈ વખત તો પરાણે જોર જુલમથી બિચારી અબળાઓને પકડી મંગાવતો અને પૈસાની લાલચ

આપી તે બિચારીઓને ફંદામાં નાંખતો.

એક દિવસ તે ભુલેશ્વર તરફ કાંઈ કામસર નીકળ્યો હતો. ત્યાં રસ્તામાં કમળાને ત્હેણે જોઇ. ત્હેને જોઇ ત્હેના દુષ્ટ વિચારો એકદમ ઉછળી આવ્યા-પણ, એ કામ કાંઈ એકદમ બનીશકે તેવું ન્હોતુ તે બે ચાર રોજ સુધી એ પ્રમાણે ભુલેશ્વર પાસે ત્હેના મિત્રનું એક મકાન હતું ત્યાં હમેશાં જતો અને કમળા હમેશાં ત્હેની માશીને ઘેર જતી તે વખત ફક્ત ત્હેને જોઈ ખુશી થતો. કમળા તરફ ત્હેની લાગણી દિવસે દિવસે વધતી ગઈ. એક દિવસ પોતાના વિશ્વાસુ નોકર રેમાન (જેને માટે આપણે આગળ એક વખત કહી ગયા છીએ તે) ને તે સાથે લઈ ગયો અને આ સ્ત્રીને લાગ આવે ત્યારે ત્હેના રાખેલા બંગલામાં પરાણે ઉપાડી જવા ત્હેને કહ્યું. તે પછી રેમાન તથા એક બીજો માણસ હમેશાં કમળા ઉપર નજર રાખતા તે ક્યાં જાય છે, ક્યારે આવે છે, ક્યારે પાછી જાય છે વિગેરે બેચાર દિવસ તપાસ કરી. એક દિવસ ઉપર કહ્યું તે પ્રમાણે બન્નેજણા ત્યાં ફરતા હતા તે વખતે કમળા ત્યાં થઇને નિકળી અને તપાસ કરતાં એમ માલમ પડયું કે તે દિવસે ત્હેની માશીને ઘેર કાંઈ

જમવાનું છે અને તેથી રાત્રે તે રહેવાની છે અને જમ્યાબાદ પોતાને ઘેર જશે. આ ઉપરથી આ બન્ને જણાએ આજનો લાગ જોઈ એકજણ ત્યાંજ આંટા મારવા મંડયો અને બીજો એક ગાડીનો બંદોબસ્ત કરી આવી ખાંચાની બહાર ગાડી ઉભી રાખી. જ્યારે કમળા જમીને દસ વાગે પોતાને ઘેર જતી હતી તે વખતે હેને ઉપાડી ગાડીમાં નાંખી બેન્ડોરે જે બંગલો રાખ્યો હતો ત્યાં લઈ ગયા અને ત્યાં જે ડોશીને રાખી હતી હેને સોંપી તે લોકો ચાલ્યા ગયા.

રેમાને વનરાવનદાસને જઈ ખબર આપી કે કમળાને બંડોરાના બંગલામાં રાખી છે. જે ઉપરથી વનરાવનદાસ કમળાને મળવા બહુજ આતુર થયો. પણ રાત્રે ને રાત્રે ત્યાં કેમ જવાય! બીજે દિવસે જમ્યાબાદ હેણે ત્યાં જવા વિચાર રાખ્યો, પણ જેટલો વખત જતો હતો તે હેને બહુજ આકરો લાગતો હતો. જમી રહ્યાબાદ તુરત જ એક વાગે તે બેન્ડોરા તરફ ચાલ્યો; અને આપણે કહ્યું તે પ્રમાણે તે ત્યાં આવ્યો.

વનરાવનદાસને જોઈ કમળા બ્હેબાકળી થઈ ગઈ હતી અને બહુ ગભરાટમાં પડી હતી. હવે શું થશે, આ દુષ્ટ શું જુલમ ગુજારશે. એમ હેના મ-

નમાં અનેક વિચાર આવતા. તે એક ખૂણામાં ઉભી છે અને મ્હો ફીકું થઈ ગયું છે. વનરાવનદાસ ટેબલને અંડેલીને ઉભો છે અને હેના મ્હો સામું ટગર ટગર જોયાં કરે છે પણ હેની હીમત હેની પાસે જવાની ચાલતી નથી. ઇશ્વરે સ્ત્રી જાતને અબળા બનાવી છે છતાં હેની આંખમાં, હેના ચ્હેરામાં તથા હેના આખા શરીરમાં એક એવી જાતની શક્તિ મુકી છે કે હેને જોઈ ગમે તેવો નિર્દય માણસ, ગમે તેવો વજ્ર હૈયાનો માણસ, ગમે તેવો સ્વછંદી માણસ હોય તોપણ પહેલાં હેની તરફ જતાં આચકો ખાય છે. આ શકિત અત્યારે કમળાને એવો ભવ્ય દેખાવ આપતી કે જાણે હેની પાસે જવાથીજ જનાર આશામી બળીને ભસ્મ થઈ જાય. તેથી વનરાવનદાસનો પગ હેની તરફ જવાને ઉપડતો નહી. હેની સામું વધારે વાર એકી નજરે જોઈ શકતો નહીં. કારણ કે હેની ભવ્ય આંખોમાંથી એવો અગ્નિ વરસતો હતો કે તે હેના સામું દૃષ્ટિ માંડી શકતો નહી. વખતે હીમત લાવી પાસે જવા નિશ્ચય કરે પણ એટલામાં કમળા હેના સામું જુએ એટલે તે પાછો આંચકો ખાય. આ પ્રમાણે દસપંદર મિનિટ સુધી બન્ને જણાં જ્યાં ઉભાં હતાં

ત્યાંથી એક તલભાર પણ ચસકી શક્યાં નહોતાં. વનરાવનદાસ હીંમત ધરી કમળા ભણી ગયો પણ જતાં જતાં હેના પગ પાછા પડવા માંડ્યા. કમળાએ હેને હેની તરફ આવતો જોઈ તુચ્છકારથી હેનો હાથ લાંબો કર્યો અને હાથ લાંબો કરતાંજ વનરાવનદાસને જાણે વિજળીનો આંચકો લાગ્યો હોય તેમ એક બે પગલાં પાછો હઠી ગયો. કમળા પાસે કાંઈ તરવાર, છરો કે પીસ્તોલ હતાં નહીં, છતાં હેની હીમત હેની પાસે જવાની ચાલતી નહોતી. પણ આખરે આ સર્વ મનની અસરોને દબાવી દઈ તે કમળા તરફ ચાલ્યો. કમળાએ હેને પાસે આવતો, જોઈ તે જે ખૂણામાં ઉભી હતી ત્યાંથી ભીંતને ઘસડાતી ઘસડાતી બીજા ખૂણા તરફ ચાલી. પણ હજુ સુધી બન્નેમાંથી એકે જણ એક શબ્દ પણ બોલ્યાં નહોતાં. વનરાવનદાસ બોલવાને ઘણો મથતો પણ હેનું મ્હો ઉઘડી શકતું નહોતું. હીમત લાવી આખરે હેણે કહ્યું. "આમ મ્હને ટળવળાવે છે શું. ત્હારે માટે મ્હેં આટલી આટલી મ્હેનત કરી, ત્હારે માટે પૈસા કાંકરાની પેઠે વાવરૂં છું: અને એક શબ્દ તો મ્હોમાંથી બોલ!" એમ કહી તે હેની પાસે એકદમ ગયો, હેનો હાથ

પકડ્યો અને હેના પગ પાસે નીચો પડ્યો. કમળાએ હેનો હાથ તરછોડી નાંખ્યો અને ત્યાંથી એકદમ બીજા ખૂણામાં દોડી ગઈ.

વનરાવનદાસ તો ત્યાંનો ત્યાં ગોઠણીઆ ઉપર જોર બેઠો હતો તેમનો તેમજ બેશી રહ્યો અને કમળાની સામું ફરીને બોલ્યો "અરે, મોહિની, આમ શું કરવા કરે છે, આમ મ્હને શું તરછોડે છે." પણ કમળા તો નીચુંજ જોઈ રહી. હેનામાં બોલવાની સત્તા હતી નહીં. પણ દુષ્ટ વનરાવનદાસ ત્યાંથી ઉઠ્યો અને હેની પાછળ ઘેલાની માફક દોડ્યો. કમળા આ ખૂણામાંથી પેલા ખૂણામાં અને પેલા ખૂણામાંથી આ ખૂણામાં આવે. વનરાવનદાસ હેને પકડવા આમ તેમ દોડે, હેનો હાથ ઝાલવા જાય પણ તે એવા જોરથી તરછોડી નાંખે કે ઘણીકવાર લગણુ તો તે સ્તબ્ધ થઇને ઉભો રહે. છેવટે વનરાવનદાસે કહ્યું, "તું આમ કરીશ તેથી શું તું ફાવીશ? મ્હેં આટલી આટલી મ્હેનત કરી અને હને એમને એમ અહીંયાંથી જવા દઇશ? જો તું હારી રાજી ખુશીથી મ્હારે તાબે થઇશ તો તું કહીશ તેવી રીતે રાજી કરીશ. અમુલ્ય ચીજો આપીશ. કહીશ તો હારો દાસ થઇને

રહીશ. પણ જો તું નહીં માને તો હું ત્હને પરાણે મનાવીશ." એમ કહી તે ત્હેની પાછળ દોડયો.. પણ કમળા એકદમ બોલી ઉઠી. "અરે દુષ્ટ. તું મ્હારાથી આઘો રહે. ત્હારો સ્પર્શ કરી મ્હને ભ્રષ્ટ કરીશ નહીં. એક અબળાને આમ પરાણે પકડી લાવી ત્હેની ઉપર જોર જુલમ કરતાં અરે રાક્ષસ ત્હને બીલકુલ દયા આવતી નથી. ત્હારે સ્ત્રી છે કે નહીં? દુષ્ટ મ્હને અહીંયાંથી તું જવા દે." પણ આટલું બોલતાં ત્હેના કપાળ ઉપર પરશેવાનાં બિંદુ ઝામી ગયાં, કંઠ ગળાગળો થઈ ગયો અને વીશેષ બોલાયું નહીં.

"હમણાં કબુલ નહીં કરે તો કાલે વાત, કાલ નહીં તો પરમ દિવસ વાત, પણ તું એમ ન સમજીશ કે હું હવે ત્હને અહીંયાંથી એમની એમ જવા દઉં. મ્હારૂં મન ત્હને જોઈ અંદરથી રહી શકતું નથી. પણ જ્યાં સુધી તું ત્હારી મેળે જ કબુલ કરે ત્યાં સુધી બળ શા માટે વાપરવું? ઠીક ત્યારે અત્યારે તો હું જાઉં છું પણ મ્હારા ગયા પછી જો ત્હને અહીંયાંથી વ્હેલા જતા રહેવા ઇચ્છા થાય અને તેથી કરી મ્હારી વાત કબુલ હોય તો ગંગાને બોલાવી કહેજે એટલે તે મ્હને ખબર કરશે." એમ

ફરી તે બારણા ભણી ચાલ્યો પણ એટલામાં ક-મળા એકદમ બોલી. "અરે દુષ્ટ અહીયાંથી ત્હારૂં કાળું કર. તું જાય છે તે પાછો અહીયાં આવીશ નહીં. ગમે તેમ થશે તો પણ હું ત્હારી વાત કબુલ કરીશ નહીં. જ્યાંસુધી આ ખોળીઆમાં જીવ છે ત્યાંસુધી દુષ્ટ તું આ શરીરને સ્પર્શ કરવા પામીશ નહીં, માટે જો ત્હારે સ્ત્રીહત્યા કરવી હોય, ત્હારે માથે કલંક ચડાવવું હો તોજ તું પાછો આવજે. તે દાસીને કહેતો જા કે મ્હને અહીંયાંથી જવા દે."

"જવા ક્યાં દેશે! એમ નાશી જવું કાંઈ રસ્તા-માં પડયું છે?" એમ કહી બારણું ઉઘાડી તે ચાલ્યો અને જતી વખત બારણું બ્હારથી બંધ કરતો ગયો.

ત્હેના ગયા પછી કમળાના મનનો ઉભરો ભરાઈ આવ્યો. ત્હેનું મન બહુ મુઝાવા લાગ્યું અને કોચ ઉપર બેઠી. બે હાથમાં માથુ મુકી રોવા લાગી. થોડી વાર પછી તે ઉભી થઈ. રોતી પણ આંસું હવે આંખમાંથી આવતાં નહીં. ઓરડાની અંદર આમ તેમ ફરવા લાગી. પણ કાંઈ ચ્હેન પડે નહીં. બ્હારી આગળ જઈને થોડીવાર ઉભી રહી. થોડી-વાર હજુ ઉભા નથી રહી તેટલામાં ત્હેને કાંઈક વિચાર આવવાથી તરત બારીએથી પાછી ફરી.

કાંઈક ખોળતી હોય તેમ આમ તેમ ફાંફાં માર્યાં પણ શું ખોળે છે તેની ખબર પડે નહીં. ટેબલ નીચે જુવે, કોચ નીચે જુએ, પલંગ તળે જુએ પણ પાછીનિરાશ થઈ જાય. એક છેડેથી હેણે જમીન ઉપર પાથરેલી સાદડી ઉપાડી જોયું. ને હેના મ્હોં ઉપર હર્ષની નિશાની જણાઈ. સાદડીની નીચે વાંસની છાલની ગુંથેલી સાદડી પાથરેલી હતી. તેમાંથી હેણે એક લાંબી ચીપ ખેંચી કાઢી. તે ચીપને દાંતેવતી છોલી પાતળી બનાવી ટેબલ ઉપર મુકી. પાછું આમતેમ ખોળવા મંડી. કબાટ એ કટકાનું હતું. તેની ઉપર જોયું તો એક કાગળ-નો કટકો પડયો હતો તે હેણે ઉતાર્યો. તેની ઉપર ધુળ હતી તે ખંખેરી તપાસી જોયો તો કોરો હતો તેથી તે ખુશી થઈ. પણ હજુ એક ચીજ જોયતી હતી. હેના મનમાં એમ વિચાર આવ્યો હતો કે દરિયાકીનારોછે તેથી સાંજે કોઇપણ ફરવાને માટે આણીતરફ આવશે માટે એક ચીઠ્ઠી લખી ગમે તેમ કરીને કોઇના હાથમાં આવે તેમ થાય તો અહીયાંથી છૂટા થવા સંભવ રહે. તે ઉપરથી હેણે ચિઠ્ઠી લખવાનાં સાધન ખોળવા માંડયાં હતાં. વાંસની છાલની કલમ દાંતવતી બનાવી હતી અને

કાગળ પણ જડયો હતો પણ ચિઠ્ઠી શેણેવતી લખવી તેનો વિચાર થયો. થોડીવાર ગુમ થઇને ઉભી રહી પણ તુરત વિચાર આવતાં બીજી અણીદાર ચીપ સાદડીમાંથી કહાડી અને પોતાની આંગળી ઉપર છરકો કર્યો. છરકો થતાં તુરત લોહી નીકળ્યું. તે લોહીમાં થોડું પાણી નાંખી તે વતી ત્હેણે નીચે પ્રમાણે ચિઠ્ઠી લખી.

" આ ચિઠ્ઠી જે કોઇના હાથમાં આવે તે મ્હેરબાની કરી દયાની ખાતર પોતાની ફરજ સમજી પોલીસમાં ખબર આપશો કે કમળા નામની એક કુલીન ઘરની સ્ત્રીને કોઈ શખસે (નામ જાણુતી નથી તેથી લખ્યું નથી તથા હું કયાં છું તે પણ ખબર નથી માટે લખતી નથી) ફલાણી જગાએ જોર જુલમથી ત્હેની આબરૂ લેવાના ઇરાદાથી પુરી છે. મ્હારો પતિ દયાશંકર ધીરજલાલ જે ભુલેશ્વરમાં રહે છે ત્હેને પણ બની શકે તો ખબર આપશો. અહીયાં હું આ દુષ્ટના હાથમાં સપડાઈ છું માટે જેમ બને તેમ તાકીદથી છોડાવી આ એક અબળાનો આશીરવાદ લેવા ચૂકશો નહીં. વિશેષ શું."

આ પ્રમાણે ચિઠ્ઠી લખી તેની અંદર કાંઈ ચુનાનો ભુકો કાંકરા વીગેરે નાંખી વીંટી તથા પો-

તાના કપડાને છેડો ફાડી તેને વીંટાળી એક ન્હાના ગોળા જેવું બનાવ્યું, પણ હવે તેને બ્હાર ફેંકવું શી રીતે? બંગલાની હદમાં પડે અને બંગલાના કોઈ માણસના હાથમાં આવે તો તો વીશેષ દુઃખ થાય. તેથી ફરીથી વિચારમાં પડી. ત્હેને એક વિચાર સુજી આવ્યો તેથી એક જાડી ચીપ બીજી કહાડી અને જેમ લખોટો આંગળી ઉપર ચડાવી ફેંકીએ છીએ તેમ આ ન્હાનું પડીકું ચીપના છેડા ઉપર રાખી ચીપને વાળી છોડી દેવી તેથી તે ગોળો દુર જઇને પડશે એમ ત્હેના મનમાં ખાતરી હતી. પણ તે પ્રમાણે થાય છે કે નહીં તે એક બેવાર ઓરડામાં ને ઓરડામાં ત્હેણે અજમાવી જોયું. તેની અંદર ત્હેના ધાર્યા પ્રમાણે થયું તેથી તે બહુ રાજી થઈ.

પણ હવે કોઈ ફરવા આવે છે કે નહીં તેની રાહ જોતી બ્હારી પાસે. એક ખુરશી ઉપર બેઠી. અત્યારે પાંચ વાગ્યાનો વખત હતો. દરિયો સામો ઘુઘવતો હતો અને તેની મંદ મંદ હવા બ્હારીમાં થઇને ચાલી આવતી હતી. કોઈ કોઈ વખત પવન જુસ્સાભેર પણ આવતો. દરિયાની અંદર દૂર દૂર હોડકાં આમતેમ ફરતાં હતાં. તેની અંદર આવતાં મોજાં એકબીજા જોડે અથડાતાં હતાં અને તેથી

તેની ઉપર ફીણ વળતાં તે સૂર્યના તડકાથી ચળકતાં હતાં અને જાણે દરિયાની વચ્ચે કાંઈ મોજાં એકબીજાની સાથે અથડાવાથી અંદરથી ફીણવાળું દુધ નીકળતું હોય તેમ લાગતું હતું. આ મોજાં ગણતી, જેમ દરિયામાં તરંગો આવતા તેવાજ પોતાના મનમાં હમણાં કોઈ ફરવા આવશે અને મ્હને અહીંયાંથી છૂટી કરશે એવા ખુશીના તરંગો ઉછળતા હતા; પણ એક તરંગ આવી જેમ પાછો વચ્ચે ખાડો પડે તેમ ત્હેના મનમાં પણ વળી આવતી કાલે શું થશે તેના વિચારો આવવાથી ઉંડો ખાડો પડી જતો. આ પ્રમાણે વિચાર કરતી, દરિયામાં આવતાં મોજાં જોતી હતી. સૂર્ય પણ ધીમે ધીમે દૃષ્ટિમર્યાદા તરફ ઉતરતો જાય છે પણ હજી સુધી કોઈ પુરૂષ યા સ્ત્રી ત્યાં જોવામાં આવતું નથી. જેમ જેમ વાર થતી જાયછે તેમ તેમ ત્હેના મન ઉપર જૂદી જૂદી જાતની અસર થાય છે. સૂર્ય અસ્ત થયો પણ હજી અજવાળું પુષ્કળ હતું. હજી પણ કોઇને તે જોતી નથી. જેમ જેમ સૂર્ય નીચે જતો અને અજવાળું ઓછું થતું તેમ તેમ આના મનમાં પણ આશા રૂપી તેજ ઓછુ થવા માંડયું. અંધકાર ફેલાવા

લાગ્યો; પણ એટલામાં બંગલાથી પચાસ સાઠ ક-
દમ છેટે એક જુવાન પુરૂષ, કોટ પાટલુન તથા
માથે મ્હોટી ટોપી પહેરી હાથમાં એક લાકડી લઈ
ફરતો માલમ પડયો. આ પુરૂશને જોતાં જ ક-
મળાના મનમાં આનંદ વર્ષી રહ્યો. તે ખુરશી ઉ-
પરથી ઉભી થઈ, પાસે રૂમાલ હતો તે રૂમાલ એક
હાથમાં રાખી હાથ જાળી બ્હાર રાખી રૂમાલ
હલાવવા મંડી, પણ હજી પેલા પુરૂષની નજર
આંણી તરફ પડી નહોતી. પાંચ મિનિટ થઇ પણ
હજી આણી તરફ જોતો નહોતો. કમળા મનમાં
નિરાશ થવા લાગી. પણ થોડીવાર હજી ત્હેણે રૂ-
માલ હલાવ્યો એટલામાં પેલો તરૂણ પુરૂષ ફરતાં
ફરતાં પાછો ફર્યો. પાછા ફરતાં જ ત્હેણે ત્હેના ખીસ્સા-
માંથી રૂમાલ કહાડયો અને ઉંચો કરી હલાવ્યો.
રૂમાલ હાલતો જોઈ કમળાના હર્ષનો પાર રહ્યો
નહીં. તે તરૂણ પુરૂષ બંગલા તરફ આવ્યો. જેમ
જેમ તે પાસે આવ્યો તેમ તેમ ત્હેનો ચ્હેરો ખુ-
લ્લો જણાવા માંડયો. મુછો હજી ત્હેના મ્હો ઉપર
હતી નહીં. માથાના વાળ બધા એકઠા કરી ટોપી
અંદર નાંખ્યાં હતા. કોટ લાંબો તથા ખુલ્લો પ્હે-
ર્યો હતો. છાતી પાસેનાં બટન બીડયાં નહોતાં

પણ છાતી ઉપર એક રેશમી રૂમાલ જે કોટે બાંધ્યો હતો તેના બે છેડા લટકતા હતા. તે તરૂણ આઠ દસ પગલાં બંગલાથી દુર ઉભો રહ્યો. કારણ ત્યાંથી હવે પાસે અવાય તેમ નહોતું.

કમળાએ પેલો લખીરાખેલો ગોળો લીધો. વાંસની ચીપ લીધી અને બન્ને હાથ જાળીમાંથી બ્હાર કહાડી ડાબા હાથમાં વાંસની ચીપ છેક છેડેથી ઝાલી અને બીજા હાથમાં તે ગોળો રાખી ચીપને પોતાની તરફ ખેંચી ચીપ તથા ગોળો છોડી દીધાં. ગોળો તીરની માફક સુસવાટ કરતો ચાલ્યો. કમળાની આંખ ગોળાથી બીલકુલ ખસતી નહોતી અને જ્યારે ગોળો દીવાલની પેલી તરફ ગયો, જમીન ઉપર પડયો અને પેલા તરૂણ જુવાને દોડીને ઉપાડી લીધો ત્યારે જ કમળાના જીવને શાન્તિ થઈ. ત્હેના મનમાં હતું કે વખતે દીવાલની આણી તરફ પડતો "લેને ગઈ પુત ને ખોઆઈ ખસમ" વાળું થાય. ગોળો પેલા તરૂણે ઉપાડી લીધો, તેને છોડયો, તથા તેને ઉકેલી તેની અંદર લખેલું વાંચ્યું. વાંચીને ત્હેણે કમળા સામું જોયું. થોડી વાર તે ત્યાં જ ઉભો રહ્યો. અને પછી પોતાનો રૂમાલ ઉંચો કરી કમળા ત-

રફ હલાવ્યો અને તે ત્યાંથી ચાલતો થયો. કમળાના મનની અંદર અત્યારે હર્ષ માતો નહોતો. ક્યારે તે મ્હને હવે અહીયાંથી છૂટી કરે તથા ક્યારે હું મ્હારા પતિ વગેરેને મળું. એજ વિચારોમાં તે લીન થઈ ગઈ અને ઓરડામાં પડેલા કોચ ઉપર જઇને પડી.

પ્રકરણ ૨૧ મું.

કમળાને કષ્ટ.

કમળા, ઉપર કહ્યું તે પ્રમાણે પેલો તરૂણ પુરૂષ ત્યાંથી ગયો તે પછી જઇને કોચ ઉપર બેઠી અને હર્ષનાં આંસુથી હેનું સુંદર મુખ ભીંજાઈ ગયું. હેના મનને ખાતરી હતી કે આ તરૂણ હેને છુટી કરવામાં મદદ કર્યાં વગર રહેશે નહીં. આ વિચાર આવતાં તે મનની અંદર ઘણી ખુશી થઈ અને આનંદથી પોતાની મેળે બોલી ઉઠી. "અરે પ્યારા પતિ ઈશ્વર ઈચ્છા હશે તો હવે થોડા વખતમાં હું ત્હારી પાસે આવીશ. મ્હારે માથે શું શું દુઃખ પડ્યું છે તે ત્હને કહીશ." આ પ્રમાણે વિચારમાં લીન થઈ ગઈ હતી. કેટલીકવાર ખુશીમાં જણાતી અને કેટલીકવાર પાછી પોતે ક્યાં છે તે યાદ આવતાં હેના મ્હો ઉપર દિલગિરીની છાયા છવાઈ જતી.

આઠ વાગ્યા અને ડોશી એક તાસકની અંદર કમળાને માટે ખાવાનું લઇને તે ઓરડામાં આવી. ખાવાનું ટેબલ ઉપર મુકી કમળાને હેણે કહ્યું. "મ્હે તમને પ્હેલાં બોલાવ્યાં નહીં તથા તમે જે

પુછ્યુ તેનો જવાબ પણ મ્હેં બરોબર દીધો નહીં તેથી મ્હારા ઉપર ખોટું તો લાગ્યું હશે. પણ મ્હારા મનની અંદર એમ હતું કે થોડો વખત શાંત થયા પછી તથા આહીંયાં કેવી સ્થિતિમાં છો તેનો વિચાર આવવાથી વખતે તમારા મન ઉપર અસર થાય અને શેઠનું કહેવું કબૂલ કરો. હવે તો વિચાર બદલાયોછે કે હજી 'તેવીને તેવી જ હઠ કરવીછે?"

"વિચાર વળી શું બદલવો હતો," કમળા ગુસ્સે થઇને બોલી.

"એમાં ગુસ્સે થવા કાંઇજ કારણ નથી." ડોશી બોલી "શેઠનું કહેવું કબૂલ કર્યા સિવાય તમારો છુટકોછે? જો વધારે હઠ કરશો તો વધારે વેઠવું પડશે. માટે મ્હારૂં કહ્યું માની ત્હેનું કહેવું કબુલ કરો તો સારૂંછે"

"તું વીશેષ મ્હારી પાસે વાત કરી મ્હને નકામી ગુસ્સે કર નહીં. ત્હારે જે કામ હોય તે કરીને અહીંયાંથી એકદમ ચાલી જા."

"એમકે ? હજી એટલી બધી મગરૂરી છેકે;" એમ કહી ડોશી ત્યાંથી ચાલી ગઈ. બારણું બ્હારથી બંધ કર્યું અને કમળા જ્યાં બેઠી હતી ત્યાં જ

બેશી રહી. ડોશી આ પ્રમાણે બોલી તેથી ત્હેનું મન પાછું બહુ અધીરૂં થઈ ગયું. તે તરૂણ પુરૂષ ક્યારે આવશે એ વિચારો ત્હેના મનમાં આવવા લાગ્યા અને બોલી ઉઠી. "અરે દૈવ, હવે તે રાક્ષસ, નિર્દય, વજ્ર હૈયાવાળો મ્હારી પાસે ફરીથી આવે તે પહેલાં અહીયાંથી મ્હારો છુટકો કર. શું તે આજ અત્યારે મ્હને છુટી નહિ કરે? તે શું મ્હારી ચિઠ્ઠી ધ્યાનમાં નહી લે! ના, ના, એમ તો કરે નહીં. આવ્યા વગર તો નહીં રહે." એમ વિચાર માંને વિચારમાં તે ગુમ થઈ જતી. મુઢની પેઠે એકી નજરે દીવા સામું જોઈ રહેતી અને વખતે પાછી પોતાની મેળે બોલી ઉઠતી. ટેબલ ઉપર ડોશી ખાવાનું મુકી ગઈ છે, તે પણ તે ભુલી ગઈ હતી. નવ વાગ્યા પણ કોઈ આવ્યું નહીં. ટેબલ ઉપર જે પડ્યું હતું તેમાંથી થોડું ખાઈ પાછી જઈને કોચ ઉપર બેઠી પણ ત્યાં ત્હેને જંપ વળે નહીં. આમતેમ ફરે, બ્હારીએ જઈને ઉભી રહે, પણ કાંઈ ચ્હેન પડે નહીં. દસ વાગ્યા પણ કાંઈ ખડખડાટ ગડગડાટ સંભળાય નહીં. જેમ જેમ રાત જતી ગઈ તેમ તેમ ત્હેના મનમાં ત્હેના છુટકારાની આશા પણ ઓછી થતી ગઈ અને નિ-

રાશ થઈ ગઈ. હૈયું ભરાઈ આવ્યું અને રોવા લાગી. પણ છાની કોણ રાખે. થોડીવાર લગણ રોઈ પાછી ત્યાંથી ઉઠી. મ્હો ધોઈ તથા થોડુ પાણી પીને પાછી બ્હારી પાસે ગઈ. બ્હારીમાંથી મંદમંદ પવન આવતો હતો. તેનાથી ત્હેનું મન કાંઈક શાંત થયું. બાર વાગ્યા લગણ ત્હેણે રાહ જોઈ પણ કોઈ ન આવ્યું તેથી આંખ મીચી કોચ ઉપર સુઈ રહી. પણ ઉંઘ આવે નહીં. થોડીવારમાં તે ઉંઘી ગઈ.

બીજો દિવસ આખો ચાલ્યો ગયો પણ કોઈ આવ્યું નહીં. કલાકમાં પાંચ સાત વખત બ્હારી પાસે જાય અને કોઈ ત્યાં આગળ આવે છે કે નહીં તે જુવે પણ કોઈ ન મળે. આખો દિવસ રોઈ રોઈને ત્હેણે કહાડયો. સાંજ પડવા આવી. સૂર્ય ધીમે ધીમે દૃષ્ટીમર્યાદા તરફ ઉતરવા માંડયો. પણ કોઈ આવ્યું નહીં. તે બહુ નિરાશ થઈ ગઈ. હવે શું કરવું તે ત્હેને કાંઈ સુઝે નહીં. એટલામાં બારણું ઉઘાડતું હોય તેમ અવાજ સંભળાયો. પહેલાં તો ત્હેના મનમાં હીંમત આવી. પણ જ્યારે ડોશીને બારણાંમાં જોઈ કે તુરત પાછું ત્હેનું મ્હોં ઉતરી ગયું. ડોશીએ કહ્યું "આજ શેઠ અહીંયાં તમારી

સાથે ખાવાનાછે એમ તેમણે કહાવ્યું છે." અને એટલું કહી ટેબલ ઉપર દીવો મુકી તે ચાલી ગઈ.

ડોશીએ શેઠ જમવા ત્યાં આવવાનાછે કહ્યું ત્યારથીજ કમળાના પેટમાં ફાળ પડી હતી. વળી આ પાપ કોણ જાણે શુંએ કરશે અને કોણજાણે કેટલું દુઃખ દેશે એમ ત્હેના મનમાં આવવાથી તે બહુજ મુઝાવા માંડી પણ એટલામાં ત્હેના મનમાં એક વિચાર આવ્યો. તુરત તે ઉભી થઈ. વચ્ચે જે ટેબલ પડયું હતું તે આઘુ ખશેડી દીધું. અને કોચને વાસેલા બારણાને અડકાડીને ઉભો લાંબો મુક્યો અને તે કોચને અડતો પલ્લંગ પણ આડો કરીને મુક્યો, છતાં પલંગ તથા દીવાલની વચ્ચે થોડો મારગ રહ્યો- ત્યાં આગળ આડી એક ખુરશી મુકી. એટલે જો કોઈ બ્હારથી બારણું ઉઘાડે તોપણ આડો કોચ હતો તેથી ઉઘડી શકે નહી એવો વિચાર કરી ત્હેણે ઉપર પ્રમાણે ગોઠવણ કરી. પણ હજુ બીજુ એક બારણું હતું. તેનું શું કરવું એ વિચાર ત્હેને થયો. ખાલી કબાટ શિવાય બીજી કાંઈ ચીજ નહોતી કે બારણા આડી તે મુકી ને બારણું બંધ કરે. વળી કબાટ પણ બહુ ભારે. ન હતું તેથી તે એકદમ ખશી શકે તેમ હતું

અને વળી તે બારણાની પાસે હતું એટલે બહુ ખશેડવું પડે તેમ નહોતું. કબાટ ખશેડવા હેણે વિચાર કર્યો. કાંઈક મ્હેનતે તે કબાટ ધીમે ધીમે ખશેડી બારણા આડું મુક્યું. આટલી મ્હેનતથી તે થાકી ગઈ અને પલંગ હતો તેમાં પડી.

આઠ વાગ્યા અને બારણાનું તાળુ ઉઘડતું હોય તેવો અવાજ ત્હેના કાન ઉપર પડ્યો. તે પલંગ-માંથી ઉઠી અને એક બ્હારી પાસે જઇને ઉભી રહી. પહેલાં તો જે બારણા આડો કોચ મુકયો હતો તે બારણું ઉઘાડવા માંડ્યું પણ પાછળ કોચ અને કોચની પાછળ પલંગ અને તેની પાછળ ખુરશી હતી અને ખુરશી ભીત જોડે સજડ આવી ગઈ હતી તેથી બારણું બીલકુલ ચસકી શકયું નહીં. ત્યાંથી તે લોકો થાકી બીજા બારણા પાસે ગયા. તે બારણું બ્હારથી ઉઘાડવા માંડ્યું પણ ઉઘડે નહીં. કમળાને બહુ ધમકી આપી પણ ત્હેણે તો તો કાન બ્હેરાજ કર્યા હતા, તે શેનો જવાબ દે. પોતે પોતાના કામમાં ફત્તે પામીછે તે જોઈ તે ખુશી થતી પણ એટલામાં ધડીમ દઇને મ્હોટો અવાજ થયો.-અવાજ થતાંજ કમળાની નજર બારણાભણી પડી અને કબાટ બ્હારના આંચકાથી પડી ગયું

અને બારણાં તરત ઉઘડી ગયાં. વનરાવનદાસ અંદર આવ્યો અને કમળાનો હાથ ઝાલી ગુસ્સાથી બોલ્યો—"તું ગમે તેમ મ્હને છેતરવાના તથા મ્હારાથી દુર રહેવાના રસ્તા ખોળીશ પણ ત્હારૂં મ્હારી આગળ કશું ચાલવાનું નથી. માટે ત્હારે મ્હારૂં કહ્યું કરવું પડશે. અને હવે મ્હારે ત્હારી ઉપર જોર જુલમ કરવો ન પડે તથા બીજા કાંઈ ઉપાય લેવા ન પડે તેવી રીતે કબુલ કરી દે."

પણ કમળાએ બીલકુલ જવાબ દીધો નહીં, તે બ્હારી બ્હાર જોઇને ત્યાંની ત્યાંજ ઉભી રહી. અને આ દુષ્ટ માણસનું મ્હો જેમ ન જોવાય તેમ તે પ્રયાસ કરતી.

"અરે કમળા આટલું આટલું ત્હારી પાછળ કરતાં છતાં ત્હને કાંઈ ધ્યાનમાંજ આવતું નથી કે?" શેઠ બોલ્યા "તું આ ત્હારા પતિવ્રતપણાને માટે કરતી હોય તો હું નથી ધારતો કે આ દુનિયામાં એવી કોઈપણ પતિવ્રતા સ્ત્રી હોય. માટે મ્હને તો લાગેછે કે હું ત્હને પરાણે અહીંયાં લઈ આવ્યો માટે તું મ્હારા ઉપર ગુસ્સે થઇને મ્હારૂં કહેવું સાંભળતી નથી. પણ અરે પ્યારી કમળા" પણ આ સાંભળતાં જાણે કમળાને કાંઈ વિજળીનો આં-

ચકો આવ્યો હોય તેમ એકદમ ચમકીને બોલી ઉઠી.

"અરે દુષ્ટ, પાપી, તું સંભાળીને બોલ."

"હશે તું એમ બોલીશ તથા ગુસ્સે થઈશ તેથી કાંઈ ડરી જવાનો નથી. જો આમજો, હું કેવી ચીજ ત્હને ભેટ તરીકે આપવાને લાવ્યોછું. ત્હારી જીંદગીમાં પણ આવી ચીજ જોઈ નહિ હોય લે જો." એમ કહી શેઠે એક ન્હાની નાજુક રેશમી કપડાથી મઢેલી પેટી ઉઘાડી કમળા પાસે ગયો. તે પેટીની અંદર ત્રણ અમુલ્ય હીરાની વીંટીઓ એક હીરાનો હાર તથા ચાર હીરે જડેલી બંગડીઓ હતી. શેઠે કમળાની પાસે જઈ ત્હેનો હાથ ધીમેથી ઝાલ્યો અને કહ્યું. "લે જો."

"અરે દુષ્ટ તું મ્હારાથી આઘો જા, મ્હને ત્હારૂં પાપી મ્હો દેખાડ નહીં, મ્હને ત્હારો હાથ અડકાડ નહી. ત્હારા ઝવેરાતને એક અંધારા કુવામાં નાંખી દે." એમ ગુસ્સાથી બોલી. શેઠે ત્હેની પાસે જે પેટી ધરી હતી તે તરછોડી નાંખી. પણ શેઠ વળી ત્હેને સમજાવતા હતા. "આવું તું ત્હારા સ્વપનામાં પણ નહી જુએ. મ્હારૂં કહ્યું માન નીકર ત્હને પાછળથી પસ્તાવો થશે."

પણ કમળાએ બીલકુલ જવાબ દીધો નહીં અને

પાસે ધરેલી પેટીને એવા જોરથી તરછોડી કે જો શેઠે બરોબર પાછી ઝાલી લીધી ન હોત તો અંદરનાં તમામ દાગીના અથડાઇને ભાંગી જાત. શેઠ આથી બહુ ગુસ્સે થયા અને બોલ્યા. "તું આ કેટલી ભુલ કરે છે. તું એમ સમજે છે કે હવે હું મ્હારા પંઝામાંથી ત્હને જવા દઉં? મ્હે ત્હને એક કરતાં વધારે વાર કહ્યું છે કે ત્હારી નાદાની કાંઇજ કામમાં આવશે નહીં. જો રાજી થઇને મ્હારૂં કહેવું કબુલ કરીશ તો હું ત્હને ન્યહાલ કરીશ પણ જો મ્હને ગુસ્સે કરીશ તો તેનું પરીણામ સારૂં આવશે નહીં. વારૂં અત્યાર સુધી હું ત્હારૂં મન મનાવવા પ્રયાસ કરતો હતો પણ તેમ તુ માનતી નથી તો હવે સાંભળ. આ શીશીની અંદર એવી એક દવા છે કે જો તે દવાનાં બે ટીપાં પાણીમાં ત્હને પાઇશ કે તુરત તું બેભાન થઈ જઇશ." શેઠે પોતાના ખીસ્સામાંથી એક ન્હાની શીશી કહાડી અને ત્હેના સામી ધરી કહ્યું. "બીજી રીતે કાંઈ હાંની કરતા નથી. તું બેભાન થઇશ એટલે ત્હારે મ્હારી ઇચ્છાને સ્વાધીન થવું પડશે. મ્હારા માણસો ત્હને પરાણે તે પાશે માટે શી ઇચ્છા છે. ત્હારે એમને એમ મ્હારે તાબે થવું છે કે મ્હારે જોર જુલમ

કરવો પડશે. જો અત્યારે સાડા નવ થયા છે. અ-ડધી કલ્લાક હું ત્હને વિચાર કરવાને આપું છું. અને અડધી કલ્લાકની અંદર જો તું નહીં માને તો મ્હારી ઇચ્છા પ્રમાણે મ્હારે કરવાની ફરજ પ-ડશે." એમ કહી પાસે પડેલી એક ખુરશી ઉપર તે બેઠો.

કમળાએ બીલકુલ જવાબ આપ્યો નહીં. તેતો બીચારી ઉપરનું કહેવું સાંભળી સ્તબ્ધ થઈ ગઇ અને ત્હેના કપાળ ઉપર પરસેવાનાં બુંદ તરી આવ્યાં.

શેઠે ડોશીને બોલાવી અને ડોશી આવી એટ-લે ત્હેને કહ્યું કે "હવે હું તહને બોલાવું ત્યારે તું તથા રેમાન બન્ને જણા અંદર આવજો." ડોશીના બ્હાર ગયા પછી શેઠે કમળાને કહ્યુ. "જો આ રમણું ફરીથી બોલાવીશ તે વખતે તહને જોર જુ-લમ કરી પેલી દવા પાશે માટે હવે ત્હારો શો વિચાર છે?"

કમળાએ હજી પણ કાંઇ જવાબં આપ્યો નહીં. હવે ત્હેને વિચારો બહુ વિપરીત આવવા લાગ્યા. ત્હેણે જાણ્યું કે આ પાપી જોર જુલમથી પોતાનું શીલ ગમે તેમ કરી કરશે અને ત્હેણે જે ડારો બતાવ્યો હતો તે અમલમાં પણ લાવશે માટે

હવે આપઘાત શિવાય બીજો ઉપાય નથી તેમ ત્હેના મનમાં નિશ્ચય થયું. ટેબલ ઉપર પાસે ફળ કાપવાને માટે ચપ્પું પડયું હતું તે જોઇ ત્હેના મનમાં આવ્યું કે આખરે આ ચપ્પુને મ્હારા હૃદયનું લોહી પાયા વગર ચાલશે નહીં. પણ આ વિચાર આવતાં ત્હેના આખા શરીરમાં કંપારી છુટી. ત્હેને ત્હેનો પતિ તથા માબાપ યાદ આવ્યાં અને મનમાં ને મનમાં બોલી ઉઠી. "શું મ્હારે મ્હારા દેહનો આવી રીતેજ અંત આણવો પડશે? અરે ઇશ! તું આ એક અબળાને બીલકુલ સાહ્ય કરીશ નહીં? આ દુષ્ટને કાંઇ પણ સારી પ્રેરણા આપીશ નહીં? હે ઇશ્વર તું પણ કેમ આવો નિર્દય થઈ ગયો? મ્હારા શિયળનો ભંગ થાય તે તું કયમ જોઈ શકે છે? અરે પ્યારા દયાશંકર તું જાણે છે કે ત્હારી પ્યારી પત્નિ ને આટલું દુઃખ પડેછે અને આખરે દેહ ત્યાગ કરવા સુંધીનો પણ નિશ્ચય અત્યારે થયોછે? ઓ પ્યારાં માબાપ, તમારી આ અબળા બાળકી આજ દુષ્ટ માણુસના હાથમાં સપડાઇ પ્રાણઘાત કરવા તત્પર થઈ છે, તેથી તમે તો હમેશાં અજાણ્યાંજ રહેશો?" એમ કહેતાં કહેતાં ત્હેના નેત્રમાંથી અશ્રુધારા થઈ. ત્હેનું મગજ ફરવા લાગ્યું.

અને આંખે ઝાંઝવાં આવ્યાં. ડસકાંથી ત્હેનું ગળું બંધ થવા લાગ્યું. ગળાની અંદર કાંટા પડવા લાગ્યા, અને ત્હેનું નાજુક હૃદય હમણાં ફાટી જશે તેમ ધબકવા લાગ્યું.

"હવે કાંઈ તું નિશ્ચય ઉપર આવી હોય .તેમ લાગેછે" આ દુષ્ટ વજ્ર હૈયાનો માણુસ બોલ્યો.

"હા. હવે નિશ્ચય–નકરૂં–તો–તો–શું–કરૂં !" ડસકાં ખાતી ખાતી કમળા બોલી. પણ આગળ ત્હેનાથી બોલી શકાયું નહીં.

આ દુષ્ટના મનમાં તો પહેલાં એમ લાગ્યું કે તે ત્હેને તાબે થાયછે, પણ ત્હેનો ચ્હેરો, ત્હેની આંખો તથા ત્હેનું આખું શરીર એવું થઈ ગયું હતું કે આ માણુસને બ્હીક લાગી. આ શું કરશે ત્હેનો ખ્યાલ ત્હેના મનમાં ન આવી શક્યો તેથી બોલ્યો.

"તું શું કહે છે તે કાંઈ મ્હારાથી સમજાતું નથી."

"ઓ ભલા આદમી, ત્હને મ્હારી ઉપર દયા નહીં જ આવે ! તું ત્હારો નિશ્ચય નહીં જ ફેરવે !" કમળાએ કહ્યું.

"મ્હેં ત્હને કહ્યું નથી ? મ્હારો નિશ્ચયતો ફરવાનો જ નથી. પણ ત્હારો—"

"લે ત્યારે મ્હારો નિશ્ચય"—એમ કહી તે એકદમ્ ટેબલ તરફ વીજળીની માફક દોડી, ટેબલ ઉપર પડેલું ચપ્પું તુરત ઉપાડી લીધું અને બોલી ઉઠી "લે દુષ્ટ, આ દેહ ત્હને અર્પણ કરવા કરતાં આ પ્રાણ ત્હને અર્પણ કરૂં છું." એમ કહી હાથમાં ચપ્પું ઝાલી હાથ ઉંચો કરી ત્હેના કુમળા હૃદયમાં મારવા જતી હતી એટલામાં "સબુર! સબુર" એ અવાજ ત્હેને કાને પડયો તે એકદમ ચમકી અને હાથ નીચે પડી ગયો. જેણી તરફથી અવાજ આવ્યો તેણી તરફ ફરીને જોયું તો બારણાની અંદર જે જુવાનને ત્હેણે ચિઠ્ઠી આપી હતી તે તથા બીજા બે માણસોને ત્હેણે જોયાં.

આ લોકોને જોઈ કમળાં તો આનંદથી ઘેલી થઇ. ચપ્પું ત્યાંજ પડતું મુકી તે ત્હેની તરફ દોડી અને ત્હેના પગમાં પડી બોલી ઉઠી. "અરે કેટલો ઉપકાર. કેટલો આભાર" પણ ત્હેનાથી વિશેષ બોલાયું નહીં. વનરાવનદાસ તો આભોજ બની ગયો હતો અને થર થર ધ્રુજતો હતો. આવનાર તરૂણે તે દુષ્ટને બાંધવાને માટે ત્હેની જોડે આવેલા બન્નેને હુકમ કર્યો. ડોશી તથા રેમાન તો ન્હાશી ગયાં. વનરાવનદાસના હાથ તથા પગ મજબુત કરી બાંધ્યા

અને હેને તે ઓરડામાં જ રાખી કમળાને તે તરૂણ પુરૂષ સાથે લઇ ગયો. પણ ત્યાંથી જતા, પહેલાં બારણામાં જે તાળું હતું તે તાળું વાસી કુંચીઓ તે સાથે લેતો ગયો.

પાસે વીકટોરીઆ ઉભી હતી તે વીકટોરીઆમાં કમળાને બેસાડી તે હેના સામો બેઠો અને બેન્ડોરાના સ્ટેશન તરફ ગાડી હાંકવા કહ્યું. કમળાએ આ તરૂણ પુરૂષનો બહુજ ઉપકાર માન્યો પણ અત્યારે હેના મનમાં એટલો હર્ષ થયો હતો કે તે ઘડીક ઘડીકમાં રોઈ જતી. બેન્ડોરાને સ્ટેશને આવતાં સાડા અગીઆર વાગ્યા હતા અને છેલ્લીજ ગાડી હવે મુંબાઈ તરફ જવાની હતી તે ગાડીમાં બેશી આ તરૂણ પુરૂષ અને કમળા મુંબાઈ ગયાં અને ચર્નીરોડને સ્ટેશને ઉતર્યાં. ત્યાંથી એક વીકટોરીઆ કરી બન્ને જણાં કમળાને ઘેર ગયાં. પેલા બે બીજા માણસો તો બેન્ડોરેથી જ જુદા પડી ગયા હતા.

કમળા પોતાને ઘેર ગઈ તે વખતે ઘરનાં માણસોને તથા હેના પતિને તેમજ હેને કેટલો હર્ષ થયો હશે હેનો ખ્યાલ તો વાંચનારે જ કરવો. હેનું વર્ણન થઈ શકે તેમ નથી. એક ઘડીકમાં હેને. કેટલા સવાલ પુછવામાં આવતા પણ અત્યારે

ત્હેનામાં જવાબ આપવાની સત્તા નહોતી. પેલા તરૂણ પુરૂષનો બધાએ બહુ ઉપકાર માન્યો.

ત્હેણે ત્યાંથી રજા લીધી તે વખતે કમળા ઘણી ગળગળી થઈ ગઈ અને ત્હેનો બહુ આભાર માનતી હતી તેવામાં તે તરૂણ પુરૂષ ત્હેની તરફ ગયો અને હાથ પ્હોળા કરી કમળાને પોતાની બાથમાં લઇ ભેટવા જતો હતો પણ કમળા સ્હેજ દુર ખશી અને બોલી "ના, એ મ્હને માફ કરો. મ્હારા પતિવ્રત પણામાં ભંગ થાય," આ વખતે કમળા તથા તે તરૂણ પુરૂષ બંને જણાં એકલાંજ હતાં.

"અરે મ્હને એટલો પણ બદલો નહીં? પણ ખેર કાંઇ હરકત નહીં." એમ કહી ત્હેણે પોતાના કોટનાં બટ્ટન છોડી નાંખ્યાં અને શર્ટ તથા કબજો પહેર્યો હતો ત્હેનાં પણ બટ્ટન છોડી નાંખ્યાં અને કહ્યું "હવે કાંઈ હરકત છે? હવે તું મ્હને ભેટ."

કમળા એકદમ ત્હેની બાથમાં ભેટી પડી કારણ તે પણ ત્હેના જેવી જ સ્ત્રી હતી. કમળાએ ત્હેને પુછયું "ત્યારે આનું કારણ શું?"

"કારણ હું વખત આવે કહીશ."

"પણ તમારૂં નામતો કહો?"

"મ્હારૂં નામ રૂક્ષ્મણીછે" એમ કહી બંને જણાં ફરીથી ભેટી ત્યાંથી જુદાં પડ્યાં.

પ્રકરણ ૨૨ મું.

પરચુરણ.

હવે આપણે આશરે વીશેક વર્ષનો કુદકો મારીએ છીએ. અને તેટલા વખતમાં શીશી હકીકત બની ત્હેની આ પ્રકરણમાં થોડી થોડી હકીકત કહી જઇએ છીએ.

કમળાની ઉમ્મર અત્યારે છત્રીસ સાડત્રીસ વર્ષની હતી. ઉપરના પ્રકરણમાં જે હકીકત આવી ગઈ તે પછી તે પતિપત્નિ સુખમાં રહેતાં. ત્હેનો સસરો ધીરજલાલ હવે વૃદ્ધ થયો હતો અને તેથી તે કાંઇ કામકાજ કરતો નહોતો. દયાશંકર એલ. એલ. બી ની પરીક્ષામાં પસાર થઈ વકીલાત કરતો હતો, અને થોડા વખતની અંદર ત્હેણે સારી નામના મેળવી હતી. મુંબાઇમાં ત્હેનો ધંધો એટલો બધો ચાલતો નહોતો પણ બ્હાર ગામોમાં તથા રજવાડાઓમાં ત્હેની આબરૂ સારી બંધાઈ હતી, અને પ્રાપ્તી પણ સારી હતી. ત્રણ ચાર રજવાડાનો તે મુંબાઈ ખાતેનો એજંટ થયો હતો અને તેનું કમીશન પણ સારી

રીતે મળતું હતું. વખતો વખત જ્યારે રાજાઓ મુંબાઈ આવતા ત્યારે ત્હેને સારો પોશાક મળતો અને એકંદર રીતે જોતાં હાલ ત્હેને કમાણી ઘણી સારી હતી. જે ઘરમાં તે રહેતો હતો તે હાલ ત્હેણે બદલ્યું હતું અને ગીરગામમાં ન્હાનો પણ દેખાવનો સારો એક બંગલો ભાડે રાખ્યો હતો. તે બંગલામાં સગવડ ઘણી જ સારી હતી અને પાંચ સાત મ્હેમાન આવ્યા હોય તો કોઈ પણ જાતની અગવડ પડે તેમ હતું નહીં. રજવાડાનું એજંટપણું ત્હેને ત્યાં હોવાથી ઘણું ખરૂં ત્હેને ત્યાં મ્હેમાન સેમાન આવતા. બંગલાનું ભાડું ત્હેને આપવું પડતું નહીં. ત્હેણે એક ઘોડાની એક ગાડી પણ રાખી હતી અને સુખચ્હેનથી પોતાના દિવસ નીર્ગમન કરતો હતો. કમળાને એક છોકરી તથા એક છોકરો હતાં. છોકરીની ઉમ્મર અત્યારે પંદર સોળ વર્ષની હતી અને કમળાની ખુબસુરતીને ભુલાવી દે તેવી તે હતી. ત્હેનું નામ મણી હતું. પણ અરે બિચારી દુઃખીઆરી મણી, ત્હેં કોઈ દિવસ સુખ શું છે એ જોયું જ નહીં. ત્હેં આ દુનિઆમાં અવતાર લીધો પણ ન લીધા બરોબર જ હતું. ફક્ત ત્હારા મા બાપને તથા વૃદ્ધ દાદાને દુઃખ

રૂપજ થઈ પડી. હેને જોઇ તે લોકોના મનની અંદર કેવી લાગણી થતી હશે? અરે આ દુખ ક-રતાં દુનિઆમાં બીજું વીશેષ દુઃખ શું છે? તે બિ-ચારીને બારમે વર્ષે પરણાવી હતી. હેનો પતિ કાંઈ દેખાવમાં નબળો નહોતો, સારી રીતે ભણેલો હતો અને દરેક રીતે દયાશંકરે તથા હેમા વૃદ્ધ પિતાએ હેને જેમ બને તેમ સુખી કરવા ન્યાતમાં સારામાં સારો વર ખોળી કહાડયો હતો. પણ ઇશ્વરેચ્છા જૂદી જ હતી. બિચારી મણી પરણ્યા પછી તુરત જ બીજે વર્ષે વિધવા થઈ. દુનિઆનો લ્હાવો હેણે બીલકુલ લીધો ન-હોતો. તે પતિ સુખ શું છે તે સમજી પણ નહોતી ત્યાં દુષ્ટ દૈવે હેની ખીલતી કળીને જડ મુળમાંથી છેદી નાંખી. કમળા તથા દયાશંકર બીજી બધી બાબતમાં સુખી હતાં પણ સર્વ સુખ આ બિ-ચારી દુખીઆરી મણીને જોતાં ત્યારે બળીને ભ-સ્મ થઈ જતું. દયાશંકરની મા તો આ દુઃખરૂપી વાદળ આવ્યું કે તુરત જ હેણે આ દુઃખમાં ભાગ લેવા ના પાડી અને આ ફાની દુનિઆં છોડીને ચાલી ગઈ.

દયાશંકરનો છોકરો આ વખત આશરે નવ દસ

વર્ષનો હતો. ભણુવામાં હોંશીઆર હતો અને ત્હેને જોઇ ત્હેનો વદ્ધ દાદો પોતાના દુખને વખતે વખતે વીસારે પાડતો.

કમળાને વનરાવનદાસ જોર જુલમથી ઉપાડી ગયો અને કમળા પાછી પોતાને ઘેર આવી ત્યાર બાદ દયાશંકરે ત્હેની બહુ તપાસ કરી પણ કમળાને દુઃખ દેનાર કોણ હતું ત્હેનો પત્તો લાગ્યોજ નહીં.

વનરાવનદાસને રૂક્ષ્મણીએ બાંધ્યો હતો તથા ઓરડો બંધ કરી ચાલી ગઈ તે પછી બીજે દિવસે સવારના નવ વાગ્યા પણ શેઠ ઓરડામાંથી બ્હાર નીકળ્યા નહીં તેથી ત્યાં રાખેલી ડોશી તેઓરડા પાસે આવી. ઓરડાને તાળું દીધેલું જોઈ તે ગભરાઈ. બ્હારથી પત્થર લાવી તાળું તોડી નાંખ્યું અને અંદર જુએ તો શેઠના હાથ પગ બાંધેલા અને ઓરડાની વચ્ચે શેઠને પડેલા દીઠા. ત્હેના હાથ પગ છોડી નાંખ્યા અને શેઠ ત્યાંથી એકદમ શરમના માર્યા ચાલ્યા ગયા. પોતાને બંગલે પાછા ન જતાં ટ્રેનમાં બેશી તેમણે પુનાનો રસ્તો લીધો અને ઘણો વખત મુંબાઈની બ્હાર રહ્યા. પાંચ વર્ષ આમ તેમ રખડતે પાછો મુબાઇમાં આવ્યો તે વખતે ત્હેની સ્ત્રી પણ દુરાચારમાં પડી

ગઈ હતી. પૈસા ધીમે ધીમે લય થતો ગયો અને અત્યારે તે લોકો ઘણાંજ દુઃખી હાલતમાં આવી પડયાં હતાં. પણ જે ટેવ પડી હોય તે એકદમ જતી નથી. વનરાવનદાસ પૈસે ટકે દુઃખી થયો પણ ત્હેની દુષ્ટ બુદ્ધિ બીલકુલ સુધરી નહોતી. એક દુઃખ દબાવવા તે બીજું દુઃખ પેદા કરતો. એક ગુન્હો છુપાવવા તે બીજા હજાર ગુન્હા કરતો. અને ઘણીજ ખરાબ હાલતમાં તે પતિપત્નિ પોતાના દિવસ ગુજારતા હતા.

શેઠાણી મોહનગૌરીએ પ્રભાકરની વહુનું નામ ખોળી કહાડી ત્હેની ઉપર એક એવો કાગળ ત્હેણે લખ્યો હતો કે જેથી કરી બન્ને પતિપત્નિ વચ્ચે દિવસે દિવસે વિરોધ વધતો ગયો. મુળમાંજ સુધામુખી પ્રભાકરને ઇર્ષાની દૃષ્ટિથી જોતી હતી તેમાં વળી આ કારણ મળ્યું તેથી ત્હેના મનમાં વીશેષ વીશેષ શક આવવા લાગ્યો, અને આખરે તે બન્ને જણાં વચ્ચે એવો તો કલેશ થયો કે બન્ને જણ બહારથી તો પતિપત્નિનો દેખાવ રાખે પણ અંદર ખાનેથી બન્ને જણાંને બને નહીં. રાત્રે પણ જૂદા જૂદા ઓરડામાં સુવા માંડયું અને સ્હેજ સ્હેજ બાબતમાં કલેશ થવા લાગ્યો હતો. પ્રભાકર સમજુ

છતાં વખતે વખતે ત્હેને બહુ ગુસ્સો ચડી જતો પણ ત્હેની ત્હેના તરફની પ્રિતી ઓછી થઈ નહોતી. વખતે વખતે સુધામુખી પણ પસ્તાતી હતી પણ કાંઈક એવું નજીવું કારણ મળે એટલે ત્હેના મનનો ઉભરો પાછો ઉભરાઈ આવતો. આ પ્રમાણે બન્ને જણા- એ જુદા રહેવા માંડ્યું તેથી પ્રભાકરમાં પણ ઈર્ષારૂપી બીજ રોપાયું. ત્હેના મનમાં પણ હવે ઈ- ર્ષાએ પ્રવેશ કર્યો. તેથી બન્ને જણાં એક બીજાને ઈર્ષાથી જોવા લાગ્યાં. અને હવે તેમના સંસાર વ્યવહારમાં કાંઈ મીઠાશ રહી નહીં. સુધામુખીને ચાર પાંચ છોકરાં થયાં હતાં. તેમાં કુમુદનો તો પત્તોજ લાગ્યો નહીં. તે પછી ત્હેને ત્રણ છોકરી તથા એક છોકરો થયો હતો પણ છોકરો તો એત્રણ માસનો થઈનેજ ગુજરી ગયો હતો. ત્રણ છોકરીઓ હયાત હતી. તેમાં સૌથી મ્હોટી છોકરી પંદર વર્ષની હતી અને ત્હેને પરણાવી હતી. બીજી હજુ ન્હાની હતી. ઘણો વખત તે બન્ને પતિપત્નિ વચ્ચે આ પ્રમાણે વિરોધ રહ્યો પણ એક વખત દયાશંકર કાંઈક કામ પ્રસંગે અમદાવાદ ગયો અને આ બન્ને વચ્ચેની હકીકત સાંભળી તથા જોઈ ત્હેના મનને બહુ ખેદ થયો. ત્હેણે બન્ને જણાને બહુ શીખામણ આપી

અને સંપસંપીને રહેવાથી કેટલા ફાયદા છે તથા સંસારમાં પણ રહેવાની કેવી અનુકૂળતા આવે છે વિગેરે બન્ને જણાને કહ્યું. કમળાની હકીકત હેણે તેમને વિસ્તારથી કહી અને હેની અંદર કોણ હતું તે તે પણ જાણતો નહોતો તેથી તે વીશે કાંઈ કહી શક્યો નહીં. પણ આ પ્રમાણે ત્રણ દિવસ પોતાના ઘરની બ્હાર પોતાની સ્ત્રી રહી આવી છતાં હેની ઉપર કોઈ દિવસ હેને બીજી જાતનો શક ગયો નહોતો. એ વીશે પણ તે બન્નેને સારી રીતે કહ્યું, વનરાવનદાસની હાલ શી સ્થિતી છે તથા હેની વહુ કેવી રીતે ચાલે છે અથવા હેના લખવા ઉપર કેટલો ભરોંસો રાખી. શકાય વિગેરે સર્વ હકીકત બન્નેજણાએ જાણી ત્યારે અત્યાર સુધીનો તેમનો અરસપરસનો વ્હેમ દૂર થયો. બન્નેનાં મન શાંત થયાં અને હળી મળીને હવે ચાલવાને દયાશંકરને હેમણે વચન આપ્યું; તે દિવસથી પાછા બન્ને જણ વચ્ચે સંપી થઈ અને અત્યાર સુધી જે મુર્ખાઈ થઈ હતી હેને માટે બહુ પસ્તાવો થવા લાગ્યો. પ્રભાકરને છોકરો નહોતો અને કુમુદની ખોટ પુરી પડી નહોતી તેથી વખતો વખત કુમુદ બહુ યાદ આવતો, પણ ઘણાં વર્ષ

થઈ ગયાં તેથી ત્હેની આશા છોડી. કોઈ કોઈ વખત જ્યારે કુમુદની ઉમ્મરનો તથા ત્હેના ચ્હેરાને મળતો કોઈ છોકરો સુધામુખી જોતી ત્યારે ત્હેને પુછવાનું બહુ મન થતું તથા ત્હેને જોઈ ત્હેનું હૃદય બહુ ભરાઈ આવતું. પણ મનમાં સમજીને બેશી રહેતી. પ્રભાકરનો બાપ પણ વૃદ્ધ થયો હતો અને પેનશન લીધું હતું: પ્રભાકરનો ધંધો ધમકોર ચાલતો હતો.

પ્રકરણ ૨૩ મું.

મોહનલાલ.

ગ્રાન્ટ મેડીકલ કોલેજની સામે બીલાસીસ્ રોડની ઉપર તે રસ્તા ઉપર ગયા બાદ થોડે દુર એક ચાલી જોવામાં આવેછે. તે ચાલીની અંદર જતાં ન્હાની ગલી માલમ પડે છે, અને ગલી એટલી ન્હાની છે કે તેની અંદર શરીરે પુષ્ટ બે માણસો સાથે ચાલી શકવાને ઘણીજ મુસીબત છે. તે ગલીને છેડે જતાં જમણા હાથ ઉપર દાદર છે. તે દાદર ઉપર ચડી બીજા માળ ઉપર જવાય છે અને ઉપર પણ એવીજ સાંકડી ગલી છે, તે ગલીની બન્ને બાજુએ ન્હાની ન્હાની ઓરડીઓ છે. ભોંયતળીયાવાળી ગલી હમેશાં ભીની તથા ગંદી રહેવાથી વખતે સરી પડવાની પણ બહુજ દેસત લાગે છે. ત્રીજે મજલે પણ તેજ પ્રમાણેછે. તે ગલીની અંદર ગયા બાદ ત્રીજા મજલા ઉપર એક ન્હાની કોટડી નજરે આવે છે. તે ગલીઓની અંદર ખરે બપોરે પણ એટલું અંધારૂં રહે છે કે રસ્તામાં કાંઈ ચીજ જો પડી હોય તો તે જોવામાં આ-

વતી નથી અને વખતે તે ચીજ પગ સાથે અ-
થડાવવાથી પડી જવાની પણ દેહસત રહેછે. ઉપર
કહેલી કોટડીનું એક બારણું બંધ છે તથા એક
બારણું ઉઘાડું છે. ત્હેની અંદર જઇએ તો ત્રણ ફુટ-
ને છેટે કે કદાચ એનાથી પણ પાસે, એક લા-
કડાનો પડદો છે. બારણું જો અડધું ઉઘાડું હોય
તો પડદા તથા બારણાની વચ્ચેથી ચાલી શકાય
એટલી પણ જગા નથી. બારણું ઓરડીના એક
છેડા ઉપર છે અને તેના બીજા છેડા ઉપર પડદાની
પાછળ જવાનો રસ્તોછે. તે પડદા પાછળ જઇએ તો
એક તરૂણ આશરે વીસ વરસની ઉમ્મરનો એક
મેલું-ફ્લેનલનું શર્ટ પહેરી આંખ ઉપર ચસમાં ચડાવી
ખુરશી ઉપર બેઠો છે અને તે ખુરશી તે ઓર-
ડાની પાછળ એક બ્હારી છે તે બ્હારીની પાસેજ
ન્હાનું એક ટેબલ છે તે ટેબલ પાસે પડીછે. તે
જુવાન ટેબલ ઉપર એક વૈદકશાસ્ત્રની ચોપડી
મુકી વાંચેછે. ટેબલ ઉપર માણસના માથાની એક
ખોપરી પડેલી છે. એક બાજુએ ચોપડીઓનો
થોકડો પડ્યો છે. વચમાં ન્હાનું ટાઈમપીસછે. આ
જુવાનનું શરીર એવું નબળુ છે કે ત્હેને જુવાન
કહેતાં પણ આપણને શરમ આવેછે. પાસે જે

ખોપરી પડી છે તે ખોપરી ચામડી તથા લોહી શીવાયની છે અને આ જુવાનનું મ્હો ચામડી તથા લોહીથી ઢંકાએલું છે નીકર સામી પડેલી ખોપરી તથા આ જુવાનના મ્હોમાં બીજો કાંઈ ફેર છેજ નહીં. અલબત જો ત્હેનામાં લોહી તથા માંઉસ જોઇએ તેવાં હોય તો તે જુવાન કાંઈ કદરૂપો નથી. પણ ફકત અભ્યાસ કરવાના શ્રમને લીધે જ તે આવો કશ થઈ ગયોછે. કોટડીની અંદર ટેબલની પાસે જ એક જણ સુઈ શકે તેવો ન્હાનો કોચ પડ્યો છે. કોચની ઉપર એક જુની ગાદી છે અને આ જુવાનનાં કપડાં આમતેમ પડેલાંછે. સાંમી ભીંત ઉપર પાંચ સાત લાકડાની ખીટીઓનું બનાવેલું ચોકઠું છે અને તેની ઉપર પણ ધોતીઆં પોતીયાં વીગેરે પડેલું છે. વળી ઓરડીની વચમાં એક દોરી બાંધેલી છે અને દોરી ઉપર બે ત્રણ ભીનાં ધોતીઆં સુકવવા નાખ્યાં છે. જમીન ઉપર કાંઈ પણ પાથરેલું હોયજ શેનું. એક ટેબલ, એક ખુરશી તથા એક કોચ અને સામી બાજુએ લોખંડની એક પેટી એટલુંજ છે છતાં હાલવા ચાલવાનો મારગ બીલકુલ નથી. અંધારામાં જો ગયા હોઇએ તો કાંતો કોચનો ખુણો પગમાં વાગે, કાંતો પેટી વાગે, કે

ક્રાંતો ખુરશી વાગે અને લોહી નીકળે. બ્હારીની પાછળ ત્રણથી સાડાત્રણ ફુટની જગા છે અને વળી હેની પાછળ પાછી બીજી ચાલછે. તે બીજી ચાલની બ્હારી આ બ્હારીની સામીછે તેથી સામા ચાલની કોટડીમાં રસોઈ વીગેરે કરવાથી ધુમાડો થાય હેનો પણ આ ઓરડીની અંદર રહેનારને લાભ મળેછે. મુંબાઈના વિદ્યાર્થીઓને મુંબાઈમાં રહેવાની આટલી બધી તો મકાનની સગવડ છે, પણ હજી બીજી સગવડ તો જુઓ.

આ તરૂણ જુવાન પાસેની ચાલમાં એક દક્ષ-ણીની વીશી છે તેમાં જમે છે. તે વીશીની ઓ-રડી પણ આપણે ઉપર કહી તેવીજ, પાંચ સાત માણસ કરતાં વીશેષ સાથે બેશી પણ શકે નહીં. બેસવાને પાટલાની તો વાતજ શેની. પાંચ જણ જમી જાય એટલે બીજા પાંચ જમવા બેસે. તેથી ત્યાં આગળ ધોએલું હોય અને આખી ઓરડી ભીની હોય. અધુકડા બેસવું અને જે ભાવે તે બે કોળીઆ ખાઇને ઉઠી જવું. ખાવામાં શું ? જાડી ચપાટી કે તાણી તુટે પણ નહી. ઘી તો ચોપડ્યું છે તેમ બતાવવાનેજ માટે. વીશેશ ખાવું હોય તો ઘરનું. દાળનું નામ નહીં. એક વાટકીમાં વરણ આપે.

(વરણ એટલે તુવરની ઢીલી દાળ પણ અંદર માઠું તથા હળદર શીવાય બીજું કાંઈજ નહીં), કોઈક વખત આમટી હોય. (આમટી એટલે બે ત્રણ જાતની દાળ ભેગી કરી અંદર કાંઈ વનસ્પતી નાંખી હોય અને તેની અંદર ટોપરૂ ગરમ મશાલો વીગેરે હોય) અને કઢી બન્ને વખત હોય. શાક એ હોય પણ તેલનું નામ નહીં. શાકની જાતમાં પણ કોઈ વખતે તો એવી મેળવણીઓ આવે કે આપણે તો સાંભળી પણ ન હોય. કાંતો મુળાને વાલ હોય કાંતો તાંદળજાની ભાજી અને ચણાની દાળ હોય વિગેરે વિચિત્ર જાતની મેળવણીનાં શાક હોય. ચોખા પણ જાડા તથા સ્વાદ વગરના હોય. તેથી કોઈ દિવસ ભાવે, કોઈ દિવસ ન ભાવે. આવી રીતની ખાવાની સગવડ હોય છે. જો ગુજરાતી વીશી હોય તો તે પણ આને માથે ભભરાવે તેવી હોય. હાથે રાંધીને તે બિચારા વિદ્યાર્થી શી રીતે ખાઈ શકે?

ઉપર કહી તેવી કોટડી કે જેની અંદર પવન નામે તો હોય નહીં, ગંદકીમાં ખામી નહીં, આવી જાતનો ખોરાક ખાવો અને વૈદકશાસ્ત્ર જેવો અઘરો અભ્યાસ કરવો ત્યારે પછી જુવાની તો કયાં રહે?

જુવાની જાળવવાનાં સાધનો તો ઉપર કહ્યાં તે. વળી અભ્યાસની રીત પણ આ નમુનાની જ હોયછે.

આ તરૂણ જુવાનનું નામ મોહનલાલ હતું અને તે અમદાવાદનો રહેવાશી હતો. બહુ પૈસા પાત્ર હતો નહીં પણ પોતે સારી રીતે ભણી શકે તથા તહેના કુટુંબનો નિર્વાહ સારી રીતે ચાલી શકે તેમ હતું. તહેનો બાપ હયાત નહતો. મોહનલાલ આવતી એલ. એમ. એન્ડ. એસની પરીક્ષામાં બેસવાનો હતો અને હવે પરીક્ષા પાસે આવીછે તેથી સવારમાં પાંચ વાગે ઉઠે, દાતણ કરી ચાહ પીને વાંચવા બેસે તે દસ વાગે જમી આવે. જમીને અડધો કલાક આમ તેમ આંટા મારી પાછો વાંચવા બેસે તે બે વાગ્યા લગણ વાંચે, અને બે વાગે એટલે કોલેજમાં જાય અને ત્યાં બે કલાક રહી પાછો આવે., પાંચ સાડા પાંચ વાગ્યાલગણ પાછો નીચી મુડી અને વાંચ્યા કરે. વૈદકનું શાખે એટલે ફરવા તો જાય પણ કલાકેક બહાર આમ તેમ ફરી આવે અને ત્યાંથી આવી જમવા જાય. સાત સાડાસાત થાય એટલે આગળ કેરોસાઇનનો દીવો અને વાંચવા માંડે. વાંચતાં કંટાળો આવે એટલે વળી એક સ્ટવ (વિલાયતી ચુલો)

તેની ઉપર કોફી કરે એટલે અડધો કલાક તેમાં નીકળી જાય અને કોફી પીને પાછો વાંચવા બેસે. દસ અગીઆર વાગે અને વળી આંખમાં ઊંઘ આવે એટલે ઉઠીને એક શીશીમાં કાંઈ ધોળી દવા રાખેલી તે થોડીક ખાય એટલે ઉંઘ ન આવે. આમ રાતના એક બે વાગ્યા લગણ વાંચે.

વિદ્યાર્થીઓને આ પ્રમાણે અભ્યાસ કરવો ત્યારે રહેવાને માટે હવાસીક તથા પુરતા પ્રકાશવાળાં મકાન તથા શરીરને પુષ્ટિકારક ખોરાકની બહુ જરૂર છે. આ બાબતનો આપણા લોકતો બીલકુલ વિચાર કરતાજ નથી. મ્હોટી મ્હોટી વાતો કરે અને તેને માટે મ્હોટા મ્હોટાં ભાષણો કરે પણ પોતાનાં છોકરાં કેવી રીતે અભ્યાસ કરેછે અને કેવાં ઘરમાં રહે છે તથા કેવો ખોરાક ખાય છે તેની બીલકુલ સંભાળ લે નહીં. ખોરાક તથા હવા અને પ્રકાશ એ ત્રણ ચીજ ઉપર જ આ શરીરનું બંધારણ છે. તેને તુચ્છ ગણી ફકત અભ્યાસ પાછળ મંડયા રહેવાથી ત્હેનાં કેવાં અને કેટલાં માઠાં પરિણામ આવેછે તેથી દરેક જણ વાકેફ છે છતાં તેમાં સુધારો કરવા તરફ કાંઈ પણ લક્ષ અપાતું નથી. કેટલાકજણ બિચારા

અભ્યાસ કરી રહ્યા બાદ તુરતજ જ્યારે તે મ્હેનતનો બાદલો લેવાનો વખત આવે છે કે આ ફાની દુનિઆં છોડી ચાલ્યા જાય છે. કેટલાક ઉપર કહ્યું તે પ્રમાણે પોતાના શરીરનું જતન કર્યા શિવાય ફકત અભ્યાસ પાછળ મંડયા રહી આખી જીંદગી સુધી પહોંચે તેવા રોગો વહોરે છે. આની અંદર પછી દરેક જણ ભિન્ન ભિન્ન વિચારો જણાવે છે. કેટલાક ભણતરનો દોશ કહાડે છે પણ મુખ્ય કારણ તરફ બીલકુલ લક્ષ આપતા નથી. એક સાંચા પાસે રાત દિવસ કામ કરાવીએ અને તેને જોઇતું પુરતું તેલ ન વાપરીએ તથા બરોબર રીતે સાફ ન કરીએ તો તેના આવરદામાં કેટલો ઘટાડો થાય? આ શરીર પણ એક સાંચોજ છે અને હેને જ્યારે હેના કામના પ્રમાણમાં હેને ઘટતો ખોરાક ન મળે તો હેનાં પરિણામ કેવાં આવે ! લખતી વખત, બોલતી વખત, તથા શીખામણ દેતી વખત બધું ડાહાપણ આવે છે પણ જ્યારે તે પ્રમાણે વર્તવાનો વખત આવે ત્યારે હાથ સંકોચી ભણવામાં જેમ ઓછો ખર્ચ થાય તેમ કરવા તરફ લક્ષ દોડે છે. લગ્ન તથા મરણની નાત્યો કરવા તરફ તથા દુનિઆમાં સારા

શા રીતે કહેવાઇશું તેવું ખોટું માન લેવાવખત મન ઉદાર થાય છે. પૈસાની કશી પણ ગણતરી કરતા નથી. અને જે મહેનતથી એકઠું કર્યું હોય તે એક કે બે દિવસની અંદર ઉડાવી દેવા અચકાતા નથી. પણ અભ્યાસ કરનારના શરીર રક્ષણ પાછળ પૈસો વાપરતાં મન આંચકો ખાય છે.

મોહનલાલ આમ અભ્યાસની ધુમમાં મચ્યો છે. શરીર દિવસે દિવસે નબળું પડતું જાય છે. હવે એક પરીક્ષા બાકી રહી છે તે પસાર કરવા તરફ જ હેનું લક્ષ છે. અને પોતાથી બનતી મ્હેનત કરે છે. એક દિવસ સાંજના સાડા છ વાગ્યાને સુમારે તે એકલો ખંબાલારેઝરવાયર તરફ ફરવા જાતો હતો ને રસ્તામાં તે ફુટપાથ ઉપર ચાલતો હતો એટલામાં સામેથી બે ઘોડાની ફ્રાયટન પુર જોસથી દોડતી આવતી જોઈ. મોહનલાલની નજદીક ફ્રાયટન આવી એટલે કાંઈ કારણસર ઘોડા એકદમ ચમક્યા અને ઘોડાએ તોફાન કરવા માંડ્યું. ગાડીની અંદર એક સાઠેક વરસની ઉમ્મરનો વૃદ્ધ ભાટીઓ તથા હેનો સાત વર્ષનો એક છોકરો બેઠો હતો. છોકરો સામી બાંજુએ બેઠેલો હતો. ઘોડાઓએ વીશેષ તોફાન કરવા માંડ્યું અને રસ્તામાં ગાડી આડી

થઈ સામા ઉંચા ખડક સામે ગાડીને ઘોડાએ જોર કરી પાછી હડશેલવા માંડી. છોકરો બિચારો ગાભરો ગાભરો થઈ ગયો. મોહનલાલ આ એક ઠેકાણે ઉભો ઉભો જોતો હતો પણ ગાડીમાં બેસનારને હમણાં કાંઈ નુકશાન થશે એવો વિચાર આવ્યાથી ગાડી તરફ દોડયો. શરીર પાતળું એટલે તે તીરની માફક હેની તરફ દોડયો જોતજોતામાં છોકરાને એકદમ ગાડીમાંથી ઉચકી લીધો. અને હજુ છોકરાને લઈ બહુ દૂર તો પહોંચ્યો નથી એટલામાં ગાડીને ઘોડાઓએ ખડકની જોડે અથડાવી. શેઠ ગાડીમાંથી કુદી પડ્યા પણ કુદતાં કુદતાં તે બિચારા પડી ગયા. અને ગાડી તુરતજ ઉંધી પડી ગઈ. થોડીવારમાં ઘોડા શાંત થયા. ગાડીને પાછી ગાડીવાળાએ બ્હાર રસ્તા ઉપર આણી. પણ હેની ધમ્મણ, કમાન, તથા એકચક્કર તૂટી ગયું તેથી ગાડીમાં બેશી ત્યાંથી જવાય તેવું રહ્યું નહી. શેઠને બિચારાને પગ ઉપર સ્હેજ વાગ્યું તેથી ત્યાંથી ચાલીને પોતાને બંગલે જવાય તેમ પણ નહોતું. મોહનલાલ છોકરાને લઇને શેઠ પાસે આવ્યો અને શેઠનો હાથ ઝાલીને કહ્યું "શેઠજી અહિંયાંથી થોડે દૂર બેન્ચીસ છે ત્યાં

ધીમે ધીમે ચાલો તો ત્યાં બેસીએ એટલામાં આ ગાડીવાળામાંનો એક જણુ જઇને "પાસેનાં સ્ટેન્ડ ઉપરથી વીકટોરીયા લઈ આવે અને તેની અંદર બેશી આપ બંગલે જાઓ."

"હા ભાઇ, હવે તેમ કર્યા શિવાય છૂટકો નથી. કારણુ મ્હારાથી ચલાય તેમ નથી. મ્હારો પગ બહુ દુખે છે. હાડકું બાડકું ભાંગી તો ગયું નહીં હોય !"

"ધીમે ધીમે ચાલો, આપણે બેન્ચ ઉપર બેઠા પછી હું જોઇશ."

એમ કહી શેઠનો હાથ મોહનલાલે ઝાલ્યો અને શેઠ ખોડંગતા ખોડંગતા ધીમે ધીમે આગળ ચાલ્યા. છોકરો પણુ સાથે ચાલ્યો. ગાડીવાળાને પાસેથી એક વીકટોરીઆ લઇ આવવા શેઠે કહ્યું એથી એક ગાડીવાળો ત્યાં રહ્યો અને બીજો વીકટોરીઆ લેવા ગયો. થોડીવારમાં હેગીંગ ગારડનમાં એક પાટલી પડી હતી ત્યાં તે ત્રણ જણુ જઇને બેઠા. મોહનલાલે શેઠનો પગ જોયો પણુ ફકત મચકોડાયો હતો. તેથી શેઠને ધીરજ આપી.

"વારૂ એ તો ઠીક. પણુ તમે મ્હને આજ મદદ કરી છે. મ્હારા આ એકના એક છોકરાનો

જીવ ઉગાર્યો છે. મ્હને આટલું વાગ્યું ત્હેને માટે કાંઈ મ્હને દુઃખ નથી પણ આ છોકરાને બીલકુલ આંચ સરખી પણ નથી આવી તે તમારેજ લીધે છે અને તે માટે હું તમારો બહુ આભારી થયો છું. તમારૂં નામ શું ?"

"શેઠ સાહેબ મ્હારૂં નામ મોહનલાલ છે. મ્હારી ફરજ હતી તે બજાવી છે. મ્હેં એથી વીશેષ શું કર્યું છે ?"

"તમે અહીયાં શું કરોછો ?"

"સાહેબ હું દાકતરનું શીખું છું અને ગ્રાન્ટ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરૂં છું.

"વાર વારૂં ઘણી જ ખુશીની વાત. કઇ પરીક્ષા પાસ કરી છે ?"

"હવે આ છેલ્લી એલ. એમ. એન્ડ. એસની પરીક્ષામાં બેસવાનો છું."

એમ બેઠા બેઠા વાતો કરે છે એટલામાં વીકટોરીઆ આવી અને વીકટોરીઆમાં બેસતી વખત શેઠે મોહનલાલને કહ્યું, "તમે મ્હને મ્હારે બંગલે મળવા આવશો ? હું તોપખાના પાસે રહું છું. તમે કહો તે દિવસે તમને તેડવા ગાડી મોકલું. ?"

"ના સાહેબ ગાડી મોકલવા કાંઇ કારણ નથી.

હું આપની પાસે રવીવારે આવીશ. પણ આપનું નામ મ્હેં હજી સુધી પુછ્યું નથી માટે માફ માગું છું."

"મારૂં નામ જગજીવનદાસ મથુરાંદાસ છે. અને તે નામ પુછતા આવશો એટલે કોઇ પણ બતાવશે."

"બહુ સારૂં હું રવીવારે આવીશ"

"પણ જો જો ભુલતા નહીં."

"જી જરૂર રવીવારે બપોરે બે વાગ્યાને સુમારે આપ પાસે આવીશ."

શેઠ ગાડીમાં બેઠા, છોકરાને પોતાની પાસે બેસાડ્યો અને ગાડી ચાલી.

પ્રકરણ ૨૪ મું.

આનંદભવન.

ઉપરની હકીકતને છ સાત વર્ષ થઈ ગયાં. મોહનલાલ શેઠ જગજીવનદાસને ત્યાં ઘણું ખરૂં જતો આવતો અને તે હેની ઉપર બહુ મમતા રાખતો હતો. મોહનલાલ એલ. એન્ડ. એસની પરીક્ષા પસાર કરી બી. એસ. સીની પરીક્ષા પસાર કરી એમ. ડી.માં પાસ થયો અને મુંબાઇમાંજ ગીરગામમાં હેણે પોતાનું દવાખાનું કહાડયું હતું. શેઠ જગજીવનદાસની મદદથી શેઠ શાહુકારોમાં હેનું બહુ સારૂં ચાલતું હતું અને મુંબાઇમાં ગણાતા સારા દાકતરોમાં હેનું નામ ગણાતું હતું. હજી હેની ઉમ્મર ન્હાની હતી છતાં તે ઘણોજ આગળ પડયો હતો. અત્યારે હેની ઉમ્મર છવ્વીશ સત્તાવીશ વર્ષની હતી. જે વખતે તે કોલેજમાં ભણતો હતો તે વખતે જેણે હેને જોયો હોય તે અત્યારે હેને ઓળખી શકે તેમ હતું નહીં. હવે તે એક સારો બંગલો લઇને રહેતો હતો અને ખાવા પીવામાં પણ હવે બરોબર માવજત રાખતો હતો. તેથી હેના શરીરમાં તાજું લોહી ભરાયું અને મૂળથીજ

શરીરે દેખાવડો તો હતો જ તેમાં જ્યારે લોહી આવ્યું અને સર્વ વાતે તે સુખી હતો, તેથીં ત્હેની કાંતીમાં હવે બહુજ ફેર પડી ગયો હતો ત્હેણે એક મુકામ રાખ્યું હતું. વખતો વખત તે દેશી રાજા રજવાડામાં પણ દવા કરવા માટે જતો: અને નોકરીને માટે ઘણી તરફથી માગાં આવતાં હતાં છતાં તે કબુલ કરતો નહીં. જેણે સ્વતંત્રતાનો સ્વાદ ચાખ્યો હોય ત્હેને નોકરી લઇ પરતંત્ર થવા કેમ ગમે ? તેમાં વળી મોહનલાલને તો સારી રીતે કમાણી હતી. તે દયાશંકરના ઘરની પાસેજ રહેતો હતો, પણ હજુ સુધી ત્હેમને બંન્નેને કાંઇ પરીચય નહોતો તેથી બહુ ઓળખાણ થયું નહોતું. પણ દયાશંકર ત્હેની નામના સાંભળતો તથા વખતે રસ્તે જતાં સાહેબ સલામનો વ્યવહાર હતો.

મોહનલાલ અમદાવાદનો રહેવાશી હતો અને હીંદુ છવ્વીસ સત્તાવીશ વર્ષ સુધી પરણ્યો કયમ નહી હોય તે સવાલ દરેક જણના મનમાં આવતો. આવો હોંશિયાર તથા કમાઉ છતાં ત્હેને કન્યા કયમ કોઇ નહીં આપતું હોય તે વિચારવા જેવું તો હતું. મુંબાઇમાં તો ત્હેના ઘર કુટુંબ માટે કોઇ વાકેફગાર હતું નહીં અને એક બે જણાએ એને

એવી જાતના સવાલ પણ કર્યા હતા છતાં તેનો જવાબ તે બરોબર ખુલાસાથી દેતો નહોતો એટલે વિશેષ તે બાબત છેડવા કોઇ બહુ દરકાર કરતું નહીં.

અષાડ મહીનાની એક અંધારી રાત્રે જે વખતે આકાશ ચારે તરફથી કાળું થઈ ગયું હતું, તારો એક પણ દેખાતો નહોતો અને આસપાસ ઝાડનું એક પણ પાંદડું હાલતું નહતું તે વખતે એક ઘોડાની શુલામમાં બેશી મોહનલાલ તોપખાના પાસે થઇને જતો હતો. અત્યારે આઠ વાગ્યા હતા, સડક ઉપર ગ્યાસના દીવા ઝગ ઝગ બળતા હતા અને ગાડી જોસભેર દોડી જતી હતી. તે રસ્તા ઉપર અત્યારે માણુસની આવ જા બીલકુલ હતી નહીં તેથી અંધકારની જોડે શાંતતા પણ એવી હતી કે જો એકલો કોઈ માણુસ તે રસ્તે થઇને જતો હોય તો તો બ્હીક લાગ્યા વગર રહે નહીં. સડકને છેડે ત્રણ ફુટ ઉંચી દીવાલ બાંધેલી છે અને તે દીવાલની નીચે કાળા પથ્થર રાત્રિની કાળાશમાં ભળી જઇ તે વખતે બીહામણો દેખાવ આપતા હતા. ભરતી અત્યારે ઉતરી ગઇ હતી તેથી દરિયાનાં પાણી પણ આઘે જતાં રહ્યા. હતાં,

અને તેની અંદર આવતાં મંદમંદ મોજાંનો અવાજ ધીમે ધીમે આવતો હતો. સડક ઉપર દેડકાં ડ્રાંઉ ડ્રાંઉ કરતાં હતાં, તે સિવાય આ ભંયકર રાત્રીની શાંતતા ભંગ કરનાર બીજું કાંઈ નહોતું. આકાશ વાદળાંથી છવાઇ ગયું હતું પણ તેની અંદર હજુ સુધી વિજળી બીલકુલ થતી નહોતી. આ વખતે તે ગાડી જોસભેર દોડી જતી હતી; અને તેનો પડઘો જોરથી પડતો હતો. થોડીવારમાં તે ગાડી એક બગીચાના બારણામાં પેઠી. બગીચાની અંદર રેતી પાથરેલી હતી તેની ઉપર જ્યારે ગાડી ચાલતી ત્યારે ચડચડ ચડચડ અવાજ આવતો. અત્યારે બગીચામાં પણ એવો અંધકાર હતો કે આસપાસનાં ઝાડ બીલકુલ દેખાતાં નહોતાં. ગાડી એક બંગલા પાસે આવી અને બંગલાના પગથીઆં પાસે ઉભી રહી. તેની અંદરથી મોહનલાલ ઉતર્યો અને જે માણસ બારણું ઉઘાડવા આવ્યો હતો તેને ગાડીમાંથી દવાની પેટી તેની સાથે લેવા ત્હેણે કહ્યું. અને તે બંગલામાં ગયો. તે બંગલો આનંદભવનથી ઓળખાતો હતો.

આ બંગલો શેઠ જગજીવનદાસનો હતો, તેના એકના એક છોકરાને આજ પાંચ દીવસથી તાવ આ-

વતો, પણ આજતો એટલો બધો વધી ગયો હતો કે શેઠ મુઝાયા અને મોહનલાલને તેડવા માણસ મોકલ્યું. મોહનલાલ ઉપર શેઠનો બહુ ઉપકાર હતો તેથી ગમે તેવું કામ હોય તે છોડી જ્યારે શેઠ બોલાવતા ત્યારે તે ત્યાં જતો હતો. મોહનલાલે આવી છોકરાને થરમોમીટર મુકી જોયું તો અત્યારે તાવ ૧૦૪° ડીગરી હતો. ત્હેણે એક ડોઝ દવાનો તૈયાર કરી આપ્યો અને છોકરાને પાયો. પીધા પછી અડધી કલાકમાં પરસેવો થવા માંડયો અને તાવ ધીમો પડયો. રાત્રી અંધારી હતી તથા હમણાં તોફાન થશે અને વરસાદ આવશે એવી શેઠને ખાતરી થવાથી તથા છોકરાને પાછો તાવ રાતમાં ચડી આવે તો ગીરગામ જેટલે છેટેથી મોહનલાલને શી રીતે બોલાવાય તે વિચાર આવવાથી શેઠે કહ્યું. "મોહનલાલ આજ રાત અહીંયાં રહો તો બહુ સારૂં. કારણ બાલુ વખતે વખતે બહુ મુઝાય છે અને વળી રાત પણ ભયકર છે તેથી અત્યારે કયાં ગીરગામ જશો! જો અત્યારે કાંઈ એવું જરૂરજેવું કામ ન હોય તોતો અહીંયાંજ રહો." "સાહેબ, અત્યારે એવું કામતો નથી અને આપની ઇચ્છા હોય તો હું અહીંઆં રહીશ. બાલુભાઇને કોઇ જાતની

હરકત નથી. તેમાં આપે બીલકુલ મુંઝાવવું નહીં. એતો રૂતુનો તાવ છે તે લગાર જોરથી આવ્યો છે. એક બે દિવસમાં આરામ થઇ જશે."

એમ કહી મોહનલાલે ત્યાં રહેવા નિશ્ચય કર્યો. અને રાત્રે વાળુ કરી શેઠ તથા મોહનલાલ દીવાનખાનામાં વાતો કરવા બેઠા.

શેઠને બાલુ એકનોએકજ છોકરો હતો અને ત્હેની ઉમ્મર અત્યારે આશરે ૧૭ વર્ષની હતી. ત્હેની મા ત્હેને ત્રણ વરસનો મુકીને ગુજરી ગઇ હતી. શેઠને બીજું કોઇ પાસેનું સગુ હતું નહીં તેથી ત્હેણે બાલુની દેખરેખ માટે એક બાઈ રાખી હતી. બાલુ પાસે તે રાત દિવસ રહેતી હતી અને પોતાના છોકરાની માફકજ તે ત્હેને જાળવતી હતી. તે બંન્નેની વચ્ચે એટલી પ્રિતી થઈ ગઈ હતી કે બંન્નેમાંથી એક જણ બહુ વાર છુટાં રહી શકતાં નહીં.

શેઠનો બંગલો બહુ વિશાળ હતો. ઉપરના ભાગમાં સાત ઓરડા હતા અને તે બધા હારોહાર હતા. બંગલાની આસપાસ ફરતી ગેલેરી હતી. ગેલેરીમાં આરસ જડેલા હતા. વચ્ચેના ભાગમાં ઉપર તથા નીચે મ્હોટું વિશાળ દીવાનખાનું હતું. અને દીવાનખાનાની બન્ને બાજુએ ત્રણ ત્રણ ઓરડા હતા.

ગેલેરીની બંન્ને બાજુએ મ્હોટા દાદર હતા. નીચે પણ તેજ પ્રમાણે ઓશરી હતી અને તે ઓશરીની ઉપર આરસ જડેલા હતા. દીવાનખાનું ઉંચી જાતના ફરનીચરથી શણગારેલું હતું અને બાકીના ઓરડામાંથી એકમાં બાલુને સુવાનો હતો અને તેની જોડેનાજ ઓરડામાં શેઠ પોતે સુતા. નીચેના ઓરડાઓમાં પણ મ્હેમાન સેમાનને ઉતરવા માટે સારી સોઈ હતી. બંગલાના બીજા છેડા ઉપર ઉપરના માળના એક ઓરડામાં મ્હોટી લાયબ્રેરી હતી, અને લાયબ્રેરીની જોડેના ઓરડામાં શેઠના કુટુંબના. ઓઈલપેટીંગનો સંગ્રહ હતો. તેમાંના ઘણાં ખરાં માણસના કદનાંજ હતાં. કોઈ કોઈ અડધાં હતાં. બીજી છબીઓ હતી. તે દીવાલ ઉપર ચારે તરફ સુંદર ફ્રેમની અંદર જડી ટાંગેલી હતી. આ ઓરડામાંથી લાયબ્રેરીમાં જવાનું બારણું હતું. આ બંગલાની પાછળ રસોઈ વીગેરે કરવાનું જુદુ મકાન હતું. પશ્ચિમના ભાગમાં વળી એક ત્રીજુ મકાન હતું. ત્યાં ગાડી ઘોડા તથા માણસો રહેતાં.

રાત્રીના દસ વાગ્યા એટલે શેઠે મોહનલાલને સુઈ જવાને કહ્યું. મોહનલાલ બાલુને જોઈ આવ્યો

અને અત્યારે તાવ ૧૦૦ ડીગરી જેટલો હતો. તેથી શેઠને પણ સુઈ જવા કહ્યું. બાલુ પાસે બાઈ બેઠી હતી તથા તે સિવાય બીજા બે માણસો હતા. તેથી શેઠને મોહનલાલે ધીરજ આપી અને સુઈ જવા કહ્યું. શેઠ સુવાને માટે પોતાના ઓરડામાં ગયા. અને મોહનલાલને માટે દીવાનખાનાની તથા છબીવાળા ઓરડાની વચ્ચે જે ઓરડો હતો તેમાં પથારી પાથરી હતી. આ ઓરડામાં એક મ્હોટું લાકડાનું કબાટ એક ખુણામાં પડ્યું હતું. વચ્ચે ગોળ ટેબલ હતું અને તેની આસપાસ પાંચ સાત ખુરશીઓ હતી. બે કોચ હતા તથા એક ખુણામાં બ્હારી પાસે એક છત્રીપલંગ હતો. તેની ઉપર મચ્છરદાની નાંખેલી હતી. ટેબલ ઉપર એક સુશોભીત દીવો હતો, આ વખત વરસાદ જોરથી વરસતો હતો. આકાશ ઘમઘોર થઈ ગયું હતું. દરિઆની અંદર મોજાં પણ હવે જોરથી આવતાં હતાં. પવન જોરથી વાતો હતો અને વખતે વખતે વિજળીના ચમકારા થતા હતા. મોહનલાલ તે ઓરડામાં સુવા ગયો, બારણું આડુ કરી દીવો હોલવી કપડાં કહાડી સુઇ જવાની તૈયારી કરતો હતો, એટલામાં એક જોરથી વિજળીનો ચમકારો થયો.

અને આસપાસની બધી ચીજો જાણે તેજમય થઈ ગઈ હોય એમ એકદમ પ્રકાશી તુરત પાછો અંધકાર ફેલાઈ ગયો. વિજળી થએ થોડો વખત ન થયો એટલામાં દુર જાણે કાંઈ તોપખાનામાંથી પંદર વીસ તોપનો અવાજ એક સાથે થયો હોય તેવી ગર્જના થઈ અને આસપાસની ચીજો જોડે અથડાઈ પ્રતિઘોશ કરતો કરતી ધીમે ધીમે તે ગર્જના બંધ થઈ ગઈ. થોડીવારમા વરસાદ ધીમો પડયો અને ધીમો પડતે પડતે સાવ બંધ થઇ ગયો. અત્યારે હવે ફક્ત નેવામાંથી ટપક ટપક ટીપાં પડતાં હતાં તથા આસપાસના બગીચામાં દેડકાં ડ્રાઉં ડ્રાઉં કરતાં હતાં તે સિવાય બીજો અવાજ કાને પડતો નહોતો.

થોડીવારમાં એક જોસભેર કીરમજી રંગની વિજળી થઈ અને તે વિજળી બ્હારીમાંથી દેખાતી હતી. વાદળાંથી ભરપુર આકાશમાં આ વિજળીનો ચમકારો એક વાદળમાંથી બીજા વાદળાભણી દોડતો તથા દોડતાં દોડતાં તેની અંદર સુશોભીત રંગના આડાઅવળા ઝાડની ડાંખળીઓ જેવા લીસોટા થતા હતા. વિજળી થયા બાદ થોડીવારમાં જોરથી ગર્જના થતી અને એટલા જોરથી. તે ગ-

જંના અતી કે કાચા પોચા હૈયાના માણસને બ્હીક લાગ્યા વગર રહે નહીં. મોહનલાલ પથારીમાં સુતો સુતો કુદરતની આ ખુબીનું અવલોકન કરતો હતો અને આવા સુશોભીત રંગની વિજળીના બનાવનારનો રંગ, વર્ણ, ગુણ તથા ત્હેની મહત્વતા કેટલી હશે તેનો વિચાર કરતો કરતો તે નિંદ્રાવશ થઈ ગયો.

મોહનલાલની આંખ મળે હજી પંદર વીસ મીનીટ નહી થઈ હોય તેટલામાં તે ચમકી ઉઠ્યો. અને ત્હેની છાતી ધડકવા લાગી. ત્હેના કાનમાંથી હજી ગર્જનાનો ધ્વની સાવનાશ પામ્યો નહોતો. તે એક જબરા કડાકાથી એકદમ જાગી ઉઠ્યો અને ઉભો થઈ બ્હારી બ્હાર જોવા લાગ્યો આકાશની અંદર મેઘરાજાનું યુદ્ધ ચાલી રહ્યું હતું. તેની તોપોનો અવાજ, વિજળીના ચમકારા તથા રાત્રીનો અંધકાર બહુજ બીહામણો હતો. વરસાદ બીલકુલ વરસાતો નહોતો. અને ઉકળાટ બહુ થતો હતો. પરસેવો આખા શરીરમાંથી મોહનલાલને વહેતો હતો તેથી પાછી ફરીને ઉંઘ આવતાં બહુ વાર લાગી. થોડીવારે આમતેમ પથારીમાં આળોટતો આળોટતો તે સુઈ ગયો. પણ હજી ત્હેને નિંદ્રાદેવીએ બુરો[illegible] નહોતો. થોડીવારમાં જે

ઓરડામાં તે સુતો હતો તેનું બારણું ઉઘડયું હોય તેમ ત્હેને ભણકારો વાગ્યો. બારણા સામું જોયું પણ બારણું બંધ હતું. તેથી ફરીને તે આંખ મીચીને સુઈ ગયો, પણ લગારવાર થઈ એટલામાં જાણે ત્હેના ઓરડામાં કોઈ હરતું ફરતું હોય તેમ ધીમાં ધીમાં પગલાંનો અવાજ ત્હેને કાને પડયો. ફરીથી ત્હેણે આંખ ઉઘાડી ચારે તરફ જોયું તો કાંઈ પણ માલમ પડયું નહીં. ત્હેનું મન બ્હીવા લાગ્યું અને ઉંઘવાને માટે ઘણો યત્ન કરતો પણ ઉંઘ આવતી નહીં. એટલામાં વિજળીનો એક ચમકારો થયો. અને તેનું તેજ ત્હેના ઓરડામાં પડતાં કબાટ પાસે ધોળુ કપડું પહેરી કોઈ ઉભું હોય તેમ ત્હેને ભાસ થયો. આ જોતાંવારજ ત્હેની બ્હીકમાં વધારો થયો. જ્યાં સુતો હતો ત્યાંથી ઉઠી તપાસ કરવા ત્હેનામાં હીમત્ત રહી નહીં. છાતી ધડકવા લાગી, અને કપાળે પરસેવાનાં બિંદુ બ્હાઝી ગયાં. આ શું હશે ! મ્હને બ્હીક કેમ લાગેછે! એમ કરી તે હીમત્તથી પથારીમાં બેઠો થયો પણ પથારીમાંથી ઉઠીને તપાસ કરવા હીમત્ત નહોતી. થોડીવાર તે તેમનો તેમ બેશી રહ્યો. આસપાસ સઘળે શાંતિ ફેલાઈ ગઈ હતી. દેડકાના ડ્રાંઉડ્રાંઉ

અવાજ શીવાય બીજો કાંઈ પણ અવાજ આવી ભયંકર રાત્રીની શાંતતાનો ભંગ કરનાર નહોતું. થોડીથોડીવારે વીજળીના ચમકારા થતા હતા. થોડીવારમાં મોહનલાલ પાછો સુઈ ગયો ફરીથી પાછું કાંઈ ચાલતું હોય તેમ ભણકારો ત્હેને લાગ્યો. પણ આ ફેરી તે પથારીમાંથી ઉઠયો નહીં. કોઈ માણસ જાણે બારણા ભણી જતું હોય તેમ ત્હેના મનને શક ગયો, થોડીવારમાં બારણું ઉઘડયું અને પાછું બંધ થયું. આ મોહનલાલે જોયું પણ બ્હીકથી ઉઠવાની હીમત્ત ચાલી નહી. તો પણ જરાવાર પછી મનને કઠણ કરી તે પથારીમાંથી ઉઠયો અને બારણા ભણી ગયો પણ ત્યાં જતાં જતાં વિજળીનો ચમકારો થઈ એટલા જોરથી કડાકો થયો કે હાથમાં બારણું ને મોહનલાલ ત્યાંજ સ્થિર થઈ ગયો. ત્હેની છાતી જોરથી ધડકવા લાગી, પગ ધ્રુજવા લાગ્યા, અને આખે શરીરે પુરશેવાથી તે રેબઝેબ થઈ ગયો. થોડીવાર બારણા પાસે ઉભો રહી બારણું ઉઘાડયું. બ્હાર ચારે તરફ જોયુ, પણ કાંઈ નજરે પડયું નહીં. ઓરડાની બ્હાર છજ્જુ (ગેલેરી) હતું તેમાં તે ઉભો રહ્યો. ત્યાં તે બહુવાર ઉભો રહ્યો નહીં એટલામાં કોઈ માણસે જાણે ઉંડો

નિસાસો નાંખ્યો હોય તેમ ત્હેના કાન ઉપર. અવાજ આવ્યો. અને તે અવાજ લાયબ્રેરી વાળા ઓરડા તરફથી આવ્યો હોય તેમ ત્હેણે ધાર્યું. ત્હેનું મન બ્હીકથી એટલું બધું નબળું અત્યારે થઈ ગયું હતું કે લગાર કાંઈ પણ અવાજ ત્હેના કાન ઉપર આવે કે તુરત ત્હેના મનમાં જેમ આકાશની અંદર વિજળી અનેક રૂપ જેટલી ઝડપથી ધારણ કરતી તેટલીજ ઝડપથી તેવાજ અનેક વિચાર ત્હેના મગજમાં આવતા. જ્યાં તે ઉભો હતો ત્યાં જ તે ઠરી ગયો. ત્યાંથી એક પગલું ભરવાને પણ અત્યારે ત્હેનામાં રાત્તા હતી નહીં. પંચ દશ મિનીટ સુધી તે ત્યાંનો ત્યાંજ ઉભો રહ્યો. થોડીવાર પછી જ્યાંથી તે અવાજ આવતો હતો ત્યાં ગયો અને ત્યાં જઈને કાન દઈ ત્હેણે સાંભળ્યું તો ધીમો ધીમો જાણે કોઈ મનમાં બબડતું હોય તેમ અવાજ ત્હેના કાન ઉપર પડ્યો. શું બોલે છે તથા કોણ બોલે છે તે સાંભળવાને ત્હેણે ઘણોજ પ્રયત્ન કર્યો પણ કાંઈ સાંભળાયું નહીં. થોડીવાર ત ત્યાં ઉભો રહ્યો. અને પછી તે ત્હેના ઓરડામાં પાછો ગયો. પથારીમાં જઈને સુતો પણ જીવને કાંઈ ચ્હેન પડે નહીં. કોણ ત્હેના ઓરડામાં આવ્યું તથા શું કરવા આવ્યું

તેનો શક ત્હેનાથી દૂર થઈ શક્યો નહીં. અને જ્યાં સુધી શક દૂર થયો નથી ત્યાં સુધી મનને શાંતિપણ કેમ વળે? ઘડીકમાં તે આમતેમ ફરતો, ઘડીકમાં બ્હારીએ જઈ ઉભો રહે અને ઘડીકમાં પાછો પથારીમાં બેસે પણ બીલકુલ ચ્હેન પડે નહીં. દીવો કરવા ત્હેના મનમાં ઈચ્છા થઈ. પથારીમાંથી ઉઠ્યો અને આસપાસ તપાસ કરી પણ દીવારાળીની પેટી જડી નહીં. બ્હાર જઈ કોઈ માણસને બોલાવવા ત્હેના મનમાં થયું પણ તેમ કરવાથી ત્હેની ફજેતી થશે તેમ લાગ્યું. તેથી મનને ધીરજ રાખી તે પથારીમાં સુતો. આંખ મીચે પણ ઉંઘ આવે નહીં. અને હમણાં આ બાજુથી કોઈ આવશે કે પેલી બાજુથી કોઈ આવશે એમ ત્હેનું મન અધીરૂ થઈ ગયું. તે બહુવાર સુતો નહીં હોય એટલામાં આઘે જાણે કાંઈ ધીમેથી બારણું ઉઘડતું હોય તેમ ત્હેને ભણકારો વાગ્યો. તે પથારીમાંથી ઉઠ્યો અને હીમત ધરી બારણા ભણી ગયો. ત્યાં જઈને ઉભો રહ્યો. તે ઓરડાભણી કોઈ ધીમે ધીમે આવતું હોય તેમ ત્હેના કાન ઉપર અવાજ આવ્યો તેથી હીમત આણી થોડુંક બારણું ઉઘાડી તેની અંદરથી તે જોવા લાગ્યો. અવાજ

પાસે પાસે આવતો ગયો અને થોડીકવારમાં પ-ગથી માથા સુધી એક ધોળી ચાદર ઓઢેલ એક માણસ બારણા પાસે થઇને ચાલ્યો જતો ત્હેની નજરે પડયો. પણ આ જોતાંવાર ત્હેના હોશ ઉડી ગયા. તે માણસના પગ શીવાય બીજો શરીરનો એક્કે ભાગ હાલતો નહોતો. આ માણસ તો ત્યાંથી ચાલ્યો ગયો પણ તેનો ભાસ મોહનલાલના મનની અંદર ચ્હોટી ગયો. "કોણ હશે! અત્યારે એક વા-ગ્યાનો અમલ થવા આવ્યોછે અને ઘરની અંદર બધાં સુઈ ગયાંછે ત્યારે આ કોણ? ચોરતો નહીં. જો ચોર હોય તો કાંઈ આમ બેધડક ધીમે ધીમે ચાલે નહીં." એમ ત્હેના મનમાં અનેક વિચારો આવતા. તે ત્યાં સ્થીરજ થઈ ગયો હતો પણ થોડીવાર પછી હીમત્ત આણી ત્હેણે બારણું અંદરથી બંધ કર્યું. અને પથારીમાં જઇને સુતો પણ ઊંઘ કેવી અને વાત શી. ત્હેની છાતી ધડ-કધડક ધબકતી હતી અને તે ઉંડા વિચારમાં પડી ગયો હતો. ત્હેનું મન શાંત થતું નહીં. પાછો પ-થારીમાંથી ઉઠયો. બ્હારી પાસે ગયો પણ ત્યાંએ ત્હેને જંપ વળ્યો નહીં. તેથી આમ તેમ આંટા મારવા લાગ્યો. દસ પંદર મિનીટ આમતેમ આંટા

માર્યા બાદ પાછો તે પથારીમાં જઇને સુતો અને આંખે અંગોસ્તર લપેટી ઉંઘવાને માટે ઉંઘને બહુ કાલાવાલા કરવા મંડયો. પણ નિંદ્રા દેવી આજ ત્હેનાથી રીસાઈ ગયાં હતાં તે કયમે કર્યાં મનાતાં નહોતાં. ત્હેણે ઇશ્વરની પ્રાર્થના કરવા માંડી પણ ત્હેના વિચારો એકમાંથી બીજે અને બીજેથી ત્રીજે અથડાવવા લાગ્યા. અત્યારે ત્હેનું મગજ ઘણું જ ચંચળ થઈ ગયું હતું, શાંત પાડવાને તે એક બે ત્રણ ચાર એમ ગણવા લાગ્યો. તેમ કરવાથી પણ ત્હેને ઉંઘ આવી નહીં. માથે અંગોસ્તર વીટયું હતું તેથી મુઝાવા લાગ્યો એટલે પાછું તે ક્હાડી નાંખ્યું. દીવો પણ નહોતો કે કાંઈ વાંચવા માંડે તો ત્હેના વિચારો શાંત થાય અને નિંદ્રાદેવી મનાય. થોડીવાર પછી મંદમંદ પવન આવવા લાગ્યો, વરસાદ શરૂ થયો, વિજળી તથા ગર્જના ધીમાં પડ્યાં, અને દરિઆનો ઘુઘવાટ પણ કાંઈક ધીમો પડયો. ધીમે ધીમે વરસાદ આવતો હતો અને મંદમંદ પવનની લ્હેરથી ઘણી મ્હેનતે નિંદ્રાદેવી કાંઈક મનાયાં અને આ તરૂણ યુવાનને પોતાના પડખામાં લીધો.

પ્રકરણ ૨૫ મું.

દયાશંકર સાથે મોહનલાલનું ઓળખાણ.

મોહનલાલ બીજે દિવસે તડકા નીકળ્યા બાદ ઉઠ્યો. રાત્રે બરોબર ઊંઘ નહીં આવવાથી ત્હેનું માથું સ્હેજ સ્હેજ દુ:ખતું હતું તેથી જેવો તે ઉઠ્યો કે તુરત બારીએ જઇને ઉભો. બ્હારીમાંથી મંદ મંદ પવન આવતો હતો. રાત્રે વરસાદ આવી ગએલો તેથી ચારે તરફ ભીનું ભીનું દેખાતું તથા બગીચામાં આંખને રંજન કરે તેવી સર્વ જગા લીલા ઘાસ:થી લીલી છમ જેવી થઈ ગઈ હતી. સડક પણ પાણી પડવાથી કચરો ધોવાઇને સાફ થઈ ગએલી હતી. આઘે દરિઓ પણ ધીમે ધીમે અવાજે ઘુઘવતો હતો અને રાત્રીના તોફાનથી જાણે થાકી ગયો હોય અને હાંફતો હોય તેમ ઊંચો નીચો થતો, કીનારા ઉપર પડેલા પથરાને ધીમે ધીમે ચુમીઓ કરતો હતો. તેનાં ઉચાં થતાં મોજાં ઉપર સવારનો થંડો સૂર્ય કેટલીકવાર જાણે શર્માતો શર્માતો તેને અડકવા જતો હોય તેમ સ્હેજ અડકી પાછો આઘો જતો રહેતો હતો અને

પાછો બીજાં મોજાં ઉપર પ્રકાશતો. જાણે તે મોજાંની મશ્કરી કરતો હોય તેમ ઘડીકમાં દેખાતો, ઘડીકમાં લપાઈ જતો અને ઘડીકમાં પાછો આઘેના મોજાંને અડકવાને દોડતો હતો. મોજાં પણ જાણે તેને અડકવાથી અભડાશે એમ બ્હીકથી તે અડકવા આવતો એટલે તેની પાસેથી ખશી જતાં અને એક બીજામાં ભળી જઈ પાસેના કીનારાને મળવા આતુરતાથી દોડતાં હતાં. આકાશની અંદર છેટે છેટે રૂના ગાભલા જેવાં વાદળાં આમ તેમ દોડ ધામ કરતાં હતાં. અને વખતે વખતે સૂર્યને ઢાંકી દેતાં હતાં પણ સૂર્યને આ ક્રીડામાં દુઃખ દેતાં તેથી જેમ જેમ તે આઘો ચાલતો જતો તેમ તેમ તે વાદળાંનો નાશ કરતો જતો હતો અને દરિયાનાં મોજાંની જોડે મોજ મારવાને તે તેમને વધારે વધારે સતાવતો હતો, તેથી તે બિચારાં પણ વધારે વધારે ઉતાવળથી દોડતાં એક બીજા જોડે ભળી જતાં કીનારાના પથ્થરોને પોતાની સોડમાં લેતાં લેતાં કીનારા પાસે આવવા લાગ્યાં.

આ ક્રીડા જોતો જોતો મોહનલાલ બ્હારીની અંદર ઉભો ઉભો દાતણ કરતો હતો અને તે ક્રી-

ડામાં આનંદ માનતો હતો. રાતની વાતને અત્યારે ભુલી ગયો હતો અને કેટલીકવાર આ આનંદમાં તે દરિયા સામુજ જોઈ રહેતો અને વખતે દાતણ પણ હાથમાંનું હાથમાં રહી જતું. કુદરતનો ખેલ જોઈ હેનું મન અત્યારે ભિન્ન ભિન્ન વિચારોથી ભરાઈ ગયું હતું, અને હેને વાર થાય છે તેની પણ અત્યારે દરકાર હોય તેમ હેના મ્હો ઉપરથી લાગતું નહોતું. થોડીવારે આ પ્રમાણે વિચારમાં ગુમ થઈ ગએલો મોહનલાલ દાતણ કરીને નીચે ગયો અને બાલુની ખબર કહાડી. રાત્રે હેને તાવ હતો તેથી વીશેષ ચડ્યો નહોતો. હેને માટે દવા લખી આપી, પછી હેણે ગાડી માટે વરદી આપી; ગાડી તૈયાર થઈ એટલે તેમાં બેશી તે ગીરગામ પોતાને ઘેર ગયો.

મોહનલાલ ઘેર આવ્યો ત્યારે નવ વાગ્યા હતા અને આવીને, તે પોતાના દવાખાનાના ઓરડામાં જતો હતો તે વખતે હેના નોકરે હેને કહ્યું "દયાશંકર બેવાર આવી ગયા અને તેમની વહુને શરીરે કાંઈ ઠીક નથી તેથી આપને મળવાને આવ્યા હતા."

"દયાશંકર કયા ! આપણી સામે રહે છે તે ?"

"હાજી" એમ કહી નોકર ત્યાંથી ચાલ્યો ગયો.

અને કોઈ દરદી દવાખાનામાં આવ્યા હતા હેને દવા આપી મોહનલાલ દયાશંકરને ઘેર જવાનો વિચાર કરતો હતો. પણ મોહનલાલની ગાડી આવતી દયાશંકરે જોઈ હતી તેથી માથે પાઘડી મુકી દયાશંકર મોહનલાલ પાસે આવ્યો. મોહનલાલે હેને સારો આવકાર દીધો. અને પાસે ખુરશી હતી તે ઉપર હેને બેસવા કહ્યું. દયાશંકર ખુરશી ઉપર બેઠો અને મોહનલાલે બે ચાર દર્દીઓને દવા લખી આપી, દયાશંકરનેપુચ્છયું "કેમ, શી ખબર છે." દયાશંકર તથા મોહનલાલ એક બીજાને ઓળખતા તો હતા પણ તેમની વચ્ચે હજી મિત્રાચારી થઈ નહોતી. ફક્ત કામ પ્રસંગે દયાશંકર મોહનલાલ પાસે આવતો જતો તેથી જેમ બીજા ઘરાકોની જોડે મોહનલાલ વર્તતો તેવીજ રીતે આની જોડે પણ વર્તતો હતો. દયાશંકરે કહ્યું. "ગઈ કાલે રાત્રે મ્હારી બૈરીના પેટમાં દુખવા આવ્યું અને તે પછી ત્રણ ચાર દસ્ત થયા. અત્યારે પણ સવારમાં એક દસ્ત થયો અને હજી પેટમાં ચુંક આવેછે તેથી હું આપને બેવાર તેડવા આવ્યો હતો માટે જો ફુરસદ હોય તો પધારો."

"ઘણીજ ખુશીથી, ચાલો," એમ કહી તે

દયારાકરનો જોડે ગયો.

મોહનલાલ દયાશંકરને ઘેર કોઈ દિવસ હજી ગયો નહોતો અને ત્હેના કુટુંબના કોઈ માણસને તે હજી સુધી ઓળખતો પણ નહોતો. દયાશંકરનું ઘર ત્હેના ઘરની સામેજ હતું એટલે શર્ટ તથા જેકેટ અને માથે ટોપી પહેરી તે ત્હેના ઘરમાં ગયો. દયાશંકરની વહુ કમળા એક આરામ ખુરશી ઉપર બેઠી હતી અને બે હાથેવતી પેટ દબાવતી હતી. અને પેટમાં દુખાવો થવાથી વખતો વખત મ્હો કસાંણું કરતી હતી. ત્હેની વિધવા છોકરી મણી દાક્તરને આવતો જોઈ ત્હેની મા પાસે આવી અને ખુરશીથી થોડે છેટે શર્માતી શર્માતી ઉભી રહી. મોહનલાલે કમળા તથા મણીને કોઈ દિવસ જોયાં નહોતાં. ત્હેણે કમળાને પાસે કોચ પડચો હતો ત્યાં સુવા કહ્યું. અને તે સુતી એટલે ત્હેણે પેટ તપાશી અજીર્ણ થયું છે તેમ કહી કાગળ ઉપર દવા લખી આપી. તથા દવા કેટલી વખત તથા ક્યારે પીવી, તે કહી જવાને માટે ઉભો થયો. પણ મણીએ એટલામાં ત્હેને માટે પાન કરવા માંડ્યું હતું તે જોઈ દયાશંકરે પાન લેવા ત્હેને રહેજ રોકાવા કહ્યું. મોહનલાલે પુછ્યુ. "તમે ક્યાંના રે'વાસી છો!"

"હું સુરતમાં રહું છું અને અહીયાં વકીલાત કરૂં છું. તમે હજી અહીયાં થોડા દિવસથી રહેવા આવ્યા છો એટલે આપણો એવો પ્રસંગ નથી પડયો. મ્હેં બેચાર વખત તમારી પાસે આવવા વિચાર કર્યો હતો પણ એકદમ ક્યમ છુટ લેવાય એ વિચારથી મ્હારૂં મન પાછું પડતું."

"હું પણ એકલો છું માટે રાત્રે બપોરે જ્યારે નવરાશ હોય ત્યારે સ્હેજ સ્હેજ આવો તો આપણને ગમ્મત થાય."

"એ તો ખરૂં પણ તમારે કામ હોય અને હું આવીને બેસું એ ઠીક નહીં."

"એની કાંઈ હરકત નહીં. ઓળખાણ તો કર્યું થાય છે"

"ઠીક છે ત્યારે હું હવે આવીશ" એમ કહી મણીએ પાન તથા સોપારી દયાશંકરને આપ્યાં જે ત્હેણે મોહનલાલને આપ્યાં અને મોહનલાલ ત્યાંથી ઉઠી પોતાના મકાન ઉપર ગયો. દયાશંકર પણ ત્હેની જોડે ગયો અને દવા લાવી ત્હેની વહુને ત્હેણે પાઈ. સાંજ સુધીમાં ત્હેને આરામ થયો.

દયાશંકર મોહનલાલને ઘેર જતો અને મોહનલાલ દયાશંકરને ત્યાં જતો. આ પ્રમાણે વારંવાર

એક બીજાને ત્યાં જતા, બેસતા વાતો કરતાં તથા રમતા. અને તેમની જોડે કમળા તથા મણી પણ વારંવાર આવીને બેસતાં તથા રમત ગમ્મતમાં ભાગ લેતાં હતાં. મોહનલાલ તથા દયાશંકર વચ્ચે દિવસે દિવસે પ્રિતી વધતી ગઈ. અને છુટથી બન્ને જણાઓ એક બીજાના ઘરમાં આવવા જવા લાગ્યા.

ઉપરની હકીકત બન્યા પછી આશરે પંદરેક દિવસ પછી મોહનલાલ એક દિવસ પોતાના માળામાં ડ્રોઈંગ રૂમમાં બેઠો હતો. હાથમાં ટાઇમ્સ હતું અને રાત્રીના દસ વાગ્યાનો અમલ થયો હતો. આરામ ખુરશીમાં હાથમાં ન્યુસપેપર અને બ્હારી સામું જોઇ મોહનલાલ કાંઇક વિચારમાં ગુમ થઈ ગએલો બેઠો હતો. ત્હેની આંખ બ્હારી સામી ચ્હોટી ગઇ હતી અને શબવત તે સ્તબ્ધ થઇ ગયો હતો. ત્હેના મનમાં શું વિચારો અત્યારે રમી રહ્યા હતા તે બ્હારથી જોનાર બીલકુલ કળી શકે તેમ હતું નહીં. તે વિચારમાં લીન થઇ ગયો હતો. થોડી વારમાં તે વિચારમાંથી એકદમ ચમક્યો અને આમ તેમ આસપાસ જોયું પણ ફક્ત ત્હેને ભણકારોજ વાગ્યો હતો. ડ્રોઈંગરૂમમાં બીજું કોઇ હતું નહીં. ન્યુસપેપર પાછો તે વાંચવા લાગ્યો પણ

ત્હેનું મન તેની અંદર ચોટતું નહીં. એક બે લીટી વાંચે એટલામાં ત્હેણે આગળ શું વાંચ્યું તે ભુલી જાય. ત્હેનું મન બહુ મુંઝાવા લાગ્યું. ત્હેણે ન્યુસ-પેપર ટેબલ ઉપર મુક્યું. અને ખુરશીના હાથા ઉપર બે હાથ ટેકાવી પોતાનું માથું પોતાના હા-થમાં મુકી પાછો વિચાર કરવા મંડયો. ત્હેના મનમાં અત્યારે વિચારોએ ધક્કામુક્કી કરી મુકી હતી, અને જો ત્યાં કોઇ જોનાર હાજર હોયતો ખચીત ત્હેને લાગ્યા વગર રહે નહીં કે આ તરૂણ પુરૂષ અત્યારે ઘણીજ મુઝવણમાં છે. થોડી વારમાં તે ખુરશીમાંથી ઉભો થયો અને આમતેમ આંટા મારવા લાગ્યો. આંટા મારતે મારતે હાથ હલાવે. ડોકી ધુણાવે, ઘડીકમાં એકદમ ચાલતે ચાલતે ઉભો રહે, વળી પાછો ફરવા માંડે એમ કરતાં ક-રતાં તે થાકયો. બ્હારીએ જઇને ઉભો રહ્યો. પણ ત્હેને કાંઇ ચ્હેન પડતું નહીં. થોડી વાર ત્યાં ઉભા રહી પાછો તે ખુરશી ઉપર બેઠો અને પોતાના મનમાંથી આ વિચારોને દૂર કરવાના ઈરાદાથી ત્હેણે પાછું ન્યુસપેપર લીધું. વાંચવા માંડયું પણ વાંચતાં દીલ ચ્હોટે નહીં. ન્યુસપેપર મુકી દીધું. અને એક મેડીસનની ચોપડી લઇ વાંચવા માંડી

તો એક અક્ષર પણ ઉકલે નહીં. ત્હેની આંખોમાં ઝળઝળીઆં આવી ગયાં અને ન ર્‌હેવાયું તેથી તે રોઈ પડયો. પણ એવા તે શા દુઃખમાં તે ગરક થઇ ગયો હતો કે આ પ્રમાણે તે મુંઝાતો હતો? અરે એ દુઃખ, હે ઇશ્વર એ દુઃખ તું દુશ્મનને પણ ન આપીશ. સત્તાવીસ વરસની ઉમર થઇ, ભણ્યો ગણ્યો, પ્રતિષ્ઠા મેળવી, પૈસાની પણ પ્રાપ્તિ કરી, પણ તે સુખનો ભાગ લેનાર, ઘેર આવે તે વખતે હસ્તે મ્હોએ બોલાવનાર, દુનિયાના સુખનો લ્હાવો આપનાર નહી એ શું ઓછું દુઃખ! સ્રી વીનાનું ઘર સ્મશાન રૂપ કહ્યું છે તેમાં શું ખોટું છે? લોકમાં આબરૂ નહીં. કોઇ ત્હેની ઉપર વિશ્વાસ રાખે નહીં. અને જ્યાં જાય ત્યાં બધાં ત્હેનાથી ચેતતાં રહે. છુટથી કોઈ વાત કરે નહીં, ઘર આગળ મળવા બેસવા ઉઠવા કોઈ આવે નહીં. આ શું ઓછું દુઃખ છે? આવા વિચારો ત્હેના મનને મુઝવી નાંખતા હતા અને મુઝવણ થાય એમાં શી નવાઇ પણ છે. ત્યારે ત્હેનામાં શું એવી ખોડ હતી કે ત્હેને કોઈ પરણાવતું નહોતું. ખોડ કાંઇપણ હતી નહીં. રંગ રૂપ તથા શરીરના ઘાટમાં તે કાંઇ કદરૂપો નહોતો. ત્યારે ત્હેને શામાટે

કોઇ પરણાવતું નહોતું ? તે અત્યારે હજુ કહેવા વખત આવ્યો નથી માટે આગળ ઉપર કહીશું.

મોહનલાલે હવે તો થાકીને સુઈ જવા વિચાર કર્યો અને સુવાના ઓરડા તરફ ચાલ્યો પણ જતાં જતાં ત્હેના મનમાં એવી લાગણીઓ થવા લાગી કે ત્યાંથી પાછો ફર્યો અને ડ્રોઇંગરૂમમાં આવ્યો અને એક ઇંગ્રેજી નોવેલ લઈ તે પાછો સુવાના ઓરડા તરફ ગયો. ઓરડામાં જઈ પલંગ પાસે એક ટ્રીપાઈ ઉપર મીણબતીનો દીવો મુકી વાંચવાને હાથમાં નોવેલ રાખીને સુતો. નોવેલ વાંચવા માંડયું. થોડુંકતો વાંચ્યુ પણ બીજો પેરીગ્રાફ શરૂ કરતાંજ ત્હેનું મન પાછુ ઉશકેરાઈ આવ્યુ. વાંચતું શરૂજ રાખ્યું પણ શું વાંચે છે ત્હેનું ત્હેને પોતાને ભાન હતું નહીં. બીજો પેરેગ્રાફ પૂરો કર્યો પણ તેમાં શું હતું તે ત્હેને યાદ હતું નહીં. આમ વાંચતાં વાંચતાં દશેક મીનીટ ગઇ. વાંચતાં ત્હેને કંટાળો આવવા લાગ્યો તેથી વાંચવાનું મુકી દીધુ. દીવો હોલવી નાંખ્યો અને સુવાને માટે પ્રયત્ન કરવા લાગ્યો. પણ ઊંઘ આવે નહીં. થોડી વારમાં તે પોતાની મેળે બોલી ઉઠયો. " અરે આ દુષ્ટ રૂઢી, બિચારી મણી જેવી નિર્દોષ બા-

ળકીને અત્યારથી કેટલું દુઃખ વેઠવું પડે છે. શું પુરૂષ કે સ્ત્રી. જ્યારે દુનીઆનો લ્હાવો સુખ તથા રમત ગમત લેવાનો વખત આવે ત્યારે આવા બનાવ બને તેથી બિચારાંને પશુવત્ આખી જીંદગી ગાળવી પડે. ન સારૂ લુગડુ પહેરાય, ન સારી જગાએ ખુલ્લી રીતે જમવા જવાય, કે ન કોઇની સાથે હશીને ખુશીથી વાતચીત થાય ને બિચારીને ન્હાનપણમાંથીજ દુનિયાના સર્વ સુખનો ત્યાગ કરવો પડે અને નજરકેદની માફક પોતાના માબાપ અગર વડીલ મુરબ્બીની નજરથી આઘા ખસાય નહિ. શુભ કામમાં ત્હેને સંતાતા રહેવું પડે; કારણ તે વખતે જો આગળ આવે તો વ્હેમી લોકો અપશુકન થાય છે તેમ માને. કોઈ પરગામ જવું હોય તો પણ ત્હેના શુકન નિષેધ ગણે છે. અરે! ત્હેં આટલી ન્હાની ઉમ્મરમાં એવો તે શો અપરાધ કર્યો કે ત્હારૂં મ્હો જોવું પણ અપશુકન કહેવાય? ત્હેને કેટલું વેઠવું પડતું હશે? જ્યાં જાય ત્યાં ત્હારૂં માન રહે નહીં. નણંદને ભોજાઈઓથી પણ ત્હારે બ્હીતાં બ્હીતાં રહેવું પડે કે રખેને તેમને ખોટું લાગતું. અરે, ત્હારો જન્મારોજ ઓશિઆળો થઈ ગયો."

જેવી ત્હારી સ્થિતિ છે તેવીજ મ્હારી છે. જેમ ત્હને બધાં વ્હેમની દૃષ્ટિથી જુએ તેમ મ્હને પણ જુએ છે. કોઇના ઘરમાં બેધડક જવાતું નથી. કોઇ મ્હારા ઘરમાં આવતું નથી. અને જો આવે તો પણ બ્હીતાં બ્હીતાં આવે છે. અરે આપણામાં તે શું એવું કલંક છે કોઈ આપણો વિશ્વાસ કરે જ નહીં. અરે દૈવ અમે ત્હારો શું અપરાધ કર્યો કે તું આમ દુષ્ટ રીતે અમને દુનિઆના વ્યવહારથી દૂર કરે છે. અરે મણી ત્હારે પતિ માટે સોસાવું પડે છે અને મ્હારે પત્નિ માટે ટળવળવું પડે છે. શું દુષ્ટ રૂઢી છે. મ્હરામાં શું એવું દુનિઆએ દીઠું કે કન્યા આપવા સર્વ ના પાડે છે. અરે પૈસાને શું ધુપ દેવો, આબરૂને શું બચકાં ભરવાં, પૈસાનો તથા આબરૂનો ભાગ લેનાર કોઈ નહિ ત્યારે તે આપણે શાં કામમાં આવનાર છે." આમ વિચાર કરતો કરતો મોહનલાલ પથારીમાં આમતેમ તરફડીયાં મારતો હતો. ત્હેનું મન અત્યારે બહુ જ મુઝાતું હતું અને જીવને કાંઇ ચ્હેન પડતું નહોતું. સાડાબાર વાગ્યા પણ ઉંઘ આવે નહીં. ઘડીકમાં પથારીમાં બેઠો થાય, ઘડીકમાં પાછો સુઈ જાય અને વળી ઘડીકમાં પથારીમાંથી ઉભો થઈ

આમતેમ આંટા મારે. "શું કરૂં કે જેથી કરી મન શાંત થાય તથા ઉંઘ આવે." એમ મનમાં બબડતો બબડતો આમતેમ આંટા મારતો હતો. ઘડીકમાં બ્હારીએ જઇને ઉભો રહે અને ઘડીકમાં પાછો આવીને સુઈ જાય. આ વખત તો થોડીવાર તે પથારીમાં છાનોમાનો આંખો મીચીને સુઈ રહ્યો. મનની અંદર વિચારો આવે તેને દૂર કરવાને પ્રયત્ન કરતો હતો અને મ્હા મુશીબતે ઘણીવાર આમતેમ પડખાં બદલ્યા બાદ સ્હેજ આંખ મળી ગઈ. કલાક એકાદ નહી સુતો હોય એટલામાં ત્હેના નોકરે ઉપર આવી ત્હેના ઓરડાનું બારણું ઠોકયું. મોહનલાલ ચમકી ઉઠ્યો અને ગાભરો બની ગયો. તે કેટલો વખત સુતો ત્હેની ત્હેને ખબર નહોતી. ઓરડામાં દીવો પવનથી ઓલવાઇ ગયો હતો તેથી બધે અંધારૂં હતું. પથારીમાંથી ઉભો થયો અને પુછ્યું કોણ છે ત્યારે નોકરે જવાબ દીધો. દીવાસળીનું ખોખુ મોહનલાલ ખોળવા મંડયો પણ અંધારામાં જડે નહીં. આમતેમ ફાંફાં માર્યા પણ પત્તો લાગે નહીં. પછી આખરે ત્હેણે બારણું ઉઘાડયું. નોકરને પુછ્યું "ક્યમ મ્હને જગાડયો?" "શેઠનું માણુસ તથા ગાડી આવ્યાં છે અને

બાલુભાઈની તબીયત કાંઈ બગડી આવી છે તેથી આપને ત્યાં બોલાવે છે" નોકરને હેણે દીવો ક-રવા મોકલ્યો. થોડીવારમાં દીવો લઈને નોકર આ-વ્યો એટલે મોહનલાલ કપડાં પહેરી તથા દવાની પેટી સાથે લઈ શેઠને બંગલે ગયો.

પ્રકરણ ૨૬ મું.

હીંદુ ભોજનશાળા.

પ્રભાકરનો બાપ હરીનંદ થોડા મહીના ઉપર પક્ષઘાતના રોગથી મરી ગયો હતો અને ત્હેની મા પણ ત્હેના બાપના મરી ગયા બાદ બે મહીના બાદ મરી ગઈ. હવે પ્રભાકર સુધામુખી અને ત્હેની ત્રણ છોકરીઓ હતી. છોકરીઓ તો મ્હોટી થઈ હતી. અને ત્રણેને પરણાવી હતી તેથી તે તો તેમને સાસરે જ રહેતી હતી. વખતે વખતે તે ત્યાં આવતી પણ મહીનો માસ રહી તે પાછી પોતાને સાસરે જતી તેથી પ્રભાકર તથા સુધામુખીને ઘણું ખરૂં એકલા રહેવા જ વખત આવતો. પ્રભાકરને અમદાવાદમાં બહુ સારી ઘરાકી હતી અને અગર જો કે ત્હેનો બાપ મ્હોટી મુડી મૂકી ગયો નહોતો તો પણ પ્રભાકરે પૈસા ઠીક પેદા કર્યા હતા. અને તેમનો સંસાર વ્યવહાર ઘણો જ સારી રીતે ચાલતો હતો. ત્હેણે એક ઘોડાનું સીગરામ રાખ્યું હતું તથા ઘરની અંદર એક બે નોકર પણ હતા. પ્રભાકર જ્યારે કોર્ટમાં જાય ત્યારે સુધામુખી ર-

સોઈ વીગેરે ઘર કામથી ફારક થયા બાદ કાંતો કાંઈ ચોપડી વાંચવા બેસે અથવા ભરવા શીવવા તથા ગુંથવામાં વખત કહાડે. ત્હેને બપોરે કેટલાંક બૈરાંની પેઠે સુવાની ટેવ પડી નહોતી. સાંજ પડે એટલે આડોસીપાડોસીનાં બૈરાં સુધામુખીને ઘેર ભેગાં થાય અને પોતપોતાના ઘરની વાતો કરે. બૈરાંની વાતમાં બે વિષય ઉપર જ બહુ ટીકા થાય છે તથા તે વાત જ જ્યાં તેઓ ભેગાં થાય ત્યારે નીકળે છે અને તે બે વિષયમાં એક રાંધવા ખાવાનો તથા બીજો ઘરેણાંનો જ હોય છે. આ પ્રમાણે સાંજનો વખત કહાડી પાછું રાંધવાનું શરૂ થાય છે. અને તે પ્રમાણે સુધામુખી પોતાનો કાળ નિર્ગમન કરતી હતી. આ વખત સુધામુખીની ઉમ્મર આશરે ચાળીસેક વર્ષની થઈ હતી તેથી હવે ત્હેના મનના વિચારોમાં ફેરફાર થઇ ગયો હતો. સંસાર વ્યવ્હારની વાતોમાંથી હવે ત્હેનું ચિત્ત ધીમે ધીમે ઉચક થતું જતું હતું અને કાંઇ ધર્મની વાતો તથા ધર્મના પુસ્તકો ઉપર ત્હેનું મન લાગ્યું હતું.

એક દિવસ પ્રભાકર કોર્ટમાં કેસ વ્હેલો થઈ રહેવાથી ત્રણ વાગે ઘેર આવ્યો, અને તે વખત સુધામુખી કોચ ઉપર સુતી સુતી ભારતનો સાર

વાંચતી હતી. પ્રભાકર અંદર આવ્યો એટલે સુધા-મુખી કોચ ઉપરથી બેઠી થઈ અને તે કપડાં કાઢી હીંડોળા ઉપર બેઠો એટલે ત્હેણે ત્હેને પાણી લાવી આપ્યું. અને પાણી પી પાન સોપારી ખાઈ બને જણાં હીંડોળા ઉપર બેઠાં બેઠાં વાતો કરે છે એ-ટલામાં તારવાળો આવ્યો. પ્રભાકરના નામનો તાર હતો તેથી ત્હેણે તેં વાંચ્યો અને ત્હેણે લીધેલા એક કેસના સંબંધનો તે તાર હતો. તારમાં કેસના કામ માટે ત્હેને મુંબાઇ ત્હેના કોઈ અસીલે બોલાવ્યો હતો. તેથી તે દિવસે સાંજે મુંબાઈ જવા ત્હેણે તૈયારી કરવા સુધામુખીને કહ્યું. સુધામુખીએ ત્હેના કપડા-લત્તાની પેટી સાફ કરી તૈયાર કરી અને છ વાગે જમી પ્રભાકર સ્ટેશન ઉપર ગયો.

પ્રભાકર મુંબાઈ ગયાબાદ તેજ દિવસે સાંજે કોટમાં કાંઈ પ્રસંગે ફરવા નીકળ્યો હતો અને ડી-નલેઈનમાં થઈ ફોર્બ્સસ્ટ્રીટમાં જતો હતો તે વખત ત્હેને કોઈએ પાછળથી બુમ પાડી. પાછું વાળી જુએ તો ત્હેણે વનરાવનદાસને દીઠો. વનરાવનદાસને આજ ત્હેણે ઘણે દિવસે જોયો તેથી પહેલાં તો તે ત્હેને ઓળખી શક્યો નહીં પણ જ્યારે ત્હેણે ત્હેના સામું ધારી ધારીને બે ચાર વાર જોયું ત્યારે ત્હેણે ત્હેને

ઓળખ્યો. પહેલાના વનરાવનદાસમાં અને આજના વનરાવનદાસમાં હેને જમીન આશમાનનો ફેરલાગ્યો. હેણે પહેલાં હેને હેના બંગલામાં જોયો હતો. જ્યાં આગળ તે સર્વ જાતના વૈભવથી ઘેરાએલો રહેતો. અને હેને છાજતાં કપડાં પહેરતો. લગાર કોઇ જગાએ જવું હોય તો ગાડી શીવાય જતો નહીં. પણ આજ હેને પગે ચાલતો, માથા ઉપર સાધારણ પાઘડી સાધારણ જાતના કપડાનું અંગરખુ, સુતરાઉ કોરનું ધોતીયું તથા પગમાં સુરતી ચાંચવાળા જોડા પહેરેલો જ્યારે પ્રભાકરે જોયો ત્યારે હેના મનમાં બહુ આશ્ચર્ય લાગ્યું, આ શો ફેરફાર. જે માણસને ખમા ખમા થાય તે માણસને શેર બજારમાં પગે ચાલતો આમ તેમ આંટા મારતો જોયો તેથી પ્રભાકરના મનમાં હેને માટે બહુ દયા આવી. શરીરે પણ સાવ ઘસાઈ ગયેલો. ડાચાં પણ બેશી ગએલાં, આંખોમાં પણ ઉંડા ખાડા પડી ગએલા અને માથે કાબરચીતરા વાળ થઈ ગએલા હતા. દુરાચાર માણસની સ્થિતિમાં કેટલો ફેરફાર કરે છે તથા શરીર કેવી રીતે બદલાઈ જાય છે તેનો નમુનો જો જોવો હોય તો આ વનરાવનદાસ જ હતો.

પ્રભાકરે હેને પુછ્યું. " કયમ શેઠ, આ શું

શું જોઉ છું? જે જોઉં છું તે ખરૂં છે કે ખોટું તે મ્હારાથી સમજાતું નથી. તમારામાં આટલો બધો ફેરફાર ક્યમ થઈ ગયો?"

"શું ભાઈ માણસને વિપત્તિ બહુ દુઃખદાયક છે. મ્હારો હેવાલ બહુ લાંબો છે તે અહીંયાં ઉભા ઉભા કહીશ તો વખત બહુ લાગશે માટે ચાલો મારી સાથે એટલે હું તમને મ્હારી સર્વ હકીકત કહીશ."

એમ કહી વનરાવનદાસ પ્રભાકરને સાથે લઈ આગળ ચાલ્યો. શેર બજારમાંથી નીકળી તેઓ ફોર્બ્સસ્ટ્રીટ છોડી એપોલો સ્ટ્રીટમાં આવ્યા. ત્યાં રસ્તા ઉપર એક મ્હોટું મકાન હતું તે મકાનમાં આગળ વનરાવનદાસ અને પાછળ પ્રભાકર પેઠા. મકાનમાં પેઠા કે તુરત પ્રભાકરની નજરે એક મ્હોટો હોલ માલમ પડ્યો અને તે હોલની બંને બાજુએ ભીંતોમાં ખીલા મારી સુતરની દોરી બાંધી લીધી હતી અને તેની ઉપર રાતી મદરાસીના પડદા નાંખેલા હતા. તે પડદાની પાછળ ચાર પાંચ માણસ બેશી શકે એવી કપડાની ઓરડીઓ બનાવેલી હતી. અને તે ઓરડીમાં વચ્ચે એક ન્હાનું ટેબલ મુકેલું હતું અને તે ટેબલ ઉપર

આંરસની ગોળલાદી મુકેલી હતી. ટેબલની આસ-પાસ ત્રણચાર બેન્ટવુડની ખુરશીઓ હતી. આ ઓરડીઓમાંની એક ઓરડીમાં વનરાવનદાસ પ્રભાકરને લઈ ગયો. પ્રભાકર આવા મકાનમાં કોઈ દિવસ આવ્યો નહોતો. તેથી આ મકાનમાં શું છે તે હેને બીલકુલ ખબર નહોતી. આ બન્ને જણા તે ઓરડીમાં બેઠા કે તુરત એક જુવાન છોકરો આશરે વીશેક વર્ષનો ત્યાં આવ્યો અને વનરાવન-દાસ સામું જોયું. વનરાવનદાસે કહ્યું. "બે આનાની હુની હુની પુરી, બટાટા તથા બે પ્યાલામાં ગરમ દુધ લાવ" છોકરો ત્યાંથી તુરત ચાલ્યો ગયો. તે છોકરો ગયો ત્યારે પ્રભાકરે પુચ્છયું. "ભાઈ આ કહોનું મકાન છે અને શું છે?

"આ મકાન તો એક વ્હેપારીનું છે પણ અ-હીયાં બ્રાહ્મણીઆ રીફ્રેશમેન્ટ રૂમ એક બ્રાહ્મણે કાડી છે. તેમાં આપણે ખપતી દરેક ચીજ ગરમા ગરમ વેચાય છે. શેર બજારવાળા ઘણા વ્હેપારી અહીયાં બપોરે નાસ્તો કરવા આવેછે અને દરેક વાનાં બહુ સારાં બનાવે છે." આમ વાતો કરે છે એટલામાં પેલો છોકરો એક રકાબીમાં વીશેક પુરી તથા બે પ્યાલામાં દુધ લઇને આવ્યો. હેણે કહ્યું.

"હું બટાટા હમણાં લાવું છું." એમ કહી તે પાછો ચાલ્યો ગયો અને થોડીવારમાં બે રકેબીમાં તળેલા બટાટા લઇને આવ્યો અને ટેબલ ઉપર મુકી ચાલતો થયો. પ્રભાકર તથા વનરાવનદાસ બન્ને જણા ટેબલ ઉપરથી ખાતા જાય છે અને વાતો કરતા જાય છે તેમાં વનરાવનદાસે કહ્યું. "જ્યારે આપણે છેલ્લા મળ્યા ત્યારે હું એક મ્હોટો ધનાઢ્ય વ્હેપારી હતો. થોડા દિવસમાં મ્હારા વૃદ્ધ પિતા સ્વર્ગવાસ થયા અને હું સ્વતંત્ર થયો. અગર જો કે હું મ્હારા બાપના જવખતથી મોજ શોખમાં પડયો હતો પણ જ્યારે હું સ્વતંત્ર થયો ત્યારે તે મોજ શોખમાં બહુ વધારો થયો. મ્હારા પિતાના વખતમાં તો તેમની બ્હીકથી હું મ્હારી મીલમાં આવતો જતો અને કામમાં પણ કાંઇક લક્ષ આપતો પણ જ્યારે તે સ્વર્ગવાસ થયા ત્યારે મ્હારે કોઇની બ્હીક રહી નહીં. મ્હારી નજરમાં આવે તો મીલમાં જાઉ નીકર પાંચ સાત દહાડા લગણ લાગટ તેના સામું પણ જોઉ નહીં. દોસ્તી પણ નીચ લોકોની થઈ. એમ મોજ શોખ શીવાય બીજું મ્હને કાંઈ પણ પસંદ પડે નહીં. બે એક વર્ષ સુધી તો આમને આમ ચાલ્યું પણ પછી તો

મીલની અંદર પણ ખોટ જવા લાગી. શેર હોલ્ડ-રોએ બૂમ મારવા માંડી. પણ તેને પણ ન ગણકારતાં હું તો જે રસ્તે ચડ્યો હતો તે રસ્તેથી પાછા ફરવાનું બીલકુલ સુઝે નહીં. એક વરસ આમને આમ ગયું એટલામાં મીલ લીકવીડેશનમાં ગઈ. મીલ વેચાઈ અને આવક બંધ થઈ. છતાં પણ મ્હારી આંખ ઉઘડી નહીં. મ્હારા મનમાં કે બાપાએ પુષ્કળ પૈસો મુક્યો છે તેથી શી ફીકર છે ! પણ પૈસો તો પાણીના રેલાની માફક સરવા માંડયો. વળી—" આટલું કહેતાં હેનો કંઠ ખોખરો થયો, આંખમાં ઝળઝળીઆં આવી ગયાં અને ગળામાં ખરેરી બાઝી ગઈ. દુધના પ્યાલામાંથી એક ઘુંટડો દુધ પીધું તેથી ખરેરી ઓછી થઈ અને હેણે આગળ શરૂ કર્યું. " વળી અધુરામાં પુરી ઘરની પત્નિ પણ વંઠેલ નીકળી. જેમ હું પૈસા ઉડાવું તેમ હેણે પણ પૈસા ઉડવવા માંડયા. પૈસોએ ચંચળ જાત છે. આવતાં વાર લાગે છે પણ જતાં તેને બીલકુલ વાર થતી નથી. અમે બન્ને જણાંએ નજરમાં આવે તે પ્રમાણે પૈસો ઉડાવવા માંડયો. પણ ટાંકાનું પાણી બહોળી રીતે વપરાયતો કેટલા દિવસ ચાલે? જ્યાં આવતી સેર

નહીં તેમાં ઓછું થયા વગર કયમ રહે? ધીમે.ધીમે પૈસો ખુટતો ગયો. બંગલો પણ ગીરો મુકવા વખત આવ્યો અને જ્યારે એટલાથી પણ પુરૂ ન થયું ત્યારે ઘરના દાગીના એક પછી એક વેચવા માંડ્યા જ્યારે આઠ દસ દાગીના રહ્યા ત્યારે મ્હારી આંખ ઉઘડી. પાછળની જીંદગી માટે પસ્તાવો થવા લાગ્યો પણ હવે પસ્તાવો શા કામનો ! પૈસો સઘળો ખલાસ થયો ત્યારે પસ્તાવો થયો તેથી શું ! પણ હવે કેવી રીતે ગુજરાન ચલાવવું એ મ્હોટો વિચાર થયો. એક દિવસ હું તથા મ્હારી સ્ત્રી બન્ને જણાં બેઠાં હતાં ત્યારે એક બીજાની આંખમાંથી આંસુની નદીઓ ચાલવા લાગી. સામ સામુ ટગર ટગર જોયા કરીએ પણ બોલાય નહીં. છેવટે મ્હે કહ્યું. આપણું તો સર્વ ફનાફાતીઆ થઈ ગયું. અને હવે શું ઇલાજ કરવો. મ્હારી સ્ત્રી ઉધત્ત થઈ ગઈ હતી તેથી ત્હેણે મ્હને બહુ મ્હેણાં મારવા માંડયાં. પણ પોતે કેવી રીતે વર્તે છે તેનું ત્હેને કશું ભાન હતું નહીં. આવી આફતના વખતમાં જો કકાસ થાય તો વળી વીશેષ દુઃખ થાય એમ ધારી મ્હે ત્હેને કાંઈ કહ્યું નહીં. અને શેર બજારની દલાલી કરવા મ્હે મ્હારા મન જોડે નિ-

શ્રય કર્યો. પણ દલાલી બાપ જનમારામાં કોઈ દિવસ કરેલી નહીં. તેથી હું બહુ મુઝાયો. પણ હીમત્ત ધરી એક દિવસ બજારમાં ગયો. પણ ત્યાં કોઈ મ્હારા સામુ પણ જુએ નહીં. અને વખતે તો તિરસ્કાર કરી મ્હારૂં અપમાન પણ કરે. છતાં તે સર્વ સહન કરી મ્હેં દરરોજ ત્યાં જવા માંડ્યું અને બે ત્રણ મહીના પછી થોડી થોડી દલાલી કરવા માંડી અને ગુજરાન થાય તેટલું કમાનવા માંડ્યુ." વનરાવનદાસ બોલતાં બોલતાં થાકી ગયો, ત્હેનું હૃદય ભરાઈ આવ્યું અને રોવા જેવો થઈ ગયો. પ્રભાકરે ત્હેને ધીરજ આપી અને હવે પછીથી ચેતીને ચાલવા ત્હેને થોડીક શીખામણ આપી. પછી પાછુ વનરાવનદાસે શરૂ કર્યું.

"પણ કમાણી નજીવી હતી. તેથી મ્હારી સ્ત્રીને સંતોષ થતો નહીં. તે દુરાચારમાં પડી ગઈ હતી તેથી ત્હેને તો પૈસા વાપરવા જોયતા. પણ જ્યારે મ્હારી પાસેથી ત્હેને પૈસા ન મળવા લાગ્યા ત્યારે તે એક બીજા ભાટીયા જોડે પ્યારમાં પડી, ત્હેની પાસેથી તે પૈસા લેતી પણ આ મ્હારાથી જોવાતું નહીં. મ્હેં ત્હેનાથી જુદા રહેવા વિચાર કર્યો. અને તે ત્હેને બહુ પસુંદ પડ્યો. હું તથા મ્હારી સ્ત્રી

આજથી સાત વર્ષ ઉપર જુદાં થયાં અને તે પેલા ભાટીયા જોડે હેને બંગલે રહેવા ગઈ. હેણે દુનિઆની સર્વ શર્મ છોડી દીધી અને ખુલી રીતે હેની સાથે રહેવા માંડ્યું. આજ ચાર વર્ષ થયાં તો હેનું શું થયું તે પણ હું જાણતો નથી. હું મ્હારે રસ્તે જાઉંછું અને તે હેને રસ્તે જાય છે અમે એક બીજાની દરકાર હવે રાખતાં નથી. એક રસોઈએો રાખીને હું રહુછું. દલાલીમાં જે પાંચ પૈસા કમાઉંછું તેમાં હું મ્હારૂં ગુજરાન સારી રીતે ચલાવુંછું. અને આ સ્થિતિમાં હું ફરૂંછું." આમ કહી વનરાવનદાસ રોઈ પડ્યો, હેનું હૃદય બહુ ભરાઈ આવ્યું. ને જાણે થાકી ગયો હોય તેમ ખુરશી ઉપર લાંબો થઈને પડ્યો. અને પ્રભાકર સામું ટગર ટગર જોયા કરતો હતો, પ્રભાકર પણ શું બોલવું તેના વિચારમાં લીન થઈ ગયો હતો. હેને વનરાવનદાસની બહુ દયા આવી. પણ તે શું કરી શકે ! આમ એક બીજા સામું જોઈને બેઠાછે. ટેબલ-ઉપર પડેલી ચીજો એમની એમછે. તેમાંથી વનરાવનદાસે થોડું દુધ પીધું તે શીવાય બીજુ બધું ત્યાં પડી રહ્યું એટલામાં પેલો છોકરો ત્યાં આવ્યો અને પુછ્યું "શું જોઈશે"?

વનરાવનદાસ એકદમ ચમકી ઉઠ્યા અને પેલા છોકરાએ શું પુછ્યું હેની હેને ખબર ન હોવાથી. હેણે કહ્યું; "ક્યમ ! શેઠ શું જોઇએ." ?

"પાણી."

છોકરો થોડીવારમાં પાણી લઇને આવ્યો. બન્ને જણાએ પાણી પીધું. વનરાવનદાસે ખીસ્સામાંથી પાકીટ કહાડયું પણ પ્રભાકરે કહ્યું " હું પૈસા આપુંછું તમે રહેવા દ્યો."

"ના ના, એમ થાય નહીં." એમ કહી વનરાવનદાસે તે છોકરાને પૈસા આપ્યા અને બન્ને જણા ત્યાંથી ઉઠી ચાલતા થયા.

બહાર ગયા બાદ બન્ને જણા છુટા પડ્યા. વનરાવનદાસ શેર બજારમાં ગયો અને પ્રભાકર પાસેની ઓફીસમાં કામ હતું ત્યાં ગયો. ત્યાં કામ કરી તે તુરત પાછો દયાશંકરનો ઘર તરફ ગયો અને તેજ દિવસની મેલ ટ્રેઇનમાં પાછું હેને અમદાવાદ જવું હતું તેથી વાળુ કરી નવ વાગે ઘેરથી નીકળી દયાશંકર તથા પ્રભાકર ગ્રાન્ટરોડના સ્ટેશન ઉપર ગયા. સેકન્ડ ક્લાસની રીટર્ન ટીકેટ હતી તેથી તે તુરત પ્લેટફોર્મ ઉપર ગયા અને મેલટ્રેઇન આવી ત્યારે જે કંપાર્ટમેન્ટ ખાલી હતું

તેમાં પ્રભાકર બેઠો. અને ત્હેને બેઠાને બહુવાર નહી થઈ હોય તેટલામાં એક સુરતી વાણીઓ લોખંડની ટ્રંક તથા પતરાની પૈસા રાખવાની પેટી લઈ અંદર આવી પ્રભાકરની જોડે બેઠો. આંટરો-ડથી ટ્રેઇન ઉપડી. આ કંપાર્ટમેન્ટમાં તો ફક્ત બે જણા હતા. ટ્રેઈન ઉપડી એટલે સુરતીએ પુછ્યું "ક્યમ માસ્તર ક્યાં સુધી જશો?"

"અમદાવાદ, આપને ક્યાં સુધી જવુંછે?"

"મ્હારે તો સુરત લગણ જવુંછે"

મેલટ્રેઇન દાદરને સ્ટેશન ઉભી રહી. અને ત્યાંથી એક ઉંચો, પાતળો અને છેક પગલગણ ઓવર-કોટ પહેરેલો એક શખ્સ તે કંપાર્ટમેન્ટમાં આવી બેઠો. માથા ઉપર મ્હોટી ટોપી પ્હેરી હતી. અને તે ટોપી છેક આંખની ભમર સુધી આવેલી હતી તથા ઓવરકોટનો કોલર . પણ ચડાવેલો હતો તેથી તે કોણ તથા કેવોછે તે બીલકુલ જણાતું' નહોતું. ત્હેની જોડે સામાનમાં ફક્ત એક બીસ્તરાજ હતો. અને ત્હેના પોશાક ઉપરથી એમ લાગતું હતું કે તે કોઈ પાદરી હશે. ટ્રેઇન દાદરને સ્ટેશનથી ઉપડી એટલે પ્રભાકર તથા સુરતી બન્ને

બીસ્ત્રા પાથરી સુઈ ગયા. પણ પાદરી તો બહા-
રીએજ બેશી રહ્યો.

પ્રકરણ ૨૭ મું.

રેલવેટ્રેઇન.

ટ્રેઇન દાદરનું સ્ટેશન છોડી આગળ ચાલી અને જેમ જેમ આગળ ચાલતી ગઈ તેમ તેમ તેનો વેગ વધતો ગયો. અંધારી કાળી રાત્રીની અંદર ફોકોફોકો કરતી ચીમનીની અંદરથી વરાળના ગોટા અંદરના અગ્નિને લીધે પ્રકાશતા તથા આસપાસની જમીનને તેજમય કરતા હતા. આજુબાજુનાં ઝાડો આગીઆને લીધે જાણે તેના ઉપર ચળકતાં ફુળ ચોટયાં હોય તેમ દેખાતાં. કેટલાક આગીઆ આમતેમ ઉડતા હતા. એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર જતા હતા. ટ્રેન ધમધમાટ કરતી સડક ઉપર ખડખડાટ કરતી એટલા વેગથી ચાલી જતી હતી કે વચ્ચે જે સ્ટેશન ઉપર ટ્રેઈન ઉભી નહોતી રહેતી તે સ્ટેશનના સીગ્નલનાં ફાનસો તથા સ્ટે-શનના દીવા ખરતા તારાની માફક ગાડીની અંદર

બેસનારની નજરને, ભુલાવો ખવડાવતા હતા. વચ્ચે વચ્ચે ન્હાનાં ન્હાનાં નાળાં ઉપર થઇને જ્યારે ટ્રેન પસાર થતી ત્યારે તેનો 'ધો ધો કરતો અવાજ ચાલતી ટ્રેનના ખટખટ ખટખટ ટકટક ટકટક કરતા મધુર અવાજને વધારે મધુર કરતો અને જાણે એક જગાએથી બીજી જગાએ ઉપાડીને ફેંકી દેતી હોય તેમ ઘણુાજ વેગથી ટ્રેઈન ચાલતી હતી.

પ્રભાકર અને સુરતી તો બન્ને જણા જેવા દાદરને સ્ટેશનથી ટ્રેઇન ઉપડી કે તરતજ બીછાનું પાથરી સુઈ ગયા હતા અને બ્હારીમાંથી આવતા થંડા પવનની લ્હેરથી થોડીવારમાં નિંદ્રાવશ થઈ ગયા. બન્ને જણાનાં ઘોરણ બોલવા લાગ્યાં અને ભરનિંદ્રામાં હોય એમ લાગતું. પાદરી જેવા પોશાકવાળો પુરૂષ તો હજી બેશીજ રહ્યો હતો, અને બ્હારનો સુંદર દેખાવ જોયાં કરતો હતો. કેટલાક માણસોને ચાલની ટ્રેઇનને લીધે ઉંઘ ઘણી મીઠી આવે છે પણ જ્યારે પાછી ચાલતી ટ્રેઇન ઉભી રહેછે કે તરત તેમની આંખ ઉઘડી જાય છે. ટ્રેઇન બેન્ડોરાનું સ્ટેશન છોડી આગળ ચાલી પણ પાદરી સુવાની તૈયારી કરતો નહોતો. છેક વસાઇનો પુલ ઉતરી ટ્રેઇન જ્યારે આગળ ચાલી

ત્યારે પાદરીએ બ્હારીમાંથી અંદર જોયું તો બન્ને જણા લસલસાટ ઉંઘની અંદર ઘોરણુ બોલાવતા ત્હેની નજરે પડ્યા. તે પાદરી ત્યાંથી ઉઠયો અને નીચાવળી ગાડીની બેઠક નીચે જોયું તો એક લોખંડની ટૂંક તથા ટીનના પતરાની કેશબોકસ ત્હેણે દીઠી. બીછાનાં તો બન્ને જણાએ પાથરેલાં હતાં પ્રભાકરની પાસે તો બીછાના શીવાય બીજું કાંઈ હતુંજ નહીં, તે પાદરી પાસેની ઓરડીમાં ગયો. અને ત્યા થોડીવાર રોકાઈ પાછો આવ્યો. પાછો આવી પોતાની જગા ઉપર બેઠો અને પોતાના ખીસ્સામાંથી એક ન્હાની લીલા રંગની શીશી કહાડી; તે શીશીની અંદર ક્લોરોફોર્મ હતું તે પોતાના રૂમાલમાં થોડું નાંખ્યું અને રૂમાલને ખુબ મસળ્યો. અને પેલા બે જણ ઉંઘતા હતા ત્હેની પાસે ધીમે ધીમે જઈ તેમના નાક આગળ વારાફરતી થોડી થોડીવાર ધર્યો. પેલા બે જણા તો ભરઉંઘમાં હતા એટલે તેમને તે બાબતની કાંઈજ ખબર પડી નાહીં અને ઉંઘતાને ઉંઘતાજ રહ્યા. પાદરીએ બ્હારી પાસે આવી પેલો ક્લોરોફોર્મવાળો રૂમાલ ગાડીની બ્હાર ફેંકી દીધો અને બ્હારી પાસે જઇને બેઠો. ગાડીતો હજી વેગથી ચાલી જતી હતી. દાદરનું

સ્ટેશન છોડ્યા બાદ હજી કોઈ જગાએ ઉભી રહી નહોતી. કારણ દાદર તથા પાલઘર વચ્ચે મેલ ટ્રેન ઉભી રહેતી નથી. આ બે સ્ટેશન વચ્ચે ગાળો પણ બહુ લાંબોછે તેથી પાદરીને પોતાનું કામ કરવામાં બીલકુલ ઉતાવળ પડી નહીં. થોડી-વારમાં ટ્રેનમાંથી ઝીણી લાંબી વ્હીસલ થઈ, અને વ્હીસલ થયાબાદ થોડીવારમાં ટ્રેનનો વેગ ધીમો પડયો. ટ્રેન ધીમે ધીમે ડોલતી ડોલતી ઝુલતી ઝુલતી પાલઘરને સ્ટેશને આવી ઉભી રહી. અત્યારે બાર વાગ્યાનો સુમાર થયો હતો. ગાડી ઉભી રહી પણ માણસોની હીલ ચાલ બીલકુલ સંભળાતી નહોતી: ફક્ત સ્ટેશન ઉપર બે ચાર માણસો ફરતા હતા તેમના પગના ધબકારા તથા બે ત્રણ જણા સ્ટેશન ઉપર વેચવા આવેલા તેમના અવાજ શી-વાય બધું શાંત હતું: પોરટર "પાલઘર પાલઘર" ક-હીને બુમ મારતો તથા વેચનાર "કેલે, કેલે" કરી બુ-મ મારતા તે શીવાય બધુ ચુપાચુપ હતું. રાત્રીને વખતે પોરટરનો અવાજ તથા વેચનારનો અવાજ જ ફક્ત રાત્રીની શાંતતામાં ભંગ કરતા અને કા-નને પણ બહુ મધુર લાગતું.

પાદરી જેવી ટ્રેન ઉભી રહી કે તરત ગેલા

સુરતીની ટ્રંક તથા કેશબોકસ લઈ નીચે ઉતર્યો અને બેધડક ટીકીટ આપી દરવાજા બહાર ગયો. રાત્રીને વખતે વાહન તો ત્યાં હતું નહીં તેથી એક મજુરના માથા ઉપર તે મુકી તે ગામ તરફ ચાલ્યો ગયો.

થોડી વાર ટ્રેન પાલઘરને સ્ટેશને ઉભી રહી. ત્રણ ઘંટા વાગ્યા, ગાર્ડે પોતાની સીસોટી વગાડી, લીલા ફાનસો પોરટરના હાથમાં હાલવા માંડયાં, વ્હીસલ થઈ અને ગાડી ધીમેથી બીલકુલ પણ આચકા શીવાય તેના હુકને લગાડેલી કમાનોના તીવ્ર અવાજ સાથે ટ્રેન ઉપડી. સ્ટેશનમાંથી ધીમેધીમે ચાલતી, હાથણીની પેઠે તેની કમાન ઉપર ડોલતી ડોલતી, બે લાઈનના સાંધા ઉપર આવતી ત્યારે ઠકક, ઠકક, અવાજ કરતી ધીમે ધીમે વેગમાં વધારો કરતી, અને જેમ જેમ સ્ટેશનથી દૂર જતી તેમ તેમ વધારે ઝડપથી ચાલતી પણ હવે તો ઘેલાની માફક દોડતી આગળ ચાલી.

ટ્રેને દમણ છોડયું બીલીમોરા છોડયું અને છેવટે નવસારીનું સ્ટેશન પણ છોડી આગળ ચાલી જતાં ગાડીમાં ઊંઘતા પેલા બે જણમાંથી કોઈ જણ જાગ્યું નહીં, પરન્તુ સરખું પણ તેમણે

બદલ્યું નહોતું. થોડીવારમાં મેલ ટ્રેઈન સુરતને સ્ટેશને આવી પહોંચી. અહીયાં સ્ટેશન ઉપર એક પંદર વર્ષનો છોકરો “ એ નરોતમ કાકા, નરોતમ કાકા ” કહી બુમો મારતો દરેક ગાડીમાં ડોકીયાં ઘાલતો ઘાલતો આ કંપાર્ટમેન્ટ પાસે આવ્યો. તે ત્યાં થોડી વાર ઉભો રહ્યો અને પેલા ઊંઘતા બે માણસમાંથી એકને હેણે ઓળખ્યો. “ ઓ નરોતમ કાકા ઉઠોને સુરત આવ્યું. ” એમ કહી બ્હારીમાંથી પેલો છોકરો બુમો મારતો હતો પણ નરોતમ કાકા, તો ભર ઊંઘમાં ઊંઘતા હતા. તે છોકરાએ બારણું ઉઘાડયું અને અંદર આવ્યો. હેણે હેના કાકાને ખુબ ઢંઢોળ્યો ત્યારે આંખો ચોળતો ચોળતો તે બેઠો થયો અને બોલ્યો “ શું સુરત આવ્યું? ” તેતો ઘાભરો ઘાભરો બની ગયો. 'હમણાં ગાડી ઉપડશે એમ બ્હીકથી હેણે તરત જેમતેમ બીછાનું સંકેલી લીધું. અને છોકરાને આપ્યું. હેણે લઈને ને પ્લેટ ફોર્મ ઉપર મુક્યું અને નરોતમ કાકા પોતાની પેટીઓ ખોળવા મંડયા. પણ પેટીઓ ક્યાં. “ઓ બાપ પેટીઓ ક્યાં ગઈ?” એમ કહી હેણે બુમ પાડી. ગાભરો ગાભરો ચારે તરફ ખોળવા. મં-

ડયો પણ પેટીઓ જડી નહીં. ત્હેણે પ્રભાકરને ઢંઢોળીને જગાડયો. તે પણ આંખો ચોળતો જાગી ઉઠયો. અને પુછ્યું "કયમ શેઠ શું છે ? "

" અહીયાંથી મ્હારી પેટીઓ કયાં ગઈ તેની તમને કાંઇ ખબર છે? "

" ના ભાઈ હુંતો દાદરને સ્ટેશનથી ઊંઘી ગયો હતો તે હમણાં જ્યારે તમે જગાડયો ત્યારે જાગ્યો. "

" ત્યારે પેટીઓ કયાં ગઈ ? "

" પેલો પાદરી આપણી જોડે દાદરને સ્ટેશનથી બેઠો હતો તે ક્યાં છે ? "

" તેતો કાંઈ જણાતો નથી તમારો સામાન સંભાળી જુઓને ! "

" મ્હારી પાસે તો બીજો કાંઈ સામાન છે નહીં હુંતો ફક્ત આ બીસ્ત્રોજ લાવ્યો છું. "

" ત્યારે હવે શું કરવું? "

" તમે નીચે ઉતરીને પોલીસને ખબર આપો."

નરોતમ શેઠ તો પોલીસને ઝાહેર કરવા દોડયા. થોડી વારમાં પોલીસનો જમાદાર તથા નરોતમ શેઠ અને પેલો છોકરો પાછા તે ગાડી પાસે આવ્યા. જમાદારે ફાનસ લઇ બેઠકો નીચે

તથા લેવેટરીમાં, જોયું પણ પેટીઓનો પત્તો લાગ્યો નહીં. જમાદારે પુછ્યું પેટીઓમાં શું હતું ? ”

ટ્રંકની અંદર મ્હારા પહેરવાનાં કપડાં અને ત્રણ રેશમી સાડીઓ નવીને નવીજ હતી. એકેક સાડી રૂા. ૩૫ની હતી અને લોખંડની કેશબોકસમાં પાંચસો રૂપીઆની નોટો પોર્ટટના બે શેર અને બેચાર દસ્તાવેજનાં કાગળીઆં હતાં. ”

“ તમારી જોડે ગાડીમાં બીજું કોણ બેઠું હતું ? ”

“ દાદરને સ્ટેશનેથી એક પાદરી જેવો સખસ આવીને બેઠો હતો. ત્હેણે લાંબો ઓવર કોટ પહેર્યો હતો તથા માથા ઉપર મ્હોટી ટોપી પહેરી હતી. અને તે એટલીબધી નીચી પહેરી હતી કે મ્હારાથી ત્હેનું મ્હો પણ પુરેપુરૂં જોવાયું નહોતું.”

“ માસ્તર તમે તે માણસને જોયો હતો ? ” જમાદારે પ્રભાકરને પુચ્છ્યું.

“ હા તે દાદરને સ્ટેશનથી બેઠો હતો. ”

“ તમે જાણોછો કે તે ક્યાં ઉતરી ગયો ?”

“ ના હું તથા આ શેઠ દાદરનું સ્ટેશન મુકયા બાદ તરત સુઈ ગયા. તે મ્હને તો હમણાં જ્યારે

આ શેઠે ઉઠાડ્યો ત્યારેજ ઉઠ્યો તેથી મ્હને કાંઇ ખબર નથી? ”

“ તમારો કાંઇ સામાન જાય છે? ”

“ ના, મ્હારી પાસ ફક્ત આ બીસ્ત્રોજ છે.”

જમાદારે પ્રભાકરનું નામઠામ લખી લીધું અને નરોતમશેઠને લઇ દરેકે દરેક ગાડી જોઇ. પાંચ મીનીટ ટ્રેઇનને વધારે રોકી. પોલીસે ટ્રેઇનમાં બહુ તપાસ કરી પણ બદમાશ હાથ લાગ્યો નહીં. અને થોડીવારમાં ટ્રેઇન ત્યાંથી ઉપડી.

પ્રભાકરતો ગાડીમાં વિચાર કરતો કરતો બ્હારી પાસે બેશી રહ્યો કે તે પાદરી જેવા પોશાકવાળો સખસ કોણ હશે. તે ઘણી મ્હેનત કરતો પણ ત્હેનો ચ્હેરો ત્હેને યાદ આવતો નહીં કારણ ત્હેણે રાત્રીને લીધે અને વળી છેક આંખ લગાણ ટોપી પહેરી હતી અને ઓવરકોટનો કોલર ઊંચો ચડાવેલો હતો તેથી ત્હેનું મ્હો બરોબર રીતે જોયું નહોતું. થોડીવાર પછી ત્હેનું માથુ ત્હેને ભારે લાગવા માંડ્યું અને બ્હારીમાંથી આવતો થંડો પવન ત્હેનાથી સહન થઇ શકયો નહીં. ત્હેનું માથુ સ્હેજસ્હેજ દુખતું હતું પણ ત્હેણે તો સ્હેજ માથું દુખે છે એમ ધારી પાસેથી બ્હારીના

કાચ ઉંચા ચડાવી તે પાછો સુઇ ગયો. અને તરતજ ઉંઘી ગયો. છેક વડોદરાનું સ્ટેશન આવ્યું ત્યારે તે જાગ્યો. દાતણ સાથે લેતો આવ્યો હતો તે કર્યું. અને ચ્હા લઇને પીધી. પણ હજુ ત્હેનું માથું ઉતર્યું નહોતું. હજુ માથુ ભારે લાગતું હતું. અને ત્હેના મનમાં એમ હતું કે વખતે માથા ઉપરની બ્હારી ઉઘાડી હતી તેથી પવનથી માથુ દુઃખવા આવ્યું હશે પણ કલોરોફોર્મથી માથુ દુઃખવા આવ્યું હતું તેની તો ત્હેને બીલકુલ ખબર પણ હતી નહીં.

બરોબર નવ વાગે તે અમદાવાદને સ્ટેશને ઉતર્યો અને ઘર તરફ ગયો.

નરોતમ શેઠે પોલીસની મારફત ઘણી તપાસ કરાવી પણ ગએલા માલનો પત્તો લાગ્યો નહીં. બીજે દિવસે નરોતમશેઠને પોલીસ કોન્સ્ટેબલે સુરતને સ્ટેશને બોલાવ્યા ત્યાં તેમની જુબાની લીધી. અને પોલીસે બહુ મ્હેનત કરી પણ હરામખોરની બીલકુલ ભાળ લાગી નહીં.

પ્રકરણ ૨૮ મું.

ચોરીનોમાલ.

સામન લઈ જનાર પાદરી ચાંટરોડને સ્ટેશને આમ તેમ આંટા મારતો હતો અને નરોતમદાસ સ્ટેશન ઉપર આવી ટીકટ લઈ પ્લેટફોર્મ ઉપર પોતાનો સામન મુકી ઉભો ઉભો ત્હેને મુકવા આવેલા ત્હેના મિત્ર જોડે વાતો કરતો હતો તે વખત પેલો પાદરી ત્હેનાથી થોડે દુર ઉભો હતો. ત્હેના મિત્રે કહ્યું "તમારી જોડે જોખમ છે તેથી જોજો ગાડીમાં ઉંઘી જતા નહીં."

"અરે એમ સેકન્ડકલાસમાંથી કોણ લઈ જનાર છે. કાંઇ એવા લફંગા ત્યાં તો આવી બેસે નહીં? બધાએ કાંઇ ખરાબ હોતા નથી. છતાં હું તપાસતો રહીશ."

આ વાત પેલા પાદરીએ સાંભળી અને જાણે કાંઈ તે વાત ઉપર ધ્યાન આપતો નથી એવું ડોળ ઘાલી આડું જોઈ તે ઉભો હતો ત્યાંથી તે આગળ ચાલ્યો. પ્લેટફોર્મ ઉપર આમ તેમ આંટા મારવા લાગ્યો, અને નરોતમદાસે તો ત્હેને દીઠો પણ હતો નહીં.

કારણ નરોતમદાસની પીઠ ત્હેની તરફ હતી. પાદરીના મનમાં થયું કે આજ લાગ ઠીક છે એમ ધારીને ટીકીટ આફીસ પાસે ગયો અને પાલઘરની સેકન્ડકલાસની ટીકીટ લીધી. જ્યારે ટ્રેન આવી ત્યારે નરોત્તમદાસ એ ત્રણ કોમ્પાર્ટમેન્ટ જોઇ આવી પ્રભાકરવાળા કોમ્પાર્ટમેન્ટમાં બેઠો. પેલો પાદરી તો હજુ આમ તેમ આંટાજ મારતો હતો. ત્હેણે નરોતમદાસને બેસતો જોયો અને પોતે જ્યારે પાંચ મીનીટનો ઘંટ થયો ત્યારે બીજા એક કંપાર્ટમેન્ટમાં બેઠો. અને પાંચમીનીટ પછી ટ્રેન ઉપડી. દાદરને સ્ટેશને તે ત્યાંથી ઉતરી નરોતમદાસવાળા કંપાર્ટમેન્ટમાં આવીને બેઠો અને ગયા પ્રકરણમાં કહ્યું તે પ્રમાણે જ્યારે બન્ને જણા ઉંઘી ગયા ત્યારે બે પેટીઓ લઇ પાલઘરને સ્ટેશને ઉતરી ગયો.

ગામમાં એક ધર્મશાળા હતી ત્યાં તે ગયો અને પોતાનો સામાન ત્યાં મુકાવી ત્હેણે મજુરને રજા આપી. મજુરના ગયા બાદ ત્હેણે ઓવરકોટ કહાડી નાંખ્યો અને માથેથી ટોપી લઇ લીધી. ઓવરકોટ કહાડી નાંખ્યો ત્યારે અંદરથી કોટ પાટલુનને બદલે હીંદુનો સ્ત્રીનો પોશાક નીકળ્યો, અને તે પોતે પાદરી નહોતો પણ આપણે આગળ કહી ગયા

તે રૂક્ષમણી હતી. ઓવરકોટ સંકેલી હ્‍હેણે ર્‍હેના બીસ્રામાં બાધી દીધો અને એકલી શેતરંજી પાથરી ખીસ્રાનું ઓશીકું કરી રાતની રાત પડી રહી. બીજે દીવસે સવારે હ્‍હેની પાસે કુંચીઓનું મ્‍હોટું લુમખું હતું તેલતી પેટીઓ ઉઘાડી અને અંદરના સામનની એક પોટકી બાંધી. નોટો શેર વીગેરે પણ તે પોટકીમાં બાંધ્યા અને પેટીઓ ત્યાંને ત્યાં બંધ કરીને મુકી ચાલતી થઈ. સ્ટેશન ઉપર આવી અને મ્હાલક્ષ્મીના સ્ટેશનની ટીકટ લઈ તે પાછી મુંબાઈ આવી. સ્ટેશન ઉપર પોલીસ બહુ ચોકશી રાખતા હતા પણ આ સ્ત્રી ઉપર તેમને બીલકુલ પણ શક આવ્યો નહીં. પાલઘરમાં જ્યાં તે ઉતરી હતી ત્યાં પણ બહુ માણસ હતાં નહીં તેથી ત્યાં પણ કોઇને શક આવ્યો નહોતો. મુંબાઈ આવી ને પોતાના દોસ્તદારોમાં મળી ગઇ.

પાલઘર સ્ટેશને આ ચોરી માટે બહુ તપાસ થઈ. પાદરીની જોડે જે મજુર ગયો હતો હ્‍હેણે પોલીસને કહ્યું હું હ્‍હેને ધર્મશાળામાં મુકી આવ્યો હતો, અને ત્યાં જઇને તપાસ કરી તો બે ખાલી પેટીઓ હાથ આવી પણ તેના લાવનારનો બીલકુલ પત્તો પણ લાગ્યો નહીં.

રૂક્ષ્મણીએ નોટો તથા શેરને જેમ બને તેમ ઠેકાંણે પાડવા હવે વિચાર કર્યો. કારણ જો વાર થશે તો ગામમાં ખબર પડી જશે અને નોટાનો નંબર પકડાઈ આવશે તથા શેરની પણ વ્યવસ્થા થઈ શકશે નહીં. તેથી ત્હેણે ત્હેની ટોળીમાંના એક જણ પાસે બનાવટી કાગળ લખાવ્યો અને નરોત્તમદાસની કાગળ નીચે શેરની પાછળ જોઈ ત્હેના જેવીજ સહી કરવી. તે બે શેર ટોળીમાંના એક જણને આપી શેર બજારમાં મોકલ્યો અને પોતે નોટો બીજાને આપી મારવાડી બજારમાં તેને વટાવવા મોકલ્યો.

માંથે અમદાવાદી પાઘડી, અંગરખુ, તથા રેશમી કોરનું ધોતીયું પહેરી વીકટોરીઆમાં બેશી પેલો નોટવાળો આશામી મારવાડી બજારમાં આવ્યો. અને એક મારવાડી ઝવેંરીની દુકાનમાં ગયો. મોતીના છડા લેવા છે એમ ડોળ ઘાલી ત્હેણે મોતી કહડાવ્યાં. પણ નજરમાં ન આવ્યાથી તે બીજી દુકાનમાં ગયો. ત્યાં પણ મોતી ત્હેની નજરમાં ઠીક લાગ્યાં નહીં. પણ આમ એક દુકાનેથી બીજી દુકાને અને બીજીથી ત્રીજી દુકાને આથડવાથી ત્હેની ઉપર શક જશે એમ ધારી સાધારણ કીમ્મતનાં મોતીની બે

એક સેર ત્હેણે ખરીદ કરી. અને તેની કીમત્ત રૂ. ૧૦૦ કરી. એક અઢીસેં રૂપીઆનો ટુકડો આપ્યો અને રૂ. ૧૫૦ ત્હેણે રોકડા લીધા. મોતીવાળા વ્હેપારીને ત્હેણે પુછ્યું કે હજુ મ્હારી પાસે એક બસેની અને એક પચાસની એમ બે નોટો છે માટે જો તમે તેનાં નાણું આપો તો મ્હારે તે વટાવવા આથડવું પડે નહીં. વ્હેપારીએ દર સેંકડે આઠ આનાનો વટાવ માગ્યો પણ જો તરત કબુલ કરે તો શક જાય તેથી ત્હેણે ના પાડી અને કહ્યું જો સરભર આપો તો હું આપું એમ કહી તે દુકાનમાંથી ઉઠીને જતો હતો એટલે વ્હેપારીએ ત્હેને પાછો બોલાવી છ આના વટાવના માગ્યા. પેલો માણુસ થોડીવાર જાણે કાંઈ વિચાર કરતો હોય તેમ ઉભો રહ્યો અને પાછો દુકાનમાં જઈ તે નોટો વટાવી દુકાનમાંથી ઉઠયો. પાયધુનીની પાસે આવી વીકટોરીઆ કરી ને ભીંડી બજારમાં ગયો અને મેડીકલ કોલેજ પાસે ઉતરી ગાડીવાળાને ભાડું ચુકાવી ત્યાંથી આડે અવળે રસ્તે થઈ તે પોતાના મકાન ઉપર ગયો.

પેલો શેરવાળો આશામી શેર બજારમાં ગયો. બે ચાર મીલના ભાવ ત્હેણે પુછ્યા અને પુછ્તે

પુછતે પીટીટનો ભાવ પુછ્યો. અત્યારે તેનો ભાવ રૂ. ૧૮૦૦ નો હતો તેથી એક દલાલને બોલાવી ત્હેના બે શેર વેચી આપવા ત્હેને કહ્યું. દલાલે કહ્યું અત્યારે મ્હારી પાસે ઘરાક નથી તેથી થોડીવાર અહીયાં ઉભા રહો તો હું પાસે મ્હારા ઘરાકને પુછી આવું. "

" કેટલી વાર થશે ? "

" અડધી પોણી કલાકમાં હું આવુંછું. "

" ત્યારે મ્હારે અહીંયાં એક ઓફીસમાં કામ છે તે લગાર ત્યાં જઇને એટલા વખતમાં પાછો આવુંછું. "

" બહુ સારૂં, પણ આ જગ્યાએ હું તમારી રાહ જોતો ઉભો છું માટે વ્હેલા આવજો " એમ કહી તે દલાલ શેર બજારની પાસે ત્હેના ઘરાકની ઓફીસ હતી ત્યાં ગયો, અને તે ઘરાક પણ શેરનો ધંધો કરતો હતો તથા રૂ દેશાવર ચડાવતો હતો અને એપોલોસ્ટ્રીટમાં ત્હેની ઓફીસ હતી. ત્યાં પેલો દલાલ ગયો અને શેઠને ત્હેણે જઇને શેર માટે કહ્યું. પીટીટના શેરના ભાવ દિવસે દિવસે વધતા જતા હતા તેથી શેઠની તે શેર લેવાની મરજી થઇ, પણ જો બજાર ભાવ કરતાં કાંઇક

ફીફાયત ભાવે મળે તો શેર લેવો એમ દલાલને ત્હેણે કહ્યું, તે દલાલ ત્યાંથી ત્હેના બીજા ઘરાક પાસે ગયો અને ત્હેણે પણ તેજ પ્રમાણે કહ્યું અને ત્હેના બેચાર ઘરાકોમાં તે ફરીઆવ્યો અને પોણી કલાકમાં તે પાછો જે જગાએ પેલા શેર વાળાને મળ્યો હતો ત્યાં આવીને ઉભો રહ્યો.

પાએક કલાકમાં પેલો શેરવાળો આશામી ત્યાં આવ્યો અને દલાલને પૂછ્યું " કેમ શું કરી આવ્યા? " " હું પુછી તો આવ્યો પણ ત્હેની મરજી લાગતી નથી; પણ જો બજાર ભાવ કરતાં કાંઇક ફીફાયત ભાવે મળે તો હું પોતે રાખું "

" એતો કેમ બની શકે? મ્હને આં શેર રૂ. ૧૭૦૦ કરતાં જો ભાવ વધારે આવે તોજ વેચવા પરવાનગી છે કારણ આ શેર મ્હારો નથી, પણ મ્હારા એક મિત્રનો છે અને તે બ્હારગામનો રહેવાશી છે. ત્હેને અત્યારે પૈસાની જરૂર પડી છે તેથી મ્હને આ શેર વેચવાને મોકલ્યો છે, પણ લખ્યું છે કે શેર સત્તરસો રૂપીઆનો ખરીદેલો છે માટે જો, ભાવ તેથી ઓછો હોય તો વેચવો નહીં. અત્યારે ભાવ રૂા. ૧૮૦૦નો છે તો વળી રૂા. ૨૫ ઓછા હું લઇ શકું પણ તેથી વધારે

ઓછાએ, મ્હારાથી વેચાય નહીં. ”

“ ત્યારે તો સારૂં સુધરે એમ લાગતું નથી. જો રૂા. ૧૭૦૦નો શેર આપવો હોય તો હું રાખું. ”

“ ના એતો નહીં બની શકે ” એમ કહી ત્હેણે તો ચાલવા માંડયું, દલાલે જાણ્યું કે મ્હારી દલાલી જતી રહેશે માટે લાભ્યને જો રૂા. ૧૭૫૦માં આપે તો કાંઈ ખોટો નથી એમ વિચાર કરી ત્હેણે પેલા શેર વાળાને બૂમ મારી. “ શેઠ આમ આવો ”

શેર વાળો તો ના ના કરતો ચાલ્યો એટલે દલાલ ત્હેની પાછળ ગયો અને ઉભો રાખ્યો. દલાલે ત્હેને ઘણું સમજાવ્યો અને આખરે તે શેર ૧૭૬૫ રૂપીએ વેચાતો આપ્યો. અને બે શેર વેચ્યા. તે શેરની ઉપર દસ્તુર મુજબ સહીઓ થઇ અને સાંજના પાંચ વાગે બે શેરના રૂપીઆ લઇ પેલો માણુસ પોતામા મકાનઉપર ગયો.

શેર તથા નોટો તરત તે ને તે દિવસે વટાવી દીધી અને ચોરીની ખબર હજી બ્હાર પડી નહોતી તેથી વટાવાવમાં બહુ મુશ્કેલી પડી નહીં. ચાર પાંચ રોજ પછી ટ્રેઇનની ચોરીના ખબર ન્યુસપેપરમાં આવ્યા, અને નોટોના નંબર તથા શેરના નંબર પણ મુંબાઇમાં બધે જાહેર થયા.

નોટો લેનાર તથા શેર લેનારે તુરત જાહેર કર્યું કે અમને કોઇ આશામી આ આપી ગયો છે અને ત્હેનાં નાણાં લઇ ગયો છે પણ તે આશામી કોણ હતો તેની ત્હેમને ખબર નહોતી. પોલીસે ઘણી તપાસ કરી પણ ત્હેમનો પત્તો લાગ્યો નહીં.

પ્રકરણ ૨૯ મું.

મંદવાડ.

મોહનલાલ શેઠ જગજીવનદાસને બંગલે રાત્રે બે વાગે આવ્યો, ગાડીમાંથી ઉતરીને તે દિવાનખાનામાં ગયો અને ત્યાંથી બાલુ જે ઓરડામાં સુતો હતો ત્યાં ગયો, શેઠ પલંગ પાસે એક ખુરશી ઉપર બેઠા હતા, અને આયા જે રાત દિવસ ત્યાં જ રહેતી તે પલંગમાં બેઠી બેઠી બાલુને માથે બરફ ઘસતી હતી. મોહનલાલ અંદર આવ્યો, અને બાલુને જોયો, બાલુ અત્યારે આંખો મીંચીને પડી રહ્યો હતો. મોહનલાલે થરમામીટર કહાડયું અને ત્હેની બગલમાં ધીમેથી મુકવા જતો હતો એટલામાં બાલુ જાણેં ચમકયો હોય તેમ એકદમ આંખ ઉઘાડી મોહનલાલ સામું ટગર ટગર જોવા લાગ્યો. મોહનલાલે ધીમેથી થરમામીટર મુકયું, થોડી વાર બાલુ મોહનલાલના સામું જોઇ રહ્યા અને તરત હસવા મંડી ગયો. મોહનલાલ ઘણુંએ ત્હેને કહે પણ તે હસ્તો બંધ થાય નહીં. થોડીવાર લગણ તો ત્હેણે હસ્યા કર્યું, પણ પાછો એકદમ

તે હસ્તો બંધ થઇ ગયો અને પથારીમાં બેઠો થવા ગયો. આયાએ ત્હેને પકડી રાખ્યો અને પાછો સુવાડી દીધો. ઓઢાડેલાં કપડાં ખેંચવા મંડયો, હાથના ચાળા કરવા લાગ્યો, અને ઘડીકમાં એકી નજરે મોહનલાલ સામું જુએ અને ઘડીકમાં ત્હેના બાપના સામું ટગર ટગર જોયા કરે. મોહનલાલે થરમોમીટર બગલમાંથી લઈ લીધું અને જોયું તો અત્યારે તાવ ૧૦૭° ડીગ્રી હતો. ત્હેણે ત્હેની આંખ જોઈ તો રાતી કસુંબાના રંગ જેવી થઈ ગઈ હતી. કપાળ ઉપર પણ સ્હેજ કાળાશ આવી ગઈ હતી, તેથી માથે તાવના જોરથી લોહી ચડવા માંડયું હતું એમ મોહનલાલને લાગ્યું.

મોહનલાલે માથે ખુબ બરફ રાખવા કહ્યું, બરફ તો માથેથી બીલકુલ ખશેડતા પણ નહોતા, પણ બરફની બીલકુલ અસર ત્હેને થતી નહીં. સ્હેજ સ્હેજ સનેપાતનો ચાળો થયો હતો. મોહનલાલે પેટી ઉઘાડી બે ચાર દવાઓ એકઠી કરી એક ડોઝ આપ્યો. દવા આપી મોહનલાલ ત્યાંને ત્યાંજ બેશી રહ્યો. અડધો કલાક થયે તો પણ દવાની અસર બીલકુલ થઈ નહીં, પરસેવો બીલકુલ થાય નહીં; અને પાસે જે કપડાં પડ્યાં હતાં

તે પણ ગરમ થઈ જતાં. ફક્ત એક ઝીણા અંગોસ્તર શીવાય બીજુ ઓઢાડવાની નાં પાડી. દાકતરે નાડી જોઈ તો તે પણ ઘણુાજ જોરથી ચાલતી હતી. ઓરડામાં ટાંગેલી છબીઓ તથા ખીંટી ઉપર મુકેલાં કપડાં જોઈ બાલુ હ્હેના સામું જોઇ વખતે હસ્તો, વખતે પથારીમાંથી ઉભો થવા જતો અને તેની તરફ આંગળી કરી પુછતો "આ શું છે?" હ્હેને પાછો હ્હેની આયા સુવાડી દેતી, આંખ આડા હાથ રાખતી, પણ જ્યારે આંખે હાથ રાખે ત્યારે તે બુમો પાડતો. દાકતરે તે ઓરડામાંથી છબીઓ છોડી નાંખી બ્હાર લઈ જવા તથા બધી ખીંટીઓથી કપડાં વિગેરે લઈ લેવા કહ્યું, જે ઉપરથી તરત માણુસને બોલાવી છબીઓ છોડી નંખાવી અને કપડાં લઈ લેવડાવ્યાં. દાકતરે બીજો ડોઝ દવાનો પાયો, પાએક કલાક પછી બાલુએ આંખ્યો મીંચી અને ઉંઘી ગયો હોય તેમ લાગ્યું પણ દવાનો ફક્ત નીશોજ હતો.

બાલુનો વૃદ્ધ પિતા તો પાસેની ખુરશી ઉપર બેઠો હતો અને બાલુ સામું એકી નજરે જોઈ બેશીજ રહ્યો. એક શબ્દ પણ બોલતો નહીં અને વખતે વખતે હ્હેની આંખમાંથી ડળક ડળક આંસુ

ચાલ્યાં જતાં. મોહનલાલ હેને બહુ ધીરજ આપતો પણ વૃદ્ધ પિતાને પોતાનો એકનો એક છોકરો આમ દુઃખી થતો જોઈ ધીરજ ક્યમ રહે? વખતે તે ઓરડાની બ્હાર જતો, છજામાં આમ તેમ આંટા મારતો પણ ત્હેને બ્હાર બીલકુલ ગોઠતું નહીં, તેથી પાછો તે અંદર આવી પલંગ પાસે પડેલી ખુરશી ઉપર બેસતો. આજ તો તે આખી રાત અહીંયાંજ બેશી રહ્યો હતો. આંખ બીલકુલ મળતી નહીં. મોહનલાલે ત્હેને સુઈ જવા કહ્યું અને કહ્યું કે " હું અહીંયાં બેઠો છું, તમે જરા બીજા ઓરડામાં જઈને સુઈ જાઓ. નીકર તમારી તબીયત બગડશે. "

" ભાઈ મ્હને તો આજ બીલકુલ જંપ વળતો નથી અને આ ઓરડામાંથી ખસવાનું મન થતું નથી, બ્હાર ર્હેજ જાઉં છું પણ મ્હારૂં મન પાછું અહીંયાં ખેંચાય છે, મ્હને કાંઈ ચ્હેન પડતું નથી. "

" ઉંઘ ન આવે તો પણ જરા વાંસો આડો કરો તો સારૂં. હું અહીંયાંથી બીલકુલ ખશીશ નહીં. માટે મ્હેરબાની કરી ફક્ત અડધીજ કલાક તમે જઈને સુવો. "

જ્યારે, મોહનલાલે ત્હેને ઘણું કહ્યું ત્યારે શેઠ પાસેના ઓરડામાં સુવા ગયા, મોહનલાલ આરામ ખુરશી ત્યાં પડી હતી તેમાં લગાર આડો થયો, બાલુ પણ દવાના જોરથી આંખ મીંચીને પડી રહ્યો હતો. શેઠને ગએ હજુ દસ મિનિટ થઈ નથી એટલામાં શેઠ પાછા આવ્યા, બાલુને શરીરે હાથ અડકાડી જોયો પણ તાવ હજુ એવોને એવોજ હતો. મોહનલાલે શેઠને સુવા માટે ફરીથી કહ્યું તેથી શેઠ પાછા ત્યાંથી ગયા, દસ મિનિટમાં પાછા આવ્યા, વૃદ્ધ પિતાનો જીવ બીજા ઓરડામાં ગોઠે નહીં. થોડી થોડીવારે આવી તે જોઈ જાય, બાલુને આંખ મીંચીને પડી રહ્યો જોઈ દાકટરને પુછે "કે આ તે ઉંઘ છે તંદ્રા છે?"

"એતો દવાના જોરથી પડી રહેલ છે, ત્હેનું મગજ શાંત થાય માટે ત્હેને દવા આપી છે. બીલકુલ ગભરાવવા જેવું નથી, માટે તમે લગાર સૂઈ રહો."

"મ્હને ત્યાં જંપ વળતો નથી, માટે મ્હને તો અહીંયાંજ બેશી રહેવા દો."

"નાના, તમારૂં શરીર બગડશે માટે ઘડીક તો જઈને સુવો તો સારૂં."

પાછા બિચારા શેઠ ઓરડામાં સુવા ગયા, અને અત્યારે ચાર વાગવાનો સુમાર થયો હતો. શેઠને આખી રાતનો ઉજાગરો હતો તેથી તે જરા પલંગમાં આડા થયા, અને વિચારમાં ને વિચારમાં ઉંઘી ગયા.

મોહનલાલે પાછો દવાનો એક બીજો ડોઝ તૈયાર કર્યો અને પ્યાલામાં લઇ બાલુ આંખ મીંચીને પડ્યો હતો ત્હેનું મ્હો પ્હોળું કરી ત્હેના મ્હોમાં રેડયો, જેવું મ્હો પ્હોળું કર્યું કે બાલુએ આંખ ઉઘાડી, અને દાકતરે ત્હેને આંખ મીંચી દેવા કહ્યું દવા તો પી ગયો, પણ આંખ મીંચે નહીં. થોડી વાર દાકતરના સામું ટગર ટગર જોયા કર્યું અને પાછી આંખ મીંચી દીધી. મોહનલાલ પાછો ખુરશી ઉપર જઇને સૂતો અને આપણે આગળ કહી ગયા તેમ ત્હેને પણ આખી રાતનો ઉજાગરો હતો તેથી ત્હેની પણ આંખ મળી ગઇ. આયા બાલુના માથા પાસે બેઠીબેઠી બરફ મુક્યા કરતી હતી અને ત્હેને પણ ઝોકાં આવતાં હતાં.

સવાર થયું, આઠ વાગ્યા, પણ તાવ હજી નરમ પડયો નહીં. દવાના ઘેનની અંદર બાલુ આંખ મીંચીને પડયો રહ્યો. મોહનલાલના મનમાં થયું

કે જો બીજા દાક્તરની સલાહ લીધી હોય તો, વધારે સારૂં તેથી હેણે શેઠ જગજીવનદાસને પોતાનો વિચાર જણાવ્યો અને શેઠે તો બધો આધાર મોહનલાલ ઉપર રાખ્યો હતો તેથી જેમ મોહનલાલ કહે તેમ કરવા શેઠ બિલકુલ ના પાડતા નહીં. બાલુને પાછી ફરીથી દવા પાઇ મોહનલાલ ગ્રાંટમેડિકલકૉલેજના પ્રિન્સિપાલ પાસે ગયો અને હેને બધી હકીકત કહી અને હેને પોતાની જોડે તે જગજીવનદાસને બંગલે લઇ ગયો. બીજા પણ એક બે યુરોપીઅન દાકતરોને પણ હેણે ચિઠ્ઠી લખી બોલાવ્યા, અને શેઠ જગજીવનદાસને બંગલે દાકતરો બધા એકઠા થયા.

બાલુની તબીયત એકપછી એક બધા દાકતરોએ જોઇ અને સર્વાનુમતે એમ ઠર્યું કે જો હેને માથે બ્લિસ્ટર માર્યું હોય તો સારૂં. મોહનલાલ પણ તેજ મતનો હતો. બધા દાકતરોના ગયા બાદ તાળવેથી વાળ કડાવી નાંખી મોહનલાલે બ્લિસ્ટર મુક્યુ. અડધી કલાક થઇ પણ બ્લિસ્ટર ઉપડયું નહીં તેથી મોહનલાલ ધભરાયો અને ફરીથી સાંજે બ્લિસ્ટર મુકવા હેણે વિચાર કર્યો. તાવ જોરમાં હતો, આંખો રાતી કસુંબા જેવી થઇ ગઇ હતી,

અને મ્હોં શામ થતું જતું હતું તેથી લોહી મા-થે ચડે છે એમ મોહનલાલને લાગ્યું. ત્હેણે ફરીથી યુરોપીઅન દાકતરોને બોલાવવા ચિઠ્ઠી લખી અને એક માણુસ જોડે મોકલી. પણ માણુસને ગયે અડધી કલાક નહીં થઇ હોય તેટલામાં બા-લુની તબીયત વિશેષ બગડવા માંડી, સનેપાતનો ચાળો ફરીથી શરૂ થયો અને ધીમે ધીમે શ્વાસ પણ ઉપડયો.

બાલુના વૃદ્ધ પિતાની આંખમાંથી આંસુની નદીઓ ચાલવા લાગી. મોહનલાલ પણ મુંઝાવવા લાગ્યો અને વખતે વખતે ત્હેની આંખમાંથી પણ આંસુ પડી જતાં. મોહનલાલ પોતાનું મન ઘણું કઠણ રાખતો તથા વૃદ્ધ જગજીવનદાસને હિમ્મત આપતો પણ ત્હેના મનમાં હવે બાલુ માટે આશા નહો-તી. અડધી કલાક વધારે થઇ. શ્વાસ એકદમ ઉપ-ડયો. બાલુને ત્હેનો વૃદ્ધ પિતા બોલાવે પણ બી-લકુલ જવાબ દે નહીં, મોહનલાલે જગજીવનદાસને ત્યાંથી બીજા ઓરડામાં જવા કહ્યું, પણ ત્હેનો જીવ કેમ ચાલે? એકનોએક છોકરો વૃદ્ધાવસ્થામાં આ પ્રમાણે દુઃખી થતો જોઇ ત્હેનું હૃદય ચીરાઇ ગયા વગર કેમ રહે?

થોડીવારમાં એ યુરોપીઅન દાકતરો આવ્યા, બાલુની તબીયત જોઇ અને માથુ ધૂણાવ્યું. મોહનલાલતો અત્યારે એટલો બધો નાસીપાસ થઇ ગયો હતો કે નવા આવેલા દાકતરો સાથે વાત ચીત કરવામાં પણ ઘણીવાર અચકાઇ જતો. પા કલાક બેશી દાકતરો ચાલ્યા ગયા અને દાકતરો હજી દરવાજાની બહાર તો ગયા નહીં હોય એટલામાં બાલુનો આત્મા આ ક્ષણભંગુર દેહ છોડી ચાલ્યો ગયો.

પ્રકરણ ૩૦ મું.

મનનો નિશ્ચય.

જગજીવનદાસને બાલુ દુઃખી કરી ચાલ્યો ગ-યો ત્યાર પછી જગજીવનદાસ .દિગમુઢ જેવો બ-ની ગયો, મોહનલાલે જગજીવનદાસની આવી સ્થિતિ જોઇ હેની પાસે રહેવા હેને કહ્યું ને તે-ણે કબૂલ કર્યું. મોહનલાલને જોઇ જગજીવનદાસ વખતે વખતે પોતાનું દુઃખ વિસરી જતો અને મોહનલાલ જેમ બને તેમ બાલુને વિસારી દેવડા-વવા પ્રયત્ન કરતો. તે ઘણુ ખરૂં હવે જગજીવનદાસ પાસેજ રહેતો અને બે ત્રણ કલાકજ ફક્ત પોતા-ને મકાને ગાળતો. મોહનલાલ અને જગજીવનદાસ વચ્ચે આજ ઘણો વખત થયાં ઘરવટ દાવો વ-ધતો જતો હતો અને એક બીજા અરસપરસનો ઉપકાર ભુલી ગયા નહોતા. જેમ જેમ દિવસો ગયા તેમ જગજીવનદાસને બાલુનુ દુઃખ ઓછું થતુ ગયુ પણ તે દુઃખ જડમુળથી ચાલ્યું જાય તેમ નહોતું.

મોહનલાલ જગજીવનદાસને ત્યાંજ સુતો અને આગળ કહી ગયા તેજ ઓરડામાં હેને સુવાનું રાખ્યું

હતું. બાલુના ગુજરી ગયાને પંદર દિવસ થઈ ગયા. એક દિવસે રાત્રે મોહનલાલ પોતાના ઓરડામાં સૂતો હતો ત્યાં કાંઈ ખડખડાટ થયાથી તે જાગી ઉઠયો અને આંખ ઉઘાડીને જુએ તો કબાટ પાસે હેણે આગળ જે ધોળી ચાદર ઓઢેલી આકૃતી જોઈ હતી તે પાછી આજ જોઈ. હેના મનમાં તે બ્હીવા લાગ્યો, પણ આંખ મીંચીને પાછો પથારીમાં સૂઈ રહ્યો. આગળ આપણે કહી ગયા તેવીજ હકીકત આજ પણ બની; પણ મોહનલાલને ઉઠીને તપાસ કરવાને હીંમત્ત નહોતી. તે તો પથારીમાં જ સૂઈ રહ્યો અને વિચાર કરવા લાગ્યો આ શું દેખાય છે!

બીજે દિવસે સવારે તે ઉઠયો અને ચ્હા પીને તે દીવાનખાનામાં એકલો બેઠો છે એટલામાં તે બંગલામાં રહેનારો એક જૂનો નોકર કાંઈ કામ માટે ત્યાં આવ્યો. હેને જોઈ મોહનલાલને રાતની હકીકત માટે હેને પૂછવા જીજ્ઞાષા થઈ. હેણે તે નોકરને પોતાની પાસે બોલાવ્યો, પણ પૂછતાં હીમત ચાલે નહીં. પણ આખરે હેણે તે નોકરને ધીમેથી પુછ્યું "તમે આ બંગલામાં કોઈ દિવસ કાંઈ વિચિત્ર દીઠું છે."

પહેલાં તો નોકર સમજ્યો નહીં કે મોહનલાલ

શું પુછે છે તેથી હેણે મોહનલાલને પુછયું. " તમે શું પુછો છો તે મ્હારાથી સમજાતું નથી."

" તમે કોઈ દિવસ રાત્રે બંગલાના છજામાં કાંઈ ફરતું હોય એમ જોયું છે ?",

નોકરતો વિચારમાં પડી ગયો અને ખરેખરી હકીકત કહેવી કે નહીં તેને માટે તે મનમાં ગુંચવાવા લાગ્યો. આ જોઈ મોહનલાલે હેને કહ્યું. " તમે જે જાણતા હો તે મ્હને કહો કારણ મ્હને કાંઈ એવો ભાસ થયો છે તેથી હું જાણવાને પૂછું છું."

"અમે એક દિવસ રાત્રે સાડા બાર વાગ્યાને સુમારે તબેલા પાસે બેઠા હતા ત્યારે અમારામાંના એક જણે અંધારામાં છજામાં કાંઈ ધોળી વસ્તુ ફરતી હોય તેમ જોયું. હેણે અમને બધાને તે દેખાડી પણ અમારા મનમાં કે દીવો લઈને કોઈ ઉપર ફરતું હશે અને હેનો ભાસ પડે છે તેથી અમે તે વીષે કાંઈ તપાસ કરી નહીં. તે પછી પણ અમે તે ચાર પાંચ વખત જોયું. તેને માટે અમે તપાસ કરવા ઉપર ગયા પણ જ્યાં ઉપર જઈએ ત્યાં કાંઈ દેખાય નહીં. હેને માટે અમારામાંના જૂદા જૂદા આશામીઓ જૂદો જૂદો તર્ક કરવા લા-

આ. પણ કાંઈ ખુલાસો થયો નહી."

"તે ક્યારથી દેખાય છે તે તમે જાણોછો ?"

"આપણા બાલુભાઇનાં મા જ્યારે ગુજરી ગયાં અને તેમને પાંચ છ મહિના નહીં થયા હોય તેવામાં અમે પહેલ વ્હેલું તે જોયું તેથી કેટલાક તો એમ કહેવા લાગ્યા કે શેઠાણી રાત્રે છજામાં આવીને ફરે છે. પણ ત્હેને માટે ચોકસ ખબર કોઇને નથી."

"તે હમેશાં લાગટ તમને દેખાયું કે અમુક દહાડા ને અંતરે તે દેખાતું હતું"? મોહનલાલે પૂછયું.

નોકરે જવાબ દીધો "ના લાગટ તો તે દેખાતું નથી. કોઈ વખત પંદર દિવસે જણાય તો કોઈક વખત મહીને જણાય."

મોહનલાલે પુછયું "તે મરદ જેવું જણાતું કે બૈરી જેવું જણાતું ?"

નોકરે જવાબ આપ્યો "તે કાંઈ કહી શકાતું નથી કારણ અમે તો આઘેથી જોએલ છે અને વળી અંધારામાં તેથી શું છે તે ખબર નથી. પણ અમે બધાએ જોયું છે તો ખરૂં."

મોહનલાલે પુછયું. "શેઠને આ વાતની ખબર

છે ખરી?"

નોકરે જવાબ આપ્યો. "તે તો અમને ખબર નથી. અમે તેમને તે વિષે કાંઈ કહ્યું નથી. કારણ અમારામાંના કેટલાકને શેઠાણી માટે શક છે એટલે તે વાત તેમને ક્યમ કહેવાય?"

આટલી વાતચીત થયા પછી મોહનલાલે નોકરને રજા આપી અને મોહનલાલ એકલો દીવાનખાનામાં બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો કે આ શું હશે. ત્હેના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. અને હવેથી જો દેખાય તો હીમત્ત ધરી તે શું છે તેની તપાસ કરવા ત્હેણે નિશ્ચય કર્યો.

ઉપરની વાત થયાબાદ પાંચ સાત દિવસ પછી મોહનલાલ તથા જગજીવનદાસ સવારમાં દીવાનખાનામાં બેઠા બેઠા ચ્હા પીએ છે એટલામાં શેઠે કહ્યું "મોહનલાલ હું તમને તમારા કામમાંથી રોકું છું પણ હવે મ્હને લાગે છે કે તમે તમારે ત્યાં રહતો ઠીક. દુઃખતો છે તે ગમે તે ઉપાય કરીશું તોપણ ઓછું થાય તેમ નથી. પણ મ્હારી પાસે રહેવાથી તમારી ઘરાકી ઓછી થશે એમ લાગેછે."

"શેઠ સાહેબ, હજુ મ્હને તમારૂં મન બરોબર શાંત થયું હોય એમ લાગતું નથી અને તમારી

પાસે એક જણુને કાયમ રહેવાની જરૂર છે માટે જ્યારે મ્હને એમ લાગશે કે હવે તમારૂં મન કાંઈ સ્થિર થયું છે ત્યારે હું મ્હારે ત્યાં રહીશ."

"વૃદ્ધાવસ્થા થઈ અને વળી તેમાં આવું દુઃખ માથે પડયું તેથી મન શાંત તો કેમ થાય! તો-પણ જેમ જેમ દિવસ જતા જશે તેમ તેમ ઘા કાંઇક દબાશે પણ આ ઘા રૂઝાશે તો નહીં જ. મ્હને તો લાગે છે કે આ ઘાથીજ મ્હારૂં મોત થ-શે." એમ કહેતાં કહેતાં શેઠની આંખમાં પાણી આવી ગયાં અને કંઠ ગળગળો થઈ ગયો, તેથી બોલતા બંધ થઈ ગયા.

મોહનલાલનું હૃદય પણ ભરાઇ આવ્યું. ત્હેની આંખમાં પાણી આવી ગયાં તોપણ મન કઠણ કરી બોલ્યો "શેઠ આમ ધભરાએ શું થવાનું છે, તમને તો દુનિઆનો અનુભવ છે અને વળી દુઃખ રૂપી ઘા સહન પણ કર્યા છે તો આવી રીતે કલેશ કરવાથી તથા વારંવાર ગઈ વાત યાદ લાવવાથી મનને દુઃખ થાય અને શરીરે હાની થાય. માટે ધૈર્યતા રાખો. ઇશ્વરની મરજી આગળ મનુષ્યનું શું ચાલે છે. તમે આ પ્રમાણે જ્યારે હું અહીયાં છ-તાં ગભરાઓ છો તો એકલા હો તો ક્યમ ધભરા-

મણુ ન થાય, માટે હું હમણાં તો તમારી પાસેજ રહીશ."

શેઠે જાણ્યું કે આ હાલ માનશે નહી. માટે તે વીષેની વાત છોડી બીજી વાત કરવા લાગ્યા. અને બીજા વીષય ઉપર વાત નીકળવાથી શેઠના તેમજ મોહનલાલના મનને શાંન્તિ વળી.

બે ત્રણ દિવસ થયા એટલે ફરીથી શેઠે મોહનલાલને પોતાને ઘેર જવા કહ્યું અને પોતાના ધંધામાં પુરતુ ધ્યાન આપી ઘરાકી વધારવા માટે સૂચના કરી. પણ મોહનલાલનું મન માને નહીં. તોપણ આખરે શેઠની ઇચ્છાને તાબે થવું હેને યોગ્ય લાગ્યાથી હેણે કહ્યું "હું તમારૂં કહેલું કબુલ તો કરૂં પણ મ્હારૂં કહેલું તમે કબુલ કરોતો!"

"શું છે કહો." શેઠે કહ્યું.

"હું આખો દિવસ મ્હારે ત્યાં રહીશ પણ તમારી પાસે કોઇને આખો દિવસ રાખો અને એકલા બેશી મનની અંદર મુંઝાઓ નહી તો હું રહું. અને રાત્રે હું પાછો અહીયાં રહેવા આવું. જો આ કબુલ હોય તોજ હું મ્હારે ત્યાં જાઉં."

"વારૂ તે કબુલ છે પણ તમે તમારા ઘરાક ત્યાં જઇને સાચવો તો બહુ સારૂં. તમે તમારો

સ્વાર્થ કોરે મુકી ફક્ત નાતો સાચવવા જે મ્હેનત લો છો તેનો બદલો તો ઇશ્વર અપાવે ત્યારે ખરો. "

" શેઠ તમે આમ બોલો તે સારૂં નહીં. તમે જે ઉપકાર મ્હારી ઉપર કર્યો છે તેના બદલામાં હું શું કરૂં છું? જો તમારી મદદ ન હોત તો આ મુંબાઇ જેવા શાહેરમાં મ્હારૂં ગાડું શી રીતે ચાલત? "

મોહનલાલ બીજે દિવસે નવ વાગે ઘેર ગયો અને ત્યાં રહેવા માંડ્યું. રાત્રે આઠ નવ વાગે શેઠને બંગલે આવે અને સવારે પાછો પોતાને ઘેર જાય.

મોહનલાલના ઘેર રહેવા ગયા બાદ પાંચ સાત રોજ પછી શેઠ જગજીવનદાસને વિચાર આવ્યો કે હું વૃદ્ધ થયોછું અને દેહનો ભરોસો નથી. ઈશ્વરે પૈસો તો આપ્યો છે પણ ત્હેનો ઉપભોગ લેનાર જે હતો ત્હેને તો અહીંયાં રહી સુખનો લ્હાવો લેવા ઇચ્છા નહી હોનાથી વૃદ્ધાવસ્તામાં દુખી કરી ચાલ્યો ગયો. હવે તે પૈસાની યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ અને યોગ્ય માર્ગે વપરાવો જોઇએ. આ વિચારમાં ત્હેનો આખો દીવસ ચાલ્યો ગયો.

બીજે દિવસે દસ વાગે પોતાના સોલીસીટર આત્મારામને ચિઠ્ઠી લખી બે વાગે એક યુરોપીઅન દાક્તર તથા હેના ભાગીદાર રેહેમતુલ્લા સોલીસીટરને લઇ પોતાને બંગલે બોલાવ્યો. બરોબર બે વાગે ત્રણે જણા ત્યાં આવ્યા અને શેઠે વીલ કરવાની પોતાની ઇચ્છા જણાવી. શેઠે પોતાના મનની અંદર જે વ્યવસ્થા કરવા ધાર્યું હતું તે એક કાગળ ઉપર લખી રાખી હતી અને જ્યારે ત્રણે જણા આવ્યા ત્યારે થોડી વાતચીત કર્યા બાદ પોતાના લખવાના ઈસ્કોતરામાંથી લખી રાખેલો કાગળ આત્મારામને આપ્યો. તે વાંચી હેણે વીલ લખવા માંડ્યું. એકાદ કલાકની અંદર વીલ લખાઈ રહ્યું અને તેની અંદર શેઠે સહી કરી અને બે સોલીસીટર તથા દાક્તરે પણ સહીઓ કરી. તેની કાયદા પ્રમાણે યોગ્ય વ્યવસ્થા કરી. અને જ્યારે સર્વ કામ પુરૂ થયું ત્યારે શેઠે કહ્યું, “ મ્હારી હયાતીમાં વીલની વાત બ્હાર પડવી જોઇએ નહીં અને જ્યારે હું ન હોઉં ત્યારે અંદર લખ્યા પ્રમાણે પંદર દીવસ બાદ વીલ બહાર પાડી તેનો અમલ કરવો. ” ત્રણે જણાએ શેઠને ખાત્રી આપી કે તમારી ઇચ્છા પ્રમાણેજ કરવામાં આ-

વશે. થોડી વાર સર્વ બેશી ત્યાંથી પોતપોતાના ધંધાઉપર ગયા.

પ્રકરણ ૩૧મું.

આપઘાતની કોશીશ.

ઉપરના પ્રકરણુની હકીકત બન્યા પછી બરોબર દસમે દિવસે રાતના બાર વાગ્યાને શુમારે ગ્રાંટરોડને સ્ટેશનેથી કંબાલાહીલપર જવાની સડક ઉપર ગોવાલીઆ ટેંક પાસે એક આધેડ વયની સ્રી ફાટાં તુટાં લુગડાં પ્હેરી ગ્યાસના ફાનસના થાંભલાને અઠેલીને ઉભી હતી. ત્હેનો ચ્હેરો સાવ ફીકો પડી ગએલો હતો તથા ત્હેના હાથપગમાં સત્તા હોય એમ ત્હેના ઉભા રહેવાની સ્થિતી ઉપરથી જણાતું નહોતું, અને કાંઇ મહા દુઃખમાં ગરક થઇ ગઇ હોય એમ લાગતું હતું. વખતે વખતે ત્હેની આંખમાંથી આંસુ નીકળી પડતાં હતાં. અને કોઈ વખતે ઊંડો નીસાસો નાંખતી હતી. તે ત્હેના મનમાં કહેવા લાગી “ અરે દૈવ, આખર મ્હારી આ સ્થિતી આવી. આજ ત્રણ દિવસ થયાં અન્ન બીલકુલ ખાધું નથી. કોઈ દિવસ ભીખ મા-

ગી નથી તેથી તે મગાતી પણ નથી. પાસે એક પૈસો ઝેરખાવા પણ નથી. શરીર ઉપર સારૂં કપડું પણ નથી કે તે વેચી પેટ ભરૂં. ઓ ઇશ, શું કરૂં. સારા નરસાનો બદલો તું અહીયાંનો અહીંયાં જ આપતો હોઇશ એ મ્હને ખબર નહોતી. જુવાનીના મદની અંદર કોઇની પણ દરકાર કરી નહીં. આડે રસ્તે ચડી ગઇ, અનેક ગુન્હા કર્યા. ન્હાના ગુન્હા છુપાવવા મ્હોટા ગુન્હા કર્યા. પણ તે વખત બીલકુલ ભાન પણ નહોતું કે આવો વખત આ-વશે. અરે, ઇશ્વર હવે તો આ પાપી જીવનો અંત આણે તો બહુ સારૂં. જો તું અંત નહી. આંણે તો મ્હારે મ્હારી મેળે લાવો પડશે. શું કરૂં. કાંઈસુજતું નથી. હવે ચાલવાની સત્તા રહી નથી. ભુ-ખથી માથુ ફરી જાય છે. અત્યાર સુધી જે કરતી તેમાં તો મદદ હતી. હવે તે મદદ ક્યાંથી લાવું.! હવે તે કામ કરવા મ્હારી હીમ્મત ચાલતી નથી. ભુખ હવે સહનથઈ શકતી નથી, શો ઉપાય કરૂં." એમ વિચારમાંને વિચારમાં ગુમ થઈ ગએલી આ દુ:ખી સ્ત્રી ફાંનસના થાંભલાને અઢેલી ઉભી છે. સડક ઉપરથી કોણ આવે છે જાયછે તેનું પણ ભાન નથી. અત્યારે રાત્રીના બાર વાગ્યા છે

તેથી લોકોની હીલચાલ પણ ધીમી પડી છે. કોઈ કોઈ વખતે એકાદ માણુસ ત્યાં થઈ જાયછે. સડક ઉપર ગ્યાસના દીવા ઝગ ઝગાટ બળેછે. રાત્રી પણ ખુલ્લી છે. હવા પણ મંદમંદ આવે છે. તે વખતે આ સ્ત્રી અહીયાં એકલી ઉભી ઉભી પોતાના પાતકનો પશ્ચાતાપ કરેછે. થોડીવારમાં તે મનમાં બોલી ઉઠી. " હવે આ પ્રમાણે જીવીને શું કરવું! દુઃખ કેટલું વેઠવું. આ દુઃખ સહન થઇ શકતું નથી. શું કરૂં! આપઘાત કરૂં! " આ વિચાર ત્હેના મનમાં આવતાં ત્હેને જાણે વિજળીનો ચમકારો લાગ્યો હોય તેમ તે ચમકી. ત્હેના શરીર પરનાં રૂવાં એકદમ ઉભાં થઇ ગયાં. પગથી તે માથા સુધી તે કંપવા લાગી. કપાળે પરસેવાનાં ટીપાં બાઝી ગયા. અને ઉભા ન રહેવાયું તેથી તે બેશી ગઈ. થોડી વારમાં ત્હેનું મન શાન્ત થયું અને પાછો ત્હેના મનમાં તે નો તે વિચાર આવ્યો. " અરે આપઘાત, એ કેમ થઇ શકે! હાથે કરી આ દેહનો નાશ કરવો એ શી રીતે બની શકે! પણ તે સિવાય બીજું શું કરૂં? આ દુઃખ સહન થતું નથી. ભુખે રીબાઇ રીબાઇને મરવું ત્હેના કરતાં એકદમ અંત આણવો એ શું ખોટું છે? અરે

ક્યમ બેઠું શું? એની અંદર ઓછું પાપ છે? પણ પાપ કહોને! પુન્યશાળી જીવને કે પાપીને! મ્હે ક્યાં પાપ ઓછાં કર્યાં છે. અરે આ એક પાપ વધારે, એથી આ દુ:ખમાંથી તો છુટીશ. પણ આપઘાત શી રીતે કરૂં. ઝેર લેવા પાસે દમડી સરખી પણ નથી. ગળે ફાંસો ખાઈ મરૂં તો કોઇ આવતું જતું જુએ તો વળી આ દુ:ખમાં વધારો થાય. શું કરૂં?" એમ કહી ત્હેણે આસપાસ જોયું. પાછું વાળી જુએ તો ગોવાળીઆટેંક રાત્રીનાં અંધકારમાં બીહામણું લાગતું હતું. સામે કીનારે ઝાડનું ઝુંડ હતું. એક બાજુ ગોકળદાસ તેજપાળની બોર્ડીંગ સ્કુલનું મકાન તે તળાવના ભવ્ય દેખાવમાં આ વખતે ઉમેરો કરતું હતું અને તેની પાછળ કંબાલાહીલ રાત્રીની કાળાશમાં ભળતો જઇ તે જગાને વધારે ભવ્ય કરતી હતી. આ તળાવ જોઈ ત્હેના મનમાં પહેલાં તો આનંદની છાયા વિજળીના ચમકારાની પેઠે એકદમ આવી તરત લય પામી. વળી આવું ઘોર કામ કરવા તરફ ત્હેને તિરસ્કાર આવ્યો અને "હાય હાય આ મોતે મરવું" એ વિચાર આવવાથી ભય પેદા થયું. પણ આ આનંદ, તિરસ્કાર અને ભયની લાગણીને ન ગણકારતાં તે જ્યાં બેઠી હતી

ત્યાંથી ઉભી થઇ. આસપાસ જોયું પણ ત્યા વખતે કોઇ માણુસ, પશુ, પંખી કાંઇ ત્હેની નજરે પડ્યું નહીં. તે હીમ્મત કરી આગળ ચાલી અને જ્યાં આગળ બોર્ડીંગ સ્કુલમાં જવાનો રસ્તો ફંટાય છે ત્યાં આવી તળાવના ઘોરા પાસે ઉભી. ઘોરા પાસે ઉભેઉભે ત્હેણે તલાવમાં જોયુ તો અંધારાને લીધે તળાવનું પાણી બીહામણુ લાગ્યું. આ જોઇ તે એક બે પગલાં પાછી હઠી અને મનમાં બોલી ઉઠી "અરે દૈવ આમાં કયમ પડાય, મ્હારીતો હીંમત ચાલતી નથી."

થોડીવાર તે ત્યાં ઉભી જ રહી. મનની અંદર વિચાર કરવા લાગી "અરે જીવ આવાંઆવાં કામ કરતાં ત્હને બ્હીક ન લાગી, અને આ દુઃખમાંથી છુટવાને તું બીહે છે? ઇશ્વરે ત્હારે માટે તો આજ નિર્માણુ કર્યું છે. નીકર તું અહીંયાં આવે વખતે ક્યાંથી હોય? તેમાં વળી ત્હને આપઘાતનો વિચાર પણુ કયાંથી આવે.? અને વખતે વિચાર તો આવે પણુ વગર પૈસાનું સાધન ત્હારી પાસે આ વખતે હાજર કયાંથી હોય? માટે અરે જીવ ગભરા નહીં. ઇશ્વરની જ એવી ઇચ્છા છે કે ત્હારા જેવા પાપીને તો આવોજ. અંત જોઇએ" એમ વિ-

ચ્યાર કરી હીમત રાખી તે તળાવ પાસે, ગઈ આસપાસ જોયું પણ કોઇને ત્હેણે દીઠું નહીં. ઘોરા ઉપર ચડવા જાય છે એટલામાં ત્હેના મને પાછો આંચકો ખાધો. થોડીવાર તે ઉભી રહી અને પછી એક હાથે પોતાની આંખો દબાવી બીજા હાથે ઘોરાને ટેકો દઈ ઉપર ચડવા જતી હતી તેટલામાં પાછળથી એક યુવાન પુરુષે ત્હેનો હાથ ઝાલ્યો અને ત્હેને તળાવના ઘોરા પાસેથી ખેંચી લીધી.

આ ત્હેને ખેંચી લેનાર પુરુષ મોહનલાલ હતો. આજે કાંઈ કારણસર ત્હેને શેઠને બંગલે જતાં વાર થઈ હતી અને વળી ત્હેની ગાડીવાળો કાંઈક માંદો હતો તેથી તે આવ્યો નહોતો. માટે ત્હેણે વિચાર કર્યો કે " ચાલો આજ તો ચાલતા જઇએ. રાત ખુલ્લી છે અને ધીમેધીમે ચાલતા જઇએ, 'એક પંથ અને દો કાજ' બંગલે પણ જવાશે અને વળી ફરાશે " એમ વિચાર કરી તે ગીરગામથી ચાલતો શેઠ જગજીવનદાસને બંગલે આ રસ્તે થઇને જતો હતો. તે જ્યારે તે તળાવ પાસે આવ્યો ત્યારે ત્હેણે એક સ્ત્રી તળાવના ઘોરા ઉપર હાથ દઇને ઉપર ચડવા જતી જોઈ. પણ તરત પાછી હઠી ત્હેને ઉભેલી જોઈ. તે પાસે આવ્યો ત્યારે

પેલી સ્ત્રી આંખે હાથ દઇ ફરીથી તળાવમાં પડતું મુકવા જતી હતી તે આંણે જોઈ એટલે તે દોડયો અને પાછળથી હેનો હાથ પકડી હેને તળાવ પાસેથી દૂર ખેંચી લીધી અને પૂછ્યું. " તું કોણ છે? "

તે સ્ત્રી તો પોતાનો હાથ ઝાલી ખેંચતાં જોઇ બ્હીક, ગભરાટ અને આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગઈ, અને મોહનલાલ સામું ટગર ટગર જોયા કર્યું. હેણે હેને શું પુછ્યું તેનું ભાન હેને ન્હોતું. હેના મનમાં તો પહેલાં એમ આવ્યું કે કોઇ પોલીસના માણસે હેને પકડી અને હવે પાછી આ ગુન્હા માટે શીક્ષા થશે તેથી તે ડરવા લાગી. પણ જ્યારે હેણે મોહનલાલને જોયો ત્યારે કાંઈ મનને ધીરજ આવી. તે મોહનલાલને પગે પડી અને રોવા લાગી. મોહનલાલે હેને ધીરજ આપી અને પુછ્યું " તું કોણ છે અને આમ આપઘાત શાં માટે કરતી હતી. ?

હેણે જવાબ દીધો " હું એક દુ:ખીઆરી પાપી સ્ત્રી છું અને દુ:ખથી કંટાળી આ પ્રમાણે નિશ્ચય કર્યો હતો પણ તમે મ્હને તે ઘોર પાપમાંથી છોડાવી છે. હવે જીવીને શું કરવું તે મ્હને સુજતું

નથી. આજ ત્રણ દિવસ થયાં મ્હેં બીલકુલ ખાધુ નથી, મ્હારી સ્થિતિ બહુ કંગાળ છે, મ્હેં કોઈ દિવસ ભીખ માગી નથી તેથી શરમાઉ છું, ભુખની વેદનાને લીધે તથા ગરીબાઇના કષ્ટને લીધે આ પ્રમાણે કરવા મ્હને જરૂર પડી."

મોહનલાલને આ સ્ત્રી ઉપર દયા આવી અને શેઠને બંગલે જવાનો વિચાર માંડી વાળી ત્હેને પોતાને ઘેર લઈ ગયો. ભટને જગાડયો અને ત્હેને ખાવાનું કરાવીઆપ્યું તે ત્હેણે ખાધું. ત્હેનું મનસ્થિર થાય માટે મોહનલાલે ત્હેને એક પુષ્ટિકારક દવા આપી જે પીને એક બિછાનુ ત્હેના ચાકર પાસે પથરાવીઆપ્યું ત્હેની ઉપર આ દુઃખીઆરી સ્ત્રી સુઈ ગઈ.

બીજે દિવસે સવારે સાત વાગે તે સ્ત્રી ઉઠી અને બ્હાર ઓટલા ઉપર બેઠી બેઠી દાતણ કરતી હતી. તે વખતે સામા ઘરમાંથી કમળા કાંઇક કામ પ્રસંગે બ્હાર આવી અને આ સ્ત્રીને જોઈ ત્હેના સામું ટગરટગર જોઇ રહી. પેલી સ્ત્રી પણ કમળાના સામું જોઈ રહી. બન્ને જણાં વિચારમાં પડયાં. કમળાએ જાણ્યું કે મ્હેં આને કાંઇક જોઈ છે પણ ક્યાં તે ત્હેને અત્યારે યાદ આવતું નહોતું.

પેલી સ્ત્રીના મનમાં પણ તે નો તેજ વિચાર આ-વ્યો. થોડીવાર કમળા તો ત્હેના સામું જોઈ ઉભી રેહી એટલામાં પેલી સ્ત્રીએ ત્હેને પુછ્યું. " શું તમે મ્હને ઓળખતાં નથી ? " કમળાએ જવાબ દીધો " મ્હે તમને કાંઈક જોયાં છે ખરાં પણ અત્યારે મ્હને યાદ નથી આવતું કે ક્યાં જોયાં છે ? "

પેલી સ્ત્રી સ્હેજ હશી, અને બોલી " હું તો તમને હવે સારી પેઠે ઓળખુછું. તમે સંભારી જુઓ કે આપણે ક્યાં અને કેવી સ્થિતિમાં મળ્યાં હતાં. "

કમળાતો ઘણુંએ સંભારે પણ કાંઇ યાદ આવે નહીં. આખરે ત્હેણે કહ્યું. " મ્હનેતો સાંભરતું નથી પણ તમે કહો આપણે ક્યાં મળ્યાં હતાં ? "

" હવે કહું ?" પેલી સ્ત્રીએ કહ્યું.

" હા, મ્હનેતો સાંભરતું નથી. પણ મ્હે તમને જોયાં છે એતો નક્કી છે. " કમળાએ કહ્યું.

" તમે આંજથી ઘણાં વર્ષ ઉપર કોઈ દિવસ વાંદરે ગયાં હતાં ? "

" અરે, રૂક્ષ્મણી બ્હેન, હું કેહેવી કે તમને ભુલી ગઇ " એમ કહી તે ત્હેની પાસે આવી અને જાણે ઘણીજ આનંદ પામી હોય તેમ ત્હેના મ્હો

ઉપરથી જણાતું હતું.

" હા બ્હેન, અત્યારે દૈવે મ્હારી સ્થિતિ એવી કરી છે અને હું એવી દુખીઆરી છું કે જેણે મ્હને આગળ જોઇ હોય તે એકદમ મ્હને ઓળખી શકે નહીં. તેમાં તમારો દોષ નથી. " એમ કહી તે ગળગળી થઈ ગઈ અને ત્હેની આંખમાં આંસુ આવી ગયાં.

" પણ તમને શું દુ:ખ છે? મ્હને કહોતો ખરાં. જો મ્હારાથી બની શકે તેમ હોય તો હું તમને મદદ કરૂં. હું તમારી ઓછી આભારી નથી. તમે તો મ્હને દુષ્ટના પંઝામાંથી છોડાવી છે તે હું ક્યમ ભુલી જાઉં. " કમળાએ ત્હેને કહ્યું.

" અરે બ્હેન મ્હારી વાત કાંઈ અહીયાં ઉભા ઉભા કહેવાય તેમ નથી. અને મ્હારા દુ:ખમાં તમે શી રીતે ભાગ લઈ સકશો?" ત્હેણે દયામણે મ્હોએ કહ્યું.

" પણ વાત કર્યા સિવાય શી ખબર પડે કે તમારે કેવું દુ:ખ છે. મ્હારા ઘરમાં ચાલો ત્યાં મ્હને બધી વાત કહો અને મ્હારાથી બનતો પ્રયાસ કરી હું તમને મદદ કરીશ " કમળાએ ધીમેથી કહ્યું.

રૂક્ષ્મણીએ જવાબ દીધો. " તમારા વર ઘરમાં હશે તે મ્હારાથી કયમ અવાય ? "

" એતો તમને જોઇ બહુ ખુશી થશે અને વળી તમારી વાત સાંભળી તે કાંઈ મદદ કરવા જેવું હશે તો તે પણ કરશે. માટે ચાલો. "

" વારૂ ત્યારે હું લગાર ઘરમાં જઈ આવીને આવુંછું. "

" પણ જરૂર આવજો, હોં કે, " કમળા એટલું કહી પોતાના ઘરમાં ગઈ અને દયાશંકરને વાત કરી કે તે દિવસે મ્હને વાંદરેથી જે બાઇએ છોડાવી હતી તે મોહનલાલના ઘરમાં છે અને દુઃખી છે. મ્હે ત્હેને અહીયાં બોલાવી છે અને તે હમણાં આવશે. દયાશંકરે કમળાને કહ્યું, જો ત્હેને પૈસાની મદદ જોઇતી હોય તો મ્હને કહેજો તો મ્હારાથી થાય તેવું હશે તો કરીશ. "

" તે હમણાં અહીયાં આવે છે અને આપણે ત્હેની વાત સાંભળીએ, શું છે. તે પછી વાત છે ને. " એમ કહી કમળા રાંધવાના ઓરડામાં ગઇ અને મણી ત્યાં હતી ત્હેને રસોઇનો સામાન કરવામાં મદદ કરવા લાગી.

પ્રકરણ ૩૨ મું.

વિધવાની વાત.

થોડી વાર પછી રૂક્ષ્મણી દયાશંકરના ઘરમાં ગઇ. જ્યાં દયાશંકર પોતાના દિવાનખાનામાં બેઠો બેઠો કેસના કાગળીઆ તપાસતો હતો અને કમળા રસોડામાં હતી. રૂક્ષ્મણીને આવતી જોઇ દયાશંકરે કહ્યું, "આવો અહીયાં બેસો, હું એમને બોલાવુંછું." રૂક્ષ્મણીને બતાવેલી ખુરશી ઉપર રૂક્ષ્મણી બેઠી. અને થોડી વારમાં દયાશંકર તથા કમળા ત્યાં આવ્યાં ને મણી રસોડામાં રાંધતી હતી. કમળા રૂક્ષ્મણીની જોડે ખુરશી નાંખીને બેઠી અને કહ્યું "હવે તમે અમને કહો."

"હું કહું, પણ મ્હને મ્હારી વાત કરતાં શરમ આવે છે અને જ્યારે તમે મ્હારી વાત સાંભળશો ત્યારે તમે મ્હારો તિરસ્કાર કરશો. મ્હને અત્યારે જે ભાવથી તમે ચાહોછો તે ભાવ પછીથી રહેશે નહીં; માટે એટલેથીજ બસ રાખો તો સારૂં. હુંએક દુ:ખીઆરી પાપી સ્ત્રી છું. અને મ્હારા જેવી સ્ત્રીની જોડે તમારા જેવાંએ પ્રસંગ પાડવો હું દુરસ્ત

મારતી નથી. માટે જો વાત ભરમમાં રહે ત્યાં સુધી ઠીક નહીતો પછી તમારી ઇચ્છા હોય તો મ્હને કાંઇ હરકત નથી. ફક્ત મ્હારૂં કૃત્ય ખુલ્લું કરતાં મ્હને શરમ આવે છે. "

"અરે, જે હોય તે અમને કહોતો અમે બન્ને જણાં તમારા દુઃખમાં ભાગ લઇ શકીએ. કારણ અમે બન્ને જણાં તમારાં ઘણાં આભારી થયાં છીએ." કમળાએ કહ્યું.

રૂક્ષ્મણીએ જવાબ દીધો. " જો તમારી એવી જ ઇચ્છા છે તો સાંભળો. પણ પેલા સામા વરમાં જે રહે છે તેમને બોલાવો તો સારૂં. કારણ તેમણે મ્હને ગઇ કાલે રાત્રે એક અઘોર પાપમાંથી છોડવી છે તો ત્હેને પણ મ્હારે મ્હારી વાત કરવી જોઇએ. " " લ્યો ત્યારે હું બોલાવવા મોકલું " એમ કહી કમળા ત્યાંથી ઉઠી એટલે દયાશંકરે કહ્યું "હું તમને ચિઠ્ઠી લખી આપું."

એમ કહી ત્હેણે મોહનલાલ ઉપર ચિઠ્ઠી લખી આપી. અને ત્હેના ઘાટી જોડે મોહનલાલને મોકલી.

થોડી વારમાં મોહનલાલ આવ્યો અને રૂક્ષ્મણીએ નીચે પ્રમાણે વાત શરૂ કરી.

ત્હેણે કહ્યું. " હું મૂળ વતની અમદાવાદની છું અને જાતની ઔદીચ બ્રાહ્મણ છું. અમદાવાદમાં હું પખાલીની પોળમાં રહુંછું અને મ્હારાં મા બાપ કાંઈ બહુ સારી સ્થિતિમાં નહોતાં તોપણ પોતાનું ગુજરાન સારી રીતે ચલાવતાં. " આ સાંભળી મોહનલાલ ત્હેના સામું ધારી ધારીને જોવા લાગ્યો કારણ પોતે પણ તેજ પોળમાં રહેતો હતો અને ત્હેની પાડોશમાં એક ઔદીચ્ય બ્રાહ્મણ રહેતો હતો, તેથી ત્હેણે ત્હેને પુછ્યું " તમારા બાપનું નામ શું. ?"

" મ્હારા બાપનું નામ જટાશંકર અને મ્હારી માનું નામ ગંગા હતું. અત્યારે તે બન્નેમાંથી એકે હયાત છે કે નહીં તે મ્હને ખબર નથી. " રૂક્ષ્મણીએ જવાબ દીધો.

મોહનલાલે પુછ્યું " તમે જટાશંકરની છોકરી આઓ ! તમારૂં નામ શું. ?" મોહનલાલતો આશ્ચર્ય થયો કે આ ઓળખાંણ એકદમ ક્યાંથી નીકળ્યું ! ત્હેણે જવાબ દીધો. " મ્હારૂં નામ રૂક્ષ્મણી " મોહનલાલે પુછ્યું " તમે ધીરજથી ન્હાનાં કે મ્હોટાં ? "

રૂક્ષ્મણી પોતાની બ્હેનનું નામ સાંભળી આશ્ચર્ય

પામી કે આ મ્હારી બ્હેનને વળી ક્યાંથી ઓળખે! તેથી ત્હેણે પુછ્યું "તમે ત્હેને ક્યાંથી ઓળખો ?"

મોહનલાલે જવાબ દીધો "હું પણ તમારા ઘરની સામેજ રહેતો પણ મ્હારી મા મરી ગઇ ત્યારથી હું અમદાવાદ ગયો નથી."

રૂક્ષ્મણીએ કહ્યું." ત્યારે તમેતો ઉજમ ડોશીના છોકરા થાઓ ? "

મોહનલાલે કહ્યું. " હા, હવે તમે તમારીવાત આગળ ચલાવો."

રૂક્ષ્મણીતો વિચારમાં પડી ગઇ કે આ ઓળખાણ વળી ક્યાંથી નીકળ્યું. તે હવે વાત કરતાં વીશેષ શરમાવા લાગી પણ મોહનલાલે ત્હેને કહ્યું. " એમાં શરમાઓછો શા માટે. મનુષ્ય છીએ તે ભુલ પણ થાય. માટે બેધડક તમે તમારી વાત કહો."

રૂક્ષ્મણીએ પોતાનું કહેવું આગળ ચલાવ્યું. "મ્હારે એક ભાઈ તથા મ્હારાથી એક ન્હાની બ્હેન હતી. મ્હને મ્હારાં માબાપે નવમે વર્ષે પરણાવી અને મ્હારો પતિ મારા કરતાં કાંઈ મ્હોટો નહોતો. તે પણ મ્હારી ઉમ્મરનો જ હતો. બે બરસ પછી ત્હેને સખત તાવ આવ્યો અને તે ગુજરી ગયો. જે વખતે હું વિધવા થઈ તે વખતે મ્હારી ઉમ્મર

ફક્ત અગીઆર વરસની હતી. તે વખતે હું સ-મજતી પણ નહોતી કે વર મરી જાય તો શું દુઃ-ખ થાય. તે વખતે મ્હને સંસારનું બીલકુલ ભાન પણ નહોતું. મ્હારો વર ગુજરી ગયો સાંભળી મ્હને મનની અંદર બીલકુલ ખેદ પણ થયો નહોતો, કાર-ણ તે વખત હું બીલકુલ સમજતી નહીં. મ્હારા મા બાપ મ્હને તે બાબત કાંઈ કહેતાં પણ નહીં. પણ આખો દીવસ તે બન્ને જણાં રોયા કરતાં તથા ઘર આગળ બીજાં બૈરાં રોવા કુટવા આવતાં તે-થી મ્હને પણ એમ થતું કે કોઈ મરી ગયું હશે તેથી આવતાં હશે પણ તે મરનાર મ્હારે આ-ટલો નીકટનો સંબંધી થાય છે તેનું મ્હને ભાન પણ નહોતું. ધીમે ધીમે મ્હારાં મા બાપ શાંત થતાં ગયાં અને જેમ જેમ દિવસો ગયો તેમ તેમ તે-મનું દુઃખ ઓછું થતું ગયું. હું પંદર વર્ષની થઈ, મ્હારી સખીઓમાં બેસતી અને જ્યારે તેઓ પો-તપોતાના વરની વાતો કરતી ત્યારે મ્હારા મનમાં એમ થતું કે આમાં તેઓ આટલો આનંદ શા માટે માનતી હશે? મ્હને તે વખતે હું વિધવા છું તે ખબર હતી પણ પતિ સુખ શું છે તેનું ભાન મ્હને કોઈ દિવસ થયું નહોતું. તેથી વખતે જ્યારે

એકાદ બ્હેનપણી એકલી હોય ત્યારે હું પુછતી કે તમે આટલો બધો એમાં આનંદ માનો છો તે શું છે? પણ મ્હને બરોબર જવાબ દેતી નહીં. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ તે ઇચ્છા મ્હારા મનમાં ધીમે ધીમે ઉછરતી ગઈ. અને એક દિવસ હું મ્હારી બ્હારીએ બેઠી હતી ત્યારે એક તરૂણ પુરૂષ ત્યાં થઇને ચાલ્યો જતો હતો ત્હેને જોઈ મ્હારૂં ચીત્ત ત્હેનામાં ચોટયું. અગર જો કે મ્હે ત્હેને પહેલ વહેલો જ જોયો હતો પણ ત્હેને જોઈ કોણ્જાણે શીએ લાગણી મ્હારા મનમાં થવા લાગી. બીજે દિવસે પણ તે જ વખતે તે જ પુરૂષ ત્યાં થઇને જતો હતો. ત્હેણે મ્હારા સામું જોયું અને મ્હે નીચુ જોયું. પણ તે તો ચાલ્યો ગયો અને ત્હેની છબી મ્હારા હૃદયમાં પડી ગઈ. મ્હને ત્હેને જોવાની વીશેષ વીશેષ ઇચ્છા થતી. પણ મ્હને ખબર નહોતી કે ત્હેને જોવાની ઇચ્છા મને શાથી થતી. ચાર પાંચ રોજ લગણ હું બ્હારીએ ત્હેની રાહ જોતી બેશી રહેતી. મ્હારા સામુ વારંવાર જોતો અને કોઈ કોઈ વખત તો ત્યાં ઉભો પણ રહેતો. એક દિવસ મ્હારા દેખતાં ત્હેણે સામેની ભીંતની ઈંટો જેમાંથી માટી ની-

કળી જર્હાં બખોલ પડેલી તેમાં કાંઈ મુકી તે ચા-લતો થયો. હું તો બ્હારીએની બ્હારીએ જ બેશી રહી. થોડીવાર પછી મ્હારા મનમાં વિ-ચાર આવ્યો. લાવ જોઉ તો ખરી કે ત્હેણે ત્યાં શું મુક્યું છે એમ કરી હું મ્હેડીએથી નીચે ઉતરી અને કોઇ ન દેખે તેમ તે ભીંત પાસે ગઇ અને આસપાસ જોઈ મ્હે તે બખોલમાં હાથ નાંખ્યો તો એક કાગળનો ગોળો મ્હારે હાથ આવ્યો. તે મ્હે લઈ લીધો અને પાછી ઘરમાં આવી. અને મ્હે-ડી ઉપર ગઈ અને ત્યાં હું એકલી હતી તેથી ગોળો ઉકેલ્યો તો તેની અંદર ફક્ત એટલું જ લ-ખ્યું હતું કે "હું આજ સાંજથી બે ત્રણ દિવસ લ-ગણ આઠ વાગ્યા સુધી પોળે રાહ જોઇશ." આ એણે કહોને લખ્યું હશે એમ મ્હારા મનમાં થયું. પણ પછી મ્હને એમ લાગ્યું કે ત્હેણે મ્હારા દે-ખતાં તે બખોલમાં તે ગોળો મુકયો તે બીજા ક-હોને માટે હોય. તે તો મ્હારે જ વાસ્તે ત્હેણે મુકયો છે. એમ મ્હને ખાતરી થવાથી કાંઈ બ્હાનું કહાડી રાત્રે ત્હેને મળવા તો જવું. પણ ત્હેને મ્હારે શા માટે મળવું ત્હેની મ્હને સુજ પડે નહીં. મ્હારૂં મન ત્હેને મળવાને તલ્પી રહ્યું હતું. ક્યારે સાંજ

પડે કે હું ત્હેને મળવા જાઉં એમ મનમાં અધા-
રાઈ આવી ગઈ હતી. જેમ તેમ કરતાં સાંજ પડી.
અંધારૂં થયું અને મ્હારી માને કહ્યું હું હમણાં
આવું છું. એમ કહી હું બ્હાર ગઈ. પોળ પાસે જાઉં
તો તે ત્યાં ઉભેલો અને મ્હને જોઈ ત્હેના મ્હો
ઉપર જાણે આનંદ છવાઈ રહ્યો હોય તેમ મ્હને
લાગ્યું. મ્હને જોઈ તે હશી પડયો; અને જ્યારે હું
ત્યાં ગઈ ત્યારે તે ત્યાંથી આગળ ચાલતો થયો.
હું પણ ત્હેની પાછળ પાછળ ગઈ અને એક પડી
ગએલા ઘરની ભીંતની ઓથે તે ઉભો રહ્યો. મ્હારી
ત્યાં જવાની હીમત ચાલી નહી તેથી હું તો રસ્તામાં
ઉભી રહી. થોડીવાર થઈ અને જ્યારે હું ન ગઈ
ત્યારે તે પાછો બ્હાર આવ્યો અને કહ્યું. "આમ
આવો." પણ મ્હારી તો હીમત ચાલી નહી. ત્યાં
આગળ તે વખત કોઈ હતું નહી તેથી તે મ્હારા
પાસે આવ્યો અને મ્હારો હાથ ઝાલી તે મ્હને ત્યાં
લઈ ગયો. તે દિવસથી અમારા બન્ને વચ્ચે પ્રિતિ
થઈ અને તે પ્રિતિ દિવસે દિવસે વધતી ગઈ. હું
દરરોજ સાંજે ત્હેને મળવાને જવા લાગી. એમ
એક વરસ સુધી તો ચાલ્યું. પછી તો એક દિવસ
મ્હારા અને ત્હેના મનમાં એમ થયું કે આપણે

આમ છુપી રીતે કયાં સુધી મળીશું. આપણામાં પુનરલગ્નનો રીવાજ નથી તેથી આપણી બન્નેની વચ્ચે લગ્ન થવું એ તો મુશકેલ છે. ત્યારે તે સિવાય બીજો શો રસ્તો લઇએ કે આપણે ખુલ્લી રીતે સાથે હમેશાં ભેગાં રહી શકીએ. આવા વિચારો અમારા બન્નેના મનમાં આવતા. એક દિવસ પછી એમ નક્કી કર્યું કે આપણે અહીયાંથી કાંઈ દેશાવર ચાલ્યાં જઇએ. અને લાગ જોઇ અમે બન્ને જણાં એક દિવસ છાનામાનાં મુંબાઇની ટીકટ લઈ મુંબાઈ ગયાં.

પ્રકરણ ૩૩ મું

વિધવાની વાત શરૂ.

રૂક્ષમણીએ પોતાની વાત ફરીથી નીચે પ્રમાણે શરૂ કરી " મુંબાઈ ગયા બાદ એક ન્હાની ઓરડી ભાયખળાના સ્ટેશન પાસે લઈ અમે બન્ને જણાં રહ્યાં. હું જેની જોડે નાશી આવી હતી ત્હેનું નામ હરજીવન હતું. તે ત્યાં બપોરે બાર વાગેથી બ્હાર જતો તે છેક સાંજે પાછો ઓરડી ઉપર આવતો અને દરરોજ કાંઈક પૈસા તે લાવતો. તે શું ધંધો કરે છે ત્હેની મ્હને બિલકુલ ખબર નહોતી. અને અમને પૈસાની બિલકુલ તંગી લાગતી નહોતી. મહીનો માસ અમે તે ઓરડીમાં રહ્યાં નહીં હોઈએ એટલામાં હરજીવને મ્હને મકાન બદલવા પુછ્યું; અને કહ્યું કે, " આવડા ન્હાના મકાનમાં આપણો સમાસ થતો નથી માટે કાંઈ મ્હોટું મકાન મળે તો આપણે ભાડે રાખીએ " અલબત મ્હને પણ તે મકાન ગમતું નહોતું પણ જો હું ત્હેને મકાન બદલવા આગ્રહ કરૂં તો ત્હેના મનમાં મ્હારે માટે ઉડાઉપણાના

વિચાર આવે અને તેથી કરીને જો અમારો સબંધ તુટી જાય તો માબાપની આબરૂને બટ્ટો લગાડી તથા દુનિઆની લાજની દરકારને નગણકારી હું નીકળી આવેલી તેથી પાછું મ્હારૂં શું થાયતે વિચાર થીજ હું ત્હેની પાસે બહુ ખર્ચ કરાવવા હઠ કરતી નહીં. ત્હેણે મ્હાલક્ષ્મિના સ્ટેશન પાસે એક ન્હાનું અલાયદું મકાન રાખ્યું તે મકાનનો બહારનો દેખાવ સારો હતો તથા અંદરની સગવડ પણ અમને બંનેને રૂચે તેવી હતી. બીજે દિવસે તે કાંઈ ફરનીચર લાવ્યો તથા મકાનને સારી રીતે શણધારી અમે બંને જણ મોઝમઝાથી રહેવા લાગ્યાં. હરજીવન આ બધો ખર્ચ શી રીતે ચલાવે છે તે જાણવા મ્હને બિલકુલ તે વખત દરકાર હતી નહીં. મ્હને તો મ્હારા મનને ગમતું મળતું એટલે તે ક્યાંથી આવે છે અથવા શી રીતે આવે છે તે જાણવાનું મ્હારે શું કામ? થોડા દિવસ પછી સાંજે જ્યારે હરજીવન ઘર આગળ આવે ત્યારે ત્હેની જોડે બીજા એક બે જણને લેતો આવે. આ પ્રમાણે મહીનો માસ વીતી ગયો અને હું મ્હારી હાલની સ્થિતીમાં સુખ માનવા લાગી.

એક દિવસ સાંજે વાળુ કર્યા બાદ મકાનના

આગલા ઓરડામાં હરજીવન તથા હું એક કોચ ઉપર બેઠાંબેઠાં વાતો કરતાં હતાં તેવામાં હરજીવન કાંઈક વિચારમાં પડી ગયો હોય તેમ મ્હને ત્હેના મ્હો ઉપરથી લાગ્યું તેથી મ્હે ત્હેને પુંછ્યું :" શું તમને આપણી હાલની સ્થિતી ગમતી નથી ? તને તેને માટે પસ્તાવો થાય છે? કે બીજા કાંઈ વિચારમાં પડ્યા છો? "

હરજીવને જવાબ આપ્યો " એતો કાંઈ નહીં. "

" જુઓ મ્હે મ્હારા માબાપની લાજને બટ્ટો લગાડ્યો, દુનિયાની દરકાર પણ કરી નહીં અને તમારી જોડે ચાલી આવી છતાં જ્યારે તમે મ્હારી જોડે બરોબર ખુલાસાથી વાત ન કરો ત્યારે મ્હને ખોટું લાગે નહીં? માટે મ્હને તમારા મનમાં શું છે તે કહો. " રૂક્ષ્મણીએ કહ્યું.

હરજીવન તો વિચારમાં પડ્યો કે વાત કરવી કે નહીં. ઘડીક્માં ત્હેને મન ખોલીને વાત કરવા મન થતું પણ પાછો ઘડીકમાં બીજો વિચાર આવતાં ત્હેનું મન પાછું હઠતું હતું. છેવટે ઘણીવાર પછી ત્હેણે કહ્યું " જ્યારે તમે મ્હારે માટે આટલું સહન કર્યું છે તો મ્હારા મનમાં જે વિચાર છે તે ખુલ્લો કરૂં છું પણ જો તે વિચાર તમને ઠીક

ન લાગતો હોય તો પણ વાત કર્યા પછી તે વાત બ્હાર પડે નહીં. ”

“ હજી તમને તે બાબતની ખાત્રી થતી નથી? તમારી વાત બ્હાર પાડી તમને ફંદામાં નાંખવાથી મ્હને શો ફાયદો છે? મ્હને તો તેથી નુકશાન છે કારણ તમારી જોડે હું ચાલી આવીછું તેથી હવે મ્હારે બીજે કાંઇપણ જવાય તેવું છે કે નહીં ત્હેનો તમેજ વિચાર કરો. હવે તો તમે સુખી તો હું સુખીછું અને તમે દુખી તો હું દુખીછું. હવે હું તમારી દરેક બાબતમાં ભાગ લેનાર થઇછું તો મ્હને વાત કરતાં અચકાઓછો શા માટે?”

હરજીવન ત્યાંથી ઉઠયો અને મકાનમાં આસપાસ બધે જોઇ આવ્યો કે કોઈ છેતો નહીં. પછી પાછો તે, તે ઓરડામાં આવ્યો અને બારણાં અંદરથી બંધ કર્યાં. મ્હારા મનમાં એમ થયું કે એવી તે વળી શું વાત છે કે વાત કહેતાં પ્હેલાં તે આટલીબધી ચોકશી કરે છે. બારણાં બંધ કર્યા બાદ પાછો તે મ્હારી પાસે આવીને બેઠો અને ધીમેથી મ્હને કહેવા લાગ્યો. “ જો આજ લગણુ મ્હે તંમને આ વીષે બીલકુલ વાત કરી નથી અને આજ જે હું કહું તે તમારે કોઇને ક-

હેવું નહીં; અને જો કહેશો એવો મ્હને શક જશે તો હું તમને અત્યારથી નથી કહી શકતો કે તેનું પરિણામ શું આવશે. પણ તે વખતે તમને બહુ પસ્તાવો થશે. માટે જે તમે સાંભળો તે તમારા હૃદયમાંજ દાટી દેવું." "પણ કહોતો ખરા કે એવું તે તમે શું મ્હને કહેવા માગોછો કે તેને માટે પહેલેથી આટલુંબધું લાંબુ વિવેચન કરવું પડે છે? ખાતરી રાખજો કે જ્યાં સુધી આ ખોળીઆમાં જીવ છે ત્યાં સુધી તમે જે કહેશો તેમાંનો એકકે શબ્દ બ્હાર પડવાનો નથી. માટે બેલાશક જે હોય તે બીલકુલ બ્હીક રાખ્યા શીવાય કહો." રૂક્ષ્મણીએ કહ્યું.

"ત્યારે લ્યો સાંભળો." હું એક ધુતારાની ટોળીમાં અહીયાં ભળ્યો છું. અને તે ટોળી સુનેરી ટોળીના નામથી ઓળખાય છે. તે ટોળીમાં અત્યારે પાંત્રીસ માણસ છે. અને બીજાં કેટલાંક છુપાં માણસો છે. હમણાં પાંચ સાત રોજથી જે આસામીઓ મ્હારી જોડે આવેછે, તે પણ તેમાંનાંજ છે. તેઓ અહીયાં જ્યારે આવ્યા ત્યારે તેમણે તમને જોયાં. અને તેમને એક વિચાર આવવાથી મ્હને તેમણે કહ્યું કે તમારે ત્યાં જે સ્ત્રી છે તે દેખા-

વની સારી છે તથા હેનો હેરો ભવ્ય અને સામા માણુસોમાં હેનું વજન પડે તેવો છે. માટે જો તે આપણામાં ભળે તો આપણને બહુ મદદગાર થઈ પડે. માટે તમે હેને તે વિષે પૂછી જોજો. મ્હને પણ તે વાત પસંદ પડી છે. માટે બોલો તમે તેમાં ભળશો ? અમે જે કામ કહીએ તે તમારે કરવું અને કોઇને આપણે માટે શક જવો જોઇએ નહીં."

હું તો આ સાંભળી આભીજ થઈ ગઈ. અરે, દૈવ! હેં મ્હારી જીંદગી આવી શા માટે કરી? મા બાપને છોડી આ પુરૂષ જોડે નીકળી ગઈ, એટલેથી જ બસ ન॰ થયું કે વળી ધુતારાની ટોળીમાં ભળવું પડેછે. હા પાડતાં પહેલાં મ્હારા મનમાં ઘણી ઉથલ પાથલ થઈ, પણ હવે ના પણ કયમ પડાય. જો ના પાડું તો પણ તે લોકોની વાત મ્હેં જાણી તેથી તે હવે માને તેમ છે? માટે ગમે યા ન ગમે તોપણ પરાણે ભળ્યા શીવાય છૂટકો નથી એમ ધારી મ્હેં જવાબ લીધો. "હું તમારી જોડે આવી છું. માટે તમે જે કહેશો તે હું કરીશ. મ્હેં તો મ્હારૂં બધું તમને સોંપી દીધું અને હવે તો આખી જીંદગીનો આધાર તમારી

જ ઉપર છે તો પછી હું ના પાડું તેથી શું વળે? માટે બ્હેતર છે કે તમે જે પ્રમાણે મ્હને દોરશો તે પ્રમાણે દોરવાઇશ."

મ્હેં કબુલ કર્યું તેથી તે રાજી થયો. અને હર્ષ ત્હેના મ્હો ઉપર સ્પષ્ટ જણાઈ આવતો હતો. બીજે દિવસે તે મ્હને ત્હેની ટોળીમાં લઈ ગયો. પણ તે ટોળીમાં જતા પહેલાં મ્હને બહુજ શરમ આવી અને મન ધડકવા લાગ્યું. તોપણ હિંમતથી હું ત્યાં ગઈ. તે મ્હને ડંકનરોડ ઉપર એક મકાન હતું ત્યાં લઈ ગયો. પણ મ્હને પહેલેથીજ કપડાં બદલાવ્યાં હતાં. હું જ્યારે ત્યાં ગઈ ત્યારે બાપડીના પોશાકમાં ગઈ નહોતી. તેજ દિવસે પહેલ વહેલાં મ્હે પુરૂષનાં કપડાં પહેર્યાં. જ્યારે હુ ત્યાં ગઈ ત્યારે પહેલાં તો મ્હને એક મ્હોટા ઓરડામાં લઈ જવામાં આવી. અમે બન્ને જણાં અંદર ગયાં એટલે તરતજ દરવાજો બંધ કરી દીધો. મ્હને એકલી ત્યાં બેસાડી હરજીવન મકાનના બીજા ભાગમાં ગયો. હું ત્યાં એકલી બેશી રહી અને તે વખતે મ્હારા મનમાં અનેક તર્ક થવા લાગ્યા. શું આ મ્હારી જીંદગી? બૈરી થઈ પુરૂષના પોશાકમાં નીકળવું મ્હને બહુજ શરમ ભરેલું લાગ્યું, પણ શો ઉપાય? હું ત્યાં

પાંએક કલાક નહીં બેઠી હોઉં એટલામાં ત્રણ મા-ણુસો સહીત હરજીવન ત્યાં આવ્યો. મ્હને જોઈ પેલા ત્રણ જણાતો આભાજ ગઈ ગયા, અને ત્હે-મના ચહેરા ઉપરથી સ્પષ્ટ જણાતું હતું કે તેઓ આ મ્હારો પોશાક જોઈ વિચારમાં પડ્યા હશે. તેઓ ચારે જણા મ્હારી પાસે આવીને બેઠા અને મ્હારી જોડે વાતચિત કરવા લાગ્યા. ધીમે ધીમે તેઓએ પોતાની ટોળીની વાત આણી અને મ્હને તેની અંદર દાખલ થવા મ્હારી મરજી પૂછી. મ્હ-ને હરજીવને પહેલેથી તે બાબત શીખવી રાખ્યું હતું, એટલે તે બાબત મ્હને બહુ આશ્ચર્ય લાગ્યું નહીં. જ્યારે મ્હેં મારી મરજી બતાવી ત્યારે તેમણે મ્હને કેટલાક સોગન આપ્યા, અને તે સોગન મ્હેં કબૂલ પણ કર્યા અને તે દિવસથી હુ તે ટોળી-માંની એક થઇ."

આટલું બોલતાં તે થાકી ગઇ હોય તેમ તે અટકી અને જોરથી શ્વાસ લીધો. ત્હેણે પાણી માગ્યું તે કમળાએ ઉઠીને આપ્યું. અને થોડું પા-ણી પી રહ્યા બાદ, પોતાના કપાળ ઉપર વળેલો પરસેવો લોહી નાંખી ત્હેણે પોતાની વાત આગળ શરૂ કરી.

"હવે હું દરરોજ બપોરે હરજીવનની જોડે તે મકાનમાં જતી અને જરૂરની બધી હકીકતથી તે એ મ્હને વાકેફ કરતા. આઠ દશ રોજ હું ત્યાં નહી ગઈ હોઉં એટલામાં એક રાત્રે મ્હને આખા જીંદગીમાં નહી થએલી અસર મ્હારા શરીરને લાગી. મ્હે હરજીવનને તે વિષે વાત કરી. ત્યારે ત્હેણે ખેદ પામતાં પામતાં કહ્યું કે "તમારા શરીરમાં ફેરફાર થયો છે, અને તમને દહાડા હોય એમ મ્હને લાગે છે." આ સાંભળી મ્હને બહુ ખેદ થવા માંડ્યો. અરે વળી આ શું? બાળક આવશે તો હું ત્હેને ક્યાં છુપાવી રાખીશ. મ્હારી એકલીનું હું જાળવી શકતી નથી તે વળી બેનું. શું થશે? સંતાતાં ફરવાનો અવતાર છે તેમાં વળી આ પીડા ક્યાંથી વળગી. શો ઉપાય કરૂં? એમ મ્હારા મનમાં અનેક વિચાર આવવા લાગ્યા. હરજીવનને પણ આનંદ થવાને બદલે ખેદ થયો. મ્હારા અજાણપણાને લીધે દિવસો પણ બહુ થઈ ગયા હતા. પાસે સખી પણ નહોતી કે તે પણ વાતમાં ને વાતમાં મ્હને જણાવે કે ત્હારી સ્થિતિ આવી છે. શરીરનો ધાટ પણ બદલાવવા માંડ્યો હતો. આ વાત છૂપાવી પણ કેવી રીતે રાખું? આવા વિચારમાંને

વિચારમાં દિવસો જવા માંડ્યા. શરીરનો ઘાટ પણ વધતો ગયો. કેટલા દિવસ થયા છે તેની પણ મ્હને ખબર નહોતી. જ્યારે ખુલ્લી રીતે બ્હાર મ્હારી સ્થિતિ જણાઇ આવે એવું મ્હને લાગ્યું ત્યારથી મ્હેં બ્હાર જવું મૂકી દીધું.

ઘરમાંને ઘરમાં બેશી રહેવા લાગી. એક પછી એક દિવસે ચાલ્યા ગયા. એક દિવસ રાત્રે આઠ વાગે મ્હારા પેટમાં દુખવા આવ્યું. કોઈ દિવસ નહી થએલી પીડા થવા માંડી, અને મ્હને ખબર પણ નહોતી કે પ્રસવ થતી વખત શી શી પીડા થતી હશે. રાત્રીના દશ વાગ્યાને સુમારે છોકરાનો પ્રસવ થયો. હરજીવન શિવાય બીજું કોઈ ઘરમાં હતું નહીં. પ્રસવ થયો ત્યારે હરજીવન પણ ગભરાવવા લાગ્યો. છોકરાનું શું કરવું તેની સૂઝ પડે નહીં. આવા નિરપરાધી પશુને મારી નાંખવું એ પણ મ્હને બહુ નિર્દય લાગ્યું. હરજીવન પણ મુઝાવવા લાગ્યો. જો આ છોકરો જીવશે તો આગળ ઘણું દુઃખ થશે એ વિચારોથી મ્હારૂં અંતઃકરણ ઘણું દુખી થવા લાગ્યું. આખરે તે છોકરાને ગળે નંખ દઈ મારી નાંખવા હરજીવને મ્હને, કહ્યું. અરે, આ પાપ માતાના હાથથી કેમ થાય ? ગમે

તેવી રીતે પેદા થયો, ગમે તેવી સ્થિતિમાં ત્હેનો જન્મ થયો, તથા ગમે તેવું ત્હેના જનમવાથી દુઃખ થાય તોપણ માતૃભાવ ક્યમ આવ્યા વગર રહે.? ઇશ્વરની પ્રેરણા માતાના મનમાં દયા પ્રેર્યા વગર ક્યમ રહે.? મ્હારૂં મન ત્હેને મારી નાખવાને બહુ આંચકો ખાતું. અરે દૈવ! મ્હારૂં પોતાનું છોકરૂં, મ્હારા પોતાના ઉદરમાં પેદા થએલું બાળક, ગમે તો મ્હારા નીચ કર્મથી પેદા થયું છતાં મ્હારે પોતાનેજ હાથે ત્હેના કુમળા દેહને ચુંદી નાંખવો એ કેમ બની શકે. એક તરફથી ત્હેને મારી નાંખવા મનમાં વિચાર થાય, પણ બીજી તરફથી મન આંચકો ખાય. હરજીવન પાસે ઉભો ઉભો મ્હને ત્હેનો ત્યાગ કરવા પ્રેરણા કરે. પણ મ્હારૂં મન માને નહીં, આખરે નિશ્ચય થયો કે ત્હેને મારી નાંખવું. મ્હેં તે બાળકને હાથમાં લીધું. ખોળામાં સુલાડ્યું ત્હેના સામું જોઈ મ્હારા મનમાં દયા ઉત્પન્ન થઈ. મ્હેં ફરીથી હાથમાં લઈ ત્હેના કુમળા ગાલ ઉપર બચ્ચીઓનો વરસાદ વરસાવ્યો. આંખમાંથી આંસુની નદીઓ ચાલી. અને અંતઃકરણ બહુ ગભરાવવા લાગ્યું, આ પશુને શી રીતે મારી શકું. ત્હેણે મ્હારૂં શું બગાડ્યું છે.?

મ્હારે પેટ અવતાર લીધો તેટલોજ હેનો ગુન્હો હતો. હરજીવન મ્હને કહેવા લાગ્યો, "આ તમા-રામની નબળાઈ જોઈ મ્હને એમ લાગે છે કે હમે આગળ વિશેષ શી રીતે સહન કરી શકશો. આ બાળક તમને ભવિષ્યમાં દુઃખ રૂપ થઈ પડશે. માટે જ્યાં સુધી દુનિયામાં ખબર પડી નથી ત્યાં સુધીમાં જો દુઃખમાંથી તમે છૂટાં થવા માગશો તો થઈ શકશો પણ બધે ખબર પડ્યા બાદ તે દુઃખ તમે ગમે તે ઉપાય કરશો, છતાં તે તમારે વેઠવું પડશે. માટે મ્હારૂં રહેવું માની હેનો જલદી અંત આણો." ભવિષ્યના સુખની આશામાં મ્હારૂં અંતઃકરણ નિર્દય થયું. મનની અંદર એકદમ જુસ્સો આવ્યો. અને બિચારા નિરપરાધી બાળ-કને ગળે નખ દઈ હેના આ પાપી હાથે પ્રાણ લીધા; અરે તે દિવસે હું બાળ હત્યારી થઈ. તે કર્મ કર્યા બાદ મનને બહુજ પસ્તાવો થયો. મનમાં થયું કે તે નિર્દોષ બાળકને મારી નાંખ્યો તેના કરતાં જો આ દેહનો ત્યાગ કર્યો હોત તો કાંઇ ખરાબ નહોતું. અંતઃકરણ ભરાઈ આવવાથી રોવા લાગી. જ્યાં મ્હેં તે બાળકને મારી નાંખ્યું કે તરત હરજીવન તે બાળકને મ્હારી પાસેથી લઇ

ગયો. ત્હેનું શું કર્યું તે મ્હને ખબર નથી.”

આટલું કહેતાં કહેતાં ત્હેનો કંઠ ગળગળો થઈ ગયો, મન ભરાઈ આવ્યું, અને રોવા લાગી. આસપાસ બેઠેલાના મન ઉપર પણ અસર થઈ. અને કમળાની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં. થોડી વારમાં રૂક્ષ્મણીએ પાણીનો ઘુંટડો પીને પાછી પોતાની વાત શરૂ કરી.

“ જેમ જેમ દિવસ જતા તેમ તેમ પાછું મ્હારૂં અંતઃકરણ કઠણ થવા માંડ્યું. બે મહિના થઈ ગયા એટલે મ્હેં બ્હાર નીકળવા માંડ્યું. અને આ પાપી હાથે એક ઘોર પાપ કર્યું તેથી હૃદય પણ કઠણ થયું. હું પાપી ધૂતારાની ટોળીમાં દાખલ થઈ અને મહિનો માસ ત્યાં ગઈ હઈશ એટલામાં મ્હને તે લોકોએ તેમના કામમાં સામેલ કરી. હવે મ્હને પણ તે લોકોની દગલબાજી, છેતરપીંડી, તથા લુચ્ચાઈમાં ભાગ લેવા મન થતું. પુરૂષનો પોશાક પ્હેરી ફરવા મન થતું અને મ્હારૂ મન હવે તેવાં કામો તરફ વળ્યું.

ઉપરની હકીકત બન્યા બાદ ચાર પાંચ મહિના પછી એક દિવસે તે લોકોએ મ્હને એક રાજકુંવરનો વેશ લેવા કહ્યું. જે મ્હેં રાજીખુશીથી કબૂલ

કર્યું અને તે પ્રમાણે વેશ બદલી અમે બધાં એક બંગલો ભાડે લઇને રહ્યાં. દશ બાર દિવસમાં અમને એક ભક્ષ મળ્યું ત્હેને છેતરી અમે ત્યાંથી નાશી ગયાં.

આ પ્રમાણે વેશ બદલી અમે ઘણા લોકોને ધૂતતાં હતાં. આવું ધૂતારાનું કામ કરતાં હતાં છતાં કોઇપણ અબળા જો કાંઇ દુઃખમાં હોય તો છોડાવવા તથા કોઈ ગરીબ ગરબું હોય ત્હેને મદદ કરવા અમે ચૂકતાં નહીં. તે બાબતની તો તમને ખાતરી છે તથા અનુભવ પણ મળ્યો છે. એટલે વિશેષ કહેવા જરૂર નથી. " કમળા તરફ જોઇ ત્હેણે કહ્યું. " આ પ્રમાણે હું મ્હારો કાળ નિર્ગમન કરતી હતી. પડેલા ધંધામાં સુખ માનતી હતી, અને મ્હારા મનનું ધાર્યું કરતી હતી. ટોળીના બધા માણસ મ્હને બહુ ચહાતાં હતાં. અને કોઇ દિવસ મ્હને ઓછું આવવા દેતાં નહોતાં. પાણી માંગું તો દૂધ તેઓ મ્હારી પાસે હાજર કરતા, અને આ વખતે હું મ્હને પોતાને બહુ સુખી માનતી હતી. અત્યારે મ્હારી ઉમ્મર ચાળીસ વર્ષની થઇ છે. હું જ્યારે સોળ વર્ષની હતી ત્યારે મ્હેં. મ્હારા બાપનું ઘર છોડયું હતું અને આટલી

ઉમ્મરમાં " શરમાતે શરમાતે નીચું જોઇ હેણે કહ્યું, " મ્હને સાત છોકરાં થયાં. તેમાંનાં ત્રણતો જન્મીને તરત મરી ગયાં, અને ચાર છોકરાંની આ પાપી હાથે ઘાત કરી. " આટલું કહેતાં હેનું મ્હો સાવ ઉતરી ગયું. આંખમાંથી ડળક ડળક આંસુ પડવા લાગ્યાં, અને કંઠ ગળગળો થઇ ગયો. થોડી વાર તે મુન્ય બેશી રહી. આસપાસ વાત સાંભળનાર હેની સામું ટગર ટગર જોઇ રહ્યાં. અને કેટલીક વખતે હેની ઉપર બધાંને તિરસ્કાર આવતો તથા કોઇ કોઇ વખત હેની ઉપર દયા પણ આવતી. રૂક્ષ્મણીએ પછી પોતાની વાત શરૂ કરી.

" આજથી છ મહિના ઉપર હરજીવન એકાએક માંદો થયો, અને આઠ દસ દિવસ માંદો રહી તે આ દુનિઆ છોડી ચાલ્યો ગયો. જ્યારે હું એકલી પડી ત્યારે અનેક વિચાર મનમાં આવવા લાગ્યા ઉમ્મર પણ મ્હોટી થઇ ગઈ હતી, છતાં શરીરના બાંધા ઉપરથી એમ નહોતું જણાતું કે ઉમ્મર એટલી બધી થઈ ગઈ હશે. કોઈક વખત મનની અંદર એમ થતું કે આ ટોળીમાંના કોઈ જોડે પાછો ફરીથી નાતો બાંધું, પણ કોઈ, કોઈ

વખત હવે તે ઉપર તિરસ્કાર આવતો. હરજીવનની હયાતીમાં જેવું મ્હારૂં મન રહેતું તેવું હવે રહેતું નહીં. તેથી એક દિવસ એમ વિચાર થયો કે હવે આ ભટકતી જીંદગી છોડી એક ઠેકાણે ન્હાનું મકાન લઇ રહું. અને બાકીનો કાળ નિર્ગમન કરૂં. પણ જે જીવે સુખ દીઠું છે તથા જે જીવે જેમાં સુખ માન્યું છે તે સુખને છોડી એકાંતમાં રહેતું પસંદ પડયું નહીં. એકાદ મહિનો હું વિશેષ તે ટોળીમાં રહી પણ હવે મ્હને તેમાં ગોઠયું નહીં. તેથી એક ઓરડી ભાયખાળામાં ભાડે લઇને રહી. મ્હારી પાસે બેએક હજાર રૂપીઆની મુંડી હતી. તે મુંડી ઉપર નિર્વાહ ચલાવવા નિશ્ચય કર્યો.

ઓરડી લઇને રહ્યા બાદ એકાદ મહિનો નહી થયો હોય ત્યાં એક દિવસ સવારે હું ઉઠી ત્યારે મ્હારી ઓરડીનાં બારણાં મ્હેં ખુલ્લાં દીઠાં. તેથી મ્હારા પેટમાં ફાળ પડી. ઓરડીમાં જોઉં તો જે બે પેટીઓ હતી તે ન મળે. મ્હારૂં સર્વ તે પેટીઓમાં હતું. મ્હારી મુડી પણ તેમાં જ હતી. તેથી હવે ઘરની અંદર આઠ દસ પીતળનાં વાસણ એક ન્હાનો કોચ તથા બેચાર પહેરવાના લુગડાં શીવાય બીજું કાંઈ રહ્યું નહી. મ્હેં પોલીસમાં

ખબર આપી પણ પત્તો લાગ્યો નહીં. હવે શું કરવું. નિર્વાહ કેવી રીતે ચલાવવો, એ વિચારમાં પડી. પાસે બે રૂપીઆ શીવાય બીજું કશું મળે નહીં. ઓરડીનું ભાડું આપવા સરખુ પણ નહીં. એક બે દિવસ જેમ તેમ કરી મ્હેં ત્યાં કહાડયા બે રૂપીઆ પણ થઈ રહ્યા, હવે શું કરવું. એક પછી એક વાસણ પણ વેચવા માંડયાં. જ્યારે વાસણ વેચવાની વાત ઓરડીના ભૈયાને ખબર પડી, ત્યારે તે આગળના મહિનાનું ભાડું લેવા આવ્યો. ભાડું ક્યાંથી આપું. હું ભૈયા પાસે રોઈ પડી. તેથી મ્હને બે દિવસ ત્હેણે વધારે રહેવા દીધી. પણ બે દિવસ જતાં શી વાર લાગે. ત્રીજે દીવસે ભૈયો પાછો આવ્યો. અને ભાડાની ઉઘરાણી કરવા લાગ્યો. ભાડું નહોતું તેથી મ્હને તે ઓરડીમાંથી રજા આપી. ત્રણ ચાર વાસણ હતાં તે લઇ હું ઓરડીમાંથી નીકળી અને તે વાસણ વેચી તેના પૈસા કર્યા પણ તેનું શું ઉપજે? પાંચ રૂપીઆ આવ્યા. તેમાંથી હું ખાતી તથા કોઈના ઓટલા ઉપર સુઇ રહેતી." આમ વાત કરતાં કરતાં તે રોઇ પડી. અને આગળ ન બોલાયું તેથી તે બોલતી બંધ થઈ ગઈ.

પ્રકરણ ૩૪ મું.

વિધવાની વાત સમાપ્ત.

રૂક્ષ્મણીએ પોતાની વાત આગળ શરૂ કરી. "ઓરડીમાંથી નીકળ્યાને ત્રણ દિવસ થઈ ગયાં અને ચોથે દિવસે રાત્રે હું પાયધુનીથી ભીંડી બજારને રસ્તે ચાલી ચાલી જતી હતી, તેવામાં પાંચ સાત મુસલમાનના છોકરા પાછળથી એકદમ ઉતાવળા ઉતાવળા આવ્યા. અને તેમની હડફેટમાં આવવાથી હું પથ્થરથી બાંધેલા ફુટપાથ ઉપર સરી પડી. અને માથું એક ફાનસના થાંભલાંસાથે અથડાયું. પડ્યા પછી શું થયું તે મ્હને ખબર નથી. પડી તેવી તરતજ હું બેભાન થઇ ગઈ."

"જ્યારે હું શુદ્ધિમાં આવી ત્યારે હું એક લોખંડના કોચમાં સૂતી છું એમ લાગ્યું. આસપાસ જોયું તો આઠ દશ કોચ એવી રીતે પાથરેલા હતા અને તેમાં બાયડીઓ સૂતેલી હતી. જ્યારે હું ભાનમાં આવી જાગી ત્યારે મ્હારા કોચ ઉપર એક પ્રૌઢતી બાયડી બેઠી હતી અને મ્હારી સારવાર કરતી હતી. તે ત્યાંની આયા હોય એમ મ્હને

લાગ્યું કારણ હું અત્યારે દવાખાનામાં હતી. મ્હને ત્યાં એક અઠવાડીયું થયાં આણી હતી અને આટલો વખત મ્હારા માથાને આંચકો વાગવાથી બેભાન રહી હતી. દવાખાનામાં હું પંદર દિવસ વધારે રહી અને જ્યારે હું સાવ સાજી થઈ છું એમ દાકતરોને લાગ્યું ત્યારે મ્હને ત્યાંથી રજા આપી. મ્હને કોઇએ પૂછ્યું પણ નહી કે ત્હારે કોઇ સગું વ્હાલું છે કે નહીં. અથવા અહીંયાંથી ગયાબાદ ત્હારૂં ગુજરાન તું શી રીતે ચલાવીશ. હું દવાખાનામાંથી નીકળી, પણ હજુ મ્હારામાં એટલી શક્તિ નહોતી આવી કે હું પગે ચાલીને ત્યાંથી જઈ શકું. પણ જ્યારે મ્હને ત્યાંથી રજા આપી એટલે મ્હારે નીકળવાની ફરજ પડી.

મ્હને લાગ્યું કે મ્હારૂં શરીર સાવ કૃષ થઈ ગયું છે. પેટ ભરવાને મ્હારા મનમાં અનેક વિચાર આવતા. તેમાં શરીર આવું થઈ ગયેલું તેથી તે વિચારો પાછા દબી જતા. મ્હેં મ્હારૂં મ્હો આજ ઘણા દિવસ થયાં અરીસામાં જોયું નહોતું. પણ વગર જોયે હું અનુમાન કરી શકતી કે મ્હારો ચ્હેરો કેવો થઈ ગયો હશે. જ્યારે હું મ્હારા મ્હો ઉપર હાથ ફેરવતી ત્યારે ગાલમાં પડી ગએલા

ખાડા તથા ઉંડી ઉતરી ગએલી આંખોથી મ્હારૂં હૃદય ચીરાઈ જતું. આવે વખતે હું મુંબઈના પથ્થરથી બાંધેલા ફુટપાથ ઉપર નિરાધાર ચાલી જતી હતી, તે વખતે મ્હારા મનમાં વિચાર આવ્યો કે ચાલ જે ટોળીમાં મ્હેં આટલું સુખ ભોગવ્યું છે તથા જે ટોળીમાં મ્હારૂં આટલું માન જળવાયું છે ત્યાં જઈ કાંઇ યાચના કરૂં. ત્યાં જઈ બારણું ઠોકયું. અને અંદરથી એક વૃદ્ધ ડોશી આવી. તે ડોશીને જોઇનેજ મ્હારા પેટમાં ફાળ પડી કે રખેને તે લોકો આ મકાન છોડી ચાલ્યા ગયા હોય. મ્હારી ધારણા ખરી પડી. ડોશીએ મ્હને કહ્યું "અહીંયાં તે નામનો કોઈ માણસ રહુતો નથી."

આ જવાબથી નિરાશ થઇ ગયેલી હું, આંખમાંથી પડતે આંસુએ ત્યાંથી પાછી ફરી. અરે દૈવ, આ શી ત્હારી મરજી!! અત્યારે મ્હારૂં કોઇ નથી. ઘરબાર વગરની, સગાંવ્હાલાં વગરની, અને પૈસાવગરની હું એક કંગાલની માફક મુંબઈની ગલીઓમાં ભટકવા લાગી. મ્હારા દુઃખનું અત્યારે વર્ણન થઇ શકે તેમ ન્હોતું. ચાલતાં ચાલતાં એક અરીસા વેચનારની દુકાન પાસે આવી. ત્યાં આગળ એક મ્હોટો અરીસો ટાંગેલો હતો. તેમાં મ્હેં

મ્હારૂં મ્હો જોયું. પણ તેમાં કેવો ફેરફાર થઈ ગયો હતો? મ્હારૂં મ્હો અત્યારે મ્હને બ્હીયામણું લાગતું હતું મ્હારી આંખોમાં કૂવા પડી ગયા હતા, અને ત્હેની આસપાસ આશમાની રંગનાં ગોળ કુંડાળાં થઈ ગયાં હતાં. મ્હારા ગાલ ગળી ગયા હતા, અને તેમાં ખાડા પડી ગયા હતા. ચ્હેરો સાવ ફિક્કો થઈ ગયો હતો. જે ખૂબસુરતી આજથી વર્ષ દિવસ ઉપર હતી, અને જે ખૂબસુરતી પાછળ જોનારા દિવાના થઇ જતા હતા તે ખૂબસુરતી અત્યારે સાવ બદલાઈ ગઈ હતી. અને મ્હો ડાકણ જેવું થઈ ગયું હતું. આ ચાડીઆ અરીસા પાસેથી હું આંધી ખશી ગઈ, અને મ્હારૂં અંતઃકરણ ભરાઇ આવ્યું અને રોવા લાગી. અત્યારે મ્હારૂં શરીર એક પીશાચણી જેવું થઇ ગયું હતું, લુગડાં પણ ફાટી ગયાં હતાં, અને વળી તે ફાટી ગએલાં લુગડાંની અંદર હાલતું ચાલતું હાડપીંજરજ ઢંકાએલું હતું. અરે! તે વખતના મ્હારા દેદારનો ખ્યાલતો તમે કરો. જ્યારે જ્યારે હું ભૂતકાળનો અને તે વખતના વર્તમાનકાળનો મુકાબલો કરતી ત્યારે મ્હારા મનમાં શું શું દુઃખ થતું હતું તેનું વર્ણન કરવા શક્તા નથી.

હું આગળ ચાલી, મ્હને નિરાશાથી અત્યારે હવે થાક પણ લાગતો નહોતો. રસ્તામાં નીચ-લોકો મ્હારા સામું જોઈ તેમની નજરમાં આવતું તેમ બોલતા. એક જણે કહ્યું "શું તું ત્હારા યારથી છૂટી પડી ગઈ છે?" બીજાએ કહ્યું "ત્હારા ધંધા-માંથી તું શું કરવા નીકળી ગઈ?" ત્રીજાએ કહ્યું "રાત પડતાં પડતાં તું ત્હારી દુકાને ચાલી જા." તેમના મ માં એમ આવ્યું કે હું એક રખડાઉ વેસ્યા છું આ પ્રમાણે રસ્તામાં નીચ લોકો મ્હારી મશ્કરી કરતા, હસતા, અને આનંદ પામતા હતા. પણ તે વખતે મ્હને કેવું દુઃખ થતું હશે, એકેક બોલ હજાર વીંછીની વેદના પેઠે મ્હારા અંતઃકરણને ડંખતો હતો. પણ નિરાધાર, નિરૂપાય, શું કરૂં? આ બધું સહન કરતી કરતી હું આગળ ચાલી. રસ્તામાં જતાં કોઇને પણ મ્હારા ઉપર દયા આવી નહીં."

"હું આગળ ચાલતી હતી, પણ ક્યાં જવું તેની મ્હને સૂઝ પડતી નહોતી. મ્હારે રહેવાને ઘેર તથા આશ્રય આપનાર કોઇ મિત્ર પણ હતો નહીં. પેટ ભરવાને અત્યારે મ્હારી પાસે એક રૂપીઆ શીવાય બીજું કાંઇ હતું નહીં. ચાલતાં ચાલતાં એક કંદો-

ઈની દુકાન આવી. ત્યાં રૂપીઓ આપીને એક આનાના ગાંઠીઆ લીધા, અને બાકીના પૈસા લઈ હું આગળ ચાલી, એક ઓટલા ઉપર બેશી તે ગાંઠીઆ ખાધા અને પાસે નળ હતો ત્યાંથી પાણી પીધું. હું ત્યાં ઓટલા ઉપર જ બેશી રહી. રાત પડી અને ત્યાંને ત્યાં સુઇ રહી.

સવારે છ વાગે ઉઠી અને ત્યાંથી મ્હેં ચાલવા માંડયું, આ ગલીમાંથી આ ગલીમાં પેસું અને પાછી બીજે છેડે નીકળું. એમ કરતાં બપોર થયા. પેટમાં ભૂખ લાગી. લુગડાને છેડે પૈસા બાંધેલા હતા તેમાંથી થોડા પૈસાનું ખાવાનું લેવાનો વિચાર કર્યો. પૈસા કહાડવા છેડો તપાસ્યો પણ અરે દૈવ, આટલેથી ત્હને સંતોષ ન વળ્યો કે જે થોડા પૈસા હતા તે પણ લઈ લીધા. છેડે પૈસા મળે નહી. અરે પાપીજીવ હજી ત્હારે કેટલું વેઠવું છે. ભૂખ લાગી છે પણ પૈસા ન મળે, શું કરૂં. મ્હેતો ચાલવા માંડયું. પણ ક્યાં જવું તેની સુઝ પડે નહીં. ચાલી ચાલી મ્હારા પગનાં તળીઆં પણ બળવા લાગ્યાં. ઘડી ઘડીકમાં ઓટલે બેસું. વળી ત્યાં ન ગોઠે એટલે ચાલવા માંડું. પણ હવે તો પગમાં ફોલ્લા પડવા માંડયા ચાલવાની સત્તા રહી નહી.

પેટમાં પણ ભૂખ લાગેલી તેથી માથું ફરવા લાગ્યું તોપણ મ્હે ચાલવુંજ શરૂ રાખ્યું. ગ્રાંટમેડિકલ કો૦ લેજથી બિલાસીસરોડ ઉપર થઇને અત્યારે હું ગ્રાંટરોડ ઉપર આવી. અત્યારે સંધ્યાકાળનો વખત થયેલો હતો. સવારનું કાંઈ અન્ન પણ ખાધું નહોતું ફક્ત પાણી પીને દિવસ કહાડ્યો.

" અરે દૈવ જ્યાં પૈસો ખરચવો જોઇએ ત્યાં હું રૂપીઓ ખરચતી, જે મનમાં આવતું તે ખાતી, જે ગમતું તે ઓઢતી પહેરતી, ત્હેને અત્યારે ટૂકડો રોટલી પણ ખાવાને નથી, શરીર ઉપરનાં કપડાં પણ ફાટી ગયાં છે. રહેવાને ખાસા બંગલા હતા ત્હેને રહેવાને અત્યારે ઝુંપડું સરખું પણ નથી; જેને સૂવાને નકસીદાર પલંગ તથા હાથ ઉંચું તેની ઉપર ગાદલું હતું. ત્હેને અત્યારે ઘાસની ચ-ટાઈ પણ નથી અને કોચને બદલે ઓટલા ઉપર સૂવું પડે છે. અરે ઈશ ત્હારી ગહેન ગતિ છે. પ-ળમાં રંકને રાય અને રાયને રંક કરે છે. પણ હવે હું શું કરૂં. "

" રાત્રી પડી. આઠ વાગ્યા, દસ વાગ્યા, પણ ખાવાનું બિલકુલ મળ્યું નહિ. રસ્તે બગ્ગીએ ઘોડાની ગાડીમાં બેશી લોકો આવ જા કરે છે,

પણ તેમની પાસે હાથ લાંબો થઈ શકતો નથી. ભીખ કોઈ દિવસ માગી નથી તેથી મગાતી પણ નથી. આમનેઆમ આખી રાત પડી રહી. બીજે દિવસે સવારે ઉઠી ચાલવા માંડયું પણ કયાં જાઉં. તે દિવસ પણ એમનોએમ કહાડયો. ત્રીજો દીવસ પણ એમનોએમ ભૂખે રખડીને કહાડયો. અને ફરતી ફરતી રાત્રે કંબાલાહીલ તરફ ચાલી. પણ ગોવાળીયાટંક પાસે આવતાં ચાલવાની સત્તા રહી નહીં, ત્યાં ઉભી રહી. અનેક વિચારો મનની અંદર આવવા લાગ્યા. છેવટે આપઘાત કરવાનો વિચાર મનની અંદર આવ્યો. પણ તે વિચાર આવતાં વાર મનની અંદર લાગણી થઈ. શરીર ધ્રુજવા લાગ્યું, અને બેહોશ થઈ ઉભી હતી ત્યાં જ બેશી ગઈ. વળી મનની અંદર આપઘાત કરવાનો પાછો વિચાર આવ્યો પણ આપઘાત શી રીતે કરવો. કાંઈ સાધન હતું નહીં. આસપાસ જોયું તો ગોવાલીઆટંક નજરે પડયું. તે જોઈ તે વિચારે જોર કર્યું. ત્યાંથી ઉઠી અને તળાવના કિનારા પાસે ગઈ. અંદર પડવાનો ઈરાદો કરી ધોરા ઉપર હાથ મૂકી અંદર જોયું તો મન પાછું હઠયું. બીજી વાર મનને મજબૂત કરી આંખે

હાથ દઈ અંદર પડવા જતી હતી એટલામાં આ બાઇએ આવી, " મોહનલાલ સામું જોઈ કહ્યું. " મ્હને તે અઘોર પાપમાંથી બચાવી. મ્હે મ્હારો વૃતાંત યથાસ્થિત કહી સંભળાવ્યો. અને મ્હારે હવે ફક્ત એટલુંજ કહેવાનું છે કે મ્હારી આ સ્થિતિ લાવનાર, મ્હને આડે રસ્તે લઈ જનાર, તથા મ્હારે હાથે પાપ કરાવનાર આપણી દુષ્ટ રૂઢીજ છે. જો મ્હારૂં લગ્ન ફરીથી થયું હોત તો મ્હારી આ સ્થિતિ થાત નહીં. હું આડે રસ્તે ચડત નહીં. અને આવાં અઘોર પાપ કરત નહીં. પણ વિધવા અબળાનો શો દોષ? શું તે માણસ નથી? શું ત્હેને બધાંની પેઠે મન કામના નથી? ત્યારે ત્હેને શા માટે આ પ્રમાણે દબાવી રાખવી જોઇએ? અને તમે જોયું તેમ જોતમે ત્હેની ઉપર વધારે સખતાઇ કરો તો ત્હેનું પરિણામ મ્હારા જેવુંજ આવે. " આટલું કહી રૂક્ષ્મણીએ પોતાની વાત બંધ કરી.

રૂક્ષ્મણીની વાત પૂરી થઈ ત્યારે મોહનલાલ, દયાશંકર તથા કમળા એક બીજાની સામું જોઈ રહ્યાં. કમળાના મન ઉપર આ વાતની બહુ અસર થઈ, અને પોતાને દુઃખમાંથી છોડાવનાર આ

ઓી છે તેથી ત્હેની ઉપર કેટલીક વાર તિરસ્કાર આવતો, ને કેટલીક વાર દયા આવતી. દયાશંકર તથા મોહનલાલ તે ઓરડામાંથી ઉઠયા અને પાસેના ઓરડામાં ગયા. થોડી વાર પછી કમળાને તેઓએ બોલાવી. તે પણ ત્યાં ગઈ અને ત્રણે એક મત્ત થયાં. કમળાને રૂક્ષ્મણીએ દુષ્ટ નરોત્તમ દાસના પંઝામાંથી છોડાવી હતી, તેથી ત્હેનાં આભારી હતાં. કમળાએ એ ત્રણ લુગડાં રૂક્ષ્મણીને આપ્યાં અને દયાશંકરે ત્હેને સો રૂપીઆ આપી ત્યાંથી વિદાય કરી. તે મોહનલાલને ઘેર ગઈ અને મોહનલાલે પચીસ રૂપીઆ આપ્યા. તે દિવસે ત્હેને જમાડી, અને પછી રજા આપી. રૂક્ષ્મણી બપોરે મોહનલાલના ઘરમાંથી નીકળી અને કોઈ ન્હાના ગામમાં જઈ રહેવાનો નિશ્ચય કર્યો અને ત્યાંથી તે ચાલી ગઈ.

પ્રકરણ ૩૫ મું.

મનની શંકા દૂર થઈ.

મોહનલાલે રૂક્ષ્મણીની વાત જ્યારથી સાંભળી ત્યારથી હેના મનમાં મણીને માટે અનેક વિચાર આવવા લાગ્યા. તે વાતે પાછો મણીના દુઃખનો પરછાયો મોહનલાલના મન ઉપર નાંખ્યો. હેની ઉપર દયા આવવા લાગી અને હેની દુઃખી સ્થિતિ જોઈ હેના મનમાં દુઃખ થવા લાગ્યું. દયાશંકરના મન ઉપર રૂક્ષ્મણીની વાતની અસર થઈ હશે કે નહી તે વિચાર પણ હેના મનમાં આવ્યો, અને આખો દિવસ તે વિચારોથી હેનું મન ઘેરાએલું રહ્યું. રાત પડી અને મોહનલાલ શેઠ જગજીવનદાસને બંગલે ગયો.

મોહનલાલ બંગલે પહોચ્યો તે વખતે નવ વાગ્યા હતા. શેઠ જગજીવનદાસ વાળુ કરી દિવાનખાનામાં ટેબલ પાસે એક આરામ ખુરશી પડી હતી તેની અંદર લાંબા થઈને સૂતા હતા. મોહનલાલ જે વખતે ત્યાં પહોચ્યો અને દીવાનખાનામાં ગયો ત્યારે શેઠને કાંઈ વિચારમાં પડેલા હેણે જોયા.

જે ઉપરથી મોહનલાલે પૂછ્યું "કયમ આજ આપની તબીયત કાંઈ સારી લાગતી નથી."

"હા, સ્હેજ માથું દુઃખે છે." શેઠે જવાબ આપ્યો. "અને વળી એક વિચારમાં મ્હારૂં મન ગુંથાઈ ગયું હતું, તેથી તમને એમ લાગ્યું હશે."

"તમે આખો દિવસ જો વિચાર કર્યા કરશો તો તબીયત બગડશે, માટે જ્યાં એવા વિચાર આવવા શરૂ થાય કે તુરત બ્હાર બાગમાં અથવા દિવાનખાનામાં ફરવા માંડવું, અને તે વિચારોને જેમ બને તેમ દબાવી દેવા પ્રયત્ન કરવો." મોહનલાલે શેઠને નમ્રતા પૂર્વક કહ્યું. "મન છે તે વખતે વિચાર તો આવે પણ તુરત તેને વિદાયગીરી આપવી; નહીં તો તે શરીરને હાનિ કર્યા વગર રહે નહીં."

"મ્હારા મનમાં બીજા કાંઈ વિચાર નહોતા," શેઠે ધીમેથી જવાબ આપ્યો, "પણ એક વિચાર ફક્ત મ્હારૂં મન મુંઝાવ્યા કરે છે તેનો આજ ખુલાસો કરવા મ્હેં નિશ્ચય કર્યો છે."

"જો તે મ્હને કહેવા જેવો હોય તો તેનું આપણે સમાધાન કરીએ," મોહનલાલે કહ્યું. "અને મ્હને ન કહેવા જેવો હોય અને બીજી રીતે સ-

માધાન થતું હોય તો તેમ કરવું વધારે ઉચિત છે. પણ તે વિચાર મનમાં રહેવાથી તથા તેની ઉપર વારંવાર ધ્યાન આપ્યાથી વખતે મગજને અસર થવા સંભવ છે, કારણ હવે હમારૂં શરીર વૃદ્ધ થયું છે અને તેમાં જો વધારે મ્હેનત મગજને પડે તો તેથી હાનિ થાય, માટે એકદમ મન ખુલ્લું કરી દેવું મ્હને વધારે સલાહ ભરેલું લાગે છે."

"ત્યારે હું આજજ હમને એ વાત કરૂં." શેઠે જવાબ આપ્યો. "મ્હારી પાસે એક કાગળ છે અને તે કાગળ હમને આપવાનો છે પણ તે કાગળ તમને આપતાં પહેલાં મ્હારે હમને એટલું કહેવું જોઇએ કે તે કાગળ જ્યાં સુધી હું હયાત હોઉં ત્યાં સુધી તમારે ઉઘાડીને વાંચવો નહી. તે કાગળ આપવા મ્હારા મનમાં ઉથલપાથલ થતી હતી અને જ્યારે તે કાગળ હમને સોંપીશ ત્યારે મ્હારૂં મન નિશ્ચિત થશે." એમ કરી શેઠ ત્યાંથી ઉઠયા અને પોતાના ઓરડામાં ગયા.

મોહનલાલ મનમાં વિચાર કરવા લાગ્યો કે વળી મ્હારે માટે શેઠ પાસે કાગળ શેનો હશે. અને વળી તે તેમની હયાતીમાં વાંચવા ના પાડે છે

તેનું શું કારણ હશે તેના ઉંડાં વિચારમાં મોહનલાલ પડી ગયો. શેઠ બારણું ઉઘાડી અંદર આવ્યા તેની પણ ત્હેને ખબર રહી નહીં. શેઠ ટેબલ પાસે આવ્યા અને મોહનલાલને એક ચોખંડુ પાકીટ આપ્યું, તે પાકીટ ઉપર મોહનલાલનું નામ હતું. અને-ને શેઠના પોતાનાજ હાથથી લખેલું હતું પાકીટની પાછળ રાતી લાખની સીલ કરેલી હતી અને સીલમાં પણ શેઠનોજ મોનોગ્રામ હતો. મોહનલાલે આ પાકીટ લીધું અને આમ તેમ તપાસી જોયું, તે કાંઇ બહુ ભારે હતું નહીં શેઠે પાકીટ આપી મોહનલાલને કહ્યું. " જુઓ મ્હે કહ્યું છે તે તમે યાદ રાખજો. આ પાકીટમાંનો કાગળ મ્હારી હયાતીમાં ફોડીને વાંચશો નહીં. તેમ આ પાકીટ જાળવીને રાખજો કારણ તે તમારે ઘણું કામનું છે. "

મોહનલાલે તે પાકીટ લઇ પોતાના ખીસ્સામાં મૂક્યું અને બન્ને જણા પાછા બીજા વિષય ઉપર વાતો કરવા લાગ્યા. વાત કરતાં કરતાં અગિયાર વાગ્યાનો અમલ થયો. શેઠે સૂવા જવાની વૃત્તિ દેખાડી તેથી મોહનલાલ ત્યાંથી ઉઠ્યો અને પોતા સુવાના ઓરડામાં ગયો. શેઠ પોતાના

સૂવાના ઓરડામાં ગયા.

મોહનલાલ ઓરડામાં ગયો એટલે હેને પાકીટ માટે ઉપરાચાપરી વિચાર આવવા લાગ્યા. પાકીટ માં શું હશે. શેઠની હયાતીમાં તેમણે વાંચવા મ્હને મના કેમ કરી હશે. એવું તે શું તેની અંદર લુ-ખેલું હશે વિગેરે વિચારોએ તેનું મન ઉથલપાલ કરી નાં ્યું. વખતે તે પાકીટ ઉઘાડી તેની અંદર નો કાગળ વાંચવા મન થતું પણ પાછું હેનું મન આંચકો ખાતું. છેવટે હેણે તે પાકીટ પોતાના કોટના ખીસ્સામાં મૂકયું અને કપડાં કાઢી સૂવાનો વિચાર કરી પથારીમાં જઇ સૂતો. પણ ઉંઘ આવે નહીં. હેના મનમાં પાકીટ માટેજ વિચારો આ-વતા હતા. સૂવાને માટે ઘણો પ્રયાસ કરતો પણ ઉંઘ આવતી નહીં. પથારીમાંથી ઉઠયો અને બારીએ ઉભો રહ્યો. બારીમાંથી થંડો પવન આવતો હતો, આઘે મહાસાગર ઘુઘવાતો હતો તથા પવનને લીધે ઝાડનાં પાંદડાં હાલવાથી ઝીણો ઝીણો મધુર અવાજ આવતો તે જોતોને જોતો મોહનલાલ પાકીટના વિચારમાં ત્યાંનો ત્યાંજ ઉભો રહ્યો. તે કેટલીવાર ત્યાં ઉભો રહ્યો તેની હેને ખબર હતી નહીં. વિચારમાંથી તે એકદમ જાગૃત

થયો. ઓરડામાં આમતેમ આંટા મારવા લાગ્યો. અને આખરે પથારીમાં જઇ સૂતો. પણ ઉંઘ ક્યાં? ઉંઘ આવે નહીં. પાસેના ઓરડામાં ઘડીઆળ હતી તેમાં બાર વાગ્યા. એક કલાક ચાલ્યો ગયો પણ આ એક કલાક ત્હેને બિલકુલ જણાયો નહીં. આમ તેમ પડખાં બદલતો પણ ઉંઘ આવે નહી. સાડાબારનો એક ડંકો થયો પણ ઉંઘ કેવી. આખરે મ્હા મુશીબતે તે ઉંઘી ગયો.

તે બહુવાર લગણ ઉંઘ્યો નહીં હોય એટલામાં કાંઇ ખડખડાટ થવાથી તે જાગી ઉઠયો અને પથારીમાં બેઠો થઇને જુએ છે તો કબાટ પાસે કોઇ ધોળી ચાદર ઓઢીને ઉભું હોય તેમ ત્હેને લાગ્યું. તેતો પથારીમાંજ સ્તબ્ધ થઇ ગયો ઉઠવા-ની હિમત ચાલી નહી અને ત્હેના સામું ટગર ટગર જોઇ રહ્યો. બે મિનિટ તે ત્યાં ઉભું નહી રહ્યું હોય તેટલામાં તે ત્યાંથી ચાલ્યું. તેને બારણા ભણી જતાં જોઈ મોહનલાલના મનમાં કાંઈક હિમત આવી. તે તેની પાછળ ઉઠીને ધીમે ધીમે ચાલ્યો. તે ધોળી ચાદર વાળું આગળ અને મોહનલાલે ત્હેની પાછળ ચાલવા માંડયું. મોહનલાલના ઓરડાનું બારણું ઉઘાડી તે બ્હાર

નીકળ્યું. અને પાછું બારણું બંધ કર્યું. મોહનલાલે ધીમેથી બારણું તરતજ ઉઘાડયું અને ત્હેની પાછળ ચાલ્યો. છજામાં થઇને તે છબી વાળા ઓરડાનું બારણું ઉઘાડી અંદર ગયું. મોહનલાલ પણ ત્હેની પાછળ ધીમેથી બારણું ઉઘાડી પેઠો. ઓરડામાં અંધારૂં હતુ પણ પાછળની બ્હારીઓને કાચનાં બારણાં હતાં તેથી કાંઇક ઉજેશ પડતો હતો. તે એક છબી પાસે ધુંટણીએ પડી કાંઇક બડબડવા લાગ્યું પણ શું બોલે છે તે સમજાતું નહીં. મોહ-નલાલ એક ઠેકાણે ઉભો રહ્યો અને તે શું કરેછે તે એકી નજરે જોવા લાગ્યો. ધુટણીએ પડી તે થોડીવાર કાંઇ પ્રાર્થના કરતું હોય તેમ કરી તે પાછું ઉભું થયું. છબી સામું તે ટગર ટગર જોવા લાગ્યું અને થોડીવાર લગણ ત્યાંને ત્યાંજ ઉભું રહ્યું. પછી જાણે ડસકાં ખાઇ રોતું હોય એમ મોહનલાલના કાન ઉપર અવાજ પડયો. આ અવા-જથી તે જ્યાં ઉભો હતો ત્યાંજ ઠરી ગયો. થોડી વારમાં છબી પાસે ઉભા રહેનારે ઉંડો નિશાસો નાંખ્યો અને ગળામાંથી એવો ભયંકર અવાજ નીકળ્યો કે તે સાંભળી મોહનલાલના શરીર ઉપરનાં રૂવાં ઉભાં થઇ ગયાં. થોડીવાર લગણ તેણે ત્યાં

ઉભા ઉભા રોયાંજ કર્યું. મોહનલાલ પણ એક ટેબલ ત્યાં પડયું હતું તેને અઢેલીને ઉભો રહ્યો હતો. ત્હેની હીમત ત્હેની પાસે જવા ચાલતી નહોતી. તેતો જ્યાં ઉભો હતો ત્યાંજ જાણે ચોંટી ગયો હોય તેમ ઉભોજ રહ્યો આમતેમ ખસવાની ત્હેનામાં સત્તા હતી નહીં. આખું શરીર ધ્રુજતું હતું અને કપાલે પરસેવાના ટીપાં બ્હાઝી ગયાં હતાં.

તે ધોળી ચાદરવાળાએ છજ્જાની પાસેથી ધીમે રહીને ચાલવા માંડયું. ત્હેના હાથ ચાદરની અંદર લપેટેલા હતા અને ધીમે ધીમે તે મોહનલાલ ઉભો હતો ત્હેની પાસે થઇને બારણાભણી ચાલ્યું. તે અંદર આવ્યો અને પાછો બ્હાર નીકળ્યો તેટલામાં પદરથી વીસ મીનીટ થઈ હશે પણ મોહનલાલને તો તે બે કલ્લાક જેટલો વખત લાગ્યો. ત્હેણે બારણું ઉઘાડયું અને મોહનલાલ પણ ત્હેની પાછળ બારણું ઉઘાડી ધીમેથી ચાલતો થયો. બ્હાર છજામાં ઓરડાના કરતાં વિશેષ પ્રકાશ હતો પણ મોહનલાલ દૂર હતો તેથી ત્હેનું મ્હોં જોઈ શક્યો નહીં. તે મોહનલાલવાળા ઓરડામાં પાછું ગયું અને મોહનલાલ તો બ્હાર જ

ઉભો રહ્યો. બે ત્રણ મીનીટમાં મોહનલાલના ઓ-
રડાવાળું બારણું ઉઘડ્યું અને તે પાછું બ્હાર
નીકળ્યું. મોહનલાલના મનમાં થયું કે લાવ ત્હેની
પાસે જઈ જોઉં તો ખરો કે તે કોણ છે. પણ
જેવું તે બ્હાર નીકળ્યું અને મોહનલાલે ત્હેને
આવતાં જોયું કે તુરત ત્હેના મનનો નિશ્ચય ભંગ
થઈ ગયો. પણ ત્હેણે ત્હેની પાછળ ચાલવા માં-
ડ્યું. આઘેથી મોહનલાલે જોયું તો ત્હેના પગમાં
સ્લીપર કે બુટ કાંઈ હતું નહીં. તે ઉઘાડે પગે ચા-
લતું હતું પણ ચાલતાં પગ સિવાય બીજું કાંઈ
હાલતું હોય તેમ ત્હેને લાગતું નહોતું. તે ધીમે
ધીમે આગળ ચાલ્યું અને શેઠ જગજીવનદાસવાળા
ઓરડા પાસે આવીને ઉભું રહ્યું. મોહનલાલને કાંઈક
હીમત આવવાથી તે આગળ ધસ્યો. જેવું તે ચાદર
ઓઢેલું બારણું ઉઘાડી અંદર જતું હતું કે તુરતજ
મોહનલાલે ત્હેનો હાથ ઝાલ્યો અને ઓરડાની બ્હાર
ખેંચી લાવ્યો. બ્હાર તે આવ્યું અને ત્હેના મ્હોં
સામું મોહનલાલે જોયું કે તે તરતજ આભો બની
ગયો. ત્હેની આશ્ચર્યતાનો પાર રહ્યો નહીં. અને
હાથ હલાવી જાણે ઉંઘમાંથી કોઈ માણસને ઉઠાડતો
હોય તેમાં ત્હેને ઢંઢોળ્યો અને કહ્યું. "શેઠ, શેઠ,"

શેઠે આંખ ઉઘાડી અને ગાભરો બની ગયો. 'આ શેઠ જગજીવનદાસ પોતેજ હતા અને તેમને ઉંઘમાં ઉઠીને ફરવાની ટેવ પડી હતી. તે ઉંઘમાં ફરનાર (Somnambulist) હતા. તે જાગી ઉઠ્યા. અને મોહનલાલને જોયો એટલે તે આભા બની ગયા. મોહનલાલ તરત સમજી ગયો કે શેઠને ઉંઘમાં ચાલવાની ટેવ પડી છે. અત્યારે હેના મનને ખાતરી થઇ કે તે ભૂત અથવા પિશાચ નથી. શેઠને હેણે એક ઉંઘનો ડોઝ આપ્યો અને શેઠને પાછા સુવાડી દીધા અને પોતે પણ નિશ્ચિંતપણે ત્યાંજ એક કોચ પડ્યો હતો તેની ઉપર સૂતો.

પ્રકરણ ૩૬ મું.

આગમાંથી બચી.

ઉપરની હકીકત બની તેનાથી ત્રીજે દિવસે રાત્રે. જ્યારે રાત્રી સુંદર હતી, આકાશ નિર્મળ હતું. તેની અંદર ગ્રહ, તારા, નક્ષત્ર, પણ ખુલ્લે ખુલ્લાં પ્રકાશતાં હતાં. પવન પણ શીતળ હતો અને સડક ઉપર ગાડીની દોડધામ પણ ઓછી થઈ ગઈ હતી, તે વખતે મણી પોતાના સુવાના ઓરડાની બ્હારીએ લમણે હાથ દઈ ઉભી હતી. હેની મુખમુદ્રા ઉપરથી એમ માલમ પડતું હતું કે તે કોઈની રાહ જોઇને ઉભી હશે. પણ અરે, દુખીઆરી મણીને તે વળી કહોની રાહ જોવાની હતી? હેની મન કામના તો બધી નિસ્તેજ થઈ ગઈ હતી. હેના હૃદયમાં અંધકાર વ્યાપી રહ્યો હતો. રાહ જોવાની લાગણીનો અનુભવ કરવા તે બિચારીને વખતજ આવ્યો નહોતો તેથી વખતે તે તે લાગણીથી અજાણી પણ હોય. હવે હેનું જોબન પુષ્ત થયું હતું. છોડ ઉગીને ઝાડનું રૂપ ધારણ કર્યું હતું. કળી ખીલીને ફૂલ થયું હતું અને પ્યાર

રૂપી લતાના અંકુર ત્હેના હૃદયમાં ફૂટવા લાગ્યાં હતાં. પણ તે જોબનને ન્હાનપણથી બાળીને ભસ્મ કર્યું હતું, છોડે ઝાડનું રૂપ ધારણ કર્યું હતું પણ તે ઝાડના મૂળમાં એવી દવા રેડી હતી કે તેને મ્હોર આવી ફળવા વખત આવવાનો ન્હોતો, કળી ખીલીને ફૂલ થયું હતું પણ તેમાંથી સુગંધ લઇ લીધી હતી, અને પ્યાર રૂપી લતાને ચઢવાને માટે આધાર નહી મળવાથી તે હૃદયમાં ને હૃદયમાંજ નાશ પામતી હતી.

મણી બિચારી દુઃખીઆરી હતી છતાં તે એક જણને જોઈ તે બધુ દુઃખ ભૂલી જતી હતી. જ્યારે ત્હેને જોતી ત્યારે ત્યારે ત્હેના હૃદયમાં કાંઇક જુદીજ જાતની ઉર્મી પેદા થતી. ત્હેનું અંતઃકરણ ઉભરાઇ જતું અને જ્યારે ત્હેને દિવસમાં એકે વખત ન જોતી ત્યારે ત્હેના ચહેરા ઉપર ખેદ જણાતો. આજે ત્હેણે ત્હેને જોયો નથી. તે વારે વારે બ્હારીએ આવતી, સહેજ ખડખડાટ થાય કે ત્હેના મનને ધક્કો વાગતો અને ઉઠીને બ્હારીએ જઇ જોવાની ઇચ્છા થતી હતી. પણ જ્યારે તે એકલી હોય ત્યારે તો પોતાની ઇચ્છા પાર પાડતી પણ જ્યારે કોઇ ત્હેની પાસે બેઠું હોય ત્યારે

પોતાની ઇચ્છાને દબાવી રાખવા ત્હેને ફરજ પડ-તી. પણ મન બ્હારીએ જવા તલપી રહેતું. આ લાગણી ત્હેને કહોણે શીખવી, કહોણે પ્રેરી, તથા કહોના સમાગમથી ત્હેને આ પ્રમાણે લાગણી થવા માંડી ? તે લાગણી શીખવવી પડતી નથી. તેને કોઇની પ્રેરણાની પણ જરૂર નથી. તથા તે લા-ગણી સમાગમથી જ પેદા થતી નથી. તે તો જ્યારે ઉમ્મર થાય ત્યારે પોતાની જ મેળે પેદા થાય છે. બાળક જન્મે છે ત્યારે ત્હેને ધાવતાં કોણ શીખવે છે ? અરે તે શીખવવાની જરૂરજ નથી. તેતો પ્રેરણાબુદ્ધિથી પોતાની મેળેજ શીખે છે. તેજ પ્ર-માણે આ લાગણી પણ પોતાની મેળેજ જન્મ પામે છે. અને જે વિચારવંત છે, જેને સારી કેળવણી છે તથા જેને સારો સહવાસ છે તે આ લાગણીને દબાવી દે છે, આ લાગણી જડમુળથી છેદન કરે છે અને તેને બાળીને ભસ્મ કરે છે.

બિચારી મણીના મનમાં આ લાગણીએ જન્મ લીધો હતો. હજી તે લાગણીને દબાવી દેવા ત્હેને ભાન નહોતું કારણ તે લાગણી શી છે તથા શાથી ઉત્પન્ન થઇ છે તે બરાબર સમજી પણ શકતી નહોતી, અગર જો કે ત્હેની ઉમર આ લાગણી

સમજવા લાયક થઈ હતી પણ હજુ સુધી તે લાગણીને જન્મ પામવા કાંઇ કારણ મળ્યું નહોતું. ફક્ત તે એટલું જાણુતી હતી કે મ્હારે પતિ સુખ નથી પણ તે સુખ શું તે હજી સુધી સમજી નહોતી. અહીંયાં તે એકલીજ રહેતી હતી તેથી તે સુખ વિશે કોઈ ત્હેના જેવડી છોકરીઓ વાત કરવાને પણ હતી નહીં. છતાં અત્યારે તે લાગણીએ જન્મ લીધો હતો. મોહનલાલને જોઇ તે લાગણી ઘણીજ ઝડપથી ઉછરતી હતી. અને જેમ જેમ દિવસો જતા તેમ તેમ તે લાગણીનાં મૂળ ઉંડાં ઉંડાં જતાં હતાં.

તે બ્હારીએ લમણે હાથ મુકીને ઉભી છે. ત્હેના મનમાં મોહનલાલને જોવાની ઇચ્છા ઉત્પન્ન થઈ છે અને તેથી ત્હેના મનમાં અનેક વિચારો આવે છે. કોઈ કોઈ વખત ત્હેની આંખમાંથી આંસુ નીકળી પડતાં હતાં, કોઈ કોઈ વખત ત્હેનું હૃદય ભરાઈ આવતું તથા કોઈ કોઈ વખત તે દીગ્મૂઢ જેવી બની જતી. અત્યારે સાડા દસ થવા આવ્યા છે, મોહનલાલને હજી સુધી આખા દિવસમાં આજે જોયો નથી તેથી નિરાશ થઇને તે બ્હારીએથી પાછી ફરી. અને દીવો બુજાવવા

નાંખી તે પથારીમાં સુતી. પણ હેના મનમાં અત્યારે જે અગ્નિ પ્રદિપ્ત થયો હતો તે અગ્નિ બુઝાયો નહોતો. વિચારમાં ને વિચારમાં તે પથારીમાં આમ તેમ પડખાં બદલતી. પણ ઉંઘ આવતી નહોતી. હેનું મન મુઝાવા લાગ્યું અને આખરે ન રહેવાયું તેથી તે રોઈ પડી. રોયા પછી હેનું મન કાંઈ ખાલી થયું. વિચાર રૂપી બોજાથી હલકું થયું તથા રોવાને લીધે હેની આંખો બળવા લાગી. હેણે પથારીમાંથી ઉઠી મ્હો ધોઇ નાંખ્યું. અને પથારીને બારી પાસે ઘસડીને લઇ ગઇ. અને થોડીવારમાં તે નિંદ્રાવશ થઇ ગઈ.

તે ઉંઘી ગઇ અને તે ભરનિંદ્રામાં ઘેરાઈ છતાં હેનું મગજ શાંત થયું નહોતું. હેનું મન તથા મગજ તો કામ કર્યાજ કરતાં હતાં. જો તે વખતે કોઇએ હેની પથારી પાસે ઉભા રહીને હેને ધારીધારીને જોઇ હોય તો હેનું મન હજી સ્થિર થયું નથી એમ લગ્યા વગર રહેજ નહીં. હેના ચ્હેરા ઉપર કેટલીકવાર દીલગીરીની છાંયા આવી જતી અને પાછું થોડીવારમાં હેનું મ્હો હસતું હોય તેમ લાગતું. કોઈ કોઈ વખત તે કાંઇક

બોલી જતી પણ શું બોલે છે તે સમજણ પડતી નહી. ઘડીકમાં તે ઉંડો નિસાસો નાંખતી તથા ઘડીકમાં રોવા જેવી થઇ જતી. આ પ્રમાણે ઉંઘ-ની અંદર પણ હેના જીવને શાંતિ હતી નહીં. આ વખતે તે કાંઈ સ્વપ્નાથી ઘડીકમાં આનંદ માનતી હોય અને ઘડીકમાં પાછી દીલગીરીમાં તે ગરક થઈ જતી હોય તેમ હેના ચ્હેરા પરથી જણાતું હતું.

તે અત્યારે સ્વપ્નાવશ થઈ હતી. તે શું સ્વ-પ્નુ હતું તે આપણે લગાર જોઇએ. ઉંઘી ગઈ છતાં હેના મનમાંથી મોહનલાલના વિચાર લય પામ્યા નહોતા. મોહનલાલ હેને ઘેર હેના બાપ પાસે આવ્યો છે અને દયાશંકર તથા મોહનલાલ શેત્રંજની બાજી રમે છે. પાસે એક કોચ ઉપર કમળા બેઠી બેઠી બાજી જુએ છે અને મણી પાસે પડેલી ખુરશી ઉપર બેઠી બેઠી મોહનલાલના સામું શરમાતે શરમાતે તથા કોઇ ન દેખે તેવી રીતે ઘડીકમાં જુએ છે, ઘડીકમાં આડું જુએ છે અને ઘડીકમાં હેના માબાપ સામું જુએ છે. રમત બરોબર જામી છે એટલામાં મોહનલાલે પાણી માગ્યું. કમળાએ મણીને પાણી લાવવા કહ્યું. મણી

આનંદલ્મેર ત્યાંથી ઉઠી બીજા ઓરડામાં પાણી લેવા ગઈ. પાણી લાવી તે બ્હાર ઉભા રહી કારણ દયાશંકરને ત્હેના સગામાં કોઈ મરી ગયું તેથી સુતક હતું. મોહનલાલને બ્હાર જઈ પાણી પીવા કહ્યું. મોહનલાલ ઉઠી પાસેના ઓરડામાં જ્યાં મણી ઉભી હતી ત્યાં ગયો. બન્ને જણાં ઓરડામાં એકલાં હતાં. મણીના હાથમાં પાણીનો પ્યાલો હતો અને મોહનલાલ સામું ટગર ટગર જોઈ રહી હતી. મોહનલાલની પણ પોતાને એકલો જાણી આગળ જવા હીમત ચાલતી નહોતી. મણી તો પ્યાલો હાથમાં ઝાલી ઉભી રહી છે. મોહનલાલ બારણામાં ઉભો છે. પેસો અંદર જાય નહીં. તેમ મણી બારણા પાસે આવે નહીં. બંને જણાં એક બીજાના સામું ટગર ટગર જોયાં કરે છે. આમને આમ બેત્રણ મિનિટ થઈ ગઈ પણ એકે જણ હાલે નહીં. તેમ મ્હોમાંથી બોલે પણ નહીં અને સામ સામાં જોઈ ઉભાં રહ્યાં છે. મણીને લગાર આ જોઇને હસવું આવ્યું પણ તે હસવું બીજું કોઈ જાણી શકે નહીં. જેના મનમાં ત્હેની છબી, રમી રહી હોય, જેના મનમાં ત્હેને વિષેજ વિચારો વારંવાર આવતી હોય તથા જે ત્હેની ઉપર કાંઈ

જુદી રીતના ભાવથી જોતું હોય તેજ તે હસવું જોઈ શકે. મોહનલાલને આ હાસ્યની અસર થઈ. તે નીચું જોઈ ગયો અને બોલ્યો, " પાણી લાવો ને " આટલું બોલતાં ત્હેને મહા મુશ્કેલીબત લાગી. મણીએ કહ્યું " હું ક્યારની લઈ ને ઉભી રહી છું તે અંદર આવીને પીઓ. હું ક્યારે તમને ના પાડું છું " મણી પણ શરમાતી શરમાતી નીચું જોઈને બોલી, અને બોલતાં બોલતાં ત્હેના ચ્હેરા ઉપર કાંઈક જુદી જાતની અસર થઈ. મોહનલાલ અંદર આવ્યો, પણ ત્હેને અંદર આવતો જોઈને મણીના મનમાં અનેક તરંગ આવવા લાગ્યા. ત્હેનું મન એક જાતના આનંદથી ઉછળી રહ્યું. મોહનલાલ અંદર આવ્યો, ત્હેના હાથમાંથી પાણીનો પ્યાલો લીધો. પણ લેતાં લેતાં ત્હેનો હાથ મણીના હાથને અડક્યો. આ હાથ અડકતાં મણીના શરીરમાં એક જાતની લાગણી થઈ. ત્હેનું શરીર અત્યારે જાણે તેજમય થયું હોય તેમ આનંદની લ્હેરો ત્હેના મનમાં આવવાથી લાગતું. મોહનલાલના સામું શરમાતી શરમાતી જોવા લાગી અને વખતે વખતે સ્હેજ મ્હો પણ મલકાઈ જતું હતું. મોહનલાલ અત્યારે

પાણી પીતો હતો પણ હેને તેમાં પાણીનો સ્વાદ નહોતો. તે તો જાણે અત્યારે અમૃત પીતો હોય તેમ સ્વાદથી પીવા લાગ્યો. અને પીતે પીતે પણ હેની આંખ મણી ઉપરથી આઘી ખશી નહોતી. હેના મનમાં પણ અત્યારે આનંદ છવાઈ રહ્યો હતો, અત્યારે એમ પણ ભાન નહોતું કે પાસેના ઓરડામાંથી દયાશંકર કે કમળા આવશે અને જોશે તો ફજેતી થશે. મોહનલાલ પાણી પી રહ્યો. પ્યાલો પાછો આપતો હતો. મણીએ તે લેવા હાથ લાંબો કર્યો પણ હાથમાં પ્યાલો આપવાને બદલે હેણે હેનો હાથ ઝાલ્યો. મણીએ તે હાથ છોડાવવા પ્રયત્ન કર્યો નહીં. આમ એક બીજાના મનની અંદર એકબીજાના સમાગમથી આનંદ પામતાં હતાં તેવામાં મણીની આંખ ઉઘડી ગઇ. તે ગાભરી બની ગઇ, આસપાસ જોવાં લાગી પણ કોઈ ત્યાં હતું નહીં. ઓરડામાં અંધારૂં હતું. પોતે પથારીમાં સુતી હતી, અને મોહનલાલ જોયાનું તો ફક્ત સ્વપ્નું જ હતું તેમ હેને ખાતરી થઈ. તે એકદમ જાગી ઉઠી તેથી હેની છાતી ધબકવા લાગી. અને પાછી આંખ મીચીને સુઈ ગઈ.

આમ તે વધારેવાર સુતી નહીં હોય એટલામાં

"આગ લાગી છે. દોડજો, દોડજો" એ બુમ ત્હેના કાન ઉપર પડી. પથારીમાં તે બેઠી થઇ. અને આંકળીફાંફળી તે ત્યાંથી ઉઠી બારણાભણી દોડી. બારણું એકદમ ત્હેણે ઉઘાડયું પણ ઉઘાડતાં વાંત તે તેજથી ઝંખવાઈ ગઈ. આગળાનો ઓરડો તેજમય થઈ ગયો હતો. તે પોતાના ઓરડામાંથી બ્હાર નીકળી પણ જ્યાં દાદર હતો ત્યાંજ ઉપરથી એક મ્હોટો ભડકો દેખાયો. તે ભડકો જોઈ મણીએ બૂમ મારી. પણ ત્હેને કાંઈ જવાબ મળ્યો નહીં. નીચે બહુ ગડબડાટ થઈ રહી હતી. આગ એકદમ વધતી ગઈ અને મણીએ વધારે વધારે બૂમો મારવા માંડી. ઓરડામાં એક પછી એક ચીજો સળગવા માંડી. ત્યાંથી મણી ગભરાઇને પોતાના ઓરડામાં ગઇ.

ઓરડામાં જઇને પોતાની બ્હારીએ જઈ બૂમો મારવા લાગી. બ્હારી બ્હાર જુએ તો લોકોની ઠઠ મળી હતી. શોરબકોર ચારે તરફ થઈ રહ્યો હતો. જોડેના ઘરનું છાપરૂં ઝપાટાબંધ સળગતું હતું, ત્હેની અંદરથી લાંબી લાંબી ઝાળો નીકળતી હતી. અને તે ઝાળની જીભમાં જે કાંઈ આવતું તેને એકદમ ભસ્મ કરી દેતી. છાપરૂં

કડકડ અવાજ કરતું તુટી પડ્યું. નીચેનો માળ સળગવા માંડ્યો, દયાશંકરના ઘરને પણ ઝપાટામાં લીધું. આ જોઈ મણી ઘણી જ ગાભરી થઈ ગઇ. કડકડાટી સાંભળી હેનું શરીર કંપવા માંડયું. ત્રીજો માળ તુટી પડ્યો, આગનું જોર વધ્યું. પણ પાણી હજી કેમ કોઇ નથી લાવતું, એ અવાજથી આસપાસ સર્વ જગા ગાજી રહી હતી, બ્યુગલ થયું પાણીનો બંબો આવ્યો, બંબો નળ જોડે લગાડતાં લગાડતાં તો દયાશંકરવાળા મકાનનો બીજો માળ સળગવા માંડ્યો, અરે આ ગોટો શેનો નીકળ્યો? ભડકા તો ગાંડા સાપની જીભની માફક ચારે તરફ ઘૂમવા લાગ્યા, જ્યાં તે જીભ અડકે કે તુરત સર્વ નાશ થઇ જાય. મણી બિચારી બુમો મારતાં થાકી. હેની બુમ કોઇએ સાંભળી નહીં. "હાય આતો અહીંયાં આવી પહોચી" એમ મણીએ બુમ મારી, બુમ મારતાંની સાથેજ તે બેભાન થઇ જમીન ઉપર પડી.

બંબાવાળાઓએ બંબો નળની જોડે લગાડ્યો. પાસેના છાપરા ઉપર બંબાની સુંઢ લઇ ગયા. અને બંબો ચાલુ થયો. પાણી નીકળતાં ભડકા ઉપર છણ છણાટ કરતું પડી આગને હોલવી નાંખતું

કમળા, દયાશંકર વિગેરે તો આગની બુમ સાંભળતાં ગાભરાં ગાભરાં થઇ ગયાં અને જેમ બન્યું તેમ ઉતાવળથી ઘરમાંથી નીકળી ગયાં, પણ ઉતાવળમાં ને ઉતાવળમાં મણી બિચારી કોઇને સાંભરી નહીં. દયાશંકરના ઘરનો ઉપરનો માળ ઝડપથી સળગવા લાગ્યો. આ વખતે કમળાને મણી સાંભરી. ત્હેણે બુમ મારી કે "હાય મ્હારી મણી હજુ અંદર રહી છે." એ સાંભળી દયાશંકર ગાભરો ગાભરો મકાન તરફ દોડવા લાગ્યો. પણ મકાન પાસે જતાં ત્હેની હીમત્ત ચાલી નહીં. ત્હેણે પણ બુમ મારવા માંડી. આસપાસ ઉભેલા લોકોમાં તરત વાત ફેલાઇ ગઇ કે અંદર એક બાયડી રહી ગઈ છે. પણ મકાન અંદર જવાની કોઇની હીમત ચાલે નહીં. બ્હારી બારણાં સળગવા લાગ્યાં, પડતી ચીજોનો ભયંકર અવાજ થવા લાગ્યો અને અગ્નિ પોતાની હડફેટમાં જે કાંઇ આવતું તેનો ભક્ષ કરતી પોતાનું ભયંકરરૂપ વધારે વધારે ફેલાવવા લાગી. માણસોનો અવાજ અને બળતી ચીજોનો ખડખડાટ એટલો વધી ગયો કે દયાશંકર, તથા કમળાની બુમો તેની અંદર ઢંકાઇ ગઇ. એકદમ દયાશંકરવાળા ઘરમાંથી એક ધુમાડાનો ગોટો

નીકળ્યો. તે જોઈ આસપાસ ઉભેલા ભયથી એક સામટા બુમ પાડી ઉઠ્યા. આ વખતે એક તરૂણ જુવાન મળેલી લોકોની ગીરદીમાં આમ તેમ ધક્કા મારતો આઘા ખશેડતો જાણે ઘેલો થઇ ગયો હોય તેમ તીરની માફક સળગતા ઘર તરફ દોડ્યો. આને દોડતો જોઈ કેટલાક હેને ઝાલી રાખવા દોડ્યા પણ તેમને તરછોડી નાંખીને તે આગળ વધ્યો, સળગતા ઘરમાં પેઠો અને એક ક્ષણમાં તે અદ્રષ્ય થઇ ગયો.

આ વખતે દરેક જણની નજર તે તરૂણ પુરુષ જે ઘરમાં પેઠો તે ઘર સામી ચોંટી, એકી નજરે બધા તે તરફ જોઈ રહ્યા. એટલામાં એક ધુમાડાનો બીજો ગોટો નીકળ્યો. આ જોઈ બધાના મનમાં બ્હીક લાગી કે અંદર જનાર તરૂણ પુરુષ ઉપર કાંઈક તૂટી પડ્યું તેથી એક અવાજે બધા બોલી ઉઠ્યા " અરે રામ રામ બીચારા ઉપર કાંઇ પડ્યું " બધાના મનમાં ધાશ્કો પડ્યો અને જ્યાંથી તે ગોટો નીકળ્યો ત્યાંજ એકી નજરે જોઈ રહ્યા.

બીજા બે બંબા આવ્યા, તરત તેને કામે લગાડ્યા, અને એસારે પાણીનો વરસાદ વરસવા

માંડયો. જ્યાં પાણી પડે ત્યાંથી આગ એકદમ નાશ પામતી. પણ પાછી ઘડીકમાં પ્રજળી ઉઠતી. પેલા અંદર ગએલા તરૂણ પુરુષ માટે મળેલા ટોળામાં હો હો થઇ રહી. એટલામાં બ્હારીમાંથી કોઈ માણુસ એકદમ દોડતું હોય તેમ નીચે ઉભેલા ટોળાને દેખાયું. આ જોઈ બધા બારણા સામું જોવા લાગ્યા. થોડી વાર નહી થઈ હોય તેટલામાં તે તરૂણ પુરુષને ખભા ઉપર એક સ્ત્રીને મડદાની માફક નાંખી એકદમ જોસભેર આવતો જોયો. આ જોઈ બધા એકે અવાજે બોલી ઉઠયા " વાહ વાહ, સાબાશ છે. " અને તે ધ્વનિ આકાશ સુધી ગાજી રહ્યો. જેણી તરફ હેને આવતો જોયો કે તરત લોકોએ વચ્ચે હેને માટે મારગ કર્યો. તે જુવાન પોતાનો બોજો ખભા ઉપર લઈ ટોળા તરફ દોડયો અને હેને આપેલા રસ્તામાં થઈ તે ટોળા-બ્હાર લઇ ગયો, અને પોતાના ઘરમાં લે ચાલ્યો ગયો. ત્યાં હેને એક કોચ ઉપર સૂવાડી અને ચડેલા શ્વાસથી હાંફતો હાંફતો તે કોચ પાસે ઉભો રહ્યો. ને થોડી વાર પછી હેનો મ્હો પર પાણી છાંટવા માંડયું અને બહુ વાર નહી થઈ હોય એટલામાં માણી કાંઈક ભાન-

માં આવવા લાગી. ત્હેણે પાણી ત્હેના મ્હો ઉપર છાંટચાજ કર્યું. દશ મીનીટ વધારે થઇ અને મણીએ આંખ ઉઘાડી. ત્હેના મ્હો ઉપર કાંઇક ખુશીનું ચીન્હ માલમ પડ્યું પણ ગભરાતી ગભરાતી બોલી ઉઠી "મોહનલાલ હું કયાં છું ? જુઓ ૫ણે સળગે !" મોહનલાલે ત્હેને જવાબ દીધો "મણી હવે બ્હીવા જેવું કાંઈ નથી, તમે મ્હારા ઘરમાં છો અને ઈશ્વરે બચાવ્યાં છે." મણી પાછી ફરીથી બોલી ઉઠી "મ્હારા ભાઇ તથા બા ક્યાં છે ?" "તમે જગાર શાંત થાઓ હું તેમને બોલાવું છું" એમ કહી ત્હેણે ત્હેના નોકરને બુમ મારી. અને જ્યારે તે આવ્યો ત્યારે દયાશંકરને તથા કમળાને અંદર બોલાવી લાવવા કહ્યું.

આગનું જોર પણ હવે ધીમે ધીમે નરમ પડવા લાગ્યું. બધા મળી ચાર બંબા કામ કરતા હતા અને અડધી કલાકમાં આગ નરમ પડી. દયાશંકર તથા કમળા મોહનલાલના ઘરમાં આવ્યાં અને ત્યાં મણીને જોઇને તેમને અત્યંત હર્ષ થયો.

પ્રકરણ ૩૭ મું.

જગજીવનદાસની હકીકત.

શેઠ જગજીવનદાસ બીજે દિવસે સવારમાં ઉઠયા. પણ તેમના મન ઉપરથી રાતના બનાવની અસર હજુ ગઈ નહોતી. ફક્ત દવાના જોરથી તે તરત સુઈ ગયા હતા પણ જાગ્યા એટલે રાત્રે જે બનાવ બન્યો તે તેમને સાંભરી આવ્યો. તે વિશે મોહનલાલને તેમણે કહ્યું. " મોહનલાલ, ઉંઘમાં ચાલવાની ટેવ પડતી હશે તે કાંઈ મગજ ઉપર અસર થયાથી થતું હશે કે કેમ ? "

મોહનલાલે જાણ્યું કે જો શેઠને ખરેખરી હકીકત કહીશ તો વળી તેમને વધારે અસર થશે માટે શેઠના સવાલને બરોબર જવાબ ન આપતાં હેણે વાત ઉડાવી નાંખવા પ્રયત્ન કર્યો. પણ શેઠ તો હઠથી લાગી રહ્યા. મોહનલાલે તેનો જેવોતેવો ખુલાસો કર્યો. પણ તેથી શેઠને કાંઈ બરોબર સંતોષ વળ્યો નહીં, અને મોહનલાલે તે વિશે વધારે વાત કરવા ના પાડ્યા છતાં પોતે પોતાની મેળેજ હેને કહેવા લાગ્યા કે " હું પહેલાં સત્તર વર્ષની ઉમ્મરે પરણ્યો હતો અને પહેલું ઘર બાર વર્ષ

ચાલ્યું એટલામાં મ્હારી સ્ત્રી ક્ષઇ રોગથી મરી ગઈ. ત્હેને કાંઈ સંતાન થયું નહોતું. ઓગણત્રીસ વર્ષની ઉમ્મરે હું ફરીથી પરણ્યો. ત્હેને ત્રણ છોકરાં થયાં પણ બબ્બે ત્રણ ત્રણ વર્ષનાં થઈ બધાં મરી ગયાં. અને બીજી વારની બાયડી પણ ગુજરી ગઈ. તે વખતે મ્હારી ઉમ્મર પીસ્તાળીસ છેતાલીશ વર્ષની હતી. આવડી ઉમ્મર થઈ, અને બબ્બે વાર પરણ્યો છતાં કાંઈ સંતાન નહોતું. મ્હારૂં મન હવે ત્રીજી વાર પરણવા માટે હતું નહી; પણ મિત્રો તથા સગાં વ્હાલાં તરફથી ઘણો જ આગ્રહ કરવામાં આવ્યો એટલે પાછો હું પરણ્યો. આગળ બે વાર પરણ્યો હતો તેના કરતાં આ ત્રીજી વારના ઘરથી મ્હને બહુ સંતોષ થતો. બાયડી ડાહી તથા સમજુ હતી. તેમ દેખાવમાં પણ આગળના બન્ને ઘર કરતાં સારી હતી. તે મ્હારી મરજી જેમ બને તેમ સાચવવા કોશીશ કરતી. ત્હેને બે છોકરા તથા એક છોકરી થઈ. પણ તેમાંની એક છોકરી તથા એક છોકરો તો ત્હેની હયાતીમાંજ મરણ પામ્યાં. બાબુ જ્યારે અઢી વર્ષનો થયો ત્યારે ત્હેની માને સખત તાવ આવ્યો અને ચાર મહીના સુધી ત્હેને મંદવાડ રહ્યો. અમારા બન્ને જણા વચ્ચે

અગર જો કે ઉમ્મરનો બહુ ફેર હતો છતાં પ્રીતિ ઘણી સારી બંધાઈ. હું આગળના બન્ને ઘરમાં આના જેવો સુખી નહોતો. જ્યારે તે માંદી પડી ત્યારે હેને માટે મ્હને બહુ દુ:ખ થવા લાગ્યું. એક દિવસ જ્યારે મ્હને એમ લાગ્યું કે હવે તે મદવાડમાંથી ઉઠશે નહી ત્યારે હું હેની પાસે ગયો પણ તે ઊંઘતી હતી. પાસે કબાટ હતું તેની અંદર કાતર હતી તે લઈ હેના વાળ જે તકીઆ ઉપર વીખરાતા પડ્યા હતા તેમાંથી એક લટ કાપી લીધી. તે લટ મ્હે શા ઈરાદાથી કાપી તેનું ભાન મ્હને તે વખત હતું નહીં. તે લટ એક કાગળના પાકીટમાં દઈ મ્હે કબાટમાં મૂકી. લટ કાપ્યા પછી પંદર દિવસમાં તે ગુજરી ગઈ. અને તેથી મ્હારા મનને અતિ શોક થયો. થોડા દિવસ હેના મરી ગયા પછી હું માંદો રહ્યો. બાલુને જોઇને હેનું દુ:ખ હું ધીમે ધીમે વિસરવા લાગ્યો. એક દિવસ કાંઈ કામસર મ્હે કબાટ ઉઘાડ્યું અને પેલું પાકીટ મ્હારી નજરે પડ્યું પાકીટ જોતાં વાર મ્હારા મનની લાગણીઓ પાછી ઉશ્કેરાઈ આવી. અને તે પાકીટ હાથમાં લઇ તેમાંથી વાળની લટ બ્હાર કહાડી. તે લટ હાથમાં હતી

અને મ્હારૂં હૃદય ભરાઈ આવ્યું. ત્યાં હું એકલોજ હતો. આગળના સુખના વિચારોએ મ્હારૂં મંન પીગળાવી દીધું. અને ત્યાં એક ખુરશી ઉપર બેશી મ્હે મ્હારૂં મન ખાલી કર્યું. પાછી તે લટ પાકીટમાં મૂકી કબાટમાં મૂકી દીધી. છબી વાળા ઓરડામાં ત્હેનું એક ઓઈલપેઈન્ટીંગ છે તે હું દરરોજ સવારમાં જોતો અને કોઈ કોઈ વખત પેલી લટને હાથમાં લઈ આગળના સુખનો વિચાર કરતો અને મન ગભરાઈ આવવાથી હું મ્હારૂં મન ખાલી કરતો. હું ઘણીએ મ્હેનત કરતો પણ ત્હેના વિચાર મ્હારા મનમાંથી જતા નહી. અને વારંવાર તે વિચારમાં કેટલીક વારતો કાંઈ વાંચતો હોઉ અથવા બીજું કામ કરતો હોઉ છતાં દીંગમૂઢ જેવો બની જતો. મ્હને લાગે છે કે આ ઉંઘમાં ફરવાની ટેવ તે દિવસથી પડી હશે. પણ હવે શો ઈલાજ કરૂં તો તે વિચારો મ્હારા મનમાંથી જતા રહે?"

આમ મોહનલાલને કહી ત્હેનું હૃદય ભરાઈ આવવાથી તથા બાલુ પાછો યાદ આવ્યાથી ત્હેની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં અને આખરે રોઈ પડયો.

મોહનલાલે ત્હેને ધીરજ આપી અને તે વિ-

ચારો મનમાંથી કહાડી નાંખવા ત્હેણે ત્હેને બહુ કર્હ્યું. અનેક દાખલા આપ્યા, પણ ત્હેનું મન શાંત થયું નહીં. તે દિવસે બપોરથી શેઠને સખત તાવ આવવો શરૂ થયો. અને શેઠ પથારી વશ થઈ ગયા.

તાવ સખત આવ્યો, અને તાવના ઘેનમાં બાલુ તથા બાલુની માને માટેજ તે વારંવાર લવારો કરતા. બીજે દિવસે રાત્રે તાવનું જોર વધ્યું મોહનલાલ ત્યાંજ રહેતો હતો. જ્યારથી તાવ આવ્યો ત્યારથી મોહનલાલ બીલકુલ ઘેર પણ ગયો નહોતો. આજ રાત્રે શેઠને તાવની જોડે સનેપાતનાં ચિન્હ જણાવવા લાગ્યાં.' મોહનલાલે પોતાની પેટીમાંથી દવા કહાડવા પેટી ઉઘાડી. પણ જે દવા જોઇતી હતી તે દવાની શીશી ખાલી હતી. ત્હેના મકાન ઉપર અત્યારે એવું કોઈ માણસ રહેતું નહોતું કે તે ચિઠ્ઠી લખી દવા મંગાવે. તેથી ત્હેણે ગાડી જોડાવી, શેઠને તરતને માટે એક દવા આપી તે પોતાને ઘેર દવા લેવા ગયો.

જે વખતે તે પોતાના ઘરની પાસે આવ્યો તે વખતે ત્હેણે ત્યાં લાગેલી આગ જોઈ. તે ગાડીમાંથી એકદમ ઉતર્યો અને ત્યાં મળેલી ભીડમાં

ઉભો રહ્યો. ત્યાં હેણે સાંભળ્યું કે એક સ્ત્રી અંદર રહી ગઈ છે અને હેને કહાડવા કોઈની હીમત્ત ચાલતી નથી. તે ઘરમાંથી એક વૃદ્ધ મરદ તથા સ્ત્રી બે જણાં તો નીકળી આવ્યાં પણ એક બીજી સ્ત્રી અંદર છે. આ ઉપરથી હેને લાગ્યું કે મણી હોવી જોઈએ. આ વિચાર હેના મનમાં આવવાથી હેનું મન ઉશ્કેરાઈ આવ્યું અને તે ટોળામાંથી એકદમ તે ઘર તરફ દોડ્યો.

ઘરની અંદર ગયો ત્યારે તે ધુમાડાથી ભરાઈ ગયું હતું છતાં તે દાદર તરફ દોડ્યો. એક ઝપાટા-માં તે દાદર ઉપર ચડી ગયો અને મણી વાળા ઓરડા તરફ દોડ્યો, મણીના આગળના ઓરડામાં બ્હારીઓ તથા બીજી ચીજો સળગતી હતી અને મણીના ઓરડાનાં બારણાં પણ થોડાં થોડાં સળગતાં હતાં. આસપાસ ભડકા નીકળતા હતા પણ તેની દરકાર ન કરતાં જુસ્સાભેર મણીના ઓરડાનાં બારણાંને લાત મારી કે તુરત તે બારણાં ઉઘડી ગયાં. તે અંદર ગયો તો મણીને જમીન ઉપર પડેલી જોઈ. હેને એકદમ હેણે ઉપાડી લીધી અને ખભા ઉપર નાંખી એકદમ તે, તે ઓરડાની બ્હાર નીકળ્યો. બ્હાર આવ્યો

તે વખતે ભડકા પહેલાં કરતાં જોરભેર નીકળતા હતા. તે ન ગણકારતાં તે દાદર પાસે આવ્યો. દાદર પણ સળગવા માંડયો હતો તે છતાં ઉતાવળાથી એકદમ તે દાદરેથી ઉતરી પડયો અને હજી છેલ્લા પગથીઆ ઉપર એક પગ હતો તેટલામાં દાદર કડ કડ કડ કરતો તુટી પડયો. ત્યાંથી ત્હેણે એક કૂદકો માર્યો અને બારણા બ્હાર ઝપાટાબંધ નીકળી આવ્યો. ત્યાંથી તે મણીને પોતાને ઘેર લઈ ગયો. અને જ્યારે તે બરોબર શુદ્ધિમાં આવી ત્યારે કમળા તથા દયાશંકરને સોંપી તેમને હાલ તે જ ઘરમાં રહેવાનું કહી, જે દવા લેવાની હતી તે લેઈ પાછો શેઠ જગજીવનદાસને બંગલે આવ્યો.

જે વખતે બંગલે આવ્યો તે વખતે શેઠની તબીયત વિશેષ બગડેલી ત્હેને લાગી. ત્હેણે ત્હેને દવા આપી. બેડથીક કલાક પછી પાછી કાંઈ તબીયત સારી લાગી. પણ સનેપાતનો ચાળો મટયો નહોતો. સવારના ત્રણ વાગ્યાને સુમારે શેઠને શ્વાસ ચાલવા માંડયો. મોહનલાલે પોતાનાથી બનતી મહેનત કરી પણ સવારના છ વાગે શેઠ જગજીવનદાસ સ્વર્ગવાસી થયા.

પ્રકરણ ૩૮ મુ

સીલ કરેલું પાકીટ.

કમળા, દયાશંકર, મણી વિગેરે એ ચાર રોજ તો મોહનલાલનાજ ઘરમાં રહ્યાં. આગથી દયાશંકરને નુકશાન તો થયું હતું પણ ઘણોખરો ભાગ બચી ગયો હતો. હેના ઘરના ઉપરના બે માળ તથા હેના માળમાંથી ફક્ત એક ઓરડોજ બળી ગયો હતો. આગ ઓલવાઈ એટલે હેનો બધો સામાન મોહનલાલના ઘરમાં લાવીને મૂક્યો હતો. મોહનલાલ આગ લાગ્યા પછી બે દિવસ સુધી પોતાને ઘેર બિલકુલ આવ્યો નહોતો.

મોહનલાલ ત્રીજે દિવસે ઘેર આવ્યો. આ દુનિઆમાં જો કોઈ આપણો હાથ ઝાલનાર ન હોય તો આ વિકટ મહાસાગર તરવો બહુજ મુશકેલ પડે છે. ગમે તેવો માણસ હોશીઆર હોય, ભણ્યો હોય તથા હેનામાં ગુણની ખાંણ હોય છતાં જો કોઈ હેને મદદગાર ન હોય તો હેની હોંશીઆરી ભણતર, તથા ગુણ બધું ઢંકાઈ રહે છે. મોહનલાલને જગજીવનદાસ તરફની ઘણી સારી ઓથ હતી અને હેને રહેજ ટેકો મળ્યો એટલે પોતાની

હોંશીઆરીથી તે આગળ પડ્યો. તે પોતે પણ જગજીવનદાસનો ઉપકાર ઘણી સારી રીતે સમજતો હતો અને જે પ્રમાણે હેનાથી બની શકે તે પ્રમાણે હેણે તેનો બદલો પણ આપ્યો હતો. હેની જોડે હેને પિતા પુત્રનો નાતો હતો અને શેઠ જગજીવનદાસે તે નાતો છેક અંતકાળ સુધી જાળવી રાખ્યો હતો તેથી મોહનલાલને શેઠની બહુ ખોટ પડી. મોહનલાલ શેઠના વિયોગથી ઘણો દુઃખી થયો. પણ આ દુનિઆમાં કોઈ ચીરંજીવી થઈને અવતર્યું નથી. જેટલા જાયા તેતો જવાના જ છે. તે વિચાર મનમાં આવવાથી તે વખતે વખતે મનનું સમાધાન કરતો હતો.

દયાશંકરે ત્રણ ચાર દિવસ પછી એક પાસેના માળામાં એક માળ ખાલી થયો તે ભાડે રાખ્યો અને પોતે ત્યાં રહેવા ગયો. મોહનલાની મનની સ્થિતિ આવી હતી તેથી મણીનો સમાગમ તે વીશેશ ઇચ્છતો હતો માટે થોડા દિવસ દયાશંકરને પોતાના ઘરમાં રહેવા આગ્રહ કર્યો પણ જ્યારે દયાશંકરની મરજી હેણે ન જોઈ ત્યારે હેને વીશેશ આગ્રહ કરવા હેને વ્યાજબી લાગ્યું નહીં. મણીના તે ઘરમાંથી ગયાથી મોહનલાલને મનની

ઉપર અસર તો થઈ પણ નિરાશ થઈ ત્હેમને રજા આપવી પડી. મોહનલાલના ઘરથી દયાશંકરનું ઘર કાંઈ બહુ દૂર ન હતુ.

શેઠ જગજીવનદાસના ભવિષ્ય પછી ત્રણ ચાર દિવસ ગયા બાદ મોહનલાલને પેલો સીલ કરેલો કાગળ સાંભર્યો. ત્હેણે તે કાગળ પોતાના લખવાના ઇસ્કોતરામાંથી ક્‌હાડ્યો. અને તે કાગળ ફોડતાં પહેલાં ત્હેના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. પોતાનું ભલુ કરનારના હસ્તાક્ષર જોઈ ત્હેનું હૈયું ભરાઈ આવ્યું અને કાગળ ટેબલ ઉપર મુકી મન ખાલી કર્યું. થોડી વાર સુધી તો તે વિચારમાં ગુમ થઈ ગયો હતો. પાછો ત્હેણે તે કાગળ લીધો અને ફોડ્યો. ત્યારે તેમાંથી બે કાગળ નીકળ્યા. એક શેઠનો પોતાના હાથનો લખેલો હતો. ને બીજા કાગળના અક્ષર તે ઓળખી શક્યો નહોતો. પહેલાં ત્હેણે શેઠનો કાગળ વાંચ્યો પણ વાંચતાં તે કાગળ પડતો મુકી બીજો કાગળ વાંચવા ત્હેની ઇચ્છા થતી હોય તેમ ત્હેના ચ્હેરા ઉપરથી જણાતુ હતું: થોડું વાંચે અને વળી પેલા કાગળ સામું એકી નજરે જોયા કરે અને પાછો શેઠનો કાગળ વાંચવા મંડે. શેઠનો કાગળ બહુ લાંબો

હતો નહીં, તે કાગળ હેણે પૂરો કર્યો અને પછી બીજો કાગળ વાંચવા લાગ્યો. કાગળ વાંચતે વાંચતે હેના મ્હો ઉપર જુદી જુદી જાતની અસરો થવા માંડી. અને વખતે વખતે તે કાગળ વાંચતાં હેના ચ્હેરા ઉપર આશ્ચર્યતાનાં ચિન્હ સાફ ખુલ્લે ખુલ્લાં માલમ પડતાં. તે કાગળ તે વાંચી રહ્યો. પાકીટમાં બન્ને કાગળો મુકી હેણે તે પાકીટ પાછું પોતાના લખવાના ઇસ્કોતરામાં મુક્યું.

કાગળ વાંચ્યા બાદ હેનું મન ચગડોળે ચડ્યું હોય તેમ લાગતું. તે ઘડીકમાં ઊંડા વિચારમાં પડી જતો અને ઘડીકમાં વળી પાછો જાગૃત થતો. તે હેના ઓરડામાં આમતેમ ફરતો હતો. આ કાગળ શેઠે હેને પહેલાં શા માટે નહી આપ્યો હોય તેના તે વારંવાર વિચારમાં પડી જતો. બીજી વખત હેણે તે કાગળ વાંચવા માંડ્યો. કાગળ વાંચતાં વાંચતાં હેના મનમાં અનેક વિચારો ઉછળવા લાગ્યા. પાછો હેણે કાગળ મુકી દીધો. પણ તે કાગળના વિચારો હેના મનમાંથી દૂર થયા નહીં. દવાખાનામાં જાય પણ ત્યાં હેને કાંઈ સુજે નહીં. આ પ્રમાણે હેના મનની સ્થિતિનો ફેરફાર બે ત્રણ દીવસ સુધી રહ્યો. ધીમે ધીમે હેનું મન

શાંત થતું ગયું. અને પોતાના કામમાં તે ધ્યાન દેવા લાગ્યો.

પ્રકરણ ૩૯ મું.

અરીસો.

દયાશંકર આગ લાગ્યા પછી આશરે પંદરેક દિવસ પછી પોતાના રહેવાના મકાનની બ્હારીએ ઉભો હતો અને કમળા તથા મણી મકાનના અંદરના ભાગમાં રસોઇની તૈયારી કરતાં હતાં. દયાશંકર અત્યારે બ્હારી સામે એકી નજરે જોઇ રહ્યો હતો. અને હેનું મન જાણે કાંઈ કારણથી મુઝાતું હોય તેમ હેના ચહેરાં ઉપરથી લાગતું હતું. વખતે વખતે તે હેના વિચારમાંથી જાગૃત થઇ ઓરડામાં આસપાસ જોતો હતો. પણ જ્યારે તે કોઇને જોતો નહી ત્યારે પાછુ બ્હારી બ્હાર જોઇ વિચાર કરતો, આ પ્રમાણે તે બ્હારીએ આશરે અડધો કલાક ઉભો રહ્યો હશે પણ તે ત્યાં કેટલું ઉભો રહ્યો હેની હેને ખબર હતી નહીં.

આગલે દિવસે જ્યારે તે કોર્ટમાંથી આવ્યો ત્યારે ત્હેના મનને જે શક હતો તે દૂર થયો. જે વખતે તે માળ ઉપર આવી દીવાનખાનામાં થઇને કપડાં ઉતારવા પાસેના ઓરડામાં ગયો તે વખતે ત્હેણે મણીને બ્હારીએ ઉભેલી જોઈ. મણી બ્હારીમાંથી એકી નજરે જોઇ રહી હતી તેથી ત્હેનો બાપ અંદર આવ્યો તેની ખબર ત્હેને હતી નહીં. દયાશંકર કપડાં ઉતારવા એક ખીંટી પાસે ગયો અને ત્યાં આગળ એક અરીસો હતો. અરીસો બ્હારી પાસે એક બાજુની દીવાલ ઉપર ટાંગેલો હતો અને તે અરીસામાં મોહનલાલનું ઘર બરોબર દેખાતુ હતું. દયાશંકર ખીંટી પાસે આવ્યો અને એકાએક ત્હેની દૃષ્ટિ અરીસા ઉપર પડી, અને તેમાં જોયું તો મોહનલાલના ઘર પાસે એક ગાડી ઉભેલી દીઠી અને મોહનલાલ કોઈ પારસીની જોડે ત્હેના બારણામાં ઉભો ઉભો વાતો કરતો હતો. મોહનલાલની નજર બ્હારી તરફ નહોતી છતાં મણી ત્હેના સામું એક નજરે જોઇને ઉભી હતી, જ્યારે ત્હેના બાપે આ જોયું ત્યારે ત્હેના મનમાં ખાતરી થઈ કે મણી મોહનલાલને ચાહે છે. ત્હેને તે શક આજ ઘણા દિવસ થયાં હતો, કારણ મણી

તથા મોહનલાલ જ્યારે જ્યારે સામસામું જોતાં ત્યારે બેમાંથી એક જણુ શરમને લીધે કાંતો નીચું જોઈ જતાં નીકર આડું જોતાં. પ્યારનું જોવું એ ઢાંક્યું રહે તેમ નથી. તેતો મ્હો ઉપરથી જ જણાઈ આવે છે. પ્યાર બતાવવા કાંઈ શબ્દની જરૂરજ નથી. ફક્ત એક બીજાની નજર ઉપરથી, એકબીજાની હીલચાલ ઉપરથી તથા એકબીજાના મ્હોના ફેરફાર ઉપરથી તે સ્પષ્ટ જણાઈ આવ્યા વગર રહેતું નથી. એક ઈંગ્રેજ કવિએ કહ્યું છે કે "આંખ એ માણુસના હૃદયની લાગણીને ખુલ્લી કરનાર એક અરીસો છે." મનની લાગણી મ્હો ઉપરથી તથા આંખ ઉપરથી ઘણી વાર માલમ પડે છે. આ પ્રમાણે દયાશંકર મણીના મનની વાત જાણી ગયો અને તેથી જ તે આજે વિચારમાં પડી ગયો હતો.

મ્હારીએ ઉભે ઉભે ત્હેને અનેક વિચાર આવવા લાગ્યા. રૂક્ષ્મણીની વાત ત્હેને સાંભરી આવી અને તેથી ત્હેને દુઃખ થવા લાગ્યું. શો ઈલાજ કરવો તેની સુઝ પડે નહીં. આમ વિચારમાં લીન થઇને ઉભો છે તેવામાં કમળા ત્યાં આવી. દયાશંકરને આમ દીગમૂઢ જેવો જોઈ કમળા

ચમકી. ત્હેણે ત્હેને પૂછ્યું "કેમ આજ તમારૂં મ્હો ઉતરી ગયું છે? કાંઈ વિચારમાં પડી ગયા હો તેમ લાગે છે?"

દયાશંકરે કહ્યું "મણી શું કરે છે?"

"મણી તો રાંધવા નાહી છે"

"ત્યારે તમે અહીંયાં બેસો. મ્હારે તમને એક વાત કહેવી છે" એમ કહી દયાશંકરે કમળાને એક ખુરશી ઉપર બેસવા કહ્યું. જ્યારે કમળા ત્યાં બેઠી અને દયાશંકર ત્હેની સામે બેઠો ત્યારે ત્હેણે ત્હેના મનની બધી હકીકત કહી. જે ઉપરથી કમળાએ કહ્યું. "મ્હને પણ તે બાબતનો શક આજ ઘણા દિવસ થયાં છે. મણી વારંવાર કાંઈ વિચારમાં ગુમ થઈ જાય છે તથા ત્હેનું મન કોઈ કોઈ વાર મુઝાતું હોય એમ મ્હને લાગે છે. પણ ત્હેનો શો ઈલાજ કરીએ. મોહનલાલ હજી સુધી ખરાબ માણુસ હોય એમ કાંઈ પણ આપણને લાગ્યું નથી. તો બિચારો જ્યારે જ્યારે આવે છે ત્યારે શરમાતો શરમાતો અહીયાં આવે છે. પણ મણી ત્હેના સામું કેટલીક વાર ધારી ધારીને જોઈ રહે છે." આમ ધણી ધણીઆણી બેઠાં બેઠાં વાતો કરે છે એટલામાં ટપાલવાળો આવ્યો અને પાંચ છ

કાગળ દયાશંકરને આપ્યા. દયાશંકરે એક પછી એક કાગળ ફોડીને વાંચ્યાં. તેમાં એક કાગળ પ્રભાકરનો હતો.

દયાશંકરે પ્રભાકરનો કાગળ વાંચ્યો અને કમળાને કહ્યું. "પ્રભાકરની મ્હોટી છોકરી ચંદ્રાને એકદમ આંખો દુખવા આવવાથી ત્હેની આંખમ મ્હોટા મ્હોટા ખીલ થઈ ગયા છે અને ઘણા ઉપાય કરતાં તે મટતા નથી માટે આવતી કાલે સવારે પ્રભાકર, સુધામુખી તથા ચંદ્રા અહીંયાં કોઈ સારા દાકતરની દવાને માટે આવનાર છે."

"મોહનલાલ આંખના કામમાં ઠીક જાણે છે તેથી પહેલાં આપણે ત્હેને બતાવીશું" કમળાએ કહ્યું. "અને જો પછી ત્હેની સલાહમાં આવશે તો બીજા કોઇને બતાવીશું. બિચારી ચંદ્રાને આંખે ક્યાંથી એવી હરકત થઈ."

"દેહ છે તેમાં શું થશે તેની આપણને કાંઈ ખબર છે? વારૂ પ્રભાકર અહીંયાં આવશે તો આપણે ત્હેને મણીની બાબત પુછીશું. કારણ તે આપણો મિત્ર છે તો ત્હેની સલાહ લેવી એ મ્હને વધારે સારૂં લાગે છે પણ તમારો શો વિચાર છે તે તો કહો."

" હું શું તે બાબતમાં સમજું. બિચારી દુખીઆરી છે ત્હેને જોઈ મ્હારૂં તો મન બળીને ખાખ થઈ જાય છે. આપણાથી કાંઈ બીજું થઈ શકે તેમ છે. આપણે તો દુખે કે સુખે આમનો આમજ અવતાર કહાડવો. બીજું હું શું કહું."

" જો યોગ્ય જગ્યાએ કાંઈ મળે તો તમારો શો વિચાર?"

" હું તેમાં શું સમજું. તમે જે કરો તે કાંઈ ખોટું તો નહી કરો. ન્યાતની પંચાત એટલે આપણે શું કરી શકીએ. પણ જો બિચારી દુઃખમાંથી છુટતી હોય તો હું તો ન્યાતની દરકાર રાખતી નથી."

" હશે, પ્રભાકરના આવ્યા બાદ આપણે તે વિશે વિશેષ વિચાર કરીશું. ત્યારે કાલે તે લોકો આવવાના છે માટે જે કાંઈ બંદોબસ્ત કરવો ઘટે તે તમે કરી રાખજો" એમ કહી દયાશંકર ન્હાવાને માટે ઉઠ્યો અને કમળા મણી પાસે રસોડામાં ગઈ.

બીજે દિવસે સવારે પ્રભાકર, સુધામુખી, તથા ચંદા મેલ ટ્રેનમાં આવ્યાં. ચંદાની આંખો સુજી ગઈ હતી અને બિલકુલ ઉઘડી પણ શકતી નહોતી. તેથી ત્હેને તો દોરીને લાવવી લઈ જવી પડતી.

બપોરે મોહનલાલને બોલાવી ચંદાની આંખો દેખાડી. ત્યારે મોહનલાલે કહ્યું. " હજુ સુધી આંખને કાંઈ ઈજા થઈ નથી પણ જો બે ચાર દિવસ વધારે થયા હોત તો વખતે ઈજા થવા સંભવ હતો " એમ કહી ત્હેણે આંખ ઉપર લગાવવા કાંઈક દવા આપી, અને સાંજે આંખની અંદર કાંઈ દવા ઘરી, તેથી અગર જોકે બળતરા તો બહું બળી પણ અડધીક કલ્લાક પછી ચંદાને ખટકો રહેજ ઓછો લાગ્યો.

પ્રકરણ ૪૦ મું.

રહસ્ય ભેદ.

ચંદાની દવા કરવા પ્રભાકર તથા સુધાસુખી અહીંયાં હેના મિત્ર દયાશંકરના ઘરમાં રહેછે. અને મોહનલાલ દરરોજ એક બે વાર ખબર કહાડવા આવેછે. દયાશંકર તથા મોહનલાલ વચ્ચે હવે દોસ્તી બહુ વધી હતી તેથી તે ઘણું ખરૂં રાત્ર જ્યારે કામ ન હોય ત્યારે ત્યાં આવતો અને શેતરજ અગર બીઝીક બન્ને જણા રમતા.

પ્રભાકરના આવ્યાબાદ ત્રણ ચાર દિવસ પછી એક રાત્રે મોહનલાલ દયાશંકરના ઘરમાં આવ્યો અને પ્રભાકર પણ ત્યાં જ હતો. થોડીવાર વાતો કરી ત્રણે જણા બીઝીક રમવા બેઠા. પ્રભાકરે મોહનલાલને પૂછ્યું "તમે હજી સુધી પરણ્યા કયમ નથી. તમારે પરણવાની ઇચ્છા નથી?"

"પરણવાની ઇચ્છા તો ઘણીએ છે" એમ કહી મોહનલાલે ઉંડો નિસાસો નાંખ્યો અને કહ્યું. "પણ અમદાવાદ આજ હું ઘણાં વરસ થયાં ગયો નથી. જ્યારે મ્હારી માતા જીવતી હતી ત્યારે ગયો હતો.

પણ વધારે સારૂં તો જો તે માતાને પાળક માતા કહું તો ઠીક છે, કારણ હું મ્હારાં માત પિતાને ઓળખતો નથી અને હું જાણુતો પણ નથી કે તે કોણ છે તથા ક્યાં છે, અને ઘણું કરી હું તેમનાથી હમેશાં અજાણ્યો જ રહીશ. જ્યારે મ્હારી પાળક માતા જીવતી હતી ત્યારે મ્હને કોઇએ કન્યા દીધી નહીં. અને તેમ થવાનું કારણ ત્હેના મરી ગયાં પછી મ્હને ઘણે દિવસે માલમ પડ્યું."

"ત્યારે તમે હજીસુધી તમારાં માતપિતા કોણ છે તે જાણુતા નથી?"

"ના હું તેમનાથી હજીસુધી સાવ અજાણ્યો જ છું"

"તમને આ વાત કહોણે કહી?"

"મ્હારા એક હિતેચ્છુ શેઠ જગજીવનદાસ આજ થોડા દિવસ ઉપર સ્વર્ગવાસ થયા તેમણે મ્હને એક બીડેલું પાકીટ આપ્યું હતું અને કહ્યું હતું કે જ્યારે હું હયાત ન હોઉં ત્યારે તે ઉઘાડીને વાંચજે. જે ઉપરથી ત્હેમના ગુજરી ગયા બાદ મ્હેં તે પાકીટ ઉઘાડી વાંચ્યું તો મ્હને ખબર પડી કે જેને હું આજ સુધી માતા કહેતો હતો તે મ્હારી ખરી માતા ન્હોતી પણ પાળક માતા હતી."

"તે કાગળમાં બીજું કાંઈ લખેલું હતું" આ વાત સાંભળી પ્રભાકરને મોહનલાલની બધી હકીકત સાંભળવા ઇચ્છા થઈ.

"કાગળમાં હું કેવી રીતે તે પાળક માતાના હાથમાં આવ્યો તેજ લખેલું હતું."

"જો તમને કાંઈ અડચણ ન હોય તો અમને તે વાત કરો, કારણ તે વાત સાંભળવા અમને બધાંને ઇચ્છા થઈ છે" દયાશંકરે કહ્યું.

"એમાં અડચણ શી છે. ઘણી ખુશીથી હું તે કહીશ." મોહનલાલે કહ્યું. "અમદાવાદમાં મ્હારી પાળકમાતા પખાલીની પોળમાં રહેતી હતી. તે એક દિવસ પાડોશની બીજી બૈરીઓ જોડે નદિએ ન્હાવા ગઈ, નદીને સામે કિનારે પાણી હતું તેથી તે બધાં ત્યાં ગયાં. અને મ્હારી પાળકમાતા સામે કિનારે કાંઈ બખોલ જેવું હતું ત્યાં જંગલ જવાના ઇરાદાથી ગઈ. પણ જેવી તે તે બખોલ પાસે આવી એટલામાં કોઈ ન્હાનું છોકરૂં રડતું હોય તેમ ત્હેને કાને અવાજ ગયો. ત્યાં જઇને જુવે છે તો એક બાળક આશરે બેથી અઢી વરસનું ત્યાં પડ્યું પડ્યું રોતું હતું. ત્હેના હાથપગ એક લૂગડાથી બાંધ્યા હતા અને પાસે એક લૂ-

ગડું પડયું હતું તેથી એમ ત્હેણે અનુમાન કર્યું કે ત્હેના મ્હોમાં ડુચો માર્યો હશે. તે બાળકને ત્હેણે ઉપાડી લીધું અને ત્હેના હાથપગ છોડી નાંખ્યા. ત્હેને કાંઈ ફરજંદ હતું નહીં. તેથી તે બાળકને ઉછેરી મ્હોટું કરવા ત્હેની ઈચ્છા થઈ અને ત્યાંથી ત્હેને લઈ બ્હારો બ્હાર તે ચાલી ગઈ.

આ જે બાળક ત્હેને જડયું હતું તે હુંજ પોતે છું. જો હું ત્હેના લખવા પ્રમાણે તે વખતે એથી અઢી વર્ષનો હોઉં તો અત્યારે મ્હારી ઉમ્મર અઠાવીશ વર્ષની હોવી જોઈએ. મ્હને ત્હેણે ઉછેરીને મ્હોટો કર્યો. આસપાસનાં પાડોશીને ત્હેણે તે વાત બ્હાર પાડવા ના પાડી હતી. હું જ્યારે છ વર્ષનો થયો ત્યારે નિશાળે ગયો. અને મેટ્રીકમાં પાસ થઈ મેડિકલ કોલેજમાં દાખલ થયો. એક દિવસ હું ફરવા જતો હતો ત્યાં મ્હારા હિતેચ્છુ જગજીવનદાસની ઓળખાણ થઈ. અને મ્હને તેમની તરફથી સારો આશ્રય મળવા લાગ્યો. મ્હેં તે વાત મ્હારી પાળક માતાને લખી જણાવી હતી. મ્હને લાગે છે કે જ્યારે મ્હારી પાળક માતાને આ દુનિઆમાં વિશેષ હવે રહેવાશે નહીં એમ લાગ્યું ત્યારે તે વાત મ્હને બ્હારોબ્હાર ન લખતાં

ત્હેણે શેઠ જગજીવનદાસને તે બાબતનો કાગળ લખ્યો. જે કાગળ શેઠે મ્હને આપ્યો. તે કાગળમાં જે તારીખ લખેલી છે તે તારીખથી ચાર મહીનાની અંદર મારી પાળક માતા સ્વર્ગવાસ થઈ. હવે જ્યારે હું કોણ છું તથા કોનો છોકરો છું તે જ્યાં સુધી ઝાહેર થયું નથી ત્યાંસુધી મ્હને કન્યા કોણ આપે? તેથીજ હું અત્યાર સુધી કુંવારો રહ્યો છું અને હજી પણ હું જાણુતો નથી કે ક્યારે મારાં અજાણ્યાં માત પિતાથી હું વાકેફ થઈશ. તેઓ આ દુનિયામાં હશે કે નહીં, અને હોય તો તેઓ મ્હને ઓળખી શકે કે નહી, તે કેમ કહી શકાય?"

આ પ્રમાણે મોહનલાલે પોતાની હકીકત જેથી પોતે પણ આટલા દિવસ અજાણ્યો હતો, તે સર્વને કહી. અને બધાને મોહનલાલ માટે બહુ દયા આવી. પોતે કેવી રીતે અભ્યાસ કરી આ સ્થિતિએ આવ્યો તે પણ ત્હેણે કહ્યું. જ્યારથી પ્રભાકરે તથા સુધામુખીએ મોહનલાલની વાત સાંભળી ત્યારથી અનેક વિચારો તેમના મનમાં આવવા લાગ્યા. તેમના મનમાં જે શક આવ્યો તે દૂર કરવા તેમણે યુક્તિઓ ખોળવા માંડી.

અને હેની અંદર દયાશંકરની સલાહ પણ લેતા.

ઉપરની વાત થયાબાદ ચાર પાંચ દિવસ પછી દયાશંકરે મોહનલાલને પોતાને ઘેર જમવા માટે કહ્યું. અને મોહનલાલે પહેલાં તો ના પાડી પણ જ્યારે દયાશંકરનો આગ્રહ જોયો ત્યારે હેને કબુલ કર્યા શિવાય ચાલ્યું નહીં. જમવાનું બપોરે હતું અને રવિવાર હોવાથી દયાશંકરને કોર્ટમાં જવાનું નહોતુ. દયાશંકર તથા પ્રભાકર બન્ને જણાના પાટલા જોડે માંડેલા હતા અને મોહનલાલનો પાટલો તેમના સામો માંડ્યો હતો. દયાશંકર તથા પ્રભાકર ન્હાઇને પાટલા ઉપર બેઠા અને મોહનલાલ કપડાં કહાડી ત્યાં આવ્યો. હજી તે પાટલા પાસે આવ્યો નથી એટલામાં સુધામુખી જે એક કોરે ઉભી હતી તે હેની તરફ દોડી અને હેની કોટે બાઝી પડી. સુધામુખીની આંખમાંથી ડળક ડળક આંસુ પડવા લાગ્યાં મોહનલાલ તો સુધામુખી એકદમ હેની કોટે બાઝી પડી તેથી આભોજ બની ગયો. પ્રભાકર પણ પાટલા પીસેથી ત્યાં દોડી આવ્યો. અને ઘરનાં બધાં માણસો ત્યાં ભેગાં થઈ ગયાં. સુધામુખી તો રોતી રહે નહીં, પ્રભાકરનું પણ મન ભરાઈ આ-

વ્યું. તેથી તે પણ બોલી શકયો નહીં. અને દયાશંકરની પણ તેવીજ સ્થિતિ હતી. કમળા તથા મણી તો મોહનલાલની પેઠે જ આભા થઈ ગયાં હતાં અને સુધામુખી તરફ ટગર ટગર જોઈ રહ્યાં હતાં. બે મિનિટ સુધી કોઈ પણ બોલ્યું નહીં. પણ પછી પ્રભાકરે કહ્યું. “ તમને આશ્ચર્ય તો બહુ થાય છે કે આ એક પરાઇ સ્ત્રી આ પ્રમાણે ઘેલાની માફક તમને બ્હાઝી કયમ પડી પણ માતાનો સ્નેહ દાબ્યો કયમ રહે? આજ સુધી તમે તમારાં માત પિતાથી અજાણ્યા હતા પણ ઈશ્વિરે આજ તમને તે ગુપ્તભેદથી જાણીતા થવા વખત આપ્યો છે, હું તમારો પિતા અને આ તમારી કોટે વળગેલી તમારી માતા છે અને તમારૂં કુમુદ છે. ”

આ સાંભળી મોહનલાલની આશ્ચર્યતાનો પાર રહ્યો નહીં. તે તો હતો તેથી વધારે ગાભરો બની ગયો અને થોડી વાર લગણ તો એકી નજરે ત્હેના સામું જોઈ રહ્યો. પણ પછી ત્હેના મનમાં કાંઈક વિશેષ ખાતરી થવાથી પ્રભાકરને નીચો નમી પગે લાગ્યો અને રોઈ પડયો.

પ્રકરણ ૪૧ મું.

વીલની વ્યવસ્થા.

સુધામુખ્ખીએ મોહનલાલની છાતીના જમણા ભાગ ઉપરનું લાખું જોયું કે, તરત ત્હેના મનમાં ખાતરી થઈ. પ્હેલાં ત્હેને મ્હોએથીજ ત્હેની હકીકત સાંભળી હતી અને તે હકીકતને ટેકો આપનાર આ લાખું માલમ પડ્યું કે તરત તે ત્હેની તરફ દોડી અને ત્હેની કોટે વ્હાઝી પડી. પોતાનો ખોવાએલો છોકરો આટલે બધે વર્ષે જડ્યો તેથી ત્હેના મનની લાગણી કેવી થવી જોઇએ? તે બીલકુલ બોલી શકી નહી. ત્હેનું ગળું સૂકું પડી ગયું અને આંખોની અંદરથી આંસુની ધાર થઈ.

મોહનલાલને જ્યારે ખબર પડી કે સુધામુખ્ખી અને પ્રભાકર ત્હેના માત પિતા છે ત્યારે ત્હેને કેટલું આશ્ચર્ય થયું હશે તથા મનને પણ કેવી લાગણી થઈ હશે ત્હેનો વિચાર તો વાંચનારાજ કરી શકશે. મોહનલાલને જમી રહ્યા બાદ પ્રભાકરે તે કેવી રીતે ખોવાઈ ગયો વિગેરે સર્વ હકીકત કહી સંભળાવી.

આપણે અત્યાર સુધી કુમુદને મોહનલાલના નામથીજ આપણી વાર્તામાં ઓળખીએ છીએ, માટે હવે હેને ફરીથી કુમુદનું નામ નહી આપતાં મોહનલાલજ કહીશું. હેને પણ હવે પોતાનું નામ ફેરવવા માટે બહુ વિચાર થતો હતો, કારણ જે અત્યાર સુધી એક નામથી ઓળખાતો અને પાછું આટલી મ્હોટી ઉમ્મરે જ્યારે પોતાનું નામ ફેરવે તો હેના ધંધામાં તેમજ બીજી બાબતોમાં બહુ અડચણ પડે તથા જે નામથી પોતે આ સ્થિતિએ પહોચ્યો હતો તે નામ કાયમ રાખવાના હેતુથી હેના મનમાં પણ તે તેનું તેજ નામ કાયમ રાખવું એમ છેવટે નિશ્ચય થયો.

તેજ દિવસે બપોરના ત્રણ વાગ્યાને સુમારે મોહનલાલના ઘર આગળ એક બે ઘોડાની ગાડી આવી અને હેની જોડે શેઠ જગજીવનદાસનો એક સીપાઈ આવ્યો હતો. તે ગાડીના કોચ બોક્સ ઉપરથી ઉતરી મોહનલાલ પાસે ગયો અને હેને એક કાગળ આપ્યો. તે કાગળ મોહનલાલે વાંચ્યો અને કપડાં પહેરી ગાડીની અંદર બેશી તે શેઠ જગજીવનદાસને બંગલે ગયો.

શેઠ જગજીવનદાસને બંગલે આજ સોલીસીટર

આત્મારામ, રહેમતુલ્લા તથા યુરોપીઅન દાકતર આવ્યા હતા અને શેઠ જગજીવનદાસે જે વીલ કર્યું હતું તે વીલનો આજ અમલ કરવાનો હતો. જ્યારે ત્રણે જણા ભેગા થયા ત્યારે હેમણે મોહનલાલને બોલાવવા ગાડી મોકલી અને ગાડીની સાથે શેઠનો જે ખાસ સીપાઈ હતો હેને એક ચિઠ્ઠી લખી આપી સાથે મોકલ્યો.

ગાડી બંગલાના ઓટલા પાસે આવીને ઉભી રહી એટલે બંગલામાંથી એક સીપાઈ દોડતો ગાડી પાસે આવ્યો અને ગાડીનું બારણું ઉઘાડ્યું. મોહનલાલ ગાડીમાંથી ઉતર્યો અને જેવો ઓટલા ઉપર ચડે છે કે સોલીસીટર આત્મારામ, રહેમતુલ્લા તથા દાકતર હેને સામા તેડવા આવ્યા. આ જોઈ મોહનલાલને બહુજ આશ્ચર્ય લાગ્યું કે કોઈ દિવસ આ લોકો તરફથી મહને આટલું બધુ માન મળ્યું નથી અને આજ શું કારણ છે, પણ પોતાના મનની અસર બ્હાર ન દર્શાવતાં હેણે ત્રણે જણાની સાથે શેકહેન્ડ કરી અને ત્રણે જણા ડ્રૉઈંગરૂમની અંદર ગયા. ત્યાં આગળ એક લાંબું ટેબલ પાથરેલું હતું તથા ટેબલની એક બાજુ ઉપર એક જ ખુરશી મુકેલી હતી. અને સામી બાજુએ ત્રણ

ખુરશીઓ હતી. જે એકલી ખુરશી હતી .તેની ઉપર આત્મારામે મોહનલાલને બેસવા કહ્યું. અને સામેની ખુરશીઓ ઉપર ત્રણે જણા બેઠા.

શેઠ જગજીવનદાસે વીલ કર્યું છે તે બાબતની મોહનલાલને કાંઈજ ખબર નહોતી, તેથી હેણે આજ આ ત્રણે જણાને અહીયાં જોયા તેથી હેના મનમાં એમ આવ્યું કે શેઠે પોતાની મિલકતની વ્યવસ્થા કરવા આ ચાર જણને ભલામણ કરી છે. પોતે પણ શેઠ પાસે વારંવાર આવતો અને શેઠ હેની ઉપર બહુ મ્હેરબાની રાખતા તેથી હેને પોતાને પણ તેમાં દાખલ કર્યો હશે એમ વિચાર આવ્યો. તે ખુરશી ઉપર બેઠો અને પેલા ત્રણેજણા સામેની ખુરશી ઉપર બેઠા. થોડીવાર આડીઅવળી વાતકર્યાબાદ સોલીસીટર આત્મારામે કહ્યું કે "શેઠ જગજીવનદાસે પોતાની મીલકતની વ્યવસ્થા પોતાની ગેરહાજરીમાં કેવી રીતે કરવી તે માટે પોતે વીલ કર્યું છે અને તે વીલનો આજ અત્યારે આપણે અહીંયાં ભેગા થઈ અમલ કરવાનો છે માટે અમે તમને અહીંયાં બોલાવ્યા છે."

"મ્હારાથી બની શકે એવું જો કાંઈ પણ કામકાજ હશે તો હું તે કરવા તૈયાર છું. માટે તે

બાબતનો ખુલાસો કરશો" મોહનલાલે કહ્યું.

"આપને ત્હેની અંદર કાંઈ પણ કરવા જેવું શેઠે રાખ્યું નથી." આત્મારામે કહ્યું "શેઠે સર્વ બાબતનો એવી રીતે ખુલાસો કર્યો છે કે ત્હેની અંદર કોઇને કાંઈ વાંધો આવે જ નહીં. માટે હું વીલ વાંચું તે આપ સાંભળો."

મોહનલાલ તો પોતાને સોલીસીટર આપ કેહીને બોલાવતો તથા વાતચીતમાં પણ ત્હેને ઘટે તે કરતાં વિશેષ માન આપતો તેથી તે બહુ જ આશ્ચર્ય થતો હતો. આત્મારામે વીલ વાંચવું શરૂ કર્યું. અને ત્હેની અંદર નીચે પ્રમાણે શેઠ જગજીવનદાસે પાતાની મીલકતનો વ્યવસ્થા કરી હતી.

શેઠ જગજીવનદાસની કુલ મીલકત રૂપીઆ પંચ્યાશી લાખની હતી. તેમાં સ્થાવર મીલકત રૂપીઆ પાંચ લાખની હતી. નોટ તથા શેરમાં રૂપીઆ પચીસ લાખ રોકાએલા હતા. પચીસલાખના દાગીના હતા. તથા બાકીના રૂપીઆ વ્હેપારમાં રોકાએલા હતા. વીલમાં રૂપીઆ પાંચલાખ ધર્માદા માટે ત્હેણે કહાડ્યા હતા જેમાંથી ત્હેના સ્વર્ગસ્થ બાલુના નામથી રૂપીઆ એકલાખ ખર્ચી લાયબ્રેરી કરવી તથા બાકીના રૂપીઆ પણ લોકોપ-

યોગી કામમાં ખરચેલા હતા. વીલની વ્યવસ્થાનો અમુક ભાગ વંચાઈ રહ્યો ત્યાં સુધી મોહનલાલ ધ્યાન દઈને સાંભળતો હતો, પણ શેઠે પોતાનો વારસ વીલમાં કહોને ઠરાવ્યો હતો તે હજુસુધી આવ્યું ન હતું. જ્યારે આત્મારામે મોહનલાલનું નામ વારસ તરીકે વાંચ્યું ત્યારે મોહનલાલની આંખમાંથી ટપ ટપ આંસુ વ્હેવા લાગ્યાં. શેઠની ઉદારતા માટે ત્હેના મનને બહુ લાગણી થઈ. અને વીલ વંચાઈ રહ્યાબાદ ઘણીવાર સુધી તે દીગ-મુઢ જેવો બની ગયો. આજ જ પોતાની સ્થિતિમાં કેટલો ફેરફાર થયો છે તે વિચાર આ-વતાં ત્હેનું હૃદય ભરાઈ આવ્યું, તે ત્હેણે ફરીથી વાંચ્યું. અને આજ તે શેઠ જગજીવનદાસનો વારસ થયો.

ઉપસંહાર.

આપણે આગળ કહી ગયા કે વનરાવનદાસ શે-રની દલાલીથી પોતાનું ગુજરાન ચલાવે છે. તે દલાલીમાં ત્હેનો પોતાનો નિર્વાહ કરવા જેટલું જ તે પેદા કરતો તેથી આગળનું ઉડાઉપણું તથા બીજી ગેરવર્તણુંક છોડી દેવાની હવે ત્હેને જરૂર

પડી હતી. આગળની પોતાની વર્તણુંક માટે બહુ પસ્તાવો થતો હતો પણ વખત ગયાબાદ પસ્તાવો થાય તે શું કામમાં પણ આવે. હેની સ્ત્રી બીજા એક ભાટીઆની સાથે રહેતી હતી અને હેણે તેમાં જ સુખ માન્યું હતું. હજુ પણ તે હેના ભેગી જ રહેતી.

રૂક્ષ્મણીને દયાશંકર તથા મોહનલાલે જે રૂપીઆ આપ્યા હતા તે લઇ મુંબાઇથી તે ચાલી ગઇ હતી અને પોતાનું નામ બદલી સુરત પાસે એક ગામડામાં રહેતી હતી. દયાશંકરે તથા મોહનલાલે આપેલા રૂપીઆથી હેનો હમેશનો નિર્વાહ ચાલી શકે તેમ હતું નહી તેથી તે દરણું દળી પોતાનું ગુજરાન ચલાવતી હતી.

મેરિયા યુરોપિયન યારની જોડે ઘણો વખત રહીને મુંબાઇમાંથી ચાલી ગઇ હતી, અને તે પછી તે ક્યાં ગઈ તથા હેનું શું થયું તે કોઇને ખબર હતી નહીં.

ગયા પ્રકરણની હકીકત બન્યા પછી બે ત્રણ દિવસબાદ દયાશંકરે પ્રભાકરને પોતાનો વિચાર જણાવ્યો અને કહ્યું "આપણે બાળસ્નેહી છીએ અને ઘણા વર્ષથી જે નાતો આપણા બંને વચ્ચે ચાલ્યો

આવે છે તે નાતો કાયમ કરવા મ્હારા મનમાં ઈ-
ચ્છા થઈ છે. મ્હે તે માટે કમળાની સલાહ લીધી
છે, અને કમળાએ પણ તે વાત ઘણી ખુશીથી
કબુલ કરી છે. માટે હવે હું તમને તે માટે પુછું છું.
અલબત તે નાતો કાયમ કરવામાં ઘણી જાતની
દુનિયાદારીની અડચણો છે પણ તે બધી અડ-
ચણો એકદમ આપણાથી દૂર થઈ શકે તેમ
છે નહીં. માટે તે અડચણોને ન ગણકારતાં ફકત
પોતાના મનનો દઢ નિશ્ચય કરી જો તે કરવા ધા-
રીશું તોજ થશે. મ્હે તમને આજથી થોડા દિવસ
ઉપર તે વિષે વાત કરી હતી પણ તે વાત અ-
મલમાં લાવવા તે વખતે યોગ્ય સાધન નહોતું. પણ
ઈશ્વરે હવે તે સાધન આપ્યું છે. માટે મ્હને ખા-
તરી છે કે તે બાબતમાં તમને કાંઈ વાંધો હશે નહી."

"શેઠસાહેબ તમારા કહેવાનો ભાવાર્થ હું સમ-
જ્યો છું. તમે મોહનલાલને માટે વાત કરોછો.
મ્હારા મનમાં પણ તે વિચાર આવ્યો હતો, કા-
રણ તે આટલાંબધાં વર્ષ સુધી આપણાથી અજા-
ણ્યો રહ્યા તેથી આપણી ન્યાતવાળા હેને કન્યા
દેશે કે નહી તે કહી શકાતું નથી." પ્રભાકરે
કહ્યું "અને જો દે તોપણ હેને માટે બહુ મુ-

શાબૂત પડશે. માટે તમે તમારો જે વિચાર જણાવ્યો તે મ્હને પસંદ છે. ફક્ત સુધાને તે માટે પુછવું જોઇએ. અને જો તે હા પાડે તો મ્હારે કાંઈ પણ અડચણ નથી. તેમજ મોહનલાલની પણ સંમતી લેવી જોઇએ. "

પ્રભાકરે મોહનલાલ તથા સુધામુખીને ઉપરની વાત પૂછી જોઈ. તેમાં મોહનલાલે તો કાંઈ વાંધો લીધો નહી પણ સુધામુખીને સમજાવતાં પ્રભાકરને બહુ મુશકેલી પડી અને આખરે ત્હેણે પણ કબુલ કર્યું.

ઉપરની હકીકત બન્યા પછી પંદર વીસ દિવસ ચાલ્યા ગયા, દયાશંકરની છોકરી ચંદાની આંખે પણ હવે જલદી આરામ થતો ગયો. દયાશંકર તથા પ્રભાકરનાં માતપિતા આજથી પાંચ સાત વર્ષ ઉપર ગુજરી ગયાં હતાં તેથી હવે તેમને કોઇની પરવાનગી લેવા જરૂર નહોતી. તેમના મિત્રોને પણ તેમનો વિચાર જણાવ્યો નહોતો કારણ કેટલાક તેમના મતને મળતા હોય અને કેટલાક તે મતને મળતા હોય નહી, તેથી વખતે તેમના નિશ્ચયમાં ફેરફાર થઈ જાય. તોપણ જ્યારે આ વાત બહાર પડી ત્યારે કેટલાક વગર પુછ્યે પો-

તાની સલાહ આપવા આવ્યા, અંદર અંદર વાતો કરવા લાગ્યા, તથા દયાશંકર, પ્રભાકર અને મોહનલાલનું મન ફેરવવા પ્રયાસ કરવા લાગ્યા, આ ત્રણે જણા પોતાનો દૃઢ નિશ્ચય કરી હવે જેમ બને તેમ તાકીદ કરવા લાગ્યા.

મણીએ જ્યારથી આ વાત સાંભળી ત્યારથી હેના મનની ખુશી ઉભરાઇ જવા લાગી, આજ સુધી જે પોતાને સર્વથી વધારે દુખી માનતી તે સુખ સમુદ્રમાં મ્હાલવાના વિચારથી આનંદ પામવા લાગી. જે સુખ હેણે કોઇ વખત પણ અનુભવ્યું નહોતું તેના કલ્પિત તરંગો હેના મગજમાં ઉછાળા મારી રહ્યા. રાત્રે સુતી ત્યારે સ્વપ્નમાં પણ તેજ આવતાં અને હવે તે વખત ક્યારે પાસે આવે તેની આશામાં પોતાના દિવસો નિર્ગમન કરતી.

ઉપર કહ્યા પ્રમાણે પંદર દિવસ પછી શેઠ જગજીવનદાસનો બંગલો જે હવે મોહનલાલનો પોતાનોજ હતો તેમાં મોહનલાલ જોડે મણીનું પુનર્લગ્ન થયું. બન્ને પતિ પત્નિ તે બંગલામાં સુખથી રહેવા લાગ્યાં. અને મણી જે આજ સુધી દુઃખના મ્હાસાગરમાં ડૂબી ગઇ હતી તે દયાશંકર તથા

પ્રભાકરની દ્રઢતાને લીધે આજ સુખસાગરમાં મ્હા-લવા લાગી.

મોહનલાલને આવડો મ્હોટો વારસો મળ્યો હતો છતાં ત્હેણે પોતાનો ધંધો છોડયો નહોતો. ફક્ત ત્હેણે પોતાને ત્યાંથી દવાખાનું કહાડી નાંખ્યું હતું અને હવે તો ફક્ત જે દર્દી પોતાને ત્યાં આવતા, તેમને તે દવા માટે ચિઠ્ઠી લખી આપતો, અને ગરીબ ગરબાંને મફત દવા આપવા ગોઠવણ કરી હતી. આટલો પૈસો ત્હેને એકાએક મળ્યો હતો છતાં પોતાની રહેણી કરણીમાં ત્હેણે બિલકુલ ફેરફાર કર્યો નહોતો.

મોહનલાલે હવે પ્રભાકરને પોતાનો ધંધો બંધ કરી મુંબાઈમાં આવી રહેવા કહ્યું જે પ્રભાકરે કબુલ કર્યું અને પ્રભાકર, સુધામુખી, તથા ત્હેની ત્રણે છોકરીઓ મુંબાઈમાં રહેવા લાગી. મોહન-લાલ પ્રભાકરનું મન જેમ બને તેમ જાળવવા પ્રયાસ કરતો અને માણી પોતાની સાસુની મરજી સારી રીતે જાળવતી. અને પોતાના માબાપને તથા સાસુ સસરાને પોતાની આ સ્થિતિ લાવવા માટે વારંવાર અંતઃકરણપૂર્વક આશિર્વાદ દેતી.

સમાપ્ત.

